
વ્યાયામ જ્યોત
પુસ્તક
૮

॥ શ્રી વર્દ્ધમાનસ્વામિને નમઃ ॥

તત્ત્વપ્રેમી મુમુક્ષુઓ માટે

પરમહિતકારી

સૂક્ષ્મ બુદ્ધિગમ્ય તાત્ત્વિક વિવેચનોથી ભરપૂર

# શ્રી
# આગમ-જ્યોત

( આઠમું વર્ષ )

**પ્રાતઃસ્મરણીય આગમ-વાચનાદાતા**

આગમોના તલસ્પર્શી વિવેચક આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત

આચાર્યદેવશ્રી

**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ**

( સાગરજી મહારાજ )ના

તત્ત્વગ્રાહી વ્યાખ્યાનોનો સુંદર સંગ્રહ

**आगमचक्खुणा समिक्खए मेहावी**

વીર નિ. સં. ૨૪૯૯-૨૫૦૦

વિ. સં. ૨૦૨૯-૩૦

આગમોદ્ધારક સં. ૨૩-૨૪

ઈ. સ. ૧૯૭૩-૭૪

મૂલ્ય

સા...ત...રૂ...પી...આ

( પોસ્ટેજ જુદું )

( સ્થાયી ગ્રાહક ન હોય તેમના માટે )

આગમની આશાતના નવિ કરીએ

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા
કાપડબજાર
મુ૦ કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક પ્રાપ્તિસ્થાન :
શ્રી આગમ-જ્યોત કાર્યાલય
વ્યવસ્થાપક :
કીર્તિકુમાર ફુલચંદ પટવા
દિલીપ નોવેલ્ટી સ્ટોર
મુ૦ મહેસાણા (ઉ. ગુ.)

## ન...મ્ર...નિ..વે.દ...ન

* આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તકરૂપે પ્રકટ થાય છે.
* વાર્ષિક લવાજમ યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વી મ૦ અને જ્ઞાન ભંડારો તથા તત્ત્વરુચિ ગૃહસ્થોને ભેટ અપાય છે
* સ્થાયી કોષની યોજના શરૂ કરી છે, જેમાં ઓછામાં ઓછા રૂ. ૧૦૧) લેવાય છે.
* છૂટક ભેટ યોજનામાં પાંચ રૂ. કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે

મુદ્રક :
ઠાકર પોપટલાલ ગોકળદાસ
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ.

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ મરણની ઝાંખી કરાવી



આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત

**પૂ. આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ**

आ.श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ना. क.

श्री वर्धमानस्वामिने नमः

# પ્રકાશક તરફથી

સકલ શ્રીસંઘ સમક્ષ તાત્ત્વિક વ્યાખ્યાનો અને આગમતોના વિશિષ્ઠ સંગ્રહ સ્વરૂપ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની ઉચ્ચકોટિની વિદ્વત્તા અને તત્ત્વગ્રાહિતાનો પરિચય કરાવનાર **શ્રી આગમજ્યોતનું** આઠમું પુસ્તક રજુ કરતાં અસીમ આનંદનો અનુભવ થઇ રહ્યો છે.

વિ સં. ૨૦૧૦માં અમારા સદ્ભાગ્યે–**પૂ. ગચ્છાધિપતિ શ્રી આચાર્યદેવશ્રીની** નિશ્રામાં **પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી** મ.સા.–ની પ્રેરણાથી **પૂ આગમોદ્ધારક** આચાર્યદેવશ્રી ના સર્વતોમુખી પ્રતિભાશક્તિથી રચાયેલ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી સાહિત્યને પ્રકાશિત કરવાના શુભ આશયથી આ ગ્રંથમાલાનો જન્મ થયો અને આના કાર્યવાહક તરીકે પૂ. આગમોદ્ધારકશ્રીના વિશિષ્ટ સાહિત્યને જિજ્ઞાસુ જનતા સમક્ષ ઉપસ્થિત કરવાનું અનન્ય સાધારણ સૌભાગ્ય અમોને મળ્યું, તે અમારા અહોભાગ્યની વાત છે.

**પૂ. ગચ્છાધિપતિશ્રીના** દેખરેખ તળે આજ સુધીમાં ગ્રંથમાલાએ બાવન પ્રકાશના વિદ્વાનો સમક્ષ રજુ કર્યા છે.

તે સહુમાં આબાલવૃદ્ધ સહુને પ્રભુશાસનની વિશિષ્ટતા સમજાવી તાત્ત્વિક ભૂમિકાનું ઘડતર કરનાર પ્રસ્તુત પ્રકાશન સૌથી વધુ આગવી વિશિષ્ટતા ધરાવનારૂં છે.

અમારા આ પ્રકાશનના કાર્યમાં **પૂ. શ્રીગચ્છાધિપતિશ્રીની** અસીમ કૃપા રહી છે.

તે ઉપરાંત પૂ. આગમોદ્ધારકશ્રીના તાત્ત્વિક વ્યાખ્યાનોના થોકડે–થોકડાઓ શાસનસંરક્ષક તપસ્વીરત્ન **પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી** મ. ના શિષ્ય **પૂ. પં. અભયસાગરજી** મ. ગણીને સોંપેલ.

તેઓએ પણ કચરામાંથી સોનું જડે તેમ **આગમજ્યોતનું** સંપાદન કરવાની જવાબદારી પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાને સહર્ષ સ્વીકારી પોતાની અનેક પ્રવૃત્તિઓ છતાં ઉઠાવી છે, અને ભગીરથ પ્રયત્ન–પુરુષાર્થ દ્વારા

વિદ્વદ્‌યોગ્ય અને લોકભોગ્ય પુસ્તકાકારે વાર્ષિક પ્રકાશન કરવાનો આઠમો તબક્કો અમોને પ્રાપ્ત કરાવી આપ્યો, તે બદલ તેઓને નતનસ્તકે ભાવભરી વંદના કરીએ છીએ

આ ઉપરાંત અમારા પ્રકાશનને આર્થિક રીતે વધુ સભર સદ્ધર બનાવવા માટે સક્રિય પ્રયત્ન કરનાર **પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી** મ. ગણીના સહયોગની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

તેઓના સત્યપ્રયત્નથી જ **'આગમજ્યોત'નું** વિશાલ સ્થાયીફંડ થવાથી તથા જૂદી જૂદી અનેક ભેટ રકમો મળતી રહેવાથી પ્રકાશનનું આર્થિક પાસું અમારા માટે સદ્ધર રહ્યું છે.

આ ઉપરાંત અનેક રીતે આર્થિક વગેરે સહયોગ આપનારા પૂ. સાધુ ભગવંતો, પૂ. સાધ્વી ભગવંતો તથા અનેક શ્રીસંઘો તથા શ્રાવકોનો ચિરસ્મરણીય ફાળો આ કાર્યમાં રહેલ છે.

તેમાં ખાસ કરીને **પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ., પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ, પૂ. પં શ્રી કંચનસાગરજી મ., પૂ. પં શ્રી સૌભાગ્યસાગરજી મ., પૂ. પં શ્રી યશોભદ્રસાગરજી મ, પૂ. મુનિશ્રી ગુણસાગરજી મ., પૂ. મુનિ. શ્રી અભ્યુદય સાગરજીમ.,** આદિ તથા છાપવા માટેની અનેકવિધ સામગ્રી ઉદારભાવે આપનાર **શ્રી ચન્દ્રસાગર-સૂરીશ્વરજી જ્ઞાનમંદિર ઉજ્જૈનના** કાર્યવાહક **શ્રી કુંદનમલજી મારૂ** આદિ અનેક પુણ્યવાન ગૃહસ્થો તેમજ આર્થિક સહયોગ માટે ઉચિત પ્રેરણા આપનાર ચતુર્વિધ શ્રી સંઘના ધર્મસ્નેહભર્યા સહકારની ગુણાનુરાગભરી અનુમોદના કરીએ છીએ.

**આગમજ્યોત**ના પ્રેસમેટરની ગોઠવણી પ્રૂફરીડિંગ તેમજ પૂજ્ય મહારાજશ્રીએ નિર્દેશેલી સંપાદનને લગતી મહત્ત્વની અનેક કામગીરી, સમયનો ભોગ આપીને નિઃસ્વાર્થપણે બજાવનાર **પં. શ્રી રતિલાલ ચી. દોશી** [અધ્યાપક-શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન પાઠશાળા **અમદાવાદ**]ના ધર્મપ્રેમની કૃતજ્ઞતાભરી અનુમોદના કરીએ છીએ.

તેમજ છાપકામ અંગેની સઘળી જવાબદારી બ્લોકો, ડિઝાઈનો આદિની તૈયારી, કાગળની ખરીદી આદિ નાની-મોટી સ્મરણીય સેવા આપનાર મૂક સેવક શેઠ **શ્રી બાબુલાલ કેશવલાલ શાહ** ચાણસ્માવાળા

(૧૧) નગરશેઠ માર્કેટ, રતનપોળ અમદાવાદ)ના ધર્મપ્રેમને ગુણાનુરાગ પૂર્વક અનુમોદીએ છીએ.

છાપકામની સ્વચ્છતા–સુંદરતા બદલ ખૂબ ચીવટ–ખંતથી ધ્યાન આપી કામ કરનાર **શક્તિ પ્રિન્ટરીના** માલિક **ઠક્કર પોપટલાલ ગોકળદાસના** તેમજ ટાઈટલ પેજ બ્લોક આદિની સુંદર છપાઈ કરી આપનાર **દીપક પ્રિન્ટરીના** કાર્યકર્તાઓના ધર્મસ્નેહની સાદર નોંધ લઈએ છીએ...

વળી સૌથી વધુ ઉપયોગી વ્યવસ્થા તંત્રની જવાબદારી નિ:સ્વાર્થભાવે ઉઠાવી સમયસર સહુને પુસ્તકો મોકલી આપવાની, સરનામાની નોંધ વ્યવસ્થિત રાખવા આદિની અનેક પ્રવૃત્તિઓમાં સમય–શ્રમ અને બુદ્ધિનો નિષ્ઠાપૂર્વક સદુપયોગ કરનાર **'આગમ જયોત કાર્યાલય'** મહેસાણાના સંચાલક **શ્રી કીર્તિકુમાર ફૂલચંદ પટવા (દીલીપ નોવેલ્ટી સ્ટોર વાળા)** તથા **સેવંતીલાલ શાહ બોરૂવાળા** (અજય વસ્ત્ર ભંડારવાળા)ના ધર્મપ્રેમની નોંધ તે ધર્મસ્નેહભર્યા ગદ્‌ગદ હૈયે પણ લેવી જરૂરી છે.

આ પ્રકાશનમાં પુરતી કાળજી રાખવા છતાં મુદ્રણ દોષ કે શરતચૂકથી રહી ગએલ ક્ષતિઓ બદલ હાર્દિક મિથ્યાદુષ્કૃત દેવા સાથે આગમિક ભક્તિની દુર્લભ આ તક મળવા બદલ અમારા અહોભાગ્યની અનુમોદના સાથે વિરમીએ છીએ...............

**વીરનિ સં. ૨૪૯૯**
**વિ. સં. ૨૦૨૯**
**આસો સુદ ૩**
**કાપડ બજાર**
**કપડવંજ**
**(જિ. ખેડા)**

**નિવેદક**
**રમણલાલ જેચંદભાઈ**
**કાર્યવાહક**
**શ્રી આગમોદ્ધારક જૈન ગ્રંથમાળા**
**કપડવંજ**

## ધ્યાનમાં રાખવા જેવું !!!

- સાપનો ભય જેટલો મુંઝવનાર અને ત્રાસ પમાડનાર નિવડે છે, તેવો બલ્કે તેથી પણ વધુ પાપનો ભય હૈયામાં જાગવો જરૂરી છે.
- સ્વદોષદૃષ્ટિ–પરગુણ દર્શન જીવન શુદ્ધિના અચૂક કારણો છે.

# સંપાદક તરફથી....

મહામંગલકારી શ્રી જિનશાસનની સફળ આરાધના માટે વીતરાગ પ્રભુની ભક્તિ અને વીતરાગની વાણીની ઉપાસના અચૂક સાધન છે.

વીતરાગની વાણી સકળ શ્રેયનું મૂળ બીજ છે. કેમકે તેનાથી હેય-ઉપાદેયનો સ્પષ્ટ-યથાર્થ નિર્ણય થઈ શકે છે. પરંતુ નાવિક કે કર્ણધારની કુશળ દોરવણી વિના સુંદર નાવ કે વહાણ પણ સક્રિય બની શકતું નથી.

તે રીતે અનેક નય-ગમ અને ભાંગાઓથી તેમજ વિવિધ ઉત્સર્ગ-અપવાદોની સાપેક્ષ રચનાથી ભરપૂર જિનવાણીનો મર્મ તથાવિધ યોગ્ય ગીતાર્થ-જ્ઞાની ગુરુની દોરવણી વિના મેળવી શકાતો નથી.

માટે જિનવાણી કરતાં પણ તેના અનુયોગની વધુ મહત્તા છે. તેવા અનુયોગને કરનાર મહાજ્ઞાની ગીતાર્થ મહાપુરુષ **અનુયોગાચાર્ય** જેવા માનવંતા શબ્દથી ઓળખાય છે.

આવા એક મહાન પ્રાભાવિક સમર્થ **અનુયોગાચાર્ય** આ કાળના અજોડ-અદ્વિતીય આગમ-વ્યાખ્યાતા **પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી**ના ગુજરાતી ભાષામાં પણ અપૂર્વ આગમિક-ગહન પદાર્થોના છણાવટવાળા હજારો તાત્ત્વિક વ્યાખ્યાનો જિનવાણીની અપૂર્વ લોકોત્તર મહિમા સૂચવનારા હોઈ ભાવિકોના હૈયાં ડોલાવે વા છે.

તેઓશ્રીના કેટલાક વ્યાખ્યાનો વગેરે મહત્વની સામગ્રીના સંકલનરૂપે "**આગમજ્યોત**"નું સંપાદન પૂ. ગચ્છાધિપતિશ્રીના આશીર્વાદથી છેલ્લા ૮ વર્ષથી દેવ-ગુરુકૃપાએ સફળપણે થઈ રહ્યું છે. જેનો અવર્ણનીય આનંદ અનુભવાય છે.

જૈન સંઘમાં ઓગણીશમી સદીના ઉત્તરાર્ધના ચરમચરણમાં કળિબળે શ્રમણ-સંસ્થામાં ચારિત્રનું બળ-જ્ઞાનની પ્રતિભા શોચનીય દશાએ પહોંચેલ. તેવે વખતે શાસનના પુણ્યે અનેક મહાપુરુષોએ શાસનની ધુરાને મિથ્યાત્વના કીચડમાંથી બહાર લાવવા જે યશસ્વી ફાળો નોંધાવ્યો, તે સહુમાં અમુક અપેક્ષાએ સૌથી વધુ મહત્ત્વનો ફાળો પૂ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીનો** વિવેકીઓને લાગ્યા વિના રહેતો નથી.

કેમકે ૯ માં વર્ષના ટુંકા ગાળામાં પૂ ગુરુદેવનો વિયોગ, સોળ વર્ષની ચઢતી જુવાની, તે વખતના ભણવાનાં ટાંચા સાધનો, પૂરતા સહયોગનો અભાવ આદિ વિષમતાભરી પરિસ્થિતિમાંથી આપબળે પૂર્વજન્મની શ્રુતની આરાધનાને સજીવન કરી નીચે મુજબના શાસનને લાભદાયી ત્રણ મહત્ત્વ પૂર્ણ કાર્યો કર્યા.

- ૦ એકલે હાથે સમસ્ત આગમોને હસ્તલિખિત પ્રતો પરથી પ્રેસ-કોપીથી માંડી બધી કામગીરી જાતમહેનતે ઉઠાવી સુંદર સુવાચ્ય પ્રતાકારે છપાવી આખા શ્રમણ સંઘમાં આગમિક જ્ઞાનનો ખૂબજ વધારો કર્યો
- ૦ વિ. સં. ૧૯૭૧થી ૧૯૭૭ દરમ્યાન ૭ મોટી આગમ વાચનાઓ કરી આગમોને વાંચવા-ભણવાની પ્રાચીન શૈલિને તાજી કરી.
- ૦ તથા પૂ. પાલીતાણા, સુરતમાં આગમ-મંદિરોમાં આરસની શિલાઓ અને તામ્રપત્ર ઉપર સમસ્ત (૪૫) આગમોને કોતરાવી હજારો વર્ષ સુધી ચિરંજીવ બનાવ્યાં.

આવા આગમના એકનિષ્ઠ અભ્યાસી, સૂક્ષ્મ તલસ્પર્શી, વિવેચના-નિપુણ પૂ. આગમોદ્ધારક **ધ્યાનસ્થ સ્વ. આનંદસાગર સૂરીશ્વર મ.** પ્રતિ વધુ ને વધુ કૃતજ્ઞતાભાવ જન્મે તે હેતુથી **"આગમજ્યોત"** નામે વાર્ષિક પુસ્તકના રૂપમાં પૂજ્યશ્રીના ટંકશાળી આગમિક વ્યાખ્યાનો-લખાણો-નોંધો-લેખો આદિનો સુયોગ્ય સંગ્રહ સંપાદિત કરી શ્રીસંઘ-સમક્ષ રજુ કરવાની સોનેરી તક આ સેવકને સાંપડી છે. જેનું ગૌરવ મનોભૂમિકામાં અપૂર્વ શ્રુતભક્તિ જન્માવી રહ્યું છે.

મારી સકલ શ્રીસંઘને નમ્રભાવે વિજ્ઞપ્તિ છે કે-

આજે આમ છાપા-છીછરા સાહિત્ય વાંચવાની અનુચિત પ્રવૃત્તિ યાવત્ શ્રમણસંસ્થામાં પણ આડકતરી રીતે પણ વધી રહી છે તે, ઠીક નથી. તેનાથી સંયમ અને વૈરાગ્યના પાયા સમી વિવેકબુદ્ધિના પાયા હચમચી ઉઠે છે

તેથી નક્કર તાત્ત્વિક પદાર્થોનો વ્યવસ્થિત અભ્યાસ પૂ આગમધર આચાર્ય ભગવંતના આવા વ્યાખ્યાન-સંગ્રહોને યોગ્ય જ્ઞાની ગીતાર્થ ગુરુની નિશ્રાએ વાંચી-વિચારી તત્ત્વદૃષ્ટિની કેળવણી દ્વારા કરવો જરૂરી છે.

**પૂ. આગમોદ્ધારક** આચાર્ય ભગવંતની વિશિષ્ટ આગવી શૈલિમાં અમુક વાતો રજુ થઇ હોય છે, ત્યાં એકવાર ન બેસે, તો બીજીવાર, ત્રીજીવાર શાન્ત-ચિત્તે વાંચવાથી અગર આગળ-પાછળના બે ચાર ફકરાઓનો સંબંધ વિચારવાથી તત્ત્વ આપોઆપ સમજાશે. આ અનુભવસિદ્ધ હકીકત છે.

તેથી ઉતાવળીયા સ્વભાવથી **પૂ. આગમોદ્ધારકશ્રી**ના ગહન પ્રતિપાદનો પરથી આછકલા નિર્ણયો ન બાંધતાં ધીર-ગંભીરપણે વિચારવા સહુને આગ્રહભરી વિનંતિ છે.

આ સંપાદનમાં યથાશક્ય ક્ષયોપશમને આધારે પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના આશયને સમજવા ખૂબજ તકેદારી રાખી છે છતાં ક્યાંક એવી ગેરસમજ થઈ હોય, તેથી સંબંધ ત્રુટિ વગેરે દોષ સંપાદકના શિરે છે, બાકી જેટલું આમાં સારું છે, તે સઘળું **પૂ. આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીનું છે.

તટસ્થ ઉદારચેતા મહાનુભાવો હંસ-ક્ષીર ન્યાયે આ સંગ્રહમાંથી સારું સ્વીકારીને થયેલ ત્રુટિઓ બદલ સંપાદકના આત્મ-હિતાર્થે પણ કલ્યાણ-મિત્ર બનીને સંપાદકને સાવધ કરવા માટે જરૂર કૃપા કરશે, એવી આશા નિષ્કારણ કરૂણાવારિધિ મહાનુભાવો પાસે વધુ પડતી નથી.

પ્રસ્તુત સંપાદન કાર્યમાં **"ઝાઝા હાથ રળિયામણા"** કહેવતના આધારે અનેક પુણ્યવાન મહાપુરુષોનો વણમાગ્યો સહકાર ધર્મપ્રેમ અને શ્રુતાનુરાગથી મળ્યો છે, તે બધાનું સ્મરણ કૃતજ્ઞતાભાવે અહિં કરું છું છતાં વિશેષે કરીને નીચેના મહાનુભાવોના અપૂર્વ સહયોગનો નામ-નિર્દેશ જરૂરી લાગે છે.

- શાસ્ત્રૈદમ્પર્ય બોધક, વાત્સલ્યસિંધુ મૂઢોના પ્રતિબોધક પૂ. **ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી—**

—જેઓશ્રીની અસીમ કરુણા, અપાર હાર્દિક-મમતાના બળે જ પંગુના મેરુ-ઉલ્લંઘનની જેમ મારા માટે સાવ અશક્ય આ સંપાદન કાર્યમાં યત્કિંચિત સફળ રીતે ધપી શક્યો છું.

- મારા તરણ તારણહાર શિરછત્ર પ. પૂ. ઉપાધ્યાયજી **તપસ્વી ગુરુદેવશ્રી** –

જેઓની ભીમ-કાન્ત દૃષ્ટિબળે મારા જીવનનો યથાયોગ્ય વિકાસ થવા પામ્યો છે, અને જીવનની ધન્યતા અનુભવવાની ક્ષણો મેળવી શક્યો છું.

○ પૂજ્ય. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના ઉપસંપદાપ્રાપ્ત શિષ્ય **પૂ. પં. શ્રી કંચનસાગરજી** મ.—

—જેઓની લાગણીભરી અનેકવિધ સૂચનાઓ મુદ્રણયોગ્ય અનેકવિધ સામગ્રી અને પૂજ્ય **આગમોદ્ધારકશ્રીની** ઉદાત્ત શૈલીનો આપેલ ભવ્ય પરિચય આદિથી પ્રસ્તુત સંપાદન ખૂબજ સરળ બન્યું છે

○ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના સૌથી નાના બાળશિષ્ય તરીકે પ્રખ્યાત ધર્મસ્નેહી **પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મ.**—

—જેઓની ધર્મસ્નેહભરી મમતા અને સૌજન્યભરી હુંફથી **પૂજ્ય આગમોદ્ધારકશ્રીના** લોકોત્તર વ્યક્તિત્વ અને અનન્ય-સાધારણ તાત્વિક વિદ્વત્તાના સર્વાંગીણ પરિચયને મેળવી અનેકરીતે આ સંપાદનની ક્ષમતા મેળવી શક્યો છું.

○ પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ **ધર્મસ્નેહી મુનિરત્ન શ્રી ગુણસાગરજી મહારાજ**—

—જેઓશ્રીએ નિર્વ્યાજ-વાત્સલ્યથી પૂ. **આગમોદ્ધારકશ્રીના** અનેક મહત્વભર્યા સાહિત્યનું સંકલન અવસરે આપી સંપાદન-કાર્યમાં ખૂબ ઉત્સાહિત કર્યો છે.

○ ધર્મસ્નેહી **મુનિ શ્રી અશોકસાગરજી મ., મુનિ શ્રી નિરૂપમ સાગરજી મ., મુનિશ્રી રવીન્દ્ર સાગરજી મ., બાલમુનિ શ્રી હેમચંદ્ર સાગરજી મ., મુનિશ્રી નયશેખરસાગરજી, બાલમુનિરાજ શ્રી પુણ્ય-શેખરસાગરજી મ.** —

—જેઓએ ગુરૂઆજ્ઞા મુજબ સંપાદનને લગતા પ્રેસકોપી, ઉતારા આદિ કાર્યોમાં વિનીત-ભાવપૂર્વક સહયોગ આપ્યો છે તથા **હીરાભાઇ ડાહ્યાભાઈ ગાંધી** (નગીના પોળ) અને **દીપકકુમાર બાબુભાઇ વોરા** (પંચભાઈની પોળ, અમદાવાદ) જેઓ ચોથા પુસ્તકનું લખાણ તૈયાર કરવા માટે તેમજ ઉતારા આદિની વિવિધ સેવા આપવા માટે ઉત્સાહપૂર્વક તૈયાર રહ્યા છે.

આદિ આદિ અનેક મહાનુભાવોના પવિત્ર યોગદાનથી આ સંપાદન સફળ રીતે તૈયાર થઈ શક્યું છે.

છેવટે આ સંપાદનમાં શક્ય જાગૃતિ રાખવા છતાં મતિમંદતા કે ક્ષયોપશમની વિચિત્રતાથી રહી ગયેલ ક્ષતિઓ બદ્દલ ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત માંગુ છું

આવા અત્યંત ગંભીર તાત્ત્વિક ચિંતનપૂર્ણ આગમિક પદાર્થોવાળા માર્મિક વ્યાખ્યાનોનુ વાંચન, મનન, ગુરુગમથી યોગ્ય જ્ઞાનીના ચરણોમાં બેસી કરીને મુમુક્ષુ જીવો શ્રુતભક્તિની કેળવણી કરી કર્મનાં બંધનથી મુક્ત થાઓ એ મંગલ અભિલાષા.

ઉજમફઈની ધર્મશાળા
વાઘણપોળ
ઝવેરીવાડ
**અમદાવાદ**
ભા. વ. ૬ મંગળ

પૂજ્ય ઉપાધ્યાય તપસ્વી ગુરુદેવ
**શ્રી ધર્મસાગરગણી**
ચરણસેવક
**મુનિ અભયસાગર**

## હા...ર્દિ...ક...ક્ષ...મા...પ...ના...

ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ તાત્ત્વિક પદાર્થોની સમજૂતીથી ભરપૂર 'આગમજ્યોત'નું સંપાદન દેવગુરુકૃપાએ કરવાનો સત્પ્રયત્ન ૮ વર્ષથી ચાલુ છે

આ સંપાદનમાં પૂ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના આશયથી વિરુદ્ધ અગર જિનશાસનની મર્યાદાથી વિપરીત જે કંઈ થયું હોય તે સઘળા બદ્દલ ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ હાર્દિક રીતે

## મિ...ચ્છા...મિ...દુ...ક્ક...ડં

શ્રી

# આ...ગ...મ...જ્યો...ત

## વર્ષ-૮

## પુસ્તક ૧-૨-૩-૪

## વિ...ષ...ય...દ...શ...ન...


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકાશક તરફથી | | ૩ થી ૫ |
| સંપાદકીય | | ૬ થી ૧૦ |
| અનુક્રમણિકા | | ૧૧ થી ૧૯ |
| પુસ્તક | ૧ | ૧ થી ૧૦૦ |
| ,, | ૨ | ૧ થી ૮૦ |
| ,, | ૩ | ૧ થી ૮૦ |
| ,, | ૪ | ૧ થી ૪૦ |


## પુસ્તક ૧-લું

પૃ. ૧ થી ૧૦૦


જયવીયરાય સૂત્રનું રહસ્ય પૃ. ૧ થી ૧૦

આગમરહસ્ય ૧૧ થી ૧૦૦

| | પૃ |
|---|---|
| ભવ્યતાની વિચિત્રતા | ૧૨ |
| ભવિતવ્યતાથી વિકાસ નહીં | ૧૩ |
| જ્ઞાનનું ફળ શું? | ૧૪ |
| ભવિતવ્યતાનો ભરોંસો ન રખાય | ૭ |
| ભવિતવ્યતા અને ભવ્યત્વમાં ફરક | ૧૮ |
| તથાભવ્યત્વનો પરિપાક શી રીતે? | ૧૯ |
| દુષ્કૃત-ગર્હાનું મહત્ત્વ | ૨૦ |
| દોષોનું પ્રતિક્રમણ કેવું? | ૨૧ |
| સુકૃતોનું અનુમોદન | ૨૨ |
| સુકૃતાનુમોદનાનું મહત્ત્વ | ૨૪ |
| મોક્ષનો રસ્તો | ૨૫ |
| સમ્યક્ચારિત્ર વિના જ્ઞાન કે દર્શનની આરાધનાની નિષ્ફળતા | ૨૬ |
| સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની સાથે ચારિત્રનું સહચરપણું | ૨૮ |
| જ્ઞાન-દર્શનનું સહચારીપણું | ૨૯ |
| સમ્યગ્દર્શનાદિ થવામાં હેતુ | ૩૦ |
| વિરતિની મહત્તા | ૩૨ |
| ધર્મકાર્ય અને ધર્મદેવપણું | ૩૩ |
| ભિક્ષાવૃત્તિથી પરોપકાર | ૩૩ |

| | પૃ |
|---|---|
| દાતારના શ્રેયાર્થે તીર્થંકરોની ભિક્ષાવૃત્તિ | ૩૫ |
| તીર્થંકરોની આદર્શ ભિક્ષાવૃત્તિ | ૩૬ |
| દિગંબર સાધુઓની ભિક્ષાવૃત્તિ તીર્થંકરોનું ખોટું અનુકરણ | ૩૭ |
| લોચનું વિધાન | ૩૯ |
| આચાર અને ભક્તોની વિનંતિ | ૪૦ |
| શ્રી કાલકાચાર્ય અને જૈનશાસન | ૪૨ |
| કાર્યની શ્રેયસ્કરતા અને વિઘ્નોની પરમ્પરા | ૪૪ |
| ભગવાન ઋષભદેવજી પ્રત્યે દયાના દુશ્મનોની કપોલ કલ્પિત કથા | ૪૫ |
| ભગવાન ઋષભદેવજીનો ગૃહસ્થપણાનો સમય અને અન્તરાયની સ્થિતિ | ૪૭ |
| એકતીર્થંકરની અધિક સ્તુતિ કરવાથી શું બીજાઓની અવગણના કરી કહેવાય? | ૪૮ |
| ભગવાન તીર્થંકરોને આશ્રયી | ૪૯ |
| અવધિજ્ઞાન અને તેની મર્યાદા | |
| કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય | ૫૦ |
| પ્રકારાંતરે કરેલી પ્રથમ ભગવાનની સ્તુતિ, શું તે શૈવની હેલના રૂપે ગણાય | |
| શું તીર્થંકર મહારાજાઓ અવધિજ્ઞાનના સતત ઉપયોગી હોય છે? | ૫૩ |
| ભગવાનનું સાંવત્સરિક દાન | ૫૫ |
| અસંખ્યાતની સંખ્યા કેટલી મોટી છે | ૫૬ |
| ચક્રવર્તી અને દેવતાઓથી પણ અસંખ્યાતા દાનનો અસંભવ | ૫૭ |
| સંખ્યાવાળું દાન છતાં મહાદાન કેમ? | ૫૮ |
| શ્રી જિનેશ્વરનું સંવચ્છરી દાન ભવ્યજીવોને પ્રતિબોધનું કારણ | ૬૩ |
| ગુણાનુરાગ અને ભક્તિરાગ હોઈ પ્રકારાંતરે તે પણ સ્નેહરાગ થઈ જાય | ૬૪ |
| માતા મરૂદેવાના અંગે અકામનિર્જરાનો પ્રભાવ | ૬૮ |
| કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના ક્ષયનો હેતુ અકામ નિર્જરા છે | ૬૮ |
| સમ્યક્ત્વ-પ્રાપ્તિના કારણો સાથે અકામનિર્જરાનો સમન્વય | ૭૦ |
| વિભંગજ્ઞાનનું સ્વરૂપ | ૭૧ |
| સૂકા હાડકા ચાવતા મથતા કૂતરા જેવી દશા | ૭૨ |
| સુખ નહિ પણ સુખાભાસ માત્ર ભવિતવ્યતાથી...? | ૭૩ |
| પ્રભુ ઋષભદેવની ચારિત્ર ગ્રહણની તૈયારીનું રહસ્ય | ૭૪ |
| પુત્ર તરીકે મનાયેલા નમિ-વિનમિનો ભાગ કેમ નહિ? | ૭૭ |
| ભરત મહારાજની નમિ-વિનમિ પ્રત્યે કેવી ઉદારતા? | ૭૮ |
| નમિ-વિનમિનું પિતા તુલ્ય દાદા પાસે ગમન અને તેની અપૂર્વ શુશ્રૂષા | ૭૯ |
| યથાસ્થિત ત્રિમૂર્તિરૂપ ભગવાનની સ્તુતિ | ૮૦ |
| આત્માના અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ ક્યારે થાય? | ૮૧ |

| | પૃ | | પૃ |
|---|---|---|---|
| આત્માના ગુણો ઉત્પન્ન થતા નથી, પણ પ્રગટ થાય છે, | ૮૨ | દાન પ્રવૃત્તિની શાસનને અંગે કેટલી જરૂરીયાત છે? | ૯૩ |
| ગુણો મેળવવા શું કરવું? | ૮૩ | દાન-ધર્મનો મહિમા | ૯૪ |
| સિદ્ધશિલાનું સ્પષ્ટીકરણ | ૮૪ | સાધુઓને શા માટે બીજાઓ પાસેથી દાન ગ્રહણ કરવું? | ૯૭ |
| ગુણો જાણવા આદિ માટે આકૃતિની અવશ્ય જરૂર છે | ૮૫ | મોક્ષનું અનન્તર કારણ સુપાત્રદાન | ૯૮ |
| નમિ-વિનમિની સેવા અને માગણી | ૮૭ | સુપાત્રદાનથી શું અસાધ્ય છે? | ૯૯ |
| ભક્તોનું કાર્ય શું? | ૮૯ | દાની પુરુષોને પૂજ્યમલધારીજીના બે બોલ | ૧૦૦ |
| આદ્યપ્રભુની દાન પ્રવૃત્તિ સર્વત્ર પ્રસરેલી રહી છે | ૯૧ | | |

## પુસ્તક-૨

પૃ. ૧-૮૦

### શ્રી સિદ્ધચક્ર-નવપદજી આરાધ્ય કેમ?

સૂક્ષ્મ રહસ્ય દર્શન ૧-૧૨

| | પૃ | | પૃ |
|---|---|---|---|
| મહાત્માઓ આદર્શ તરીકે કેમ? | ૧ | ત્યાગમાં ન આવનાર સાચી ધારણાવાળા નથી | ૫ |
| કથની પહેલાં કરણીની કિંમત | ૨ | જીવનાદિનિર્વાહ માટે પણ પાપ કરનારની દશા! | ૬ |
| ધર્મનું વાતાવરણ કોણ ક્યાં જમાવે? | ૩ | મોક્ષના મુખ્ય માર્ગે આવવાની તૈયારીવાળાઓની સ્થિતિ | ૬ |
| સત્પુરુષોના સમાગમની ઉત્તમતામાં એકમત્ય | ૩ | સંસારથી અલિપ્ત હોય તે જ પરમેષ્ઠી | ૭ |
| મોક્ષ માટે સત્સેવાના વિચારનું માહાત્મ્ય | ૪ | સિદ્ધચક્રમાં અપૂર્વ ખૂબી | ૭ |
| સુંદર વિચારો કરતાં વિચાર સાથે સાધનની મહત્તા | ૫ | શ્રીસિદ્ધચક્રના પાંચ આદર્શ પુરુષો નવપદ કેમ કહેવાય છે? | ૯ |
| આત્મિક જ્ઞાનનું ધ્યેય અને તે માટે રસ્તો | ૫ | વ્યક્તિપૂજાથી જ જાતિપૂજા | ૧૦ |

| | પૃ |
|---|---|
| વ્યક્તિ નિંદાથી જાતિનિંદા | ૧૦ |
| ધર્માંરાધના કરતાં દુર ભવ્ય કેમ | ૧૧ |
| સમ્યગૂ દર્શનાદિ ગુણોની મહત્તા | ૧૧ |
| શ્રી જૈન શાસનનું રહસ્ય | ૧૨ |

નવપદ શ્રીસિદ્ધચક્રની આરાધનામાં સમષ્ટિવાદ ૧૩-૧૫


## વ્યાખ્યાન-૧ ૧૬ થી ૨૭


| | પૃ |
|---|---|
| યોગશાસ્ત્રનો રચનાહેતુ | ૧૭ |
| ૧-૨-૩ પ્રકાશનુ વિષયદર્શન | ૧૭ |
| મહાશ્રાવક કોણુ કહેવાય ? | ૧૭ |
| મહાશ્રાવકનું લક્ષણુ અને તેનું રહસ્ય | ૧૭ |
| યાવજજીવનાં કયા વ્રતો ? | |
| ઈત્વરિક કયાં વ્રતો ? | ૨૦ |
| જેવો માને ધર્મ-તેવું કરે કર્મ | ૨૩ |
| આરાધ્યની અપેક્ષાએ સાતે ક્ષેત્ર સરખાં | ૨૫ |
| જ્ઞાનનું દ્રવ્ય સાધુઓને ન ખપે | ૨[illegible] |
| તીર્થંકરનું દ્રવ્ય જ્ઞાનને ન ખપે | |
| દેવદ્રવ્ય પૂજારીને કેમ અપાય ? | [illegible]૬ |
| ગુણની દૃષ્ટિએ સાત ક્ષેત્રામાં તારતમ્યતા | ૨[illegible] |


## વ્યાખ્યાન-૨ ૨૮ થી ૪૧


| | પૃ |
|---|---|
| વ્રતોની ખાસ જરૂર | ૨૮ |
| વ્રતસ્થિત હોય તે મહાશ્રાવક ? | ૨૮ |
| મહાશ્રાવકની વિશેષતા ? | ૨૯ |
| ભક્તિ એટલે તમન્ના ? | ૨૯ |
| ઊંઘેલો મનુષ્ય સંપત્તિને શું સમજે ? | ૩૦ |
| ખરેખર દયાપાત્ર કોણુ ? | ૩૦ |
| વિચાર જાગૃતિની ખામી | ૩૧ |
| આંધળાને આંખ ને વૈદ્ય શું મેળવે ? | ૩૨ |
| ભાવચક્ષુની ગેરહાજરી | ૩૩ |
| સમ્યક્ત્વથી ભાવ ચક્ષુ મળે | ૩૩ |
| સમ્યક્ત્વ એટલે 'પગના તળે જ' | ૩૩ |
| સાત ક્ષેત્રમાં ક્ષેત્ર શબ્દનું લક્ષણ | ૩૪ |
| મૂર્તિક્ષેત્રનું મહત્ત્વ | ૩૫ |
| મૂર્તિવિરોધીઓની સ્વચ્છંદ કલ્પના | ૩૫ |
| વિરોધીઓના નબળા તર્કો | ૩૬ |
| સ્થાપનાની પૂજ્યતા બદલ સબળ તર્ક | ૩૭ |
| સ્થાપનાની મહત્તા | ૩૮ |
| જિનેશ્વરના આગમો !!! | ૩૯ |
| છેલ્લા ચાર ક્ષેત્રા આરાધ્ય કેમ | ૪૦ |

## વ્યાખ્યાન-૩ ૪૧ થી ૫૩


| | પૃ |
|---|---|
| મહાશ્રાવકની વિશેષ વ્યાખ્યા | ૪૨ |
| સત્પાત્રમાં ધન વાવવાનું રહસ્ય | ૪૨ |
| ખેતીના દૃષ્ટાંતે ભાવનું મહત્ત્વ | ૪૩ |
| સાત ક્ષેત્રમાં ખર્ચવું તે વાવવું છે | ૪૩ |
| પૈસે ધર્મ કે ત્યાગમાં ધર્મ? | ૪૩ |
| ધર્મમાં પૈસો નહિ ખર્ચનારનો પૈસો ક્યાં વપરાય છે? | ૪૪ |
| વેવાઈની વેઠ કે બીજું કંઈ? | ૪૫ |
| દુનિયાની રીત | ૪૫ |
| શુદ્ધ શ્રદ્ધા હોય તો ધર્મમાં ખર્ચી શકાય? | ૪૫ |
| વાવવું વિવેકને આધીન છે | ૪૬ |
| મહાશ્રાવક કોણ? | ૪૬ |
| સત્પાત્રમાં ધન વાવવાની સતત પ્રવૃત્તિ જરૂરી છે | ૪૭ |
| સાતક્ષેત્રમાં ધનનો વ્યય મહાસૌભાગ્યનું ચિન્હ છે | ૪૭ |
| સત્પાત્રમાં ધન ખર્ચવાની વાત એ કંઈ શ્રીમંતોની મોટાઈ નથી | ૪૮ |
| શ્રીમંતોની ઇર્ષ્યા એ મહાપાપનું કારણ છે | ૪૮ |
| સૌધર્મેન્દ્રનો વિવેક કેવો? | ૪૯ |
| ધનને સુયોગ્યપણે વાપરવામાં મહાશ્રાવકપણું છે | ૪૯ |
| અનુપમા દેવીનો આદર્શ વિવેક | ૫૦ |
| મોક્ષમાર્ગનો સીધો પ્રવાહ જેમાં તે ક્ષેત્ર! | ૫૦ |
| ચતુર્વિધ સંઘ ક્ષેત્ર કેમ! | ૫૧ |
| ચતુર્વિધ સંઘનું મહત્ત્વ | ૫૧ |
| આજ્ઞાપ્રધાન તે સંઘ | ૫૧ |
| આપણામાં આજ્ઞા સાપેક્ષતાની ખામી છે | ૫૨ |
| સંઘપૂજ્ય ખરો! પણ કયો! | ૫૨ |
| તારે તે હોડી કામની! ઉપસંહાર | ૫૩ |


## વ્યાખ્યાન ૪ પૃ. ૫૪-૬૪


| | પૃ |
|---|---|
| શ્રાવકના બે વર્ગો | ૫૪ |
| શ્રાવક કરતાં મહાશ્રાવકની જવાબદારી વધુ | ૫૪ |
| ૭ ક્ષેત્રમાં ધનના સદુપયોગની સતત કાળજી જેમાં તે મહાશ્રાવક | ૫૫ |
| ધર્મમાં ખર્ચવા માટે પણ ધન ઉપાદેય નથી | ૫૫ |
| ન્યાયનીતિથી ધનોપાર્જનમાં પણ પાપ છે | ૫૬ |
| ધન મેળવવામાં આર્તધ્યાન પણ રક્ષણમાં રૌદ્રધ્યાન | ૫૬ |
| મળ્યું હોય તો તેનો સદુપયોગ કરો. | ૫૭ |
| પાપરાશિથી આવતું ધન ધર્મમાં કેમ ખર્ચાય? | ૫૭ |

| | પૃ |
|---|---|
| દૃષ્ટિ ફરે એટલે ધન ધર્મમાં ખર્ચાય | ૫૮ |
| સાતેય ક્ષેત્ર સ્વતંત્ર છે –મુખ્ય છે. | ૫૮ |
| મંદિરક્ષેત્ર અને મૂર્તિક્ષેત્ર વચ્ચે ભેદ કેમ ? | ૫૮ |
| જિનમંદિરનું અલૌકિક મહત્વ. | ૫૮ |
| ધર્મના બીજ વાવનાર તે મંદિર છે. | ૫૯ |
| જિનમંદિરનું વ્યાવહારિક મહત્વ | ૫૯ |
| આગમક્ષેત્રનું મહત્વ | ૬૦ |
| સાધુ–સાધ્વી ક્ષેત્ર કેમ ? | ૬૦ |
| સંવાસ અનુમોદના અને અનિષેધ અનુમોદના. | ૬૧ |
| સાધુનું મહત્વ મોક્ષમાર્ગના સહાયક રૂપે છે. | ૬૧ |
| સાધુક્ષેત્રનું અપૂર્વ મહત્વ | ૬૨ |
| સાધ્વીક્ષેત્ર જુદું કેમ | ૬૨ |
| શ્રાવક–શ્રાવિકાઓનું મહત્વ | ૬૩ |
| ઉપસંહાર | ૬૪ |


## વ્યાખ્યાન–૫ પૃ. ૬૫થી ૭૯


| | પૃ |
|---|---|
| ઉપક્રમ | ૬૫ |
| મહાશ્રાવકનું સ્વરૂપ | ૬૫ |
| સાધ્વીનું ક્ષેત્ર કેમ ? | ૬૫ |
| ગણધર શબ્દનો વિશિષ્ટ અર્થ | ૬૬ |
| શ્રાવકનું ક્ષેત્ર કેમ ? | ૬૭ |
| તીર્થંકરોની મહત્તા શાના લીધે ? | ૬૭ |
| સામાન્ય કેવલી અને તીર્થંકર વચ્ચે ફેર શો ? | ૬૭ |
| જિનવાણીનું મહત્ત્વ ? | ૬૮ |
| દિગંબરોની માન્યતા | ૬૮ |
| જિનવાણી ધ્વનિરૂપ ન હોય | ૬૯ |
| દિગંબરોની વિચિત્ર ધારણા | ૬૯ |
| આચાર્ય વાણી માનનારા દિગંબરો | ૭૦ |
| જિનવાણી માને તો જ આગમ ક્ષેત્ર | ૭૦ |
| તત્ત્વાર્થ સૂત્ર શ્વેતામ્બર ગ્રંથ છે. | ૭૧ |
| આગમ ક્ષેત્ર મહત્ત્વનું છે. | ૭૩ |
| શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રની મહત્તા | ૭૩ |
| સમ્યગ્ દર્શનની મહત્તા | ૮૪ |
| સમ્યક્ત્વના પ્રભાવથી ઉત્કૃષ્ટ બંધ થાય ન થાય તેનું રહસ્ય | ૭૪ |
| સમ્યક્ત્વીની મનોદશા | ૭૫ |
| શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રનું રહસ્ય | ૭૬ |
| કષાયોનું સાપેક્ષ મહત્વ | ૭૬ |
| શ્રાવકની ભક્તિમાં આરંભની અનુમોદના ન લાગે | ૭૭ |
| ઉપસંહાર | ૭૮ |
| સાતે ક્ષેત્રની આરાધ્યતા કેમ ? | ૭૮ |

## પુસ્તક ત્રીજું
## પૃ. ૧ થી ૮૦


ધર્મ એટલે ? — પૃ. ૧ થી ૮
શબ્દ વ્યુત્પત્તિ પ્રમાણે
ધર્મની વ્યાખ્યા

| | પૃ. | | પૃ. |
|---|---|---|---|
| ધર્મ કેવો ? | ૧ | ભવિષ્યની જિંદગીનો આધાર ધર્મ ઉપર છે. | ૫ |
| ધર્મની આરાધ્યતા કઈ અપેક્ષાએ ? | ૧ | ધર્મ શબ્દનાં વ્યુત્પત્તિ | ૫ |
| વ્યાવહારિક દૃષ્ટિએ પણ ધર્મની આરાધ્યતા | ૨ | શુદ્ધિના અંગ તરીકે ધર્મનું મહત્ત્વ | ૫ |
| મહત્વની વાત | ૩ | સદ્‌ગતિ-ધારણરૂપ અર્થનું સૂચન | ૬ |
| હિંદુ શબ્દનું રહસ્ય | ૩ | દુર્ગતિના નિવારક તરીકે ધર્મનું મહત્ત્વ | ૮ |
| 'હિંદુ' શબ્દની વ્યુત્પત્તિ | ૪ | | |
| 'હિંદુ' શબ્દની ભ્રામક વ્યાખ્યા | ૪ | | |


## દીવાદાંડીનાં અજવાળાં
## પૃ. ૯ થી ૮૦


(૧) પરમ પવિત્ર પર્યુષણ પર્વની મહત્તા, અને તેની આરાધના સંવત્સરી પૂર્વેના દિવસોમાં કેમ ? — પૃ. ૯ થી ૧૭
(૨) શ્રી સિદ્ધચક્ર યંત્રમાં કર્ણિકા સ્થાને શ્રી અરિહંતો કેમ ? — પૃ. ૧૮ થી ૨૩
(૩ શ્રી નવપદની વિશિષ્ટ આરાધના કેમ ? શ્રીસિદ્ધચક્ર શબ્દનું રહસ્ય — પૃ. ૨૪ થી ૨૫
(૪) અષ્ટમાંગલિક તે શું ? તેમાં આદ્ય કોણ અને તેની મહત્તા શું ? — પૃ. ૨૬ થી ૩૦
(૫) સકલ જીવ હિતકારી આગમોની મહત્તા — પૃ. ૩૧ થી ૩૩
(૬) આવશ્યકના કર્તા કોણ ? ગણધર ભગવાન કે સ્થવિર મહારાજ ? — પૃ. ૩૪ થી ૩૯

(૭) માર્ગાનુસારીના ૩૫ ગુણો
અને ધર્મરત્નની યોગ્યતાના
૨૧ ગુણોનું રહસ્ય — પૃ. ૩૯ થી ૪૭

(૮) ધર્મમાં સૂક્ષ્મ બુદ્ધિની જરૂર? — પૃ. ૪૮ થી ૫૫

(૯) શ્રી તત્ત્વાર્થ સૂત્રના 'आर्या [illegible]' — પૃ. ૫૬ થી ૬૫
સૂત્ર સંબંધી દિગંબર માન્યતાનું માર્મિક નિરાકરણ

(૧૦) શાસનનાયક ચરમ તીર્થંકર
પ્રભુ મહાવીર સ્વામીના કલ્યાણકોની
આરાધનાનું રહસ્ય — પૃ. ૬૬ થી ૬૯

(૧૧) સાધુ વિહારની મહત્તા — પૃ. ૭૦ થી ૭૬

(૧૨) પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની
સિંહ ઘોષણા
ચતુર્વિધ શ્રી સંઘના નાયકરૂપે
શ્રી શ્રમણ સંઘનું કર્તવ્ય — પૃ. ૭૭ થી ૮૦


## પુસ્તક ચોથું

### પૃ. ૧ થી ૪૦


સાચો વૈરાગ્ય કયો અને કેવી રીતે? — ૧ થી ૪


## હૈયાનો ઝંકાર

### પૃ. ૫ થી ૧૯


| | | | |
|---|---|---|---|
| श्री सिद्धचक्रस्तुति | ૬ | શ્રી આદીશ્વર ભગવાન્ | ૧૦-૧૧ |
| श्री महावीरस्तुति | ૬ | સ્તવન | |
| श्री वीतरागप्रभुस्तुति | ૬ | ઇડરગઢમંડન | |
| श्री पंचपरमेष्ठीस्तुति | ૬ | શ્રી શાંતિ-જિન સ્તવન | ૧૧ |
| श्री सिद्धचक्रस्तुति | ૬ | પુરૂષાદાનીય પાર્શ્વજિન | |
| श्री आगममाहात्म्य | ૭-૮ | સ્તવન | ૧૧-૧૨ |
| मेत्राणामंडन | ૮-૯ | તારંગા શ્રી અજિતનાથ | |
| श्री आदिजिनस्तवन | | સ્તવન | ૧૨-૧૩ |
| श्री जिनप्रतिमा स्तवन | ૯ | શ્રી પદ્મપ્રભસ્તવન | ૧૪ |
| શ્રી સિદ્ધચક્રને વંદન હો! | ૧૦ | मननीय सुभाषितो | ૧૫ થી ૧૯ |

## ગુરુચરણમાંથી મળેલું
### પૃ. ૨૦ થી ૩૬

| | |
|---|---|
| તાત્ત્વિક પ્રશ્નોત્તરો | ૨૦ ૨૧ |
| મહત્ત્વના પ્રશ્નોત્તરો | ૨૬–૨૮ |
| પાંચ મહાવ્રતો વિષે | ૨૯–૩૬ |
| મનનીય પ્રશ્નોત્તરો | |
| આગમજ્યોતના સ્થાયી કોષમાં લાભ લેનારાઓની નામાવલિ | ૩૭– ૦ |
| આગમજ્યોતમાં ભેટ આપનારાઓની નામાવલિ | ૧૫–૪૦ |

## આગમજ્યોતમાં સ્થળે સ્થળે અત્યંત ઉપયોગી સુંદર સુવાક્યોનો સંગ્રહ

### પુસ્તક – ૧

| | |
|---|---|
| મુમુક્ષુના ચિહ્નો | ૧૦ |

### પુસ્તક – ૨

| | |
|---|---|
| ગંભીરતાથી વિચારવા જેવું | ૧૨ |
| વાંચો – વિચારો ! | ૧૫ |
| ભવનું ભ્રમણ શાથી ? | ૨૭ |
| સદા યાદ રાખો ! | ૪૧ |
| જ્ઞાનાચારની મર્યાદા | ૬૪ |
| નિકાચિત કર્મ તોડનાર તપસ્યા કઈ ? | ૭૯ |
| ત્રણ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ | ૮૦ |
| વીતરાગ પ્રભુની વાણી કેવી ? | ૮૦ |

### પુસ્તક – ૩

| | |
|---|---|
| ઉપદેશામૃત | ૧૭ |
| હિતકર સદુપદેશ | ૨૩ |
| સમ્યક્ત્વી કોણ ? | ૩૦ |
| ધર્મરથના ચક્રો | ૩૩ |
| સાચા અધ્યાત્મીની સ્થિતિ કેવી હોય ? | ૩૯ |
| સંસારની જડ શું ? | ૫૫ |
| માર્મિક સદુપદેશ | ૬૫ |
| વીતરાગની ભક્તિ | ૬૯ |
| ટંકશાળી સુવચનો | ૭૬ |
| અવિરતિની ભયંકરતા | ૮૦ |

### પુસ્તક – ૪

| | |
|---|---|
| સુંદર સુવાક્યો | ૪ |
| હૃદયંગમ સુવાક્યો | ૨૮ |

## જૈ...ઓ...શ્રી...

વિ. સં. ૧૯૧૦માં ૨૦ વર્ષની ચઢતી જુવાનીમાં

મહેસાણા જેવી સંસ્કાર સમૃદ્ધ પુણ્યભૂમિમાં પૂજ્ય મુનિશ્રી

ગૌમતસાગરજી મહારાજની પુણ્ય નિશ્રામાં

પ્રભુ-શાસનને સમર્પિત બની શાસન-સંઘ અને શાસ્ત્રો

પ્રતિ પૂર્ણનિષ્ઠા સાથે વફાદારીપૂર્વક

વર્ષો સુધી ઝઝુમ્યા

લીંબડી-કપડવંજ-ઉદેપુરમાં જો તેઓના ચોમાસા

અવારનવાર ન થયા હોત તો—

આજે ત્યાં જિનશાસનની આરાધના કરનાર શ્રી સંઘનું

અસ્તિત્વ ન હોત

અને

આર્ય સમાજીઓ, શુષ્કજ્ઞાનીઓ, તથા સ્થાનકવાસીઓના

કારમા પંજાના પરિણામે

ભારતના પ્રખ્યાત કપડવંજ, લીંબડી, ઉદયપુર જેવા શહેરોમાં

જૈન શ્રી સંઘનું અસ્તિત્વ ન હોત,

આવા મહામહિમશાળી

શાસનના શિરતાજ

પ્રબળ વાદિવિજેતા

જ્ઞાન-ધુરંધર પૂજ્ય મુનિશ્રી

ઝવેરસાગરજી મ.ના

પવિત્ર ચરણોમાં

**હા...ર્દિ...ક...શ્ર...દ્ધાં...જ...લિ...**

નિવેદક :

**સંપાદક...પ્રકાશક**

સમર્થ વાદીવિજેતા પ્રૌઢપ્રતિભાશાળી

તત્કાલીન સંવિગ્ન-ગીતાર્થ-મહાપુરુષોથી સન્માનિત

આગમોના પ્રકૃષ્ટ અભ્યાસી



શાસનના શિરતાજ

**સ્વ. પૂ. શ્રી ઝવેરસાગરજી મહારાજ**

પૂજ્ય ધ્યાનસ્થ સ્વ. શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના પરમ ગુરુદેવ ભગવંત

| જન્મ : | દીક્ષા : | સ્વર્ગવાસ : |
| --- | --- | --- |
| વિ. સં. ૧૮૯૨ | વિ. સં. ૧૯૧૦ | વિ. સં. ૧૯૪૮ |
| અમદાવાદ | | માગસર સુદ ૧૧ |
| | | લીંબડી (સૌરાષ્ટ્ર) |

# આગમજ્યોત

વીરનિ. સં. ૨૪૯૯
વિ. સં. ૨૦૨૯
વર્ષ ૮

આગમો. સં. ૨૩
પુસ્તક-૧
માહ

## जयवीयराय० सूत्र नुं रहस्य
## વીતરાગ પ્રભુ પાસે પ્રાર્થના આત્મશુદ્ધિની જ હોય

જૈન સંઘમાં એ વાત તો જાણીતી છે કે—

**શ્રીમહાનિશીથ, શ્રીઆવશ્યકસૂત્રનિર્યુક્તિ અને શ્રીઉત્તરાધ્યયનસૂત્ર** વગેરેના આદેશ પ્રમાણે સાધુમહાત્માઓએ ફરજીયાતપણે અહોરાત્રમાં સાત વખત ચૈત્યવંદન કરવાના છે, તે ચૈત્યવંદનની ક્રિયા શ્રમણસંઘને મરજીયાત તરીકે નથી, પરન્તુ ફરજીયાત તરીકે છે.

તેથી તે ચૈત્યવંદનની સંખ્યામાં ન્યૂનાધિકતા થાય, અગર અવિધિથી તે ચૈત્યવંદનો થાય, અથવા તો ચૈત્યવંદન ન કરવામાં આવે તો સાધુમહાત્માઓના સાધુપણાને દૂષણ લાગે, આથી સાધુઓ માટેની દૈવસિક અને રાત્રિકના અતિચારોની સંકલના કરનારી **सयणासण०** ની ગાથામાં **चेईय** એવું પદ ભગવાન્ નિર્યુક્તિકાર મહારાજે પણ જણાવેલું છે.

એટલે સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે—

સાધુમહાત્માઓને જેમ યતિધર્મ વગેરે આચારો ફરજીયાત છે, તેવીજ રીતે ચૈત્યવંદનની ક્રિયા કરવાનું, તેમજ અનેક વખત ચૈત્ય-વંદન કરવાનું પણ ફરજીયાત છે.

એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે—

જેમ જ્ઞાનાચારની શુદ્ધિને માટે વંદન અર્થાત્ ગુરૂવંદન નામના ત્રીજા આવશ્યકની મોક્ષાભિલાષીઓને જરૂર છે, અને સમ્યક્ત્વની સામાન્ય શુદ્ધિ માટે જેમ ચતુર્વિંશતિસ્તવ એટલે લોગસ્સ૦ વિગેરેની જરૂર છે, તે રીતે આ ભવમાં દર્શનાચારની શુદ્ધિને માટે અને ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ અને તે દ્વારા મોક્ષની પ્રાપ્તિ માટે ચૈત્યવંદનની આવશ્યકતા છે અને તે શાસ્ત્રથી પણ સિદ્ધ છે.

અર્થાત્ મુખ્યતાએ શ્રમણભગવંતોને અને તેમના ઉપાસકપણાને ધારણ કરનારા એવા શ્રમણોપાસકવર્ગને ચૈત્યવંદનની ક્રિયા આત્મ-શુદ્ધિ માટે ફરજીયાત છે.

પણ એક વાત ધ્યાનમાં લેવી જરૂરી છે કે- ઉપર જણાવ્યા પ્રમાણે જે ચૈત્યવંદનની ક્રિયા અને સંખ્યા ફરજીયાતપણે કરવાની કે જણાવવામાં આવેલી છે, તેમાં કેટલીક ચૈત્યવંદનની ક્રિયા પરંપરાની અપેક્ષાએ પ્રણિધાનવાળી છે અને કેટલીક ચૈત્યવંદનની ક્રિયા પ્રણિધાન વગરની પણ છે,

પરંતુ શ્રદ્ધાલુ વાચકવર્ગ એ વાત સ્હેજે સમજી શકે તેમ છે કે- શાસ્ત્રકારો સૂત્ર, અર્થ અને તદુભયની આરાધના કરવાનું જેમ પરંપરાદ્વારા જણાવે છે, તે રીતે કરણ એટલે ક્રિયાને પણ પરંપરા-દ્વારા આરાધવાનું જણાવે છે, તેથી ચૂર્ણિકાર ભગવંત **सुत्तओ, अत्थओ, तदुभयओ करणओ य** એમ કહી સૂત્ર, અર્થ અને તદુભયને જેમ પરંપરાથી અવિરૂદ્ધપણે માનવાની ફરજ સમ્યગ્દૃષ્ટિને શિરે

નાખે છે, તેવીજ રીતે **કરણ** એટલે ક્રિયાને પણ પરંપરાદ્વારા અવિરૂદ્ધપણે આચરવાની ફરજ જણાવે છે.

આ કારણથી ચૂર્ણિકાર ભગવંતોને પણ આવશ્યક અને ઉદ્દેશાદિકના વિધાનો પરંપરાગત–સામાચારી પ્રમાણે જણાવવા પડે છે.

જો કે કેટલાકને એ શંકા જરૂર થાય કે–

"શાસ્ત્રકારોએ જ્ઞાનના આઠ આચારો બતાવતાં **वंजण–अत्थ–तदुभए** એમ કહીને સૂત્ર, અર્થ અને તદુભય એટલે સૂત્રાર્થ સંબંધી આચારના ભેદને અતિચાર તરીકે સૂચવેલા છે, પરંતુ ત્યાં **કરણ** નામનો ભેદ સૂચવવામાં આવેલો નથી, માટે તે **કરણ–પરંપરા ભેદ ને** દૂષણ રૂપે જો ગણવા ધારીએ તો તે માત્ર ચૂર્ણિકાર મહારાજના વચનના આધારે ગણી શકીએ, પરન્તુ તેમાં સૂત્રકારને આગળ કરી શકીએ નહિં."

આવું ધારવાવાળાઓએ સમજવાની જરૂર છે કે ક્ષાયોપશમિક સમ્યક્ જ્ઞાનની અપેક્ષાએ એટલે આવશ્યકના ઉપયોગ રૂપી આગમથકી ભાવ આવશ્યકની અપેક્ષાએ સૂત્ર, અર્થ અને તદુભય પૂરતું જ આચારના પ્રકરણમાં જણાવ્યું હોય, અને તેથી નોઆગમ ભાવાવશ્યક રૂપ ક્રિયાથી મિશ્રિત એવા આવશ્યકને ત્યાં જ્ઞાનાચારમાં શુદ્ધ જ્ઞાન અધિકારની અપેક્ષાએ ન જણાવ્યું હોય, તો તેમાં આશ્ચર્યજ નથી.

વળી તે જ્ઞાનાચારની ગાથા જાણનારા અને માનનારા મનુષ્યને કાલ–વિનય–બહુમાન અને ઉપધાન નામના આચારો પણ જો માન્ય હોય તો તેને વિનય, બહુમાન અને ઉપધાનની રીત શાસ્ત્રકારોની પરંપરાને અનુસરતી વિનય, બહુમાન અને ઉપધાનની ક્રિયાને લેવામાં આવે અને તે પ્રમાણે વર્તવામાં આવે તોજ જ્ઞાનાચાર થાય, પરન્તુ તે પરંપરાગત વિનય, બહુમાન અને ઉપધાનની ક્રિયાથી વિરૂદ્ધપણે વર્તવામાં આવે તો જ્ઞાનાચારમાં દૂષણ લાગે, અગર જ્ઞાનાચારમાં

વિરાધના થાય. એમ જો માનવાની ફરજ પડે તો સ્પષ્ટ થયું કે—

**'જ્ઞાનાચારમાં પણ પરંપરાગત ક્રિયાને સ્થાન મળેલું જ છે.**

વળી ભગવાન ચૂર્ણિકારના વચનને બારીક દૃષ્ટિથી વિચારીએ તો ત્યાં માત્ર સૂત્ર, અર્થ અને તદુભય લીધેલા હોવાથી બીજા આચારો કે જે ક્રિયા રૂપ છે, તેને જણાવવા માટે **કરણ** એટલે ક્રિયાની પરંપરા જણાવવાની જરૂર છે, અને તેથી ક્રિયા અને યાવત્ ચૈત્યવંદનની ક્રિયા કરવાનું આવશ્યક છે, એમ પરંપરાને માનવાવાળાથી રહી શકાય તેમ નથી.

આ વાત તો માત્ર સૂત્ર, અર્થ અને તદુભય ત્રણ ભેદોના સૂત્ર, અર્થ અને સૂત્રાર્થરૂપ અર્થની અપેક્ષાએ જણાવી છે, પરન્તુ કેટલાક બારીક અવલોકન કરનારાઓ સૂત્રનું અન્યથા-કરણ કરીને ચાતુર્ગતિક અનન્ત સંસાર રખડવામાં **કડેમાણે કડે** વગેરે સૂત્રોને ન માનનાર **જમાલિ** જેવાના ઉદાહરણો આપે છે, અને અર્થને ન માનનાર તરીકે **ગોષ્ઠામાહિલ** કે જે બન્ધના વિષયમાં અર્થની વિરાધના કરનાર થયો હતો, તેનું દૃષ્ટાન્ત આપે છે, પણ ત્યાર પછી તદુભયની વિરાધનામાં નીચે પ્રમાણે જણાવે છે–

**उभयाज्ञया पुनः पंचविधाचारपरिज्ञानकरणोद्यतगुर्वादेशादि-लक्षणया गुरुप्रत्यनीकद्रव्यलिङ्गधार्यनेकश्रमणवत्**

અર્થાત્ પાંચે પ્રકારના આચારોને જાણવા અને કરવામાં તત્પર એવા ગુરૂના આદેશ વગેરેને ઉભયાજ્ઞા તરીકે ગણાવ્યા છે.

આ ઉપરથી એ શંકાને પણ સ્થાન નથી રહેતું કે સૂત્ર અને અર્થ એ બન્નેને જણાવ્યા પછી તદુભયમાં શું જણાવવાનું બાકી હતું ?

કેમ કે સૂત્ર અને અર્થ કરતાં પણ પંચવિધ આચારને જાણવા અને કરવામાં ઉદ્યમવાળા ગુરૂના હુકમને ન માનવો, અગર તેના હુકમથી વિરૂદ્ધ વર્તવું, તેનું નામ **ઉભયાજ્ઞાવિરાધના** છે. તેથી તેમાં દૃષ્ટાન્ત તરીકે શાસ્ત્રકારો ગુરૂથી પ્રત્યનીક એવા સાધુ-વેષધારીઓને જણાવે છે.

આ ઉપરથી ગુરૂથી પ્રત્યનીક એટલે કે ગુરૂના કહેવાથી પ્રતિકૂલ રહેવાવાળા (કૂલવાલુક) જેવા અનેક દ્રવ્યલિંગધારી સાધુઓ ઉભયાજ્ઞાના વિરાધક છે. એટલે સૂત્ર અને અર્થને બરાબર જાણવા-માનવા અને પ્રરૂપવાવાળા છતાં ગુરૂ મહારાજે જણાવેલી પરંપરાગત ક્રિયાની આજ્ઞાને નહિં માનનારા સાધુઓ અનન્ત સંસાર રખડનાર થાય, એમ જણાવે છે.

એટલે આ વિવેચનથી સૂત્ર, અર્થ અને સૂત્રાર્થ=ઉભયની વિરાધના કરતાં તદુભયની વિરાધના જુદી રીતે જણાવેલી છે.

બીજી પણ એ વાત સ્પષ્ટ છે કે અહિં તત્ શબ્દ પૂર્વે કહેલા એવા સૂત્ર અને અર્થના પરામર્શમાં નથી વાપર્યો, પરન્તુ સૂત્ર અને અર્થને જાણનારા ગુરૂમહારાજને અંગે વાપરી બુદ્ધિમાં રહેલા પદાર્થને અંગે તત્ શબ્દ વાપર્યો છે.

ટુંકાણમાં સૂક્ષ્મ-વિવેચનકારોની અપેક્ષાએ **પરંપરાગત ક્રિયા અગર આચારોની માન્યતા કરનારો વર્ગ સંસારસમુદ્રથી તરવાને ભાગ્યશાળી થાય છે.**

આ વસ્તુ શાસ્ત્રની શ્રદ્ધાવાળાઓને માન્યા સિવાય ચાલે તેમ નથી.

**પરંપરાગત પંચાચારની નિપુણતાવાળા પ્રાભાવિક પુરૂષોથી કહેવાયેલી આચાર-ક્રિયાને નહિં માનનારા અર્થાત્ તેનાથી વિરૂદ્ધ વર્તનારા સૂત્ર અર્થ અને તદુભય એટલે સૂત્ર અને અર્થને માનવાવાળા છતાં અનંત સંસારમાં**

રખડવાવાળા થાય છે. એમ શાસનની શ્રદ્ધાવાળાને તો માન્યા સિવાય છુટકોજ નથી.

એટલે પંચાચાર-સંપન્ન આદિ ગુણોવાળા આચાર્યોની પરંપરાએ આવેલી ચૈત્યવંદનક્રિયાનો આદર દરેક સમ્યગ્દૃષ્ટિને ફરજીયાતપણે નહિં કે મરજીયાતપણે કરવાની જરૂર રહે છે.

વળી પંચાચાર-સંપન્નાદિક ગુણવાળા આચાર્યોની પરંપરાએ કેટલાંક ચૈત્યવંદનો પ્રણિધાનયુક્ત છે. ત્યારે કેટલાક ચૈત્યવંદનો તેથી રહિત છે.

એટલે ૧ જાગરણ ૨ ચૈત્ય ૩ જેમણ ૪ પચ્ચક્ખાણ ૫ શયન. આ પાંચ ચૈત્યવંદનો પ્રણિધાન સહિત હોય છે,

જ્યારે બાકીના બે જે બન્ને વખતના પ્રતિક્રમણવાળાં ચૈત્યવંદનો કે સિદ્ધાદિકની સ્તુતિરૂપ પ્રણિધાન યુક્ત છે, પરંતુ સમસ્ત ચૈત્ય ૧ સમસ્ત મુનિ વન્દન ૨ અને પ્રાર્થના ૩ રૂપ પ્રણિધાનવાળાં નથી, પરંતુ ઉપર જણાવેલા પાંચ ચૈત્યવંદનો તો ૧ ચૈત્ય ૨ મુનિ વન્દન અને પ્રાર્થના પ્રણિધાનવાળા છે.

આટલું છતાં પણ જૈનસંઘમાં પ્રણિધાનસૂત્ર તરીકે જો કોઈ પણ સૂત્રનો વ્યવહાર થતો હોય તો તે માત્ર પ્રાર્થનારૂપ પ્રણિધાન સૂત્રનો છે.

તેથી દેવવંદનસૂત્રવૃત્તિ અને શ્રી પંચાશક આદિ શાસ્ત્રકારો ત્રણે પ્રણિધાનોને માનવાવાળા છતાં પ્રાર્થના-પ્રણિધાનનું સૂત્ર જે "જયવીયરાય" નામનું છે, તેને જ પ્રણિધાનસૂત્ર કહે છે.

હવે તે પ્રાર્થના-પ્રણિધાન સૂત્રમાં કઈ વિશિષ્ટતા છે? તે આપણે તપાસીએ-

કે જેથી તે પ્રાર્થના-પ્રાણિધાન સૂત્રની વિશેષપણે મહત્તા ખ્યાલમાં આવે.

સમસ્ત ચૈત્ય અને સમસ્ત મુનિઓ કે જે સ્થાવર અને જંગમ-તીર્થરૂપ છે, તેઓને વંદન કરવાની ક્રિયાને **वंदे** અને **प्रणतः (अस्मि)** એવા પ્રયોગથી તત્કાળને એટલે વર્તમાનકાળને ઉદ્દેશીને નમનરૂપનું પ્રણિધાન કરવામાં આવે છે, અર્થાત્ કોઈ પણ ચૈત્ય કે કોઈ પણ મુનિવંદન કરનારના પ્રણિધાન (ત્રિકરણ યોગની શુદ્ધ પરિણતિ)માંથી શેષ ન રહી જાય, યાવત્ જે કોઈપણ ચૈત્યો અને મુનિઓ જગતમાં કે પંદર કર્મભૂમિમાં વિદ્યમાન છે, તે સર્વને એક સ્વરૂપે વંદન કરવા માટે બે પ્રણિધાન સૂત્રો છે,

જ્યારે ત્રીજું પ્રણિધાન સૂત્ર કે જેને પ્રાર્થનાવાળું હોવાથી **પ્રાર્થના-પ્રણિધાનસૂત્ર** કહેવામાં આવે છે, તેમાં નીચેની વસ્તુઓ વર્તમાન જન્મમાં તો શું ? પરન્તુ મોક્ષની પ્રાપ્તિ થવા પહેલાંના દરેક ભવોમાં અને તે પણ અખંડિતરૂપે મલવાની પ્રાર્થના જણાવનારૂં છે, તેથી તેને પ્રાર્થના-પ્રણિધાનસૂત્ર કહેવામાં આવે છે.

વાચકોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે આખો જૈનસંઘ પ્રાર્થના-પ્રણિધાનને માનનારો હોવાથી પ્રાર્થનાના સાચા અધિકારી તરીકે જૈનો ગણાય તો આશ્ચર્યભૂત નથી.

પરંતુ અન્યમતવાળાઓની માફક આ જૈનસંઘ પાપકર્મની કે માત્ર કરેલા પાપોની માફી માગવામાં જ પ્રાર્થનાની સફળતા ગણવાવાળો નથી.

કિન્તુ પાપની ઉત્પત્તિ થાય નહિં, થયેલા પાપોનું નાશ કરવાનું બની શકે અને ભવિષ્યમાં પણ પાપોની પ્રવૃત્તિથી દૂર રહેવાનું બને તેવા કારણો અને સંજોગોને આધીન થવા સાથે તેવી જ સામગ્રી-ઓની **પ્રાર્થનાને પ્રાર્થના-પ્રણિધાન** તરીકે માન્ય કરવાવાળો છે.

આ જણાવેલ પ્રાર્થનામય એવા પ્રાર્થના-પ્રણિધાનનું યથાસ્થિત પણું નીચે જણાવેલી પ્રાર્થનામાં માંગેલા પદાર્થોને વિચારવાથી સુજ્ઞ મનુષ્યોને સ્હેજે સમજાશે.

૧ ભવનિર્વેદ :–નારક–તિર્યંચ–મનુષ્ય અને દેવતા રૂપ જે ચાર ગતિ છે, તે સ્વરૂપ ભવમાં કોઈ દિવસ પણ રાચવાનું ન થાય, પરંતુ ઉદ્વેગ જ રહે તે.

૨ માર્ગાનુસારિતા :– સમસ્ત કર્મના ક્ષયથી પુદ્ગલની પરાધીનતા મટી જઈને આત્માના સ્વરૂપમાં આત્માના રહેવા રૂપ મોક્ષનું જે માર્ગ દ્વારા સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્ બોધ અને સમ્યક્ ક્રિયાથી અનુસરવાપણું થાય.

૩ ઈષ્ટ–ફળસિદ્ધિ :–પોતાના આત્માને અને બીજાઓના આત્માને મોક્ષના માર્ગે જોડવા રૂપ ઈષ્ટફળની પરાકાષ્ઠા.

૪ લોકવિરૂદ્ધત્યાગ :– સામાન્ય રીતે સર્વ લોકની અને વિશેષે કરીને ગુણવાન કે સરલ ધર્મિષ્ઠોની નિંદા વગેરે જે જે કાર્યો અધર્મ રૂપ છે તેમાં મન, વચન અને કાયાથી કોઈ પણ દિવસ પ્રવૃત્તિ ન કરવી તે.

૫ ગુરુજનપૂજા :–માતા–પિતા અને વડિલોની ત્રિકાલ નમન ક્રિયા વિગેરે પૂજામાં નિયમિત અને અસ્ખલિતપણે પ્રવૃત્તિ

૬ પરાર્થકરણ :– જગતમાં સર્વ જીવો સ્વાર્થની સિદ્ધિમાંજ તત્પર હોય છે, પરંતુ પરાર્થનાં પ્રધાનતા રાખી સ્વાર્થના ભોગે પણ તેમાં પ્રવર્ત્તવાવાળા વિરલા જ જીવો હોય છે, તેથી સ્વાર્થના ભોગે પણ પરાર્થ કરવાની પ્રાર્થના કરે છે.

૭ શુભ–ગુરૂનો યોગ :–મોક્ષના માર્ગે પ્રવર્ત્તવાની સાથે જેઓ જગતના જીવોને પણ ઉદ્ધારની દૃષ્ટિથી પ્રવર્ત્તવાવાળા હોય છે, તેઓ શુભગુરૂ કહેવાય છે. અને તેવા શુભગુરૂનો સમાગમ મેળવવો, એ સર્વ કરતાં પણ દુર્લભ હોઈ તેની પ્રાપ્તિ માટે શુભગુરૂયોગ નામની પ્રાર્થના હોય એ સ્વાભાવિક છે.

૮ **તદ્વચનસેવા** :-જગતમાં રોગી મનુષ્યો એકલા વૈદ્યના સમાગમથી આરોગ્યને મેળવી શકતા નથી.

પરંતુ જેઓ વૈદ્યના કથન પ્રમાણે ઔષધ, પથ્ય અને વર્ત્તનમાં નિયમિત રહીને પ્રવૃત્તિ કરે છે, તેઓ વર્તમાનકાલમાં આરોગ્ય મેળવવા સાથે ભવિષ્યના આરોગ્યને ધારવા લાયક બને છે.

તેવી રીતે સદ્ગુરૂના સમાગમ માત્રથી જીવોનું કલ્યાણ બની શકતું નથી, પરંતુ સદ્ગુરૂએ આપેલા સંસારથી તરવાના ઉપદેશનો અમલ કરવાથી જ સંસારરૂપી સમુદ્રથી તરવાનું થાય છે, માટે છેલ્લી પ્રાર્થનામાં સદ્ગુરૂના વચનની સેવાની પ્રાર્થનાને સ્થાન આપેલું છે.

ઉપર જણાવેલ આઠ પ્રાર્થના કે જેને **પ્રાર્થનાષ્ટક** કહી શકીએ. એવી પ્રાર્થનામાં જૈનસંઘ પ્રતિદિન અનેક વખત લીન થઈને પ્રવર્ત્તેલો હોય છે, તેથી તે જૈનસંઘને યોગ્ય-રીતિવાળી પ્રાર્થનાના સાચા અધિકારી કહેવામાં કોઈ પણ જાતની બાધા નથી, અને તેથીજ તે પ્રાર્થનાષ્ટકને જણાવનાર સૂત્રને શાસ્ત્રકારોએ **પ્રાર્થના-પ્રણિધાન** સૂત્ર કહેલ છે.

ઉપર જણાવેલ **પ્રાર્થનાષ્ટક** શ્રી **લલિતવિસ્તરા** અને **પંચાશકસૂત્રમાં** જેવી રીતે જણાવવામાં આવ્યું છે, તેવી રીતે ચૈત્યવંદન-બૃહદ્ભાષ્ય વગેરેમાં પણ જણાવવામાં આવ્યું છે, પરંતુ તેમાં નીચેની ચાર પ્રાર્થનાઓ વધારે જણાવવામાં આવી છે.

**૧ દુઃખક્ષય ૨ કર્મક્ષય ૩ સમાધિમરણ ૪ બોધિલાભ.**

આ નવી જણાવેલી ચાર પ્રાર્થનાઓ પૂર્વની આઠ પ્રાર્થનાઓથી જેમ જુદી પડે છે, તેમ તેના હેતુ પણ જુદા પડે છે.

પહેલાં જણાવેલ પ્રાર્થનાષ્ટકમાં માત્ર ભગવાનના પ્રભાવને હેતુ તરીકે જણાવવામાં આવ્યો છે.

ત્યારે આ ચાર પ્રાર્થનાઓમાં ભગવાનના નમસ્કારને હેતુ તરીકે જણાવવામાં આવ્યો છે.

એટલે એ હિસાબે **પ્રાર્થના દ્વાદશક** પણ શાસ્ત્રોક્ત ગણાય.

તેમજ આ ભવની અપેક્ષાએ સર્વસિદ્ધનમસ્કાર, શ્રીમહાવીર ભગવાન નમસ્કાર અને સામાન્ય શ્રી વર્ધમાન નમસ્કારમાં અદ્વિતીય મહિમા જણાવનારા ત્રણ પદ્યોને પણ પ્રણિધાન તરીકે ગણવામાં આવે તો **પ્રાર્થનાપંચદશક** પણ થાય અને શાસનની અદ્વિતીયતા જણાવવા માટે સર્વ જગતમાં એની ઉત્કૃષ્ટતા દ્યોતક ગાથાને પ્રણિધાન ગણવામાં આવે તો **પ્રાર્થનાષોડશક** પણ થાય.

એવી રીતે **પ્રાર્થના ષોડશકની** અંદર પહેલા જણાવેલું **પ્રાર્થનાષ્ટક** વિશેષપણે પ્રચલિત ગણાય છે.

પરંતુ પ્રાર્થના–રહિતપણે કરાતા ઉપર જણાવેલા પાંચ ચૈત્યવંદનો વાસ્તવિક ગણાતા નથી, માટે દરેક જૈને જણાવેલી પ્રાર્થના તરફ ગુરૂગમથી યોગ્ય ધ્યાન આપવાની જરૂર છે.

## મુ...મુ...ક્ષુ...ના ચિ...હ્નો...

- મુમુક્ષુ તે–જેનામાં નીચેના લક્ષણો વિકસિત હોય !

- મંદકષાયતા
- વાસના-નિગ્રહ
- સ્વદોષ-દર્શન
- આત્મનિરીક્ષણ
- કૃતજ્ઞતા
- મોક્ષનું લક્ષ્ય

- આરાધક ભાવ

# આગમ રહસ્ય

( પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીએ
લખેલ તાત્ત્વિક મહાનિબંધ )

[ વર્ષ ૭ : પુસ્તક ૧ : પૃષ્ઠ ૬૪ થી ચાલુ ]

**પૂજ્યપાદ આગમોદ્ધારક બહુશ્રુત ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યશ્રીએ બાલજીવોના હિતાર્થે આલેખેલ**

卐 તા...ત્ત્વિ...ક...મ...હા...નિ...બં...ધ... 卐

[ આગમજ્ઞાતા, આગમ-વાચનાદાતા, તાત્ત્વિક વ્યાખ્યાતા, પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ "સિદ્ધચક્ર" માસિકના પ્રારંભકાળે વિ. સં. ૧૯૮૯ માં અનેક તત્ત્વજિજ્ઞાસુ અર્થી જીવોના હિતાર્થે ઉંડું અધ્યયન અને તળસ્પર્શી—માર્મિક ચિંતનના બળે તારવેલ આગમિક તત્ત્વો-રહસ્યોને સરળ શૈલિમાં જિજ્ઞાસુઓના વિશિષ્ટ આગ્રહથી "**આગમ-રહસ્ય**" નામે સળંગ નિબંધ લખવો શરૂ કરેલ, તે પ્રાય: ૫-૬ વર્ષ સળંગ ચાલ્યો, તેમાં ઘણા ગૂઢ આગમિક પદાર્થોના ખુલાસા મહત્ત્વભરી રીતે આવેલા હોઈ ઘણા તત્ત્વપ્રેમી પુણ્યાત્માઓને અનેરા આકર્ષણ રૂપ તે નિબંધ નિવડેલ.

"આગમ જ્યોત"ના પ્રારંભ કાળથી જ આ નિબંધ મંગળાચરણરૂપે ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. જેનો સુજ્ઞ વિવેકી વાચકો ખૂબ જ લાભ લઈ રહ્યા છે.] સં.

**ભવ્યતાની વિચિત્રતા**

શાસ્ત્રકારો એમ જણાવે છે-ભવિતવ્યતાને ધર્મપ્રેમીઓએ સ્થાન ન આપવું જોઈએ, એ વાત શાસ્ત્રીય વચનો અને હેતુ યુક્તિથી નક્કી છે.

જો કે સૂક્ષ્મ નિગોદમાંથી પહેલ-વહેલાં જીવનું નિકળવું ભવિતવ્યતાને યોગે જ થાય છે.

તે રીતે અનુક્રમે બાદર નિગોદમાંથી બાદર પૃથ્વી આદિમાં બેઇંદ્રિયાદિ ત્રણે પ્રકારના વિકલેંદ્રિયોમાં અને અસંજ્ઞીપંચેદ્રિય તિર્યંચોમાં અનુક્રમે વધીને જીવોનું આવવું, કે આગળ વધી-વધીને કે પાછા પડીને ફેર વધવું અને મનુષ્ય ભવમાં ઉત્પત્તિ થવી.

આ સર્વ બનાવની જડ શાસ્ત્રકારો ભવિતવ્યતાને માને છે,

જો કે શાસ્ત્રકારોએ ભવિતવ્યતાની સાથે તે તે કર્મના બંધને અને ઉદયને પણ સામે રાખેલ છે.

અર્થાત્ કોઈ પણ જીવને તેવા કર્મનો બંધ થયા સિવાય કે તેવા કર્મનો ઉદય થયા સિવાય તે તે સ્થાનોમાં ચઢતા જવું અગર ચઢીને પછી પડયા છતાં પણ પાછું ચઢવું, એમાંનું કંઈપણ બનેલું જણાતું નથી, એટલે ભવિતવ્યતાની સાથે કર્મની કારણતા તો અવિચલપણે રહેલી જ છે, છતાં શાસ્ત્રકારો તે તે સ્થાનોમાં-ચડતાં કે ચડીને ઊતરીને ફેર ચડતાં કર્મને મુખ્યપણે કારણ તરીકે ન લેતાં ભવિતવ્યતાને કારણ તરીકે લે છે.

તેનું કારણ સ્પષ્ટ છે કે તે તે બાદરપણા વિગેરેના જે કર્મો સૂક્ષ્મ નિગોદ વિગેરેમાં બાંધ્યાં તે તેના બાંધનાર જીવોના અભિપ્રાયને અનુસરીને નથી હોતા.

એટલે એમ કહી શકીએ કે અનાદિ કાલથી સૂક્ષ્મ-નિગોદમાં વસેલો જીવ બાદર-નિગોદપણું જાણતો પણ ન હોતો,

## ભવિતવ્યતાથી વિકાસ નહીં

જગતમાં સામાન્ય નિયમ છે કે ઈચ્છાની ઉત્પત્તિ પણ જાણપણા સિવાય થતી નથી.

જે મનુષ્ય જેટલું જ્ઞાન ધરાવે, તે પ્રમાણમાં તે મનુષ્યની ઈચ્છાઓ થાય છે, દશ ચીજ જાણનારાઓને દશ ચીજ મેળવવાની ઈચ્છા થાય છે, ત્યારે સો ચીજ જાણનારાઓને સો ચીજ મેળવવાની ઈચ્છા થાય છે,

એટલે જાણપણું થયા પછી તો તે જાણપણું વસ્તુની પ્રાપ્તિની ઈચ્છા ઉત્પન્ન કરે છે.

તેથી મનુષ્યભવમાં સંજ્ઞીપણું મળે, ત્યારે અનેક પ્રકારના જ્ઞાનો ઉત્પન્ન થાય અને તે જ્ઞાનમાં જણાયેલા પદાર્થોની ઇચ્છા થાય અને તેને માટે તે મનુષ્યો પ્રયત્ન કરે અને છેવટે તે કરેલા પ્રયત્નના ફળરૂપ ઈષ્ટ પદાર્થને પ્રાપ્ત કરે, તેમાં તો ભવિતવ્યતા કરતાં પણ અભિપ્રાયને અનુસરીને કરેલા પ્રયત્નોનો મુખ્ય ભાગ ગણી શકીએ અને તેથી તેવી જગો પર ભવિતવ્યતાને અગ્રપદ નહિ આપતાં વિચાર કે કર્મને અગ્રપદ આપી શકાય છે.

તેથી દેવત્વ કે મનુષ્યત્વ ભવિતવ્યતાથી થયેલું ન માની શકીએ.

પણ ઉદ્યમથી કે વિચારથી જ થયેલું માની શકીએ,

પણ અનાદિ સૂક્ષ્મ-નિગોદમાં વસેલા જીવને જગતમાં જેમ વૃક્ષના જીવને રસનો ખ્યાલ પણ નથી, બેઇંદ્રિય જીવોને ગંધનો ખ્યાલ પણ નથી, તેઇંદ્રિય જીવોને રૂપનો ખ્યાલ પણ નથી,

ચઉરિંદ્રિય જીવોને શબ્દનો ખ્યાલ પણ નથી, યાવત્ અસંજ્ઞી-પંચેંદ્રિયજીવોને મન જેવી વસ્તુનો ખ્યાલ પણ નથી, તેવી જ રીતે તે અનાદિ-સૂક્ષ્મ નિગોદવાળાને પણ બાદર-નિગોદપણાનો કે બાદર-પણાનો ખ્યાલ પણ નથી,

જો કે બાદર નિગોદપણામાં કે પ્રત્યેકપણામાં યાવત્-સંજ્ઞી-પંચેંદ્રિય મનુષ્યપણામાં પણ જઈને આવેલા સૂક્ષ્મ-નિગોદમાં અનંતા જીવો છે.

તેમને પણ તે સૂક્ષ્મ-નિગોદની અવસ્થાની અધમતાને લીધે બાદર-નિગોદ કે બાદરપણાનો ખ્યાલ નથી,

તો પછી જેઓ બાદર-નિગોદ કે બાદરપણું અનુભવી આવ્યા છે, તેવા સાદિ સૂક્ષ્મ નિગોદના જીવોને પણ જ્યારે બાદર નિગોદ કે બાદર પૃથ્વીકાયાદિનો ખ્યાલ નથી તો પછી અનાદિ કાલથી સૂક્ષ્મ નિગોદમાં રખડતા એવા જીવોને તો બાદર નિગોદ કે બાદર પૃથ્વીકાયાદિપણાનો ખ્યાલ આવે જ ક્યાંથી ?

જ્યારે બાદર નિગોદ કે બાદર પૃથ્વીકાયાદિનો ખ્યાલ જ ન આવે તો પછી તે અનંતા સૂક્ષ્મ નિગોદવાળા જીવો પોતાના કરતાં બાદર નિગોદમાં કે બાદર પૃથ્વીકાયાદિમાં રહેલી ઉત્તમતા તો સમજે જ ક્યાંથી ?

## જ્ઞાનનું ફળ શું ?

નીતિકારોનો નિયમ છે કે **વસ્તુના હેયપણા કે ઉપાદેય-પણાની બુદ્ધિ એ જ્ઞાનનું ફળ છે,**

પ્રથમ કોઈપણ વસ્તુનું જ્ઞાન થયા સિવાય તેનું હેય કે ઉપાદેય-પણું ધ્યાનમાં આવતું નથી,

એવી રીતે જ્યારે જ્ઞાન થયા સિવાય હેય-ઉપાદેયપણાની બુદ્ધિ થાય નહિ તો પછી સૂક્ષ્મ નિગોદના જીવોને પોતાનું સૂક્ષ્મ નિગોદ-

પણું ન જણાતું હોવાથી તેને નિકળવાની અર્થાત્ તે સૂક્ષ્મ નિગોદ પણાને છોડવાની બુદ્ધિ કયાંથી થાય ?

આ ઉપર જણાવેલી હકીકત બારીક દ્રષ્ટિથી વિચારતાં હવે એવી શંકા નહિ રહેશે કે આ જીવ સૂક્ષ્મ નિગોદપણે અનાદિથી સર્વકાલ કેમ રખડયો ?

કેમ કે જગતમાં જેમ આંધળો રૂપને ન દેખે અને આખું જીવન વ્યતીત કરે તેવી રીતે સૂક્ષ્મ-નિગોદવાળાને પોતાની અધમતાનું ભાન કોઈ દહાડો થયું નથી.

તેથી તે સૂક્ષ્મ-નિગોદના કારણભૂત કર્મોને છોડનારો ન થાય તે સ્વાભાવિક છે.

પણ આશ્ચર્યકારક એ રખડે તે નથી, પણ જગતમાં જેમ કોઈપણ આંધળો મનુષ્ય કોઈ દૈવી ચમત્કાર દ્વારા રૂપને દેખનારો થાય તો તેમાં આશ્ચર્ય ગણાય !

એવી રીતે અહિં પણ અનાદિકાલથી સૂક્ષ્મ-નિગોદમાં રહેલો છતાં પણ અને બાદર-નિગોદ પૃથ્વીકાયાદિનું સ્વરૂપ નહિ જાણવા વાળો છતાં પણ બાદર-નિગોદ કે બાદર પૃથ્વી આદિને સુન્દરપણે નહિં પિછાણતાં છતાં બાદર-નિગોદ કે બાદર-પૃથ્વી આદિમાં ઉપજવાના કારણભૂત કર્મો બાંધે એ આશ્ચર્ય છે,

આવી રીતના આશ્ચર્યભૂત બનાવની જડ શાસ્ત્રકારોએ ભવિતવ્યતાને બતાવી છે, પણ આ જડ તરીકે બતાવેલી ભવિતવ્યતાને જાણનારા અને સમજનારા મનુષ્યોએ તો એક અંશ માત્ર ભવિતવ્યતાને આધારે ભૂલવા જેવું નથી.

### ભવિતવ્યતાનું મહત્ત્વ કયાં ?

વાચકોએ ખ્યાલ કરવો જોઈએ કે દરીયામાં ડુબેલાઓ પણ ભવિતવ્યતાને જોરે કોઈ બચવા પામેલા છે, અને તેમાં ભવિતવ્યતાનો

સંકેત છે. છતાં શું સમજુ મનુષ્ય તે ભવિતવ્યતાનો આધાર લઈને દરિયામાં ડુબી જાય ખરો ?

કહેવું પડશે કે ભવિતવ્યતાને યોગે દરિયામાં ડુબેલો કદી કોઈક આકસ્મિક-સંજોગે બચી જાય, તો પણ તેવો બચવાનો ભરોસો રાખી શકાય જ નહિ, તો પછી ભવિતવ્યતાને જોરે કદાચિત્ સૂક્ષ્મ-નિગોદમાંથી બાદર-નિગોદપણું કે બાદર-પૃથ્વીકાયાદિપણું મળી જાય, તો તો પણ તે ભવિતવ્યતાનો ભરોંસો ન રખાય તે સ્વાભાવિક છે.

વળી જેમ અગ્નિએ સળગેલા મકાનમાંથી ભવિતવ્યતાને જોરે સેંકડે બે - કે - પાંચ આદમી બચી પણ જાય, તો પણ વિચક્ષણ પુરૂષ સેંકડે બે - પાંચ બચી ગયેલાના ભરોંસે આગમાં ઝંપલાવતો નથી. તેમજ આગથી નિર્ભય પણ બનતો નથી.

તો પછી અહીં તો સેંકડે બે પાંચ નહિ, હજારે બે પાંચ નહિ, લાખોએ બે - પાંચ નહિ, ક્રોડોએ બે - પાંચ નહિ, અસંખ્યાતાએ બે - પાંચ નહિ, પણ માત્ર અનંતાએ બે - પાંચના નિયમ પ્રમાણે તો નહિ, પરંતુ કોઈક જ વખત કોઈક અનંતાના ઢગલામાંથી કોઈક એક, બે, પાંચ માત્ર બહાર નિકળે તેમાં જે ભવિતવ્યતા કારણ છે. તે ભવિતવ્યતાનો આધાર શી રીતે રાખવો ?

ધર્મિષ્ઠોએ ધ્યાન રાખવાની જરૂર છે કે-

આ સંજ્ઞી પંચેદ્રિય મનુષ્યપણામાં તમે વર્ત્તો છો, તેથી તમો તો સ્વતંત્રતાવાળા અને સ્વાધીન છો અને એ સ્વતંત્રતા અને સ્વાધીનતાનો ઉપયોગ રત્નત્રયીની આરાધના અને તત્વત્રયીની સેવામાં ન કર્યો તો દિવસની પાછળ જેમ રાત્રિ લાગેલી જ છે, તેવી રીતે વેડફી દેવાતી સ્વતંત્રતા પછી તે નિગોદની ભવિતવ્યતાનો જ વારો છે, અને તે ભવિતવ્યતાની કેવી મુશ્કેલી છે ? તે આપણે ઉપર જોઈ ગયા છીએ.

આ બધી હકીકત વિચારતાં સ્પષ્ટ થશે કે અનાદિ સૂક્ષ્મનિગોદ-માંથી નિકળીને સિદ્ધ થતાં અગર પડી-પડીને ચઢતાં કોઈપણ પ્રેરક અને આલંબન હોય તો કેવળ ભવિતવ્યતાનું જ છે, અને આટલા માટે ઉપમિતિભવપ્રપંચકાર શ્રી સિદ્ધર્ષિ મહારાજ તેવી દરેક ગત્યન્તરની સ્થિતિને ઉપજાવનાર ભવિતવ્યતાની ગુટિકા જણાવી છે.

**ભવિતવ્યતાનો ભરોસો ન રખાય !**

પણ વિચક્ષણ પુરૂષોએ ધ્યાનમાં રાખવાનું છે કે—

અસંજ્ઞીની ચઢતી-પડતીના આધાર તરીકે ભવિતવ્યતાને આલેખવામાં આવી છે જ, પણ જ્યારે જ્યારે સંજ્ઞીપણું કે— સંજ્ઞી-પંચેંદ્રિય-મનુષ્યપણું પ્રાપ્ત થયું છે, ત્યારે ત્યારે તે સંજ્ઞીપંચેન્દ્રિય-પણાની સ્થિતિ પછીની આગળની ઉત્તમ કે અધમ સ્થિતિ માટે ભવિતવ્યતાને જવાબદાર કે જોખમદાર ન ગણતાં તે સંજ્ઞી મનુષ્યોના વિચારો અને કર્મોને જ જવાબદાર અને જોખમદાર ગણ્યા છે,

તે અનુસારે સંજ્ઞીપંચેંદ્રિયથી કે કોઈપણ સંજ્ઞી મનુષ્યથી પોતાની જવાબદારી કે જોખમદારી ભવિતવ્યતા ઉપર નાખી શકાય તેમ નથી.

તો પછી ધર્મપ્રેમી અને મુમુક્ષુ મનુષ્ય ભવિતવ્યતાને ભરોંસે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓના વચનામૃતોનું પાન કર્યા છતાં પણ ભૂલે, એવું તો બને જ કેમ ?

જ્યારે સામાન્ય મુમુક્ષુ મહાત્માઓ ભવિતવ્યતાને ભરોંસે મોક્ષના સાધનમાં પણ પ્રવર્તવાનું ભૂલે નહિ, તો પછી ત્રણ જગત્‌ના નાથ ભગવાન તીર્થંકરો ભવિતવ્યતાને ભરોંસે રહે અને મોક્ષની મુખ્ય સીડી જે તીવ્ર તપસ્યા છે, તેની ઉપર ચઢવાનો ઉદ્યમ ન કરે અને તે સીડી ઉપર ચઢયા સિવાય મોક્ષ-પ્રાપ્તિની ઈચ્છા રાખે કે મોક્ષની પ્રાપ્તિ કહે, એ બને જ કેમ ?

આ બધું વિચારતાં ભગવાન રૂષભદેવજીએ ભૂલમાં પાડનારી ભવિતવ્યતાનો ભરોંસો ન રાખતાં અવિચળ અને અવ્યાબાધ એવા

મોક્ષ-પદની પ્રાપ્તિ માટે તીવ્ર તપસ્યા રૂપી તરવાર ઉપર વિચરવાનું પસંદ કર્યું છે, તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી,

## ભવિતવ્યતા અને ભવ્યત્વમાં ફરક

એટલું જ નહિ પણ કેટલાકો ભવિતવ્યતાના ભરોસે ભૂલા ન પડવાવાળા છતાં પણ ભવસ્થિતિ અને ભવ્યતા જેવા નામો આગળ કરીને ભૂલા પડે છે, તેઓએ પણ સમજવું જોઈએ કે ભવ્યત્વ જો કે અનેક પ્રકારનું છે અને તેથી દરેક જીવ જે મોક્ષે જવાવાળા હોય છે. તે બધાનું તથાભવ્યત્વ જુદા-જુદા રૂપે માનવામાં આવેલું છે.

તો પણ તે તથાભવ્યત્વ ઘંટાલાલાના લોઢા જેવું સંસ્કાર ન થઈ શકે તેવું તો નથી જ.

અર્થાત્ ભવ્યતા અને ભવસ્થિતિને પરિપકવ કરવા ધારનારો મનુષ્ય તેને પરિપકવ કરનારા સાધનો મેળવી શકે છે અને તે તથા-ભવ્યતાને પરિપકવ કરી શકે છે.

તેથી જ તે તથાભવ્યત્વ અને ભવસ્થિતિને પરિપકવ કરવા માટે મુમુક્ષુ મહાત્માઓએ કટિબદ્ધ થવાની જરૂર છે, તથાભવ્ય-તાના ખોટા આલંબને નિરુત્સાહ થવું ન જોઈએ.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે—

પારિણામિક ભાવમાં જો કે ભવ્યતાનો એક જ ભેદ જણાવ્યો છે, તો પણ તે ભવ્યતા દરેક ભવ્યોમાં જુદા-જુદા રૂપની છે, અને તેથી તે દરેક પ્રાણીની જુદી જુદી ભવ્યતાને તથાભવ્યતાના ભેદે ઓળખાવવામાં આવે છે, તેથી ભવ્યતાને અંગે જ મોક્ષે જનારા ભવ્ય જીવોમાં તેવા-તેવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અનેક ભેદો સમાવેશ પામે છે.

આવું તથાભવ્યત્વ પણ સંસ્કારથી સંસ્કારિત થઈ શકે છે. ત વાત સ્પષ્ટ શબ્દોમાં પૂર્વધર મહારાજા જણાવે છે જેમકે પુદ્-

જલનું પરિણમન ઘટ-પટાદિ રૂપે થાય છે અને તે તેનો સ્વભાવ છે છતાં તે પુદ્ગલાદિને ઘટ-પટાદિરૂપે થવામાં પુરુષ-પ્રયત્નની દરકાર રહે છે.

## તથાભવ્યત્ત્વનો પરિપાક શી રીતે ?

એ રીતે જીવમાં ભવ્યત્વ અને તથાભવ્યત્વ સ્વાભાવિક છે, છતાં પણ તેના પરિપકવપણામાં સાધનોની ખાસ જરૂર છે, કર્મના ઉદયને માટે જેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની દરકાર આવશ્યક છે, અને તે દ્રવ્યાદિકની દરકાર વગર કોઈ પણ કર્મ ઉદયમાં આવી શકતું નથી.

તેવી જ રીતે ભવ્યત્વના પરિપાકમાં પણ તેના સાધનોની દરકાર રહે એ સ્વાભાવિક છે.

ભવ્યત્વના પરિપાક માટે દરેક ધર્મિષ્ઠ પુરુષને આકાંક્ષા થાય એ અસ્વાભાવિક નથી, કારણ કે સાધક-સામગ્રીના બળે ભવ્યત્વ કે તથાભવ્યત્વ પરિપકવ થાય તો જ મુમુક્ષુ એવો ભવ્ય જીવ મોક્ષને મેળવી શકે.

તેટલા માટે પૂર્વધર મહારાજાએ પંચસૂત્ર નામના પ્રકરણમાં ભવ્યત્વ કે તથાભવ્યત્વને પરિપકવ કરનારા સાધનો બતાવેલા છે.

સામાન્ય રીતે તે સાધનોની સંખ્યા ત્રણની જ આપેલી છે.

પ્રથમ અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનેશ્વર મહારાજના ધર્મનું જ શરણ કરવું, તેને લોકોત્તર માનવા તથા મંગલ રૂપ માનવા.

બીજા સાધન તરીકે મિથ્યાત્વ, અવિરતિ, કષાય કે પ્રમાદને લીધે જે સમ્યક્ત્વ, મૂલગુણ કે ઉત્તરગુણોમાં દોષો લાગ્યા હોય, અગર ધર્મીપણાના અંગે કરવા લાયક કાર્યો ન થયાં હોય ધર્મીઓને ન છાજતાં તથા ન કરવા લાયક કાર્યો થઈ ગયાં હોય અને પદાર્થોની વિપરીત પ્રરૂપણા થઈ હોય, તે બધા પાપોની નિંદા જુગુપ્સાદિ કરવા.

જૈનશાસ્ત્રની શૈલિ પ્રમાણે શ્રી અગ્નિભૂતિ ગણધર મહારાજાએ કહેલી વાત જ્યારે શ્રી વાયુભૂતિજી ગણધર મહારાજાના માનવામાં આવી ન હોતી, પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને તે અગ્નિભૂતિની કહેલી વાતનો ખુલાસો પૂછતાં જ્યારે અગ્નિભૂતિ ગણધર મહારાજના કહેવા પ્રમાણે પદાર્થોનો નિર્ણય થયો, ત્યારે શ્રી વાયુભૂતિજી તે શ્રી અગ્નિભૂતિજીની આગળ કહેલી વાતને ચોખ્ખા રૂપે કબુલ કરી, એટલું જ નહિ પણ પહેલાં શ્રી અગ્નિભૂતિજીની વાત કબુલ નહોતી કરી, તેના સ્પષ્ટપણે ખમત-ખામણાં કરી શુદ્ધિનો માર્ગ લીધો,

## દુષ્કૃતગર્હાનું મહત્ત્વ

આ ઉપરથી દરેક-દરેક ધર્મોની વાત કરનાર કે પ્રરૂપણા કરનાર મનુષ્યે સત્ય પદાર્થના કથનની પ્રતીતિ ન થઈ હોય, તેને માટે કેટલો બધો પ્રયત્ન કરીને સુધારો કરવા જેવું છે? તે સમજી શકાય તેમ છે.

પ્રરૂપણાની વાતને માટે વધારે એટલા જ માટે કહેવું પડે છે કે જેમ જગતમાં વ્યવહાર તરફ દૃષ્ટિ રાખનારા મનુષ્યો દેવ, ગુરુ અને ધર્મ સંબંધી દૂષણોને આલોવવા જેટલા તીવ્ર અધ્યવસાયથી તૈયાર થાય છે, તેના ઘણા ઓછા ભાગે મૃષાવાદ, દાણચોરી, અપ્રામાણિકતા વિગેરે સાહજિક દોષોનું પ્રાયશ્ચિત્ત લેવા તૈયાર થાય છે,

તેવી રીતે મોક્ષ-માર્ગના ધોરી બનેલા મુનિ-મહારાજાઓ વિષય, કષાય અને મિથ્યાત્વાદિના દોષોનું જેવા ઉલ્લાસથી અને પ્રયત્નથી આલોચન કરવા અને શુદ્ધિ કરવા તૈયાર થાય છે, તેનાથી થોડા હિસ્સે પણ સત્ય-પ્રરૂપણા માનવામાં ન આવી હોય તેને કબુલ કરવા માટે કે તે સત્ય પ્રરૂપણા કરનારની આગળ મિચ્છામિદુક્કડં દઈ, ખમત-ખામણા કરવાની તૈયારી થાય તો તે શ્રેયસ્કર છે, તેને અંગે આ વિવેચનની જરૂર પડી છે.

વાચક પુરૂષો સમજી શકશે કે આ દુષ્ષમ કાલના પ્રભાવે ધર્મમાં મતભેદોનો રાફડો ફાટેલો છે, તે રાફડાની ખરી જડ અવિરતિ આદિની પ્રવૃતિ નથી. પણ બીજાની સત્ય પ્રરૂપણા ન માનવી અને પોતાની ખોટી પ્રરૂપણાને વળગી રહેવામાં આવ્યું છે તે જ છે.

જેઓ સત્ય માર્ગના ખપીપણું અને અસત્ય માર્ગથી દૂર રહેવાપણું શબ્દરૂપે દરેક વાતમાં જાહેર કરે છે, તેઓ જો અંતઃકરણથી સત્ય પદાર્થનું ખપીપણું અને અસત્યથી દૂર રહેવાપણું વાસ્તવિક રીતે અમલમાં મુકતા હોય, તો મતભેદનો મુદ્દલ પ્રસંગ જ ન હોત, તો પછી મતનો રાફડો ફાટવાની તો વાત જ કયાં રહે ?

કેટલાક મુગ્ધ મનુષ્યો જો શ્રાવક હોય તો **विवरीयपरूवणाए** કહીને પડિકકમી લઈએ છીએ તેથી અમારી ખોટી પ્રરૂપણાનો બચાવ થશે એમ માને છે, અને સાધુ-શ્રાવક બન્ને **उस्सुत्तो-उम्मग्गो** વગેરે પદોથી અમે સૂત્રવિરુદ્ધ અને માર્ગવિરુદ્ધની પ્રરૂપણા અને પ્રવર્ત્તનાનો **मिच्छा मि दुक्कडं** રોજ ઘણી વખત દઈએ છીએ.

તેથી સૂત્ર-વિરુદ્ધ અને માર્ગવિરુદ્ધ પ્રરૂપણા કે આચરણાનું પ્રાયશ્ચિત્ત અમારું નિષ્ફળ થઈ જશે એમ માને છે.

## દોષોનું પ્રતિક્રમણ કેવું ?

પણ તેઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે—

ભગવાન મલ્લિનાથ મહારાજ પહેલા ભવમાં કરેલી માયાનું પડિકક્રમણું કરતા જ હતા અને પીઠ-મહાપીઠના જીવે પણ ઈર્ષ્યા દ્વારા કરેલી માયાનું પ્રતિક્રમણ ન હોતું કર્યું એમ નહિ, છતાં તે મહાપુરૂષોને તે માયાના વિપાકરૂપે સ્રીપણું મળ્યું અને ભોગવવું જ પડયું.

આટલા જ માટે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ **શ્રી પંચવસ્તુની** અંદર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે–

સાધુપણામાં અગર ધર્મમાં થતા બારીકમાં બારીક દોષો પણ પૃથક્પણે પ્રાયશ્ચિત્તાદિ કરીને શોધવા જ જોઈએ.

એવી જ રીતે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ અતિચારોને બારીક રીતે શોધે તે જ મહાત્મા શુદ્ધ માર્ગમાં વધવાવાળો થાય, પણ એકલી પ્રતિક્રમણાદિની પ્રતિદિન કરાતી ક્રિયા તે તેવા અતિચારોને સર્વથા શુદ્ધ કરવાને સમર્થ નથી.

આ ઉપરથી પ્રતિક્રમણાદિ ક્રિયાઓ નિષ્ફળ છે, એમ કહેવાની મતલબ નથી, પણ અતિચારોની વાસ્તવિક શુદ્ધિ માટે પ્રતિદિન કરાતી ક્રિયા વખતે અંતરની જાગૃતિ માટેના વિશેષ પ્રયત્નની આવશ્યકતા છે.

આ વાત ધ્યાનમાં રાખવાથી ભવ્યત્વને પરિપાક કરનારૂં જે બીજું સાધન પાપ-જુગુપ્સા નામનું છે, તે વાસ્તવિક રીતે અમલમાં લીધેલું ગણાય.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે—

શાસનમાં નિહ્નવ તરીકે જાહેર થયેલા જમાલિ આદિ પુરૂષોએ પ્રતિદિન ઉભય વખત પ્રતિક્રમણ નહોતું કર્યું એમ નહિ, પણ તે પડિક્કમણા માત્રથી તેઓનો નિહ્નવપણાનો દોષ ટળી ગયો, એમ શાસ્ત્રકારોએ પણ માન્યું નથી.

માટે દરેક મુમુક્ષુએ પોતાના આચાર-વિચાર અને ઉચ્ચારના પાપોનું આલોચનાદિ કરવાની સાથે વિપરીત-પ્રરૂપણા કે અશ્રદ્ધાનું આલોચનાદિ કરવાનું કોઈ દિવસ ચૂકવાનું નથી.

## સુકૃતોનું અનુમોદન

આ સ્થાને વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે કે—

શાસ્ત્રકારો ભવ્યત્વ કે તથાભવ્યત્વના પરિપાક માટે સુકૃત કાર્યોની અનુમોદના રૂપ ત્રીજું સાધન બતાવે છે.

પણ તેનો નંબર ત્રીજે રાખી પાપની નિંદાને બીજા નંબરે રાખે છે, તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે

મુમુક્ષુ જીવોએ સત્કાર્યોની અનુમોદના કરવી એ જો કે જરૂરી છે. તો પણ તેના કરતાં ચઢતા નંબરે પાપની નિંદા કરવાની જરૂર છે.

જેવી રીતે આ પાપ નિંદાથી કરેલા પાપોની આલોચનાદિ દ્વારા ભવ્યત્વ કે તથાભવ્યત્વના પરિપાકનું સાધન બને છે,

તેવી જ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ સુકૃતો કે માર્ગાનુસારિણી પ્રવૃત્તિને અનુમોદવી એ પણ ભવ્યત્વના પરિપાકનું ત્રીજું સાધન છે.

આ ત્રીજા સાધનમાં દરેક મનુષ્યો પોતાના તરફથી થએલા કે પોતાને અનુકૂળ એવા મનુષ્યો તરફથી થયેલા સત્કાર્યોને તો અનુમોદવા તૈયાર જ રહે છે,

પણ મુમુક્ષુ જીવોએ વિશેષ એમાં ધ્યાન આપવાની જરૂર છે કે પ્રથમ નંબરે તો ધર્મનાં સત્કાર્યો કરનારા પોતાનાથી વિરૂદ્ધ હોવા જોઈએ જ નહિ, છતાં પણ કદાચિત્ તેવા સંયોગે ધર્મકાર્ય કરનારાની સાથે અનુકૂળતા તેવી ન હોય તો પણ તેના સત્કાર્યોની તો અનુમોદના હંમેશાં રહેવી જ જોઈએ.

કેટલાક મનુષ્યો ગુણની અને સત્કાર્યની અનુમોદના વખતે તે ગુણવાળા કે સત્કાર્યવાળાના સદ્ભૂત કે કલ્પિત અવગુણોને આગળ કરીને તે ગુણો કે સત્કાર્યોને ઓળવવા કે પ્રશંસાના પ્રસંગે દોષો બોલવા તૈયાર થાય છે.

પણ મુમુક્ષુ પુરૂષોએ આ વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે—

સર્વથા દોષ કે અવગુણથી કલંક વગરના એવા સત્કાર્યો કે સદ્ગુણો તો માત્ર વીતરાગ પરમાત્મામાં જ હોય છે, તો તે અપેક્ષાએ

તો વીતરાગ પરમાત્મા સિવાય કોઈના સત્કાર્યો કે સદ્ગુણો અનુમોદવા લાયક રહેશે જ નહિ.

એટલું જ નહિ, પણ ખુદ પરમેષ્ઠીમાં પણ અરિહંત ભગવાન્ અને સિદ્ધ મહારાજ સિવાય બાકીના ત્રણ પરમેષ્ઠીઓમાં સદ્ગુણો અને સત્કાર્યો માનવાની પણ મુશ્કેલી થશે.

તેથી પછી નમસ્કાર કરવાનું તો રહેશે જ ક્યાંથી? શું ગીતાર્થ સાધુ હોય અને તે આચાર્યાદિકનું વૈયાવચ્ચ કરે તો તે સત્કાર્ય અને સદ્ગુણ તરીકે વખાણવા લાયક ન ગણાય? શું જેઓ શ્રુતધર કે પૂર્વધર ન થયા હોય એવા સાધુ મહાત્મા જો તપસ્યા કરે તો તે તેની તપસ્યા સત્કાર્ય કે સદ્ગુણ ન ગણાય? અર્થાત્ પોતાના કલ્પેલા કે અદ્ભૂત અવગુણોથી કોઈના સદ્ગુણો કે સત્કાર્યો ઢાંકવાનું ન થાય.

આ વાત મુમુક્ષુઓએ ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે.

## સુકૃતાનુમોદનાનું મહત્ત્વ

વળી એક એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે—

કરેલા સુકૃત કાર્યો આત્માને જેટલા સદ્ગતિના સાધન બને છે, તેના કરતાં તે સત્કાર્યો અને સદ્ગુણોની થતી અનુમોદના ઘણી ઊંચી ગતિને દેનારી થાય છે.

દરેક વર્ષે પર્યુષણામાં આપણે સાંભળીએ છીએ કે એક જંગલી હાથી પોતે કરેલી સસલાની દયાની તત્પરતા અને તેની અનુમોદના જો અંત અવસ્થાએ રાખી શકયો તો જ તે શ્રેણિક મહારાજને ઘેર રાજપુત્રપણે જન્મી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજની પાસે ચારિત્ર ગ્રહણ કરી, યાવત્ અનુત્તર વિમાનના સુખોને પામવા શ્રી મેઘકુમારનો જીવ ભાગ્યશાળી થયો.

આ વાત જ્યારે બરોબર લક્ષમાં લેવામાં આવશે, અને એની અવસ્થાએ સત્કાર્ય અને સદ્ગુણની અનુમોદના થશે, ત્યારે

સમાધિમરણની જણાવેલી દુર્લભતા મુમુક્ષુ જીવો બરાબર સમજી શકશે.

ઉપર જણાવેલા **ચઉસરણ, દુષ્કૃતોની નિંદા અને સુકૃતની અનુમોદના**-એ ત્રણ તથાભવ્યત્વના પરિપાકના સાધનો છે.

એ બરાબર સમજીને મુમુક્ષુ જીવોએ તે શરણાદિક અંગીકાર કરવા તરફ પ્રયત્ન કરવાની જરૂર છે, પણ તથાભવ્યત્વના બહાને પુરુષાર્થહીન થવું તે-ધર્મિષ્ઠોને કોઈ પણ રીતે શોભે તેમ નથી.

આ રીતે એકાન્ત ભવિતવ્યતા કે ભવ્યતાનું આલંબન લઈને નિરુદ્યમ થવાવાળાઓને માટે કંઈક જણાવી, હવે જ્ઞાની-દૃષ્ટપણાને ઓઠે રહેવાવાળાને કંઇક પ્રસંગસર જણાવવું જરૂરી છે,

કેમકે ભગવાન **ઋષભદેવજી** મહારાજાએ મોક્ષ માર્ગ તરફ પ્રયત્ન કરવાની આવશ્યકતા જોઈ વાર્ષિક તપ આચરેલો છે,

તે બાબત ખૂબ જ ગંભીરતાથી વિચારવા જેવું છે !

## મોક્ષનો રસ્તો ?

કેટલાક મહાનુભાવો ધર્મશાસ્ત્રને માનનારા તથા જાણનારા હોવા છતાં શાસ્ત્રોક્ત પવિત્ર ક્રિયા કરવામાં નિરૂદ્યમી થએલા હોય છે કે અવળા પંથે ઉતરેલા હોય છે.

તે મહાનુભાવો શાસ્ત્રોના વચનનો દુરુપયોગ કરીને ખોટી રીતે બચાવ કરતાં જણાવે છે કે—

જ્ઞાની મહારાજે જ્યારે અમને વિરતિ કે બીજી કોઈ પણ તેવી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થવાની દેખી હશે, ત્યારે તે આપોઆપ અગર અમારા ઉદ્યમથી યાવત્ અમારી ઇચ્છા અને ઉદ્યમ નહિં છતાં પણ કોઈ પણ તેવા ભાગ્યશાળી પ્રેરકથી પણ તે પ્રવૃત્તિ જ્ઞાનીએ દીઠા પ્રમાણે બની જશે.

માટે અમારે એ સંબંધી ઉદ્યમ કે તેનો વિચાર કરવાની જરૂર નથી.

આવું કહેનારા મહાનુભાવોએ પ્રથમ તો એ સમજવાની જરૂર છે કે—

જે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજના જ્ઞાને કરી દેખેલું બનવાનું છે તે જ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓએ 'संबुज्झह किं ण बुज्झह। "जयं चरे जयं चिट्ठे" ઈત્યાદિક વચનોથી સ્પષ્ટપણે જીવોને ધર્મની પ્રવૃત્તિ કરવાનું જણાવેલું છે જ.

તો એ વચનને વિચારવાવાળો મનુષ્ય "જ્ઞાનીએ દીઠું હશે તે બનશે" એવા વિચારને અંગે નિરુદ્યમી થઈ શકે જ નહિ.

**સમ્યક્ચારિત્ર વિના જ્ઞાન કે દર્શનની આરાધનાની નિષ્ફળતા.**

વળી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ મોક્ષના માર્ગ તરીકે જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર દર્શાવેલા છે. તેમાં પણ સ્પષ્ટપણે સૂચવ્યું છે કે સમ્યક્ ચારિત્ર વગરના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય તો પણ તે મોક્ષનો માર્ગ નથી, તેમજ તેવા ચારિત્રની આરાધનાથી હીન જ્ઞાનીને પણ જ્ઞાની કહી શકાય નહિ.

યાદ રાખવું જરૂરી છે કે ચારિત્ર વગરનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જીવને અસંખ્યાતી વખત મળી જાય છે.

પણ સમ્યગ્દર્શનની આરાધના અગર સમ્યગ્જ્ઞાનની આરાધના તો ફક્ત આઠ જ વખત મળે છે.

તેથી જ ભગવતી સૂત્રમાં સમ્યગ્દર્શન તેમ જ સમ્યગ્જ્ઞાનની જઘન્ય આરાધનાએ પણ આઠમે ભવે જ મોક્ષ કહેલો છે.

આ વાત બારીક દૃષ્ટિથી વિચારતાં સ્પષ્ટપણે સમજી શકાશે કે—

અસંખ્યાત વખત મળેલું સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન આરાધના માર્ગમાં ઉપયોગી નિવડયું નહિ.

પણ જ્યારે ચારિત્રનું સહચારીપણું થયું ત્યારે જ તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આરાધના માર્ગમાં ઉપયોગી થયા,

આ કારણથી જેમ ચારિત્રની જઘન્ય આરાધનાએ આઠમે ભવે મોક્ષ થવાનો નિયમ છે, તેમ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જઘન્ય આરાધના પણ આઠમે ભવે મોક્ષ દેનારી જણાવી છે.

એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જઘન્ય આરાધનાને અંગે જણાવેલા ભવોની સંખ્યા સ્પષ્ટ જણાવે છે કે–

**'સમ્યક્ ચારિત્ર વગરની સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ આરાધના રૂપ ગણાય નહિ.'**

આ વસ્તુ માનનારો અને જાણનારો મોક્ષાર્થી જીવ સમ્યક્ ચારિત્ર તરફ ઝુકયા વિના રહે નહિ.

વળી તે શ્રી ભગવતી સૂત્રના વચનથી એક બીજી વાત પણ સમજવા જેવી છે કે–

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કોઈપણ આરાધના ચારિત્રની આરાધના વગરની તો સંભવિત નથી.

જો કે ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનાનો જ સંબંધ લેવામાં આવ્યો નથી, કેટલીક સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આરાધનામાં ચારિત્રની મધ્યમ અને જઘન્ય આરાધના પણ જણાવી છે, એમ ખરૂં, પરંતુ ચારિત્રની મુદ્દલ આરાધના ન હોય એવી તો સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનની જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટમાંથી કોઈપણ પ્રકારની આરાધના જણાવેલી નથી.

તેથી જેમ બીજી જગો પરની પેઠે सिक्ष अत्थि, सिक्ष णत्थि એવું ભજનાવાક્ય કાંઈ કહેવામાં જ આવેલું નથી.

આ આરાધનાની હકીકતને વિચારનારને સ્પષ્ટપણે માલુમ પડશે કે ચારિત્રની આરાધનાની સાથેની સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આરાધનાને ગણેલી હોવાથી તે ક્રિયાની સાથે ગણેલી છે.

## સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની સાથે ચારિત્રનું સહચરપણું

તત્ત્વાર્થસૂત્રકાર ભગવાન્ ઉમાસ્વાતિવાચકજી 'सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः' એવા પહેલા સૂત્રમાં મોક્ષમાર્ગનું એકવચન કહીને સ્પષ્ટપણે સમજાવે છે કે "સમ્યક્ ચારિત્રને મેળવે તો જ તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ કહી શકાય."

વળી તે જ ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજી ભાષ્યમાં પણ સ્પષ્ટ રીતે જણાવે છે કે

'एकतराऽभावेऽप्यसाधनानि'

અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ ચારિત્ર એ ત્રણમાંથી કોઈપણ એકનો અભાવ હોય તો તે બાકીનાં રહેલાં બે મોક્ષના સાધન બની શકે જ નહિ.

અર્થાત્ સમ્યક્ ચારિત્ર હોય ત્યાં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જરૂર હોય જ છે. પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય ત્યારે ચારિત્રની ભજના છે. અને તેથી જ ભાષ્યકાર એમ કહે છે કે-
'पूर्वलाभे भजनीयमुत्तरम्'

જો કે આ વાક્યની કેટલાક ટીકાકારો એમ વ્યાખ્યા કરે છે કે પૂર્વ પૂર્વના લાભે ઉત્તર ઉત્તરની ભજના ગણવી, એટલે સમ્યગ્દર્શન મલ્યું હોય, તો પણ સમ્યગ્જ્ઞાનની ભજના ગણવી, અને સમ્યક્ ચારિત્રની પણ ભજના ગણવી તથા સમ્યગ્જ્ઞાન મળ્યું હોય તો પણ સમ્યક્ ચારિત્રની ભજના ગણવી.

આ વ્યાખ્યા લોકોત્તર એવા અંગપ્રવિષ્ટાદિ શ્રુતના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન તરીકે ગણીને વ્યાજબી કહી શકાય, છતાં મિથ્યાજ્ઞાનના અભાવથી થતું સમ્યગ્જ્ઞાન જ્યારે લેવામાં આવે ત્યારે તો સમ્યગ્દર્શનવાળો કોઈપણ જીવ અજ્ઞાનવાળો હોય જ નહિ, તે અપેક્ષાએ તથા 'પૂર્વ' શબ્દ એક જ વખત હોવાથી અર્થાત્ પૂર્વ-પૂર્વલામે એવી રીતે પૂર્વ શબ્દ બે વખત નહિ હોવાથી "પૂર્વલામે" નો અર્થ કેટલાક ટીકાકારો 'પૂર્વલામે' માં પૂર્વ શબ્દનો સમાસમાં દ્વિવચનથી કરી પૂર્વનાં બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો લાભ થયે છતે આગળના ચારિત્રની ભજના જાણવી, એમ જે કેટલાક વ્યાખ્યાકારો જણાવે છે, તે ઘણું જ વ્યાપક વ્યાખ્યાન છે,

તેઓ વળી એમ પણ જણાવે છે કે 'भजनीयमुत्तरम्' એ વાકયમાં ભાષ્યકાર જ ઉત્તર શબ્દ એકવચનમાં વાપરે છે, भजनोत्तरयोः એમ લખતા નથી તેથી સ્પષ્ટ થાય છે કે ત્રણેમાં પરસ્પર ભજના ન લેવી, પણ પહેલા બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાથે માત્ર સમ્યક્ ચારિત્રની જ ભજના લેવી.

તેથી उत्तरलाभे नियतः पूर्वलाभः એ વાકયની વ્યાખ્યામાં પણ उत्तरोत्तरलाभे એમ નથી લખ્યું, તથા पूर्व-पूर्वलाभः એમ પણ નથી લખ્યું.

તેથી પણ કેટલાક ટીકાકારો उत्तरलाभे નો અર્થ માત્ર ચારિત્ર રૂપી ત્રીજા સાધનનો લાભ થાય ત્યારે તેની પહેલાં બે જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે તેનો લાભ નક્કી થઈ ગયેલો છે. એમ જાણવું એવું જણાવે છે.

## જ્ઞાન-દર્શનનું સહચારીપણું

આરાધક ભાગ્યવાનો એ વાતને તો સારી રીતે સમજી શકે છે કે-

જેમ અગ્નિની અંદર ઉષ્ણતા અને દાહકતા બન્ને એકી સાથે નિયમિતપણે ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે આત્માની અંદર

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બન્ને એકી સાથે જ ઉત્પન્ન થાય છે.

અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ વચ્ચે એક સમયનો પણ આંતરો રહેતો નથી, તો પછી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બેમાં સહચારીપણું નિયમિત જ છે. અને તેથી સમ્યગ્દર્શન-વાળામાં સમ્યગ્જ્ઞાનની ભજના કહી શકાય જ નહિ.

ઉપર જણાવ્યા પ્રમાણે સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ અને સમ્યક્ ચારિત્રની ઉત્પત્તિમાં ભજના હોય એ કંઈ અસ્વાભાવિક નથી.

પણ મોક્ષ માર્ગ તો ત્યારે જ કહી શકાય કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યક્ચારિત્રનું સહચરપણું થાય.

આ વસ્તુ વિચારનારો મનુષ્ય જો જૈનશાસ્ત્રની યથાસ્થિત શ્રદ્ધાવાળો હોય તો **સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થતાં જ આરાધક-પણું તથા મોક્ષના માર્ગની પ્રાપ્તિ છે. એમ નિશ્ચયથી માની શકે.**

## સમ્યગ્દર્શનાદિ થવામાં હેતુ

ધ્યાનમાં રાખવા જેવું છે કે–

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ ચીજો જેમ ઉપદેશ મળ્યા છતાં પણ આત્માના અપૂર્વ વીર્યના ઉલ્લાસે જ મળવાવાળી છે, તેવી જ રીતે ચારિત્ર પણ આત્માના અપૂર્વ વીર્યના ઉલ્લાસથી જ મળવા-વાળું છે.

જો કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં યથાપ્રવૃત્તિ નામનું કરણ સમ્યક્ત્વ પામવાવાળા જીવને ઉપયોગ વગર સ્વાભાવિક રીતે મળવાવાળું છે, પણ ત્યાં સુધી તો ભવ્ય અને અભવ્ય પણ અનન્તી વખત આવે છે,

પરંતુ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બે કરણો જ આગળ સમ્યક્ત્વ તરફ જીવને લઈ જાય છે.

અનન્તાનુબંધી કે જે સમ્યક્ત્વનો ઘાતક છે, તેનો નાશ અપૂર્વકરણ કરે છે અને અનિવૃત્તિકરણ કે જે સમ્યક્ત્વને રોકવાવાળા મિથ્યાત્વને વેદવાનો વખત બંધ કરી નાખે છે.

આ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના બન્ને કારણો ભવ્ય જીવો જ કરી શકે છે.

તે બે કરણોને અભવ્ય જીવ કોઈ દિવસ પણ કરી શકતો નથી અને તે બે કરણો આત્માના પ્રયત્નથી જ સાધ્ય છે.

યથાપ્રવૃત્તિકરણ જો કે અનુપયોગથી થાય પણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ તો આત્માના તીવ્ર ઉપયોગ અને તીવ્ર વીર્યના ઉલ્લાસની અપેક્ષા રાખે છે.

અર્થાત્ **"જ્ઞાનીએ દીઠું હશે તેમ બનશે, એમ વિચારી નિરૂદ્યોગી અને નિર્વીર્ય પ્રવૃત્તિવાળાને તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અવસર આવી શકે જ નહિ."**

સમ્યગ્દર્શન ન હોય ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન ન જ હોય, એ વાત જન જનતાને જણાવવી પડે તેમ નથી અને સમ્યગ્દર્શન પામ્યા પછી પણ જીવ જ્યારે તીવ્ર વીર્ય ઉલ્લાસવાળો થાય અને સમ્યક્ત્વ વખતે રહેલી મોહનીય કર્મની સ્થિતિમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ચાહે તો તત્કાળ કે ચાહે તો કાળાન્તરે પણ જીવ ખપાવે ત્યારે જ ચારિત્રને પામી શકે.

આવી રીતે મોહનીય કર્મની સ્થિતિનું ખપાવવું વગર ઉદ્યમે **માત્ર જ્ઞાનીએ દીઠું હશે તેમ જ બનશે,** એવા એકાન્તિક વિચારવાળા વીર્યની સ્ફુરણા વગરના જીવોને કેવી રીતે બની શકે? તે સમજવું મુશ્કેલ નથી.

## વિરતિની મહત્તા

આ જગા પર એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે શાસ્ત્રકારો વિરતિ વગરના એકલા સમ્યક્ત્વને ધારણ કરવારૂપ ચોથા ગુણઠાણાની સ્થિતિ ઉત્કૃષ્ટથી કંઈક અધિક તેત્રીસ સાગરોપમ માત્ર જણાવે છે.

પરંતુ સમ્યક્ત્વની સ્થિતિ છાસઠ સાગરોપમની જણાવે છે, તે ઉપરથી નક્કી થાય છે કે ભવાન્તરથી સમ્યક્ત્વ લઈને આવેલો જીવ તે ભવમાં વિરતિ કે જે દેશથી હો કે સર્વથી હો તે અવશ્ય હોવી જ જોઈએ.

પરંતુ એ બન્ને ઉદ્યમથી જ થવાવાળાં છે. તેથી શાસ્ત્રકારો પણ ज्ञात्वाभ्युपेत्याकरणं विरतिर्व्रतम् એમ કહી જાણવાનો પ્રયત્ન ૧ પાપ નહિ કરવાની પ્રતિજ્ઞાનો પ્રયત્ન અને ૨ પાપ ટાળવાનો પ્રયત્ન થાય તેને જ વ્રત અગર મહાવ્રત કહે છે

તે ઉદ્યમપૂર્વક થવાવાળી દેશવિરતિ કે સર્વ વિરતિ જો ન ધારણ કરે તો તેનું ભવાંતરનું સમ્યક્ત્વ ટકે જ નહિ.

**ભવાન્તરથી લાવેલું સમ્યક્ત્વ ત્યારે જ ટકે કે જ્યારે તે પોતાના મનુષ્યભવમાં દેશવિરતિ કે સર્વવિરતિમાંથી એક પણ વિરતિને કરનારો હોય.**

આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે–

સમ્યક્ત્વને ધારણ કરનારો જીવ હોય તે તો જરૂર વિરતિ તરફ વધવા માટે પ્રયત્નને કરનારો જ હોય, અને પ્રયત્નની અપેક્ષા જરૂરી છે એમ માનનારો જ હોય, અને તેથી ગર્ભથી શું પણ જન્માન્તરથી પણ ત્રણ જ્ઞાનને ધારણ કરનારા ભગવાન્ શ્રી ઋષભદેવજીએ ચારિત્રને અંગીકાર કરીને ભવ્યોને સન્માર્ગ દેખાડેલો છે,

એટલું જ નહીં પણ વર્ષીતપ જેવા વિશિષ્ટ મહાતપની આરાધનાનો ભવ્ય આદર્શ રજુ કર્યો છે.

આ રીતે ભગવાન **શ્રી ઋષભદેવજીનો**-દીક્ષા અધિકાર વિચારતાં નિરુદ્યમી જીવોને ભગવાન **ઋષભદેવજીના** દૃષ્ટાન્તથી સ્પષ્ટપણે સૂચવવામાં આવ્યું કે-જે જીવો મોક્ષની નજીક હોય છે, તેઓ ભવિતવ્યતા કે ભવ્યતાનો એકાન્ત આધાર ન લેતાં કર્મ, બલ, વીર્ય વગેરેની ઉપયોગિતા સ્વીકારે.

## ધર્મકાય અને ધર્મદેવપણું

સામાન્ય રીતે સાધુ થનાર દરેક મહાત્મા પરોપકારમાં લીન હોય છે, તેથી મહાત્માની કાયાને **ધર્મકાય** તરીકે ગણવામાં આવે છે, તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન **ઋષભદેવજી** સરખા મહાપુરૂષો ધર્મમય કાયાવાળા હોય તેમાં આશ્ચર્ય શું ?

વળી એ વાત ધ્યાનમાં રાખવાની છે કે-પંચમહાવ્રતધારી સમસ્ત સાધુવર્ગ **શ્રીભગવતીસૂત્રના** વચન પ્રમાણે **ધર્મદેવ** તરીકે ગણાય છે. ચક્રવર્તી જેમ નરદેવ કહેવાય છે, તેવી જ રીતે સાધુ મહાત્માઓ પણ ધર્મદેવ તરીકે જ ગણાય છે.

કેટલાક ભદ્રિક જીવો ગુરૂ મહારાજને લગાડાતો દેવ શબ્દ સાંભળીને ચમકે છે, પણ શ્રી **ભગવતીસૂત્રના** વચનને વિચારનારો મનુષ્ય સર્વ સાધુ-મહાત્માના વર્ગને ધર્મદેવ તરીકે ગણેલો જોઇ આચાર્યદેવ ઉપાધ્યાયદેવ કે ગુરુદેવ વગેરે શબ્દો વપરાતા સાંભળી ચમકશે નહિ, પણ ખરેખર તે શબ્દોની વાસ્તવિકતા સમજશે.

સાધુ મહાત્માને જ્યારે ધર્મદેવ તરીકે ગણાય તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને દેવાધિદેવ તરીકે ગણવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિ મહાપુરૂષોને તો તેથી ઘણો જ અપૂર્વ આનંદ ઉપજે.

## ભિક્ષાવૃત્તિથી પરોપકાર

વળી એક વાત ધ્યાનમાં રાખવાની છે કે-પંચમહાવ્રતધારી મહાત્મા માત્ર ભિક્ષાવૃત્તિ કે જે મોક્ષના સાધનભૂત સમ્યગ્દર્શનાદિ

છે, તેના કારણ તરીકે ગણાએલા એવા શરીરને ધારણ કરવા માટે છે.

તે ભિક્ષાવૃત્તિ પણ દાતારના ઉપકારને માટે જ કરે છે અને તેથી ભગવાન હરિભદ્રસુરિજી **'गृहिदेहोपकाराय'** એમ કહી ભિક્ષાવૃત્તિનું પ્રયોજન શરીરના ઉપકારની સાથે ગૃહસ્થોના ઉપકારને જણાવે છે.

આ વાક્યમાં વિશેષ એ ધ્યાનમાં રાખવાનું છે કે દેહના ઉપકાર કરતાં ગૃહસ્થના ઉપકારને મુખ્ય પદવી આપવામાં આવી છે. કેમકે જો એમ ન હોત તો **'देह—गृह्युपकाराय'** એમ લખત! પણ તેમ નહિ લખતાં જે **'गृहि—देहोपकाराय'** એમ લખ્યું છે, તે સ્પષ્ટપણે જણાવે છે કે–સાધુ મહાત્માને ભિક્ષાવૃત્તિમાં દેહના ઉપકારનું તત્વ જો કે રહેલું છે, તો પણ તે મુખ્ય નથી, પરન્તુ ખરું મુખ્ય તત્વ તો ગૃહસ્થના ઉપકારનું જ છે.

આ કારણથી કથામાં જે સંભળાય છે કે–ભાવનાની ધારણાએ ચઢેલા દાતારે ઘી દેવા માંડયું, તેમાં ઘી ઢોળાવવા માંડયું તો પણ મહાત્માઓએ દાનનો નિષેધ કર્યો નહિ.

વળી કેટલેક સ્થાને શય્યાતરના પિંડનો શાસનમાં સર્વ સાધુઓને માટે નિષેધ છતાં પણ ગીતાર્થ આચાર્યોને તે શય્યાતરનો ભાવ સાચવવાની વિધિ જણાવવામાં આવી.

કેટલીક અપેક્ષાએ દાન દેનાર મહાપુરૂષની એટલી બધી ઉત્તમતા હોય છે અને ઉત્તમતા ગણાય છે કે તે જે ઉત્તમતાને અંગે મહાવ્રતો લેવાવાળા સાધુ મહાત્માને અંગે મહાવ્રતો લેતી વખતે જે અતિશયો ન થાય તે વસુધારા આદિ પાંચ દિવ્ય પ્રગટ થવા રૂપ અતિશયો તે દાન દેનારા મહાપુરુષને અંગે કરાય છે.

જો કે સાધુ મહાત્માને દેવાતી ભિક્ષા તે દ્રવ્ય સાધન છે. તો પણ કોઈક કોઈક વખતે પાત્ર વિશેષની અને દાતાર વિશેષની

અપેક્ષાએ તે દ્રવ્ય-સ્તવની મહત્તા હોઈ ને તેને અંગે પાંચ દિવ્યો પ્રગટ થાય છે, એટલું જ નહિ પણ શીતકાલની અસાધારણ ઠંડીને લીધે કંપતા એવા કોઈ મુનિ મહારાજને દેખીને કોઈ ભદ્રિકભાવી જીવે તે મહાત્માની ઠંડી દૂર કરવાને માટે અગ્નિ સળગાવ્યો હોય, તો ત્યાં પણ શાસ્ત્રકાર મહારાજ એમ કહે છે કે-સાધુએ પોતાને અગ્નિએ તાપવું વિગેરે નથી કલ્પતું. છતાં પણ તે અગ્નિ સળગાવનાર ભક્ત જીવને તો અનુકંપાનો ગુણ અને પુણ્યની રાશિનો બંધ થયો છે, એમ સ્પષ્ટ જણાવવું અને વળી તે અગ્નિ સળગાવવાથી તે સાધુની ભક્તિ કરી છે, એમ પણ જણાવવું.

રેવતી શ્રાવિકાનું ઉદાહરણ શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે શ્રી ભગવાન મહાવીર મહારાજા જ્યારે કેવળી અવસ્થામાં હતા અને અપ્રતિહત-અનંત વીર્યને ધારણ કરતા હતા, તે વખતે પણ આશ્ચર્ય રૂપે થએલા તેમના રોગ-ઉપસર્ગને નિવારણ કરવા માટે કલ્પસૂત્ર વિગેરેમાં શ્રાવિકા-ગણમાં અગ્રપદને ધારણ કરવાવાળી મહાશ્રાવિકા રેવતીજીએ ખુદ ભગવાન્ મહાવીર મહારાજની ભક્તિ માટે જ પાક રૂપે ઔષધ તૈયાર કરેલું હતું,

આ રેવતી શ્રાવિકા એકલી શ્રાવિકામાં જ અગ્રપદ ધરનારી હતી, એટલું જ નહિ પણ ભવિષ્યમાં તીર્થંકર થવાની યોગ્યતા પણ તેનામાં હતી.

## દાતારના શ્રેયાર્થે તીર્થંકરોની ભિક્ષાવૃત્તિ

આ સર્વ હકીકત વિચારનાર સુજ્ઞ પુરુષ સહજે સમજી શકશે કે-

સાધુ—મહાત્માની ભક્તિ કરનારા અને સાધુ—મહાત્માને દાન દેવાવાળા જીવો કેટલા બધા અધિકાધિક લાભને મેળવતા હશે.

એવા લાભની યોગ્યતા દાતારમાં સમજીને દાતારની ભાવ શુદ્ધિના લાભાર્થે પંચમહાવ્રતધારી સર્વ સાધુઓ ભિક્ષાવૃત્તિ કરે! એમાં આશ્ચર્ય નથી!

આ રીતે ત્રિલોકનાથ તીર્થંકર ઋષભદેવજી ભગવાન પણ દીક્ષાના અંગીકાર પછી દાતારોના ઉપકારને માટે ભિક્ષા-વૃત્તિ કહે તેમાં તો કોઈપણ જાતનું આશ્ચર્ય નથી !

## તીર્થંકરોની આદર્શ ભિક્ષાવૃત્તિ

વાચક વૃન્દે ધ્યાનમાં રાખવાની જરૂર છે કે—

સાધુ મહાત્માઓમાં કેટલાક મહાત્માઓ ફક્ત એક જ ઘરના અભિગ્રહવાળા હોય છે અને તેવા મહાત્માઓ એકજ ઘરથી જે કંઈ મલ્યું તેટલું જ માત્ર લઈને સ્વસ્થાને આવે છે, તેવા મહાત્મા-ઓને પેટ પુરૂં કરવું એ ઉપર તત્ત્વ હોતું જ નથી.

તેવી રીતે ખુદ તીર્થંકર ભગવાનો ભિક્ષાવૃત્તિ માટે ફરે છે, પણ તેમ ફરતાં જે કાંઈ એક ઘેરથી કંઈ પણ અલ્પ એવી કલ્પ્ય વસ્તુ મળી જાય છે, તો તેટલાથી જ તેઓ પારણું કરી લે છે.

જૈનશાસ્ત્રને શ્રવણ કરનારો વર્ગ સહેજે સમજી શકે છે કે—

ચંદનબાળાને ધનાવહ શેઠે આપેલા માત્ર થોડા જ બાકળા હતા, તેટલા માત્રથી જ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે કંઈક ન્યૂન છ માસિક તપનું પારણું કર્યું,

વળી સંગમ દેવના ઉપસર્ગ વખતે વત્સપાલી ડોશીએ વગર મહોત્સવે રાંધેલી ખીર [ જે કે પ્રમાણમાં કેટલી હોય ! તે શ્રોતાઓ સહેજે સમજી શકે તેમ છે. ] માત્રથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે છ માસી જેવા તપનું પારણું કર્યું.

આ વસ્તુ સમજીને જેઓ ભિક્ષાવૃત્તિની સ્થિતિ ન સમજે તેઓને શાસન સમજાયું નથી, એમ કહેવું ખોટું નથી.

સદ્વિચારોનું ઘડતર મહાપુરુષોની
સેવા—ગુણાનુરાગથી થાય છે.

## દિગંબર સાધુઓની ભિક્ષાવૃત્તિમાં તીર્થંકરોનું ખોટું અનુકરણ

દિગંબર સાધુઓ કે જેઓ જિનેશ્વરનું અનુકરણ કરવાનું જણાવે છે, તેઓએ વિચારવું જોઈએ કે શું કોઈપણ તીર્થંકર મહારાજે તેમના માટે કરેલા આહારને વાપર્યો છે?

કહેવું પડે કે દિગમ્બર સાધુઓને તેનો ઉત્તર નકારમાં જ આપવો પડશે, તો પછી તે દિગમ્બર સાધુઓ પોતાને નિમિત્તે કરેલા કે કરાવેલા આહારને ગ્રહણ કરી કેવી રીતે પોતાનામાં સાધુપણું માને છે?

વળી તીર્થંકરના અનુકરણના નામે લોકોને ભરમાવનારા દિગમ્બરો લોકોના ઘરમાં ભિક્ષાવૃત્તિ માટે કેવી રીતે પેસી જાય છે?

શું કોઈપણ તીર્થંકર ભિક્ષાવૃત્તિ માટે દાતારના ઘરમાં ગયેલા છે?

વળી દિગમ્બરો કોળીએ કોળીએ ગૃહસ્થો પાસેથી ભોજન લે છે, તેવી રીતે કોઈપણ તીર્થંકરે એકેક કોળીયો ગૃહસ્થો પાસેથી લીધો છે?

દિગમ્બરો એકેક કોળીએ ગૃહસ્થો પાસેથી પાણીથી હાથ ધોવરાવે છે, તો કોઈપણ તીર્થંકર પારણું કરતાં એવી રીતે ગૃહસ્થોને ત્યાં ગૃહસ્થોના પાણીથી હાથ ધોવડાવ્યા હોય, એમ શાસ્ત્રોમાંથી દેખાડશે?

કોઈપણ તીર્થંકરે ઘરમાં પારણું કર્યું હોય, કોળીએ-કોળીએ હાથ ધોયા હોય, ગૃહસ્થોએ પોતાના પાણીથી કોળીએ કોળીએ હાથ ધોવરાવ્યા હોય તે વાત પણ શાસ્ત્રમાં નથી, તો પછી ગૃહસ્થ હાથ ધોયેલું પાણી પરઠવે તે તો તીર્થંકરોના સંબંધમાં હોય જ શાનું?

જ્યારે આવી રીતે છે, તો પછી દિગમ્બર સાધુઓ પોતાની અસંયમની પ્રવૃત્તિને તીર્થંકરનું અનુકરણ છે, એમ જણાવી જે બચાવ કરે છે તે તીર્થંકર મહારાજની કેવી આશાતના કરે છે.? તે વાચક–ગણ સહેજે સમજી શકશે?

વાચકોએ ધ્યાન રાખવું કે સર્વ તીર્થંકર મહારાજાઓને એવી લબ્ધિ દીક્ષા ગ્રહણ કરે ત્યારથી હોય છે કે—

તેમના હાથમાં રસ જેવી પાતલી ચીજ સેંકડો ઘડા પ્રમાણ ઠાલવવામાં આવે તો પણ તેમાં શિખા જ વધે, પરંતુ એક બિંદુ સરખું પણ નીચે પડે નહિ.

એવી લબ્ધિવાળા જિનેશ્વર મહારાજા વિગેરે પાત્રને ન ધારણ કરે તે દેખીને કે માનીને જેઓ તેવી લબ્ધિ વગરના હોય છતાં પણ અસંયમની બેદરદારી રાખી પાત્ર ન રાખે તેઓની દિગમ્બરોને અંગે પૂર્વે જણાવેલી દશા થાય તેમાં આશ્ચર્ય નથી.

તીર્થંકર મહારાજાઓને જે છદ્મસ્થપણામાં પણ અન્તરાયનો ક્ષયોપશમ હોય છે અને તેથી સંપૂર્ણ આહાર વગેરે એકજ જગો પર મળે છે અને તે નિર્દોષ પણ હોય, તેવો ક્ષયોપશમ સામાન્ય સાધુને દરેકને હોય એવું જો દિગમ્બરો માને તો ખરેખર મોટી ભૂલ જ કરે છે,

સાધુ માત્રને અંગે એષણા—સમિતિ એનું નામ છે કે "દાતાર ન જાણે તેવી રીતે ભિક્ષાવૃત્તિ કરવા જવું અને ઉંછવૃત્તિ એટલે પશ્ચાત્કર્મ વગેરે ન થાય એવી રીતે થોડું થોડું લેવું."

આવી રીતની એષણાસમિતિ દિગમ્બરોને સ્વપ્ને પણ ન સંભવે, કેમકે તેઓ પાત્ર વિગેરે રાખતા નથી અને એક જ ઘેરે સમગ્ર ભોજન કરે છે.

તેથી સ્પષ્ટપણે સમજાય તેમ છે કે દિગમ્બર સાધુઓને માટે ભિક્ષાવૃત્તિ, માધુકરીવૃત્તિ, ગોચરી એ વિગેરે શબ્દો દેશવટો જ

પામેલા છે, એ દિગમ્બર સાધુઓ માટે તો મેમાન-પરોણા જેવા જ શબ્દો વાપરી શકાય, કેમકે તેઓ એક જ ઘેરે સમગ્ર ભોજન લે છે.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન **શ્રી ઋષભદેવજીનું** પારણું ઇક્ષુના રસથી વગર પાત્રે થયેલું છે એમ આગળ જણાવાશે, તેથી આટલું વિવેચન કરવાની જરૂર પડી.

પ્રકૃતમાં તો માત્ર ભગવાન્ **ઋષભદેવજી** સર્વદા પરોપકારમાં પ્રવર્ત્તેલા હોવા સાથે સાધુપણું ગ્રહણ કર્યા પછી પણ કેવી રીતે દાતારો ઉપર ઉપકારો કરે છે? તે જણાવવા પુરતો છે.

હવે પ્રભુ **ઋષભદેવ** ભગવંતના દીક્ષા પ્રસંગે મહત્ત્વની વિચારણીય લોચની વાતનું રહસ્ય વિચારવું સંગત હોઈ તેનો વિચાર કરાય છે.

## લોચનું વિધાન

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન અને દરેક મહાનુભાવ મહાત્માઓ જ્યારે જ્યારે દીક્ષિત થાય છે, ત્યારે ત્યારે પંચ-મુષ્ઠિનો લોચ કરે છે.

અહીં એક વાત મહત્ત્વની જરૂરી છે કે-દરેક દીક્ષિત થનારો પુરુષ દીક્ષાના પ્રસંગે મુણ્ડિત થઈ સ્નાન કરે છે. આ દીક્ષા વખતે કરાતું સ્નાન દરેક દીક્ષિતના જીવનનું છેલ્લું સ્નાન હોય છે.

કેમકે તેમણે દીક્ષિત થવાને લીધે સર્વ સંસારી સંબંધો છોડી દેવાના હોય છે, દીક્ષિત થયા પછી સંસારી-અવસ્થાના કોઈ પણ સંબંધી કે ચાહે તેવા સગા-સંબંધી મરણ પામે તો પણ તે અંગે ત્યાગી થયેલાને સ્નાન હોતું જ નથી, માટે ત્યાગી થતી વખતે કરાતું સ્નાન તે છેલ્લું સ્નાન જ હોય છે, અને તે છેલ્લું સ્નાન આવશ્યક ગણવામાં આવે છે.

ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા કરવાને માટે સ્નાન કર્યું હોય અને પૂજા-અર્ચા આદિ ઘણી જ સુંદર રીતે કરીને આવ્યો હોય તેવો મનુષ્ય પણ દીક્ષા લેતી વખતે ફરીથી સ્નાન કરે છે, એટલું જ નહીં પણ તે સ્નાનને અંગે અચિત્ત જલનો વપરાશ રહેતો નથી, એવા કલ્પને ઉદ્દેશીને શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજા કે જેઓએ મહારાજા **સિદ્ધાર્થ** અને **ત્રિશલાના** સ્વર્ગગમન પછી સર્વથા સ્નાન વર્જેલું હતું અને પોતાના નિમિત્ત કરેલો આહાર પણ વર્જેલો, આવી રીતે બે વરસ સુધી ગૃહસ્થપણે રહેલા છતાં પણ દીક્ષા લેતી વખતે સચિત્ત જલથી સ્નાન કર્યું,

જેવી રીતે દીક્ષા લેતી વખતે થતું સ્નાન તે છેલ્લું સ્નાન છે તેવી જ રીતે દીક્ષા લેતી વખતે થતું મુણ્ડન તે પણ મુખ્યતાએ છેલ્લું મુણ્ડન છે.

આવી સ્થિતિમાં ભગવાન **ઋષભદેવજી** મહારાજ જે વખતે દીક્ષા-લેતી વખતે પંચમુષ્ઠિ લોચ કરે છે, તે વખતે ભગવાન **ઋષભદેવજીના** સુવર્ણ રંગી શરીરના ખભા ઉપર શ્યામવાળનો જથ્થો દેખીને ઇંદ્રમહારાજની રૂચિ તે છેલ્લી મુષ્ઠિનો લોચ નહિ કરવા ઉપર થઈ અને તે ઉપરથી ભગવાન **ઋષભદેવજીને** ઇંદ્ર મહારાજે તે છેલ્લી મુષ્ઠિનો લોચ નહીં કરવા માટે વિનંતી કરી.

## આચાર અને ભક્તોની વિનંતિ

ભગવાન **ઋષભદેવજી** મહારાજ પૂર્વભવથી યાવત્ ગર્ભથી ત્રણ જ્ઞાનવાળા છે. એટલે અપ્રતિપતિત અને વિશુદ્ધ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનને ધારણ કરનારા છે, તેમજ શાસ્ત્રોમાં જેમ નવ પૂર્વથી ચૌદપૂર્વના ધારણ કરવાવાળા સામાન્ય સાધુઓને પણ આગમ—વિહારી ગણી તેને માટે વચનનો પ્રતિબંધ ગણવામાં આવતો નથી અર્થાત્ તેઓ જેમ જ્ઞાનથી લાભ દેખે તેમજ કરે છે અને તેવી જ અપેક્ષાએ શાસ્ત્રકારો **उद्देसो पासगस्स णत्थि**

એમ કહી અતીન્દ્રિયજ્ઞાનીઓ માટે સ્પષ્ટપણે આગમના વચનને અવલંબવાનો નિષેધ જણાવી સ્વતંત્ર જ્ઞાનનું જ અવલંબન રાખવાનું સર્વ ક્રિયામાં જણાવેલ છે.

તો પછી ભગવાન **ઋષભદેવજી** ગર્ભથી અતીન્દ્રિય જ્ઞાનવાળા હોવાને લીધે ઇંદ્ર મહારાજાની વિનંતિને ધ્યાનમાં લઈ અનેક પ્રકારે લાભ દેખીને શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા પંચમુષ્ટિ—લોચને ન આચરતાં ચાર મુષ્ટિથી લોચ કરે તેમાં કોઇ પણ પ્રકારનો સવાલ રહેતો નથી.

વળી તીર્થંકર મહારાજનું વર્તન શાસ્ત્રની ઉત્પત્તિની પહેલાનું છે. અર્થાત્ તે વખતે તીર્થની સ્થાપના પણ થઈ ન હતી અને શાસ્ત્રો રચાયાં પણ ન હોતાં, અને આ કારણથી કેટલેક સ્થાને માતા **મરૂદેવીને** અતીર્થ સિદ્ધ તરીકે ગણવામાં આવે છે, તો શાસ્ત્રની ઉત્પત્તિ વગર શાસ્ત્ર સંબંધી પ્રતિબંધ ન હોય તે પણ સ્વાભાવિક છે.

છતાં ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન **ઋષભદેજીની** સાથે દીક્ષા લેનાર ચાર હજાર સાધુઓએ તો પંચ મુષ્ટિક લોચ કર્યો છે, કારણકે ઈંદ્ર મહારાજે ભગવાન **ઋષભદેવજીને** પાંચમી મુષ્ટિનો લોચ બંધ રાખવાની વિનંતિ કરી, તે ઉપરથી તેઓ સમજી શકે કે દીક્ષા લેતી વખતે સાધુઓએ પંચમુષ્ટિક લોચ કરવો જોઇએ.

સામાન્યપણે નિયમ છે કે—**પ્રતિષેધ કરાય તે પ્રાપ્તિ પૂર્વકનો જ હોય**, એટલે પાંચમી મુષ્ટિના લોચના નિષેધની વિનંતિજ સાધુઓના પંચમુષ્ટિ લોચને નિયમિત કરે તેમાં નવાઈ નથી

પણ અહીં મુખ્ય વિચાર તો એ છે કે આચારની અધિકતા ગણવી કે ભક્તિની વિનંતિની અધિકતા ગણવી ?

વાચક વૃન્દને સારી રીતે યાદ હશે કે શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજાને આખા છદ્મસ્થ કાળમાં ઘોર ઉપસર્ગો થવાના હતા અને

તે વાત ઇંદ્રના ધ્યાનમાં બરાબર ઉતરી હતી, અને તેથી શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજને ઇંદ્ર મહારાજે વિનંતિ કરી કે ઉપસર્ગ નિવારણારૂપી વૈયાવચ્ચ માટે હું તમારી સેવામાં બાર વર્ષ સુધી રહું! પણ શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજે ઇંદ્ર મહારાજની વિનંતિનો સ્વીકાર ન કર્યો અને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે '**અરિહંત ભગવંતો કોઈની મદદથી કેવલજ્ઞાન ઉપજાવે નહીં**' અને તેથીજ અર્થાપત્તિથી જણાવ્યું કે તમારે વૈયાવચ્ચમાં રહેવાની જરૂર નથી.

આવી રીતે શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજે ભક્તની ભક્તિનો સ્વીકાર ન કર્યો તો પછી ભગવાન **ઋષભદેવજી** મહારાજે આ વિનંતિનો સ્વીકાર કરી પંચમુષ્ટિક લોચ રૂપી આચારનો ભેદ કેમ કર્યો?

આવો વિચાર કરતાં ભગવાન **ઋષભદેવજી**ના જ્ઞાનના ઉત્કૃષ્ટપણામાં ભરોસો રાખનાર મનુષ્ય તો અચકાયા વિના રહેજ નહિ, છતાં બીજી બાજુ વિચાર કરીએ તો ભક્તોની વિજ્ઞપ્તિને માન આપીને તેના ભાવનો ઉલ્લાસ કરવા શય્યાતર પિંડના નિષેધના પ્રસંગમાં શાસ્ત્રકારો શું શું કહે છે? તે ઓછું વિચારવા જેવું નથી.

## શ્રી કાલકાચાર્ય અને જૈનશાસન

ભક્તની ભક્તિના પ્રભાવને વિચારતાં **કાલકાચાર્ય** મહારાજનું દૃષ્ટાન્ત ધ્યાનમાં લેવું જરૂરી છે.

**કાલકાચાર્ય** મહારાજે તેમજ તેમને અનુસરીને રહેનારા આખા **મહાવીર ભગવાનના** શાસને ફક્ત **સાતવાહન** રાજાની વિનંતિ ઉપરથી ભાદ્ર૦ સુદ ૫ ની સંવત્સરી પલટાવીને ભાદરવા સુદ ૪ ની સંવત્સરી પ્રવર્તાવી છે.

આવા સંવત્સરી જેવા પર્વના પલટાને જે આખું શાસન માન આપે છે, તેની અસલ જડ ભક્તની વિનંતિ સિવાય બીજું કંઇ નથી, પણ ધ્યાન રાખવાનાં જરૂર છે કે **કાલકાચાર્ય** મહારાજ

એવા પ્રાભાવિક પુરુષ હતા કે જેથી તેઓએ ભક્તની વિનંતિનું આપેલું બહુમાન તે વખતના સકલ શાસનને માનનારાઓએ અને પછીના પણ શાસનને માનનારા સર્વજનોએ પરાવર્તનને કબુલ રાખીને વ્યક્ત કર્યું છે.

અંચળ ગચ્છવાળાઓ પણ **કાલકાચાર્યની** આચરણાને પોતાના **શતપદી** નામના ગ્રન્થમાં પ્રામાણિકપણે જણાવે છે, અને તેથી જ તે ચોમાસીના ઓગણપચાસ દહાડે સંવત્સરી પહેલાં ગણાવે છે. તેથી તેઓ અસલથી જ **કાલકાચાર્ય** મહારાજે પલટાવીને પ્રવર્ત્તાવેલી જ સંવચ્છરી જે ભાદરવા સુદ ૪ તેને માનવા વાળા હતા.

પણ પાછળથી **પાશચન્દ્ર** જેણે કે સોળમી સદીમાં નવો મત કાઢયો અને ચોથની સંવત્સરીનું ઉત્થાપન કર્યું, એટલે કેટલાકના લખવા પ્રમાણે **કાલકાચાર્ય** મહારાજ પછી સત્તર સદી પછી અને કેટલાકના લખવા પ્રમાણે અગિયાર સદી પછી આ **પાશચન્દ્રે** ચોથની સંવત્સરી પલટાવી પાંચમનું તૂત ઊભું કર્યું,

આ વાતને અત્રે વધારે ચર્ચવાની જરૂર નથી. પરંતુ માત્ર ભક્તની વિનંતિથી આચારમાં કેવો પલટો થાય છે? અને તે પલટો પરમ્પરાગત મુનિવરો કેવી રીતે માન્ય કરે છે? એટલા પુરતી આ પ્રસંગે આ હકીકત કહેવામાં આવી છે.

યાદ રાખવું જરૂરી છે કે **સ્થૂલભદ્ર** મહારાજનું વેશ્યાને ત્યાં રહેવું અને ભગવાન્ **ઋષભદેવજીનું** ચાર મુષ્ઠિક લોચનું કરવું વગેરે વ્યક્તિગત જ માત્ર આચાર ભેદ છે-

**શાસ્ત્ર ઉપર બહુમાન**

૦ વીતરાગના શાસનની અંતરંગ જાણકારીની પ્રાપ્તિ સર્વજ્ઞપ્રભુના હિતકર ઉપદેશોના સંગ્રહસ્વરૂપ શાસ્ત્રો ઉપર બહુમાન કેળવવાથી મળે છે.

પરંતુ કાલકાચાર્ય મહારાજે પ્રવર્ત્તાવેલી ભાદરવા સુદ ૪ની સંવત્સરી માફક પરમ્પરાગત તિથિના સંબંધવાળો આચાર ભેદ નથી,

આ ઉપરથી એમ સમજવાની પણ કોઈએ ભૂલ ન કરવી કે ભક્તોની ભક્તિ આગળ આચારને સ્થાન જ નથી, કેમકે ભગવાન્ ઋષભદેવજી મહારાજ અને કાલકાચાર્યજીએ સંપૂર્ણ વિધિથી અને જ્ઞાનથી વિચારીને સર્વથા નિર્દોષપણું દેખીને દોષની ઉત્પત્તિ વગરની ભક્તિનો સ્વીકાર કરેલો છે,

આ રીતે સામાન્યથી લોચ સંબંધી પ્રસંગોપાત વિચાર કરી ચાલુ વિચારણીય વિષય રૂપ વાર્ષિક તપના-કારણભૂત ભિક્ષા નહિ મળવામાં અન્તરાયનો વિચાર કરીએ.

## કાર્યની શ્રેયસ્કરતા અને વિઘ્નોની પરમ્પરા

આચાર્ય મહારાજ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી વિગેરે મહાપુરુષો દરેક કાર્યનું શ્રેયસ્કરપણું જણાવતાં તેમાં બહુ અન્તરાયોનો સંભવ જણાવે છે,

અર્થાત્ તેઓશ્રીના કહેવા પ્રમાણે જે જે શ્રેયસ્કર કાર્ય હોય તે બધા બહુ વિઘ્નવાળા હોય છે. અર્થાત્ બહુવિઘ્ન સહિતપણાને તેઓ સાધ્ય તરીકે રાખી શ્રેયસ્કરપણાને હેતુ તરીકે રાખે છે.

તેથી તેઓ જણાવે છે કે-મોક્ષમાર્ગ જેવી અદ્વિતીય સિદ્ધિને માટે કરાતાં શાસ્રો શ્રેયસ્કર જ હોય, તેથી તેમાં ઘણા વિઘ્નોનો સંભવ માનવો જોઈએ, તે વિઘ્નોના સર્વથા નાશને માટે દરેક મોક્ષાર્થી જીવોએ દરેક શાસ્રોમાં આરંભમાં મંગલાચરણ કરવું જ જોઈએ.

આ પ્રમાણે શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણજી વિગેરે મહાપુરૂષોનું મંતવ્ય છે.

ત્યારે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજીના ગુરૂભાઈ પ્રદ્યુમ્નાચાર્યજીના શિષ્ય શ્રી ચંદ્રસેનાચાર્યનું એવું મન્તવ્ય છે કે **श्रेयस्करत्व** પદને હેતુ તરીકે ન લઈ **बहुविघ्नत्व**ને હેતુ તરીકે લેવું અને **बहुविघ्नत्व**ને સાધ્ય તરીકે ન રાખતાં **श्रेयस्करत्व**ને જ સાધ્ય તરીકે રાખવું.

તેઓ જણાવે છે કે શ્રેયસ્કરત્વ એ હેતુ તરીકે હોય તો **'श्रेयांसि बहुविघ्नानि'** એ શ્લોકના ઉત્તરાર્ધમાં **'अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः'** એમ કહી શ્રેયસ્ત્વાભાવ અને વિઘ્નાભાવની જણાવેલી વ્યાપ્તિ સંગત ન થઈ શકે.

જો કે એ ઉત્તરાર્ધ સામાન્ય ઉપષ્ટમ્ભક તરીકે છે? કે વ્યતિરેક વ્યાપ્તિ જણાવવા તરીકે છે? તે વાત તો જુદી જ રહે છે.

આ બે પ્રકારમાંથી કોઈપણ પ્રકાર લઈએ તો પણ એમ તો માનવું જ પડે કે-જેમ આત્માના જ્ઞાનાદિક ગુણો આવરણરૂપી વિઘ્નોથી હણાયેલા છે, પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય વિગેરે જે આત્માના અવગુણો છે, તેને આવરણ કરનારૂં કોઈ છે જ નહિ. માટે કલ્યાણકારી ચીજોની ચારે બાજુ વિઘ્નોના વંટોળીયા હોય એ સ્વાભાવિક છે, અને તેથી દરેક કલ્યાણકારી કામ કરનારે વિઘ્નના વંટોળીયાઓને શમાવવા દરેક પળે કટિબદ્ધ રહેવાની જરૂર છે.

આ બધું વિચારવાની જરૂર એટલી છે કે ભગવાન્ શ્રી **ઋષભદેવજી** મહારાજે કોઈપણ કારણથી કોઈપણ ભવે લાભન અન્તરાયનું કર્મ બાંધેલું હતું, જેના પ્રતાપે ભગવાન ઋષભદેવજીને બાર મહિના સુધી ભિક્ષા માટે ફરવા છતાં પણ ભિક્ષા મળી નહી. **ભગવાન ઋષભદેવજી પ્રત્યે—**

**દયાના દુશ્મનોની કપોલ કલ્પિત કથા**

જો કે કેટલાકો આ જગો પર એમ જણાવે છે કે—

ભગવાન ઋષભદેવજી મહારાજ પહેલા ભવમાં મુસાફર તરીકે કોઈક માર્ગે જતા હતા,

તે વખતે તે માર્ગની પાસેના કોઈક ખેતરમાં કોઈક ખેડુતનો બળદ ખળામાં ફરતો ફરતો દાણા ખાતો જતો હતો, તેથી તેને ખેડુત ઘાતકી રીતે મારતો હતો.

આ દૃશ્ય જોઈ ભગવાન ઋષભદેવજી મહારાજના જીવે તે બળદને શીંકી બાંધવા ખેડુતને જણાવ્યું કે જેથી બળદ અનાજને ખાઈ શકે નહિ અને ખેડુત બળદને ઘાતકી રીતે મારે નહી.

આવી રીતે બળદને શીંકી બંધાવવાથી ભગવાન ઋષભદેવજીના જીવને અન્તરાય કર્મ બંધાયું અને તે અન્તરાયના ઉદયથી બાર માસ સુધી ભિક્ષા મળી નહી. પરંતુ આ કથન સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ કે ટીકા આદિ એકેમાં ન હોવાથી તેમજ ભગવાન ઋષભદેવજીના ચરિત્રમાં પણ તે હકીકત ન હોવાથી અંતઃકરણથી દયાના દુશ્મનપણાએ ઉપજાવી કાઢેલી સમજવી.

**કારણકે સર્વવિરતિ સિવાયનો દયાલુ માણસ જો ઘાતકી પણાથી બચાવવા માટે આવો ઉપાય કરતાં પાપ બાંધે તો પછી અનુકંપા આદિની પ્રવૃત્તિને શી રીતે સ્થાન રહે?**

માટે પૂર્વે જણાવેલી કથાને માનવી એ શાસ્ત્ર અને યુક્તિને અનુસરવા વાળાઓ માટે કોઈ પણ પ્રકારે યોગ્ય નથી.

પૂર્વે જણાવેલી કથાનું કથન તો કલ્પિત કલ્પના—વેલીના ફળ સિવાય બીજું કાંઈ નથી.

જેવી રીતે કેટલાક શાસ્ત્રથી અજ્ઞાત જીવો મરૂદેવા માતાએ પહેલા ભવમાં રત્નકાંબલનું દાન કર્યું એમ જણાવવા જીભ ચલાવે છે, પણ મરૂદેવા ભગવતી અનાદિ વનસ્પતિમાંથી આવેલા હોઈ રત્ન કંબળના દાનનો તેમને માટે સંભવ જ રહેતો નથી.

આટલી વાત તો સાચી જ છે કે- ભગવાન **ઋષભદેવજી** મહારાજના જીવે કોઈપણ ભવમાં કોઈપણ કારણથી લાભાન્તરાય કર્મ તો બાંધેલું જ હતું કે જે કર્મના ઉદયથી ભગવાન **ઋષભદેવજી** મહારાજ સરખા મહાપુરુષને બાર માસ સુધી ભિક્ષા માટે ફરવા છતાં પણ ભિક્ષા મળી નહી.

ધ્યાન રાખવા જેવું એ છે કે ભગવાન **ઋષભદેવજી** મહારાજ ૮૩ લાખ પૂર્વ જેટલા લાંબા વખત સુધી ગૃહસ્થપણામાં રહ્યા પણ ત્યાં આ કર્મને ઉદય આવવાનો વખત ન આવ્યો,

પરન્તુ જાણે અન્તરાયે જ એમ વિચાર્યું હોય કે- હવે તો આ મહાત્મા મારો સર્વથા ક્ષય કરવા કટિબદ્ધ થએલા છે, માટે મારું જોર અજમાઉં ! એમ ધારી સર્વવિરતિ લેવાની સાથે જ તે ઉદય આવ્યું,

ભગવાન્ **ઋષભદેવજી** મહારાજના આ વૃત્તાન્ત ઉપરથી ધર્મિષ્ઠ જીવોએ બરોબર ખ્યાલ કરવો જોઈએ કે

**ધર્મને આચરતાં આદિમાં મધ્યમાં કે અંતમાં કોઈ પણ જગોએ વિઘ્ન આવે તો પણ તે વિઘ્નથી એક અંશે પણ હતોત્સાહ ન થવું, પણ સર્વથી કર્મના ક્ષય માટે કટિબદ્ધ થવું.**

## ભગવાન ઋષભદેવજીનો ગૃહસ્થપણાનો સમય અને અન્તરાયની સ્થિતિ

ભગવાન્ ઋષભદેવજી મહારાજ ત્યાશી લાખ પૂર્વ જેટલો વખત ગૃહસ્થપણામાં રહ્યા, એટલે ચોરાશી લાખને ચોરાશી લાખ ગુણા કર્યા પછી, ત્યાશી લાખે ફરીથી ગુણીએ તેટલા બધા વર્ષો સુધી ભગવાન્ ઋષભદેવજી મહારાજ ગૃહસ્થપણે રહ્યા, પણ એક

બાર મહીના જેટલા કાલે ભોગવવાનું અન્તરાય કર્મ તે ઠેકાણે કટકે કટકે પણ ભોગવવામાં આવ્યું નહીં.

અર્થાત્ એમ કહી શકાય કે તે ત્યાશી લાખ પૂર્વ જેટલો કાલ કોઈપણ જાતની બાધા સિવાય ભગવાન્ ઋષભદેવજી મહારાજે સુખમય અવસ્થામાં નિર્ગમન કર્યો.

પણ પ્રવજ્યા લેવાની સાથે તેટલા લાંબા કાળમાં પણ ઉદયમાં નહિ આવેલું કર્મ ઉદયમાં આવ્યું,

વળી ભગવાન્ ઋષભદેવજી મહારાજ વિશેષે કરીને ગર્ભાવસ્થાથી જ ઈન્દ્રાદિકોને પૂજ્ય હતા તેથી ઈન્દ્ર મહારાજ સરખા ભક્તિમાં હાજર હોય તે વખતે અન્તરાયને ઉદયમાં આવવાનો પ્રસંગ ન આવે તે સ્વાભાવિક છે,

## એક તીર્થંકરની અધિક સ્તુતિ કરવાથી શું બીજાઓની અવગણના કરી કહેવાય ?

કેટલાક મહાનુભાવ મુનિવર્યો એવું કહેવા તૈયાર થાય છે કે આવી રીતે એક તીર્થંકરની અધિક સ્તુતિ કરવાથી બીજા તીર્થંકરની અવજ્ઞા થઈ ગણાય તો તેવાં વચનો સાંભળીને કોઈક ભદ્રિક જીવને અત્રે પણ જરૂર અવજ્ઞાની શંકા થશે.

પણ તેઓએ વિચારવું જોઈએ કે ભગવાન ઋષભદેવજીના વંશની સ્થાપના ઇંદ્ર મહારાજે કરેલી છે. બાકીના ત્રેવીસ તીર્થંકરોના વંશની સ્થાપના ઇંદ્રોએ કરેલી નથી, શું આ કહેવાથી બીજા તીર્થંકર ભગવાનોની અવજ્ઞા થઈ ?

એમ જો લઈએ તો ગણધર મહારાજા શ્રી સમવાયાંગ સૂત્રમાં વર્તમાન ચોવીશીના તીર્થંકરોના ત્રેવીસ તીર્થંકરોને પૂર્વ ભવમાં અગિયાર અંગને ધારણ કરનારા જણાવે છે અને ભગવાન ઋષભદેવજીને જ પહેલા ભવમાં ચૌદ પૂર્વને ધારણ કરનારા જણાવે છે.

તો ચૌદપૂર્વીપણે ભગવાન ઋષભદેવજીને પહેલા ભવમાં જણાવ્યા અને બીજા તીર્થંકરોને તેમ નહીં જણાવતાં માત્ર અગિયાર અંગના ધારણ કરનારા જણાવ્યા તેથી ભગવાન ઋષભદેવજીની અધિક સ્તુતિ ન થઇ? અને બાકીના ત્રેવીસ તીર્થંકરોની ન્યૂનતા જણાવવાથી શું તેમની અવજ્ઞા થઈ?

## ભગવાન તીર્થંકરોને આશ્રયી અવધિજ્ઞાન અને તેની મર્યાદા

એક એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે–

ભગવાન તીર્થંકરો તીર્થંકરપણાના ભવમાં ગર્ભથી ત્રણ જ્ઞાન–વાળા હોય છે, પણ અવધિજ્ઞાનને અંગે પ્રમાણ જણાવતાં પહેલા ભવમાં અવધિજ્ઞાનનું જેટલું પ્રમાણ હોય તેટલુંજ અવધિજ્ઞાનનું પ્રમાણ તીર્થંકરના ભવમાં પણ કેવલજ્ઞાન પામવા પહેલાંની અવસ્થામાં હોય એ અપેક્ષાએ ભગવાન ઋષભદેવજી વિગેરે જેઓ અનુત્તર વિમાનથી ચવ્યા છે, તેઓને અનુત્તર વિમાનના દેવતા જેવું સંભિન્ન લોકનાડી અવધિજ્ઞાન હોય.

પણ જેઓ મહાવીર ભગવાન આદિની માફક દસમા દેવલોક આદિથી ચ્યવેલા હોય તેઓને ચાર–પાંચ નરક સુધીનું જ જ્ઞાન હોય તો તે ન્યૂનજ્ઞાનની વાત કરનારો શું તીર્થંકર ભગવાનની અવજ્ઞા કરનારો ગણાય?

અથવા ભગવાન ઋષભદેવજી આદિ જિનેશ્વરોના અવધિજ્ઞાનને અધિક કહેવાથી શું શેષ તીર્થંકરોની અવજ્ઞા ગણી કહેવાય!

એ વાત આગળ વધારીએ તો ત્રીજી નરકથી આવેલો કોઈક જીવ તીર્થંકર હોય તો તેનું અવધિજ્ઞાન ઉત્કૃષ્ટથી ત્રણ જ ગાઉનું હોય એમ માની લઇએ તો બીજા તીર્થંકરો જેઓ દેવલોકથી આવેલા છે તેમના અવધિજ્ઞાનના પ્રમાણ કરતાં તે ત્રીજી નરકથી

આવીને થએલા તીર્થંકરના જીવનું અવધિજ્ઞાન ઘણું જ જુજ હોય, એમ કહેવામાં આવે, તેથી શું તીર્થંકરોની અવજ્ઞા કરી કહેવાય?

અથવા તે ત્રીજી નરકથી આવેલા તીર્થંકરને તે ભવની અપેક્ષાએ પહેલી–બીજી નરકથી આવેલા અગર સૌધર્માદિક દેવલોકથી આવેલા તીર્થંકર ભગવાનનું છદ્મસ્થપણામાં અવધિજ્ઞાન વધારે હોય એમ કહેવાથી શું ત્રીજી નરકથી અગર સામાન્ય પહેલી–બીજી–ત્રીજીથી આવેલા જિનેશ્વર ભગવાનની અવજ્ઞા કરી એમ કોઈપણ બુદ્ધિમાન પુરુષ કહી શકે ખરો?

જેમ અવધિજ્ઞાન તીર્થંકર ભગવાનોને છદ્મસ્થપણામાં પહેલા ભવના પ્રમાણ જેટલું હોય છે તેમ શ્રુતજ્ઞાન પણ છદ્મસ્થપણામાં પહેલા ભવના શ્રુતજ્ઞાન જેટલું હોય, એમ હોવાથી ભગવાન **ઋષભદેવજી મહારાજ** એકલા છદ્મસ્થપણામાં ચૌદપૂર્વી હતા, પણ બાકીના ત્રેવીશ તીર્થંકરો તો છદ્મસ્થપણામાં અગિયાર અંગના માત્ર ધારણ કરનારા હતા, એમ કહી જે ભગવાન ઋષભદેવજીનું ચૌદ પૂર્વીપણું જણાવવું તે શું બીજા તીર્થંકરોની આશાતના રૂપ છે?

## કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે પ્રકારાંતરે કરેલી પ્રથમ ભગવાનની સ્તુતિ શું તે શેષની હેલના રૂપે ગણાય!

વર્તમાન ચોવીશીના તીર્થંકર ભગવાનોમાં ભગવાન ઋષભદેવજી ને જ પહેલા રાજા, પહેલા સાધુ વિગેરે વિશેષણો લગાડયાં અને કલિકાલ સર્વજ્ઞ ભગવાન **હેમચંદ્રસૂરિજી** "**आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहं**" કહીને ભગવાન ઋષભદેવજીની પહેલા રાજા અને પહેલા સાધુ તરીકે સ્તુતિ કરે છે અને તે સ્તુતિ બીજા તીર્થંકરોને લાગે તેવી નથી તે ચોક્કસ છે, તો પછી શું એમ કહેવામાં તેમ કહેનારે અગર કલિકાલ સર્વજ્ઞ ભગવાન **હેમચંદ્રાચાર્ય** મહારાજે બીજા તીર્થંકરોની અવજ્ઞા કરી એમ બોલવાને અક્કલવાળો મનુષ્ય જીભ ચલાવી શકે ખરો?

વર્તમાન ચોવીશીમાં ભગવાન નેમનાથજી મહારાજ ને બાલ બ્રહ્મચારી તરીકે વખાણવામાં આવે તો તેથી બાકીના તીર્થંકરોની અવજ્ઞા થઈ એમ કોઈ માની શકે ખરો? અને જો એમ હોય कुमारे अरिट्ठनामेणं જેવાં શાસ્ત્રોના વાકયો ભગવાનની નિંદા કરનારા છે એમ કહેવું પડે?

જો એમ કહેવામાં આવે તો શ્રુતકેવલી ભગવંતોએ તીર્થંકરોની અવજ્ઞા કરી છે, એમ બોલવાની વાચાલતા કરવી જ પડે કે?

વર્ત્તમાન ચોવીશીમાં ભગવાન પાર્શ્વનાથજી મહારાજને જ ' पुरिसादाणीए पासे नामेणं ' એવું સૂત્ર રચીને યુગપ્રધાન ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ ભગવાન્ પાર્શ્વનાથજીનું જ પુરુષાદાનીય નામનું કર્મ જણાવ્યું અને તેથી ત્રેવીશ જિનેશ્વરો કરતાં ભગવાન્ પાર્શ્વનાથજીની પુરૂષાદાનીયપણે વિશિષ્ટતા જણાવી.

તો ભગવાન્ ભદ્રબાહુ સ્વામીજી તીર્થંકર ભગવાનની અવજ્ઞા કરનારા હતા, એમ બોલવાને કોઈ પણ શ્રદ્ધાળુ જીવ તૈયાર થઈ શકે ખરો?

ઉપરની સર્વ હકીકત સમજનારો મનુષ્ય સહેજે પણ સમજી શકશે કે "કોઈપણ તીર્થંકરની વિશેષ ગુણે કરીને સ્તુતિ કરતાં બીજા તીર્થંકરોની અવજ્ઞા થાય છે." એમ કહેનારો શાસ્ત્રની અપેક્ષાએ સમજણના ગર્ભમાં જ આવ્યો નથી.

વળી આ વાત વિશેષે જૈન જનતામાં પ્રસિદ્ધ જ છે કે ભગવાન્ ભદ્રબાહુ સ્વામીજીએ ભગવાન્ મહાવીર મહારાજાને આસન્ન ઉપકારી ગણ્યા છે, તેથી શ્રી પર્યુષણા કલ્પસૂત્રમાં પશ્ચાનુપૂર્વીએ કરીને પણ ભગવાન્ મહાવીર મહારાજનું ચરિત્ર પહેલાં જણાવ્યું.

વળી શ્રીમાન હરિભદ્રસૂરિજી મહારાજ સરખા મહાપુરુષોએ પોતાના ગ્રંથોની આદિમાં વિશેષે કરીને ભગવાન્ મહાવીર મહારાજને જ નમસ્કાર કરવારૂપી મંગલ કર્યું,

તો શું તેઓ બીજા તીર્થંકર ભગવાનની અવજ્ઞા કરનારા હતા, એમ ગણુવા કોઈ સજ્જન તૈયાર થાય ખરો ?

આ બધી હકીકત વિચારતાં જો એક તીર્થંકરની સ્તુતિ કરતાં અન્યની અવજ્ઞા થઈ એમ કહેવાય નહિં, તો પછી ભગવાન્ ઋષભદેવજીની ઇન્દ્ર મહારાજે વંશ, સ્થાપના, અભિષેક, વિવાહ વિગેરે કરી વિશેષ ભક્તિ કરી અને એવી ભક્તિ બીજા તીર્થંકરોની નથી કરી, એમ જણાવી ભગવાન્ ઋષભદેવજીની અધિકતા કરવામાં આવે તેમાં બીજા તીર્થંકરોની અવજ્ઞાનું સ્થાન છે નહીં,

આ હકીકત આ સ્થાને એટલા જ પૂરતી જણાવવામાં આવી છે કે અન્ય તીર્થંકર ભગવાનોની પાસે ઇન્દ્ર મહારાજની હાજરી મુખ્યતાએ કલ્યાણકોની વખતે જ થાય છે. જ્યારે ભગવાન્ ઋષભદેવજી મહારાજની પાસે ઈન્દ્ર મહારાજનાં હાજરીનો નિયમ ગૃહસ્થપણાની અવસ્થામાં પણ નિયમિત ન હતો, અને ગૃહસ્થપણાની અવસ્થામાં વારંવાર ઈન્દ્રોનું તથા દેવતાઓનું આવવું થએલું હોય અને તેઓને મદદ સતત રહેલી હોય એવા પ્રસંગમાં બાર મહિનાના અન્તરાય કર્મના ઉદયને પોતાનું જોર દેખાડવાનો વખત ન મળે તે સ્વાભાવિક જ છે,

જૈન જનતામાં કર્મના વિષયને જાણુનારો વર્ગ સારી પેઠે જાણી શકે છે કે "કર્મના ઉદયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચ વસ્તુઓ મુખ્ય ભાવ ભજવે છે,"

તેથી ભગવાન્ ઋષભદેવજીને ગૃહસ્થપણાની અવસ્થામાં સર્વ ઈષ્ટ વસ્તુનો સંયોગ હોવાથી અન્તરાયનો ઉદય ન આવે એ સ્વાભાવિક છે. ઈન્દ્ર મહારાજની મદદ સિવાયના વખતમાં પણ

ભગવાન્ ઋષભદેવજીનું બુદ્ધિ બળ, અને પરાક્રમ એટલું બધું ગૃહસ્થપણામાં ફેરવાતું હતું કે જેથી તે અન્તરાયને ઉદયમાં આવવાનો વખત મળે નહીં.

અર્થાત્ ગૃહસ્થપણામાં સ્વોપાર્જિત વસ્તુનો ઉપભોગ હોવાથી તેમાં તે અન્તરાય કર્મ વચમાં ઉદયે ન આવી શકે,

પણ સાધુપણું લીધા પછી બીજાનું દીધેલું જ જ્યાં મેળવવાનું હોય ત્યાં અન્તરાયને ઉદયમાં આવવું તે ઘણું જ સહેલું થઈ પડે,

## શું તીર્થંકર મહારાજાઓ અવધિજ્ઞાનના સતત ઉપયોગી હોય છે?

કેટલાક મહાનુભાવો તીર્થંકર ભગવાનોની સ્તુતિ કરતાં તેમના જીવનની સ્થિતિને વખાણતાં એમ કહેતા હોય છે કે-તીર્થંકરનું જીવન ફક્ત જ્ઞાન જીવન જ હોય છે.

તેથી તેઓ એમ જણાવવા માગે છે કે તીર્થંકરો દરેક સમયે પોતાને પ્રાપ્ત થએલા અવધિજ્ઞાનનો ઉપયોગ કરનારા જ હોય છે,

પણ આ તેમનું કથન જૈનશાસ્ત્રને સાંભળનારો અને સમજનારો વર્ગ કદાપિ માની શકે તેમ નથી.

જો કે તીર્થંકર ભગવાનોને ગર્ભથી આરંભીને કેવલજ્ઞાનની ઉત્પત્તિ સુધી ત્રણ જ્ઞાન હોય છે, એમ માનવામાં જૈન જનતાનો કોઈપણ મનુષ્ય આનાકાની કરી શકે તેમ નથી, પણ તેની સાથે એટલું તો ચોક્કસ છે કે કેવલજ્ઞાન અને કેવલદર્શનની માફક મતિ-શ્રુત અને અવધિ તે સતત ઉપયોગવાળી ચીજ નથી, એનો ઉત્કૃષ્ટ ઉપયોગકાલ અન્તર્મુહૂર્ત્તથી વધારે હોય નહીં, અર્થાત્ અન્તર્મુહૂર્ત્તના ઉપયોગ પછી તે જ્ઞાનોનો અનુપયોગ કાળ હોય છે,

વળી ભગવાન્ **મહાવીર** મહારાજાનું ચરિત્ર જાણનારાઓ સમજી શકે છે કે **દેવાનંદાનો** શોક, માતા **ત્રિશલા** અને **સિદ્ધાર્થ**

મહારાજનો સ્નેહ, જન્માભિષેકની વખતે ઈન્દ્ર મહારાજનો સંશય વિગેરે જાણવામાં જ માત્ર અવિધનો ઉપયોગ થયો છે.

અર્થાત્ સર્વકાલ તીર્થંકર ભગવાનો અવધિના ઉપયોગમાં રહેતા હતા અને અવધિના ઉપયોગ વગરનું તેમનું જીવન નહોતું એવું માનવાને કોઈપણ જૈન સમજુ હશે તો તૈયાર થશે નહીં.

તેવી જ રીતે ભગવાન્ ઋષભદેવજી મહારાજે પણ દીક્ષા લીધા પછી બાર માસ સુધી જે ભિક્ષા માટે ભ્રમણ કર્યું છે, તે જણાવી આપે છે કે ભગવાન્ તીર્થંકરો સર્વદા અવધિના ઉપયોગથી જ વર્તતા હોય તેવો નિયમ નથી.

ભગવાન્ મહાવીર મહારાજે જેમ અડદના બાકળાને અંગે અભિગ્રહ કરીને કંઈક ન્યૂન છ માસ સુધી પર્યટન કર્યું હતું., પણ અવધિજ્ઞાનથી કયે દહાડે કોનાથી અભિગ્રહ પૂરો થવાનો છે એમ જોઈને પર્યટન બંધ કર્યું નહોતું, તેવી જ રીતે ભગવાન્ ઋષભદેવજી મહારાજે પણ અન્તરાયનો ક્ષયોપશમ કયારે થવાનો છે? ભિક્ષા પ્રાપ્તિ કયારે અને કોનાથી થવાની છે? એ વિગેરે હકીકત જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો નહોતો, તેથી બાર માસ સુધી ભગવાન્ ઋષભદેવજી મહારાજે ભિક્ષાને માટે પર્યટન કર્યું છે, અન્ય અન્ય ગૃહોએ ભિક્ષાને માટે ભમ્યા છે અવધિજ્ઞાનથી જાણીને અક્ષય તૃતીયાને દિવસે શ્રેયાંસકુમારના ઘેર સીધા આવેલા છે, એમ બન્યું નથી,

આ બધી હકીકત જાણનારો કોઈપણ દિવસ એમ માનવાને તૈયાર નહિ થાય કે ભગવાન જિનેશ્વરો સતત અવધિજ્ઞાનના ઉપયોગથી વર્તતા હતા,

જો કે ભગવાનનું જ્ઞાનપ્રધાન જીવન કે જ્ઞાનમય જીવન માનવામાં કોઈપણ જૈનને અડચણ છે નહી, પણ તે જ્ઞાનપ્રધાન કે જ્ઞાનમય

જીવનનો અર્થ અવધિજ્ઞાનના ઉપયોગથી ગણવો એમ નથી, પણ સંસારની લાલસા વિના સમ્યગ્દષ્ટિનું જીવન લુખાશવાળું હોયતેવી રીતે ભગવાનનું જીવન તત્વાદિકના જ્ઞાનપૂર્વકનું હોઈ સાંસારિક કે પૌદ્ગલિક પદાર્થની આસક્તિ વગરનું હતું. એમ માનવું એ સર્વપ્રકારે ઉચિત છે.

આ રીતે શ્રીતીર્થંકરભગવંતોના દીક્ષા અધિકારમાં પ્રાસંગિક વિચારી હવે સાંવત્સરિક દાન સંબંધી વિચાર કરીએ !

## ભગવાનનું સાંવત્સરિક દાન

દરેક તીર્થંકર મહારાજાઓ પ્રવજ્યા ગ્રહણ કરવા પહેલાં એક વર્ષનો વખત હોય ત્યારથી નિયમિત સાંવત્સરિક દાન આપે છે, આ સાંવત્સરિક દાનને શાસ્ત્રકારો મહાદાન જણાવે છે.

શાસ્ત્રકારોએ તે સાંવત્સરિક દાનને મહાદાન કહેલું હોવાથી કેટલાકો શંકા કરે છે કે–

જો તીર્થંકર ભગવાનોનું તે સાંવત્સરિક દાન મહાદાન હોય તો સંખ્યાવાળું ન હોવું જોઈએ, કેમ કે જો સંખ્યાવાળું હોય તો તેનાથી અધિક દાન દેવાવાળા પણ બીજા હોય અને તેથી તે અધિક દાન દેવાવાળાનું દાન તે મહાદાન કહેવાય, પણ તીર્થંકર મહારાજાનું નિયમિત સંખ્યાવાળું દાન તે મહાદાન કહેવાય નહી અને તીર્થંકરોનું અસંખ્યાતું દાન તો તમોએ માનેલું પણ નથી, કિંતુ તીર્થંકર મહારાજાના દાનને સંખ્યાવાળું દાન તમોએ માનેલું છે

તમે જ શાસ્ત્રમાં જણાવો છો કે તીર્થંકર મહારાજ હરરોજ સૂર્ય-ઉદયથી ભોજન વખત સુધી એટલે પહેલા પહોર સુધી સાંવત્સરિક દાન આપે છે, અને તે દાનમાં પ્રતિદિન એક કરોડ ને આઠલાખ સોનૈયા તેઓ આપે છે, અને એવી રીતે પ્રતિદિન દાન દેતાં વર્ષના ત્રણસો ને સાઠ દિનના હિસાબે ત્રણ અબજ અને અઠ્ઠાસી કરોડ સોનૈયાનું દાન આપવામાં આવે છે.

આ જગોપર ધ્યાન રાખવાની જરૂર છે કે—શાસ્ત્રોમાં સામાન્ય રીતે કર્મમાસ કે જે નિરંશપણે ત્રીસ દિવસનો હોય છે, અને જે કર્મમાસની અપેક્ષાએ વર્ષના બરોબર ત્રણસો ને સાઠ દિવસ થાય છે, અને તે જ અપેક્ષાએ પ્રતિદિનના એક કરોડ ને આઠ લાખ સોનૈયાના દાનને ત્રણસો ને સાઠ ગુણા કરવાથી ત્રણ અબજ ને અઠ્ઠાસી કરોડ સોનૈયા થાય છે. એવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાની તપસ્યા પણ જે સાડી બાર વર્ષની ગણાવેલી છે તે પણ કર્મવર્ષ અથવા કર્મમાસની અપેક્ષાએ છે.

આવી રીતે જૈન શાસ્ત્રકારોએ જ્યારે ભગવાન તીર્થંકર મહારાજના સાંવત્સરિક દાનને સંખ્યાવાળું માનીને પણ મહાદાન તરીકે માન્યું છે, ત્યારે અન્ય લોકોએ પોતાના મતને પ્રવર્તાવવાવાળા મહાપુરુષોનું દાન અસંખ્યાત એટલે સંખ્યા વગરનું માન્યું છે, તેથી તેઓ પોતાના પ્રભુના દાનને યોગ્ય રીતિએ અસંખ્યાત હોવાથી મહાદાન તરીકે કહેવડાવાનો દાવો કરે છે. આવી શંકાના વચનો સાંભળીને વસ્તુને યથાસ્થિત રીતે નહીં વિચારનારા મનુષ્યો જો કે તે અન્ય લોકોના કહેલા અસંખ્યાત દાનને માનવા તૈયાર થાય અને તેવા અસંખ્યાતા દાનને જ મહાદાન ગણી ભગવાન તીર્થંકર મહારાજના સંખ્યાવાળા દાનને મહાદાન નથી એમ માનવા તૈયાર થાય,

પણ તેવી રીતે તૈયાર થનારાઓએ વિચારવું જોઈએ કે અસંખ્યાતાનું દાન અસંભવિત જ છે.

## અસંખ્યાતની સંખ્યા કેટલી મોટી છે?

અહીંયા સમજવું જોઈએ કે કર્મગ્રંથ અને અનુયોગદ્વાર વિગેરે શાસ્ત્રોમાં જણાવેલા ૧ અનવસ્થિત ૨ શલાકા ૩ પ્રતિશલાકા અને ૪ મહાશલાકા—નામના ચાર પ્યાલાની રીતિએ અસંખ્યાતનું સ્વરૂપ જાણનારા સુજ્ઞ મનુષ્યો સમજી કે શકે તેવી સંખ્યામાં

તેમાંથી માત્ર એક જ ઓછો હોય તો તે અસંખ્યાત કહી શકાય નહીં.

તો પછી તેવું ઉત્કૃષ્ટ સંખ્યાનું દાન પણ કોઈ દઈ શકે નહિ અને લઈ પણ શકે નહિ, ચક્રવર્ત્તિની છ ખંડની રાજ ઋદ્ધિ પણ અસંખ્યાતા ધન તરીકે નથી, તો પછી દાનમાં દેવાતી-લેવાતી લક્ષ્મીને અસંખ્યાતું કહી દેવું તે કેવલ અસંખ્યાતાની સ્થિતિને નહિ જાણવાનું જ પરિણામ છે,

### ચક્રવર્ત્તી અને દેવતાઓથી પણ અસંખ્યાતા દાનનો અસંભવ

ધ્યાનમાં રાખવું કે ચક્રવર્ત્તીના નવે નિધાનોમાં પણ અસંખ્યાત સંખ્યાવાળી ઋદ્ધિ નથી, એટલે અન્ય મતોના પ્રવર્ત્તક ચક્રવર્ત્તી પણ હોય તો પણ તે અસંખ્યાતનું દાન કરવાવાળો બની શકે નહીં.

વળી દેવતાઓ અન્ય સ્થાનોએથી સંહરી ને જે લાવે તે પણ કાલનું પરિમિતપણું હોવાથી અસંખ્યાત સંખ્યક ઋદ્ધિને સંહરીને પણ લાવી શકે નહીં.

વળી દાન દેનારાના મહેલમાં પણ તે અસંખ્યાત સંખ્યક ઋદ્ધિનો સમાવેશ થઈ શકે નહી, તેમજ દાન દેવાવાળો પણ ક્રમસર ઋદ્ધિને દેતો હોવાથી અસંખ્યાત સંખ્યાવાળું દાન દેવાવાળો બની શકે નહી, લેવાવાળા પણ ગર્ભજ મનુષ્યો બધા મળીને પણ અસંખ્યાતા હોય નહી, તો પછી છ ખંડ જેટલા ક્ષેત્રમાં તો અસંખ્યાતાનો સમાવેશ થાય જ કયાંથી ?

જ્યારે છ ખંડમાં સર્વ મળીને પણ અસંખ્યાતા મનુષ્યોનો સમાવેશ ન થાય, તો પછી દાન લેવાવાળા અસંખ્યાત હોય, એ માનવું એ કેવળ શ્રદ્ધાગમ્ય સિવાય બીજી રીતે તો ગમ્ય થાય નહી, અને

તેવો યુક્તિથી બાહ્ય અને અસંભવિત પદાર્થ માનવો તે અંધ-શ્રદ્ધાવાળા સિવાય બીજાને શોભે જ નહી.

## સંખ્યાવાળું દાન છતાં મહાદાન કેમ ?

વાચક વર્ગને એ શંકા જરૂર થશે કે અસંખ્યાત ઋદ્ધિ નહિ-હોવાથી, દાતારને અસંખ્યાત કાળનું દાન નહિ હોવાથી, અસંખ્યાતી ઋદ્ધિનું સ્થાન દાતાર કે યાચક બન્નેમાંથી એકે નહીં હોવાથી, તેમજ યાચકોની સંખ્યા સંખ્યાતાની જ છે, પણ અસંખ્યાતાની નથી, તેથી અસંખ્યાતાનું દાન ભલે અસંભવિત થાય, પરન્તુ ભગવાન જિનેશ્વરનું દાન થોડી સંખ્યાવાળું અને થોડા ટાઈમનું છે એ ચોક્કસ છે; તો પછી તેવા દાનને મહાદાન કેમ કહી શકાય ? શું કોઈ મનુષ્ય આખો દિવસ તીર્થંકર જેવું દાન આપે અને એકથી વધારે વર્ષ સુધી અખંડિત પણે આપે તો તે શું મહાદાન ન થાય ? અપેક્ષાએ તીર્થંકરનું અલ્પદાન ન ગણાય ?

વળી તીર્થંકર મહારાજા એક પહોરે એક કોડને આઠ વાખ સોનૈયા આપે છે તે અપેક્ષાએ કોઈ વધારે આપે તો તે મહાદાન કેમ ન ગણાય ?

તે કરતાં વળી એ વધારે વિચારવાનું છે કે જિનેશ્વર મહારાજાઓને તો માત્ર એક વર્ષ સુધીજ દાન દેવાનું છે અને વર્ષ પછી સર્વ સાવદ્યનો ત્યાગ કરી પ્રવ્રજિત થવાનું છે, અને પ્રવ્રજિત અવસ્થામાં એ દ્રવ્યનું દાન બનવાનું નથી. એ ચોક્કસ છે તો પછી વર્ષ કરતાં અધિક મુદત સુધી અને દરરોજ એક કરોડ ને આઠ લાખ સોનૈયા કરતાં વધારે અગર તેવીજ રીતે આખો દિવસ દાન દેનારો કોઈ હોય તો તેના દાનને મહાદાન કહેવું પડે, તે અપેક્ષાએ તીર્થંકર મહારાજાઓનું દાન તે અલ્પદાન ગણાય, આવું સુજ્ઞ વાચક વૃંદે મનમાં લાવવું નહીં, કારણ કે–

ભગવાન તીર્થંકર મહારાજાઓનું પ્રતિદિન એક પહોર સુધીમાં જે એક કરોડને આઠ લાખનું દાન થાય છે તે દાન એક પહોરની અપેક્ષાએ અને એક કરોડને આઠ લાખની અપેક્ષાએ જ મહાદાન તરીકે ગણેલું નથી, તેમજ લાગલાગટ ત્રણસો સાઠ દિવસ લગી તે પ્રમાણે દેવાય છે, તેથી પણ ભગવાન તીર્થંકરોના દાનને મહાદાન તરીકે ગણેલું નથી, ભગવાન જિનેશ્વરોના દાનને મહાદાન તરીકે ગણવાના કારણો નીચે પ્રમાણે જાણવા.

## (૧) તીર્થંકર મહારાજાનું દાન ઇચ્છા પ્રમાણે મલે.

"ભગવાન તીર્થંકર મહારાજના દાનની વખતે શહેરના ત્રિક શૃંગારક, ચતુષ્ક, ચત્વર, રાજપથ, મહાપથ વિગેરે દરેક સ્થાનોમાં એવી ઉદ્‌ઘોષણા કરવામાં આવે છે કે–

ભગવાન જિનેશ્વરની પાસે આવો અને તમારી જે ઈચ્છા હોય તે માગો." અર્થાત્ આ મહાદાનનો મૂલ હેતુ કિમિચ્છકપણું છે.

કિમિચ્છકપણાને સમજવાની સાથે સુજ્ઞ મનુષ્યોએ એ પણ સમજવાનું છે કે જેમ દેવતા પ્રસન્ન થયા છતાં ભક્ત મનુષ્યને વરદાન આપી જે જોઇએ તે માંગવાનું કહે છે છતાં તે ભક્તજનના મનોરથો પોતાના ભાગ્ય પ્રમાણેજ થાય છે, અને તેથી તે ભાગ્ય પ્રમાણેના વચનોથીજ દેવતા પાસે માગણી કરે છે,

તેવીજ રીતે અહીં પણ શ્રી જિનેશ્વર ભગવાનના મહાદાનની વખતે સુર અને અને અસુરો સર્વત્ર ઉદ્‌ઘોષણા કરી યાચકોને ભગવાન તીર્થંકરોની પાસે લાવે છે, અને જે જોઈએ તે માગો તેમ સૂચવવામાં આવે છે, છતાં પણ તે યાચકો પોતાના ભાગ્ય પ્રમાણે જ માગણી કરી શકે છે તેથી કિમિચ્છકપણાના દાનનું અસંભવિતપણું રહેતું નથી તેમજ એક જ મનુષ્ય બધું માગી લે તો પછી બીજાઓને

તીર્થંકર મહારાજા ઋદ્ધિના અભાવને લીધે કંઈ પણ આપી શકે નહીં, એવા કુતર્કને પણ અત્રે સ્થાન રહેતું નથી.

## (૨) ભવ્ય હોય તે જ દાન પામે

જગતૂના વ્યવહાર પ્રમાણે ઉત્તમ મનુષ્યોથી સ્પર્શાયેલી રજ પણ પવિત્ર ગણાય છે, અને તે રજના સ્પર્શથી પણ અધમ મનુષ્યો પોતાની અધમ દશા છોડીને શુદ્ધ દશાને પ્રાપ્ત કરે છે અને તે હિસાબે દરેક મતવાળા પોત-પોતાના પૂજ્ય પુરુષોના સ્થાનોને પણ ઉત્તમ ગણી તેની યાત્રા કરવાનું રાખ્યું છે,

તે હિસાબે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ કે જેઓના પરિણામ અનેક જન્મોથી જગતનું હિત કરવાના વર્ત્તી રહેલા છે.

જગતમાં કોઈનું પણ અહિત કરવું એ તો જેઓને જન્માન્તરથી પણ બંધ થઈ ગયું છે, તેવા ત્રિલોકીનાથ તીર્થંકર ભગવાનોના કર-સ્પર્શથી તે બાહ્ય દ્રવ્ય કે જે પરિગ્રહરૂપ પાપનું સ્થાન છે, છતાં તે સુવર્ણ-રજતાદિ બાહ્ય દ્રવ્ય એટલું બધું પવિત્ર થાય છે કે તે **ભગવાન્ જિનેશ્વર મહારાજાઓના હાંરથી સ્પર્શીને દેવાયેલું સંવત્સરી દાન ભવ્ય જીવજ મેળવી શકે છે,**

અર્થાત્ અભવ્ય જીવો કે જેઓ કોઈપણ કાલે મોક્ષે જવાના નથી, તેમ મોક્ષે જવાને લાયક પણ નથી, તેવા અધમ પુરુષો તો ભગવાન્ જિનેશ્વરના દાનને પામતા જ નથી,

અર્થાત્ જિનેશ્વર ભગવાનના સંવત્સરી દાનને ગ્રહણ કરવું તે ખરેખર ભવ્યપણાની છાપ લેવા જેવું છે અને તેથી તે મહાદાન કહેવાય તેમાં આશ્ચર્ય નથી.

## (૩) સ્ત્રીઓ સંવત્સરી દાન ન લે.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનવડે દેવાતું સંવત્સરી દાન કેવલ પુરુષોને જ લેવાનું હોય છે, કોઈપણ સ્ત્રી વર્ગને તે સંવત્સરી દાન લેવાનું મન થતું નથી અને કોઈપણ સ્ત્રી તે લેવા જતી નથી.

( આ વાતને સમજવાથી ભગવાન્ **મહાવીર** મહારાજના સંવત્સરી દાનને વખતે દરિદ્ર બ્રાહ્મણની સ્ત્રી તે સ્થાને હાજર છતાં સંવત્સરી દાન કેમ ન મેળવી શકી? અને શા માટે દાન સંપૂર્ણ થયા પછી પરદેશથી રખડીને નિર્ધનપણે આવેલા પોતાના ધણીને દાન વખતે પરદેશ જવા સંબંધી ઓલંભો આપ્યો, ? તેનો ખુલાસો અહિં બરોબર થઈ જશે. કેમ કે સ્ત્રીઓને તે દાન લેવાનો અધિકાર નથી. તેમ તેણીઓને તેવી ભાવના પણ થતી નથી.)

**(૪) સંવચ્છરી દાનનો રોગ-નાશ ઉપર પ્રભાવ.**

જગતમાં અનેક વૈદ્યો અનેક સ્થાને અનેક રોગીઓની દવા કરતા હોય છે, છતાં જે વૈદ્યને યશ કર્મનો ઉદય હોય છે તેના હાથે દેવાએલી સામાન્ય દવાથી પણ બીજાઓએ ઊંચા પ્રકારના અનેક જાતના ઔષધો આપ્યા છતાં તે બીજાઓના અપયશ કર્મને લીધે જે દરદો નાશ પામેલા નથી. હોતા, તેવા દરદોનો પણ નાશ થઈ જાય છે તેવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજના સંવત્સરી દાનનો પણ એવો અચિંત્ય પ્રભાવ છે કે એ દાન લેનારને છ મહિના સુધી નવો રોગ થતો નથી. અને તે દાન લેવાની વખત પહેલાં છ માસથી થએલા રોગોની શાન્તિ થઈ જાય છે, આવી રીતના અપૂર્વ પ્રભાવવાળા દાનને મહાદાન કહેવામાં સુજ્ઞ મનુષ્ય તો કોઈ દિવસ આંચકો ખાય જ નહિ.

( ધ્યાન રાખવાની જરૂર છે કે દ્રવ્ય-ક્ષેત્રાદિકને પામીને જેમ તે તે દ્રવ્ય-ક્ષેત્રાદિક અશુભ હોય તો તે અશુભ દ્રવ્ય-ક્ષેત્રાદિકને લીધે અસાતા વેદનીયનો પ્રચુર ઉદય થાય છે તેવી જ રીતે શુભ દ્રવ્ય-ક્ષેત્રાદિકનો સંબંધ થતાં તે અસાતાવેદનીયનો ઉદય રોકાઈને સાતાવેદનીયનો ઉદય પોતાનું જોર દર્શાવે છે.

તેથી ભગવાન્ તીર્થંકર મહારાજના હાથથી સ્પર્શીને આવેલું દ્રવ્ય શુભ દ્રવ્ય રૂપે હોય અને તેથી છ માસ સુધી તેનો પ્રભાવ રહે, અને રોગોત્પત્તિ ન થાય તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી.

ઔષધાદિકની માફક તે સંવત્સરી દાનના દ્રવ્યથી પહેલાંના છ માસના રોગો નાશ પામે તેમાં પણ કંઈ આશ્ચર્ય નથી.)

### (૫) દેવતાઓનું પણ સંવત્સરી દાન માટે યાચકપણું.

જગતમાં એ વાત તો જાણીતી છે કે-દેવતાઓ મનુષ્યોને વર-દાન દઈને નવી નવી વસ્તુઓ અર્પણ કરે છે, પણ દેવતાઓ કોઈની પણ આગળ યાચક તરીકે આવતા નથી. છતાં પણ ભગવાન્ જિનેશ્વર મહારાજાઓના સાંવત્સરિક દાનોમાં તો તેવા દેવતાઓ પણ યાચક તરીકે આવીને ઈચ્છા પ્રમાણે દાન લઈ જાય છે, અર્થાત્ કહેવું જોઈએ કે જો કોઈ પણ દાનને મેળવવા માટે દેવતાઓ તરસતા હોય, તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોનું સાંવત્સરિક દાન જ છે.

આ અપેક્ષાએ પણ તીર્થંકર ભગવાનના દાનને મહા-દાન કહેવું એ વ્યાજબી જ ગણાય.

### (૬) દાન લેવાથી ધર્મપ્રેમી અને તત્વ-પ્રેક્ષકપણાની પ્રાપ્તિ.

ઉપર જણાવેલા પાંચ કારણો કરતાં છઠ્ઠું કારણ સુજ્ઞ પુરુષોએ ઘણું જ સમજવા જેવું છે અને તે છઠ્ઠું કારણ એ છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજાએ આપેલું સાંવત્સરિક દાન જે દેવતા કે-મનુષ્યના હાથમાં જાય તે દેવતા કે મનુષ્ય લીધેલા દાનના પ્રભાવે શુદ્ધ ધર્મ કાર્યને વિષે ઉદ્યમ કરવાવાળા થાય છે, એટલું જ નહિ પણ તે દેવતા અને મનુષ્યો તે સાંવત્સરિક દાનમાં મળેલા દ્રવ્યના પ્રતાપે હેય અને ઉપાદેય પદાર્થોને-હેય ઉપાદેયપણે યથાસ્થિતરીતિએ જાણવાવાળા થાય છે.

ઉપર જણાવેલી હકીકત ધ્યાનમાં લેનારા સજ્જનો તીર્થંકર મહારાજનું જે સાંવત્સરિક દાન તે મહાદાન કેમ કહેવાય છે? તે સ્હેજે સમજી શકશે અને એ સાંવત્સરિક દાનનું મહાદાનપણું

સમજવાથી બાહ્ય દ્રવ્ય દાન દેવામાં પણ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓ કેવા પરોપકારને પ્રગટાવનારા થાય છે ? તે સમજી શકાશે. ?

### શ્રી જિનેશ્વરનું સંવચ્છરી દાન

### ભવ્ય જીવોને પ્રતિબોધનું કારણ

ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ જ્યારે દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે અનેક જીવો ભગવાન જિનેશ્વર મહારાજના સંવત્સરી દાનને લીધે પ્રતિબોધ પામે છે. અનેક ભવ્યજીવો ભગવાન જિનેશ્વર મહારાજની ત્યાગ વૃત્તિને અંગે પણ પ્રતિબોધ પામે છે.

ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓનું જ્યારે પણ દીક્ષા કલ્યાણક હોય છે, ત્યારે ઈંદ્ર આદિ દેવતાઓ અને લોકાંતિક જાતિના દેવતાઓ પણ ધર્મતીર્થની પ્રવૃત્તિને માટે તીર્થંકર મહારાજાઓને વિનંતિ કરતાં તેમની સ્તુતિ-સ્તવનામાં લીન થાય છે, અને તેથી ઘણા જીવો પ્રતિબોધ પામે તે યોગ્ય જ છે.

### આત્મ—શ્રેય માટે ગુણોની આવશ્યકતા

જૈન શાસનને જાણનારા મનુષ્યે એક વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે-

જૈનશાસનમાં આત્મકલ્યાણને માટે જે ગુણોની જરૂરીઆત જણાવેલી છે, તે ગુણોની મુખ્ય જડ અને પહેલી સીડી એ છે કે બીજા બીજા ઉત્તમ આત્માઓમાં રહેલા તે તે ગુણોની ગુણ તરીકે નિષ્પક્ષપાતપણે અનુમોદના કરવી જોઈએ.

વાચક વૃંદે સમજવું જોઈએ કે પોતાના અંગત ગુણોને અગર પોતાના સંબંધીના ગુણોને જે વખાણવામાં આવે તે બરાબર નથી કેમકે તેમાં મુખ્ય ભાગ સ્વત્વ અને સ્વસંબંધિત્વનો છે. ધર્મનો અર્થી થએલો

અને મોક્ષની અભિલાષાવાળો પુરૂષ જો પોતાના આત્માના કલ્યાણને માટે ગુણની અનુમોદના અને ગુણનો રાગ કરવા માગતો હોય તો તે મનુષ્યે જેના ગુણોની અનુમોદના થાય છે તેના સંબંધિત્વનો અંશે પણ તેમાં પ્રવેશ થવા દેવો નહીં.

## ગુણાનુરાગ તે ભક્તિરાગ હોઈ પ્રકારાંતરે તે પણ સ્નેહરાગ થઇ જાય

ધ્યાન રાખવું કે જેમાં સ્વત્વ અને સ્વ. સંબંધીત્વનો પ્રવેશ ન હોય, તેવી ગુણની પ્રશંસા અને તેવા ગુણ ઉપર જે રાગ તે ખરેખર ગુણપ્રશંસા અને ગુણાનુરાગ હોઈ રાગ સ્વરૂપ છતાં પણ તે ભક્તિરાગ ગણાય છે. પણ તેનું નામ સ્નેહરાગ કહેવાતું નથી.

પરંતુ જે વ્યક્તિ સંપૂર્ણ ગુણવાળી હોય. જેમાં રાગ–દ્વેષનો એક અંશે પણ સંભવ ન હોય, જે વીતરાગ પરમાત્મા સ્વરૂપ હોય. તેવા પરમાત્માની ઉપર પરમાત્માના ગુણો જાણીને પર જન આત્મા તરીકે રાગ રાખવા છતાં પણ આ ભવનો સ્વજનપણાનો કુટુંબી પણાનો કે સંબંધીપણાનો એક અંશે પણ જો રાગ રહે તો તેવા ગુણી પુરુષ ઉપર ગુણી પુરુષે કરેલા રાગને પણ શાસ્ત્રકારો સ્નેહ રાગ તરીકે ઓળખાવે છે,

એટલું જ નહિ, પણ રાગ કરનારની વર્તમાનમાં દૃષ્ટિ પણ તે તરફ ન હોય પરંતુ તે સંપૂર્ણ ગુણવાન્ મનુષ્યના જીવની સાથે સેવાભાવી ગુણવાન્ મનુષ્યના જીવનો કંઈક સંબંધ હોય અને તેના સંસ્કારને લીધે જ, અજાણપણે પણ ગુણ સહિતપણાના સંબંધની મહત્તા કે ઉપકારીપણાના ગુણની મહત્તાની સાથે કે તે સિવાય જે રાગ દૃષ્ટિ થાય તેમાં જો કે ગુણી–રાગ અને ગુણાનુરાગ સાથે જ છે.

છતાં શાસ્ત્રકારો તેવે સ્થાને પણ આંખ-મીંચામણાં નહિ કરતાં ભવાંતરના સંસ્કારને લીધે થએલા રાગને અંગે સ્નેહરાગ નામનો રાગ જણાવે છે,

ધ્યાન રાખવું કે ગુણ અને ગુણી ઉપર જે રાગ તે સ્વયં પ્રશસ્ત હોઈ રાગ-મોહનીય કર્મને સર્વથા નાશ કરનારો હોવાથી મોહના ઘરનો છતાં પણ નિર્જરાની સાથે સંબંધ રાખનારો છે, પરંતુ જો કુટુંબી આદિકના સંબંધને લીધે ગુણી પુરુષ ઉપર પણ ગુણવાન્ પુરુષે કરેલો રાગ હોય, તો તે રાગ પણ સ્નેહરાગ જ કહેવાય, અને તે નિર્જરાની સાથે સંબંધવાળો રહેતો નથી, એટલું જ નહિ પણ મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તેલા જીવોને વજ્રની સાંકળ માફક વિઘ્ન કરનારો થાય છે,

આ વાત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ **મહાવીર** મહારાજા અને ભગવાન્ **ગૌતમ** મહારાજાના સ્નેહ સંબંધને જાણવાવાળો મનુષ્ય સહેલાઈથી સમજી શકે એમ છે.

## ગુણીપણાના સંબંધને લીધે દેવાદિનું આવવું.

આ બધું કહેવાની મતલબ એટલી કે ભગવાન જિનેશ્વર મહારાજાના દીક્ષા કલ્યાણકના મહોત્સવમાં ઇન્દ્ર મહારાજાદિક દેવતાઓ અને લોકાંતિક જેવા સમ્યગ્દૃષ્ટિઓ જે હાજરી આપે છે, સ્તુતિ કરે છે, ધર્મતીર્થ પ્રવર્તાવવાને માટે વિનંતિ કરે છે, અને જય જયના નાદથી દશે દિશાને ગજાવી મુકે છે, તેમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ગુણીપણાનો સંબંધ જ માત્ર કારણ છે, અર્થાત્ તેમાં ભગવાન તરફનો શુદ્ધ ભક્તિ રાગ તે ઇંદ્રાદિક દેવતાઓને કારણ તરીકે હોય છે.

## દેવદ્રવ્યનો ઉપયોગ શામાં! અને તેની મહત્તા

આવી રીતે દીક્ષા કલ્યાણક કરવાને આવેલા ઇંદ્ર મહારાજા, ભગવાનની દીક્ષા વખતે તેમના લુંચિત કેશોને ક્ષીર સમુદ્રમાં પધ-

રાવી દે છે અને દરેક તીર્થંકરને ખભે ઇંદ્ર મહારાજાઓ તે વખતે દેવદૂષ્યને સ્થાપન કરે છે.

આ દેવદૂષ્યનો ઉપયોગ જિનેશ્વર મહારાજાઓને ઓઢવામાં, પાથરવામાં, ટાઢ કે શરદી ખાળવામાં કે એના જેવા બીજા કોઈ પણ કામમાં હોતો નથી

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ડાબા ખભે જે ઇંદ્ર મહારાજા દેવદૂષ્ય સ્થાપન કરે છે, અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો તે દેવદૂષ્ય ધારણ કરે છે, તેમાં કેવળ અનાદિ કાળના તીર્થંકરોનો ધર્મ આ દેવદૂષ્યને ધારણ કરવાનો છે. તે સિવાય કોઈપણ બીજો હેતુ નથી, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને ખભે દીક્ષા લેતી વખતે જે દેવદૂષ્યો ઈંદ્રો સ્થાપન કરે છે, તે દેવદૂષ્યની કિંમત એક લાખ સોનૈયાની હોય છે,

આચાર્ય મહારાજ **ગુણચંદ્રસૂરિજી** ભગવાન **મહાવીર** મહારાજાના ચરિત્રમાં જણાવે છે કે-શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજની દીક્ષા વખતે ઇંદ્રમહારાજાએ સ્થાપેલું દેવદૂષ્ય ખંડિત થઈ ગયું હતું, છતાં પણ તે બે ખંડની યોજના નવા દેવદૂષ્ય જેવી હોવાથી તે દેવદૂષ્યની કિંમત એક લાખ સોનૈયા આવી હતી અને ભગવાન **મહાવીર** મહારાજનું દેવદૂષ્ય મહારાજા **નંદીવર્ધનજીએ** ઘણાજ ખુશી થવા પૂર્વક લાખ સોનૈયે લીધું છે.

આ ઉપરથી ઇંદ્ર-મહારાજાઓ ત્રિલોકનાથ તીર્થંકરોને ખભે દેવદૂષ્ય કેમ સ્થાપે છે ? અને ત્રિલોકનાથ તીર્થંકરો કેમ ધારણ કરે છે ? તેનો ખુલાસો થવા સાથે દેવદૂષ્યની વ્યવસ્થા કોઈપણ એક પ્રકારની નિયમિત હોય એમ પણ નથી ? ભગવાન **ઋષભદેવજી** મહારાજના વખતમાં લોકોની હદબહારની સમૃદ્ધિએ યુક્તતા હોવાને લીધે, તેમના દેવદૂષ્યનું ખસવું ન થાય એમ માનીને ગ્રંથકારોએ યાવત્ શ્રમણત્વકાળમાં ભગવાન **ઋષભદેવજીનું** દેવદૂષ્ય વસ્ત્ર રહ્યું

હતું એમ માને છે, જ્યારે કોઈક અપેક્ષાએ સૂત્રકાર મહારાજે કંઈક અધિક વર્ષ સુધીજ માત્ર દીક્ષા લીધા પછી અપાયેલા તે દેવદૂષ્ય વસ્ત્રનું ટકવું માનેલું છે.

આ બે હકીકતોમાંથી કોઈપણ એક હકીકત સત્ય હોય, તો પણ એ વાત તો સિદ્ધ જ છે કે તેનમિવિનમિની સેવા વખતે તે ઇંદ્રે દીધેલા દેવદૂષ્યની હયાતી હોવા છતાં તેનો ઉપયોગ કોઈપણ પ્રકારે તે નમિ-વિનમિની યાચનાને અંગે થએલો નથી,

આ વાત આટલેથી અટકાવી પ્રસંગોપાત અહીં પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવંતના સંસારી અવસ્થાના નિર્મળ સમ્યક્ત્વની વાત હવે વિચારીએ, તે ઉપરથી આપણા ચાલુ જીવનમાંથી સમ્યક્ત્વ માટેની કમજોરી ખસેડવા ઉદ્યમવંત થઈ શકાય.

ભગવાન ઋષભદેવજી મહારાજે વીસ લાખ પૂર્વ સુધીની ઉમર સામાન્ય ગૃહસ્થપણામાં પુરી કરી અને ત્રેસઠ લાખ પૂર્વ જેટલો વખત રાજયની વ્યવસ્થા કરવામાં અને પ્રજાને રક્ષિત કરીને પોષવામાં વ્યતીત કર્યો.

ત્રેસઠ લાખ પૂર્વ જેટલા વખત સુધી રાજ્યનો વિસ્તાર કરતાં ભગવાન્ ઋષભદેવજીનો રાજ્ય વિસ્તાર એટલો બધો અધિક થયો હતો કે જે રાજ્ય વિસ્તારને પાળવા માટે વહેંચતાં અને પુત્રોને સોંપતાં સો વિભાગ કરવાની જરૂર પડી.

તે વખતના સર્વ મનુષ્યોમાં ભગવાન્ ઋષભદેવજી મહારાજ નિર્મળ સમ્યક્ત્વ અને સંભિન્ન(સંપૂર્ણ) લોકનાડી સુધીના નિર્મલ અવધિજ્ઞાનને ધારણ કરનારા હોવાથી અપૂર્વ અને અદ્વિતીય જ્ઞાનને ધારણ કરનારા હતા.

જો કે ભરત મહારાજા અને બાહુબલિજી તથા બ્રાહ્મી અને સુંદરી પણ અનુત્તર વિમાનથી ચ્યવીને અવતરેલા છે પરંતુ

તે ચારેમાંથી એકપણ જીવ અવધિજ્ઞાન સહિત અવતરેલો નથી, એટલું જ નહિ પણ વાસ્તવિક રીતે સમ્યક્ત્વ સહિત પણ તેઓમાંથી એકે જીવ અવતરેલો નહોતો.

## માતા મરૂદેવાને અંગે

## અકામ નિર્જરાનો પ્રભાવ

માતા **મરૂદેવા** જેકે ભગવાન **ઋષભદેવજીની** જનેતા છે અને તે ઉત્તમ પ્રકૃતિના છે છતાં પણ તેમને અંગે વિશિષ્ટ જ્ઞાન કે વિશિષ્ટ સમ્યક્ત્વનો સંભવ પણ નથી, કારણકે **આવશ્યક ચૂર્ણિકાર** વગેરે મહાપુરુષો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે માતા **મરૂદેવીને** કોઈ પણ કાલે કોઈ પણ વખતે ત્રસપણું પણ મળેલ નહતું.

એટલું જ નહિ પણ તેઓ પૃથ્વીકાયિકાદિપણે પણ ઉપજેલા નથી. ફક્ત અનાદિ વનસ્પતિપણામાં જ માતા **મરૂદેવાનો** જીવ-અનાદિથી ભવનું પરાવર્ત્તન કરતો રહ્યો હતો,

તે અનાદિ–વનસ્પતિપણામાંથી અકામ નિર્જરા રૂપી પુણ્યના પ્રબલ પ્રભાવે માતા **મરૂદેવાપણાની** જીંદગીને મેળવી શકયો

આ સ્થાને એક વાત વાચક વૃન્દે જરૂર વિચારવી જોઈએ કે યદ્યપિ અકામ નિર્જરા હીરાની કિંમત કોલસાએ કરાય તેના જેવી છે, છતાં કોલસાના સમુદાયના સતત વેપારથી શ્રીમન્ત નથી જ થવાતું, એમ એકાંતે કહી શકાતું નથી, તેવી જ રીતે આ અકામ નિર્જરા પણ આત્માને કેટલો બધો ફાયદો પહોંચાડે છે? એ હકીક્ત આ મરૂદેવા માતાના વૃત્તાન્ત ઉપરથી બરોબર સમજવા જેવી છે

શાસ્ત્રકાર મહારાજાઓ પણ અકામ નિર્જરાથી દેવપણા સુધીની પ્રાપ્તિ જણાવે છે, તો પછી અકામનિર્જરાથી જુગલિઆપણું મળે તેમાં આશ્ચર્ય શું?

## સમ્યક્ત્વ-પ્રાપ્તિનું કારણ પણ અકામ નિર્જરા છે

ખ્યાલમાં રાખવું કે કેવલ પૌદ્ગલિક સુખો અને સારા ભવાંતરોને અંગે સાહ્યબી મેળવી દેવાનું કામ અકામ નિર્જરાનું છે, એટલું જ નહી પણ અવ્યાબાધ પદની પ્રાપ્તિના કારણ ભૂત પાંચ મહાવ્રત કે બારવ્રત રૂપી ધર્મના પાયા તરીકે મૂલ, દ્વાર, પ્રતિષ્ઠા આધાર, ભાજન અને નિધિ આ છ ઉપમાઓ જેને લાગુ કરી શકાય છે અને જે સમ્યગ્દર્શન ચારિત્ર કરતાં પણ એક અપેક્ષાએ મોક્ષની સાથે નિકટ સંબંધ રાખે છે તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવનાર અકામ નિર્જરા બને છે અને તેથી જ નિર્યુક્તિકાર મહારાજા अणुकंप ऽकामणिज्जर० એમ કહી અનુકંપાની માફક અકામ નિર્જરાને પણ સમ્યક્ત્વ સામાયિકના કારણ તરીકે સ્પષ્ટપણે જણાવે છે.

### કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના
### ક્ષયનો હેતુ અકામ નિર્જરા છે.

વળી જે કોઈપણ સમ્યક્ત્વની ઉત્પત્તિના વિષયને સમજનારો હશે, તે સારી પેઠે સમજી શકશે કે કર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ જે સિત્તેર કોડાકોડી સાગરોપમની હોય છે, તેમાંથી અંતઃકોટાકોટિ સિવાયની સર્વ સ્થિતિનો ક્ષય અકામ નિર્જરાના પ્રતાપે જ થાય છે. વાચક વૃન્દ ! શું તમે એ નથી સાંભળ્યું ? કે—

સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા પહેલાં આદ્યકરણ કોઇપણ થતું હોય તો તે માત્ર યથાપ્રવૃત્ત કરણ છે અને તે યથાપ્રવૃત્તકરણની વખતે કંઈક અધિક ઓગણસિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તોડી નાખવી પડે છે, અને તે સ્થિતિ તોડતી વખતે તે યથાપ્રવૃત્ત કરણવાલાને કોઈપણ જાતનું કર્મ તોડવાનો ઉપયોગ કે તેની અભિલાષા હોતી નથી તે યથાપ્રવૃત્તકરણવાળા જીવને નથી જીવાદિક તત્વોનું જ્ઞાન અને નથી તેની શ્રદ્ધા અને નથી તો આશ્રવ-સંવરાદિક તત્ત્વોનો અવબોધ !

આવી દશામાં જે ઓગણસિત્તેરથી કંઈક અધિક સાગરોપમની સ્થિતિ જે તે વખતે તોડવામાં આવે છે તે કેવળ અકામ નિર્જરાનો પ્રભાવ છે.

### સમ્યક્ત્વ પ્રાપ્તિના કારણો સાથે અકામ-નિર્જરાનો સમન્વય

આ સ્થાને જરૂર શંકા થશે કે ઉપર જણાવેલા હિસાબે તો દરેક સમ્યક્ત્વ પામનારો જીવ અકામ નિર્જરાના પ્રતાપે જ સમ્યગ્દર્શનને પામે છે

પણ વિવેક પૂર્વક જ્ઞાની ગુરૂના ચરણોમાં બેસીને વિચારતાં સમજાય તેમ છે કે–શાસ્ત્રકારોએ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અનુકંપા, બાહ્ય તપ, વિનય-વિભંગ વિગેરે અનેક કારણો જણાવેલાં છે, તે અનુકંપાદિક સર્વ કારણો અકામનિર્જરા દ્વારા થતા યથાપ્રવૃત્તિ કરણના પ્રભાવે સમ્યકત્વને પમાડનારા બને છે.

આ ઉપરથી એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે 'अणुकंपऽकामणिज्जर' વિગેરે જણાવેલા કારણો સર્વથા પરસ્પર ભિન્નરૂપે માની શકાય તેમ નથી, કેમકે જો એમ માનવા જઈએ તો અનુકંપા દ્વારા થતા સમ્યકત્વમાં યથાપ્રવૃત્તકરણની અકામ નિર્જરાને સમ્યક્ત્વના કારણ તરીકે માની શકાય નહી.

એવી રીતે દાન અને વિનય એ બે કારણો જે સમ્યકત્વને ઉત્પન્ન કરનારા ભિન્નપણે જણાવ્યાં છે, તેમાં વિનય વગરનું દાન માનવું પડશે અને વિનય અને દાનથી સર્વત્ર સમ્યક્ત્વ પામ્યા પહેલાં સકામનિર્જરા થાય પણ અકામનિર્જરા ન થાય એમ સ્પષ્ટપણે માનવું પડે.

એટલું જ નહી પણ નિર્યુક્તિકાર મહારાજે વિભંગજ્ઞાનને પણ સમ્યકત્વના કારણ તરીકે જણાવેલું છે, તો તેવા વિભંગજ્ઞાનવાળાને પણ અકામનિર્જરાથી ભિન્ન રૂપે સકામનિર્જરા માનવી પડે.

## વિભંગજ્ઞાન સ્વરૂપ

સાચી વસ્તુ ન સમજાતાં તે ઉલટો જ તર્ક કરે છે, તે સૂકા હાડકાને ચાવવા મથતા કૂતરાના રૂપકથી એવો તર્ક કરે છે કે જો મારૂં લોહી જ મીઠું લાગતું હોય તો મારૂં લોહી તો સદૈવ મારા શરીરમાં છે જ, તો પછી આખો દહાડો જ મારી જીભ મને મીઠી જ લાગવી જોઈએ, પરંતુ આખી જીંદગી ચોવીસે કલાક મારી જીભ મીઠી થયા જ કરતી નથી, અને આ લોહી ચાટું છું તે જ મીઠું લાગે છે, એ ઉપરથી નક્કી થાય છે કે આ લોહી આવે છે તે મારા શરીરમાંનું નથી, પરંતુ પેલા હાડકાનું છે.

## સૂકા હાડકા ચાવવા મથતા
## કુતરા જેવી દશા.

સૂકા હાડકા ચાવનાર કુતરાના જેવી આ વિભંગજ્ઞાની આત્મા પણ શંકા કર્યા કરે છે, વિભંગજ્ઞાની આત્મા પણ જ્યાં સુધી મિથ્યાદષ્ટિપણામાં હોય ત્યાં સુધી તે એવી શંકા કર્યા કરે છે કે જો આત્માનો સ્વભાવ સુખ મેળવવાનો છે તો આત્માનો એ સુખ સ્વભાવ પ્રકટ કેમ થવા પામતો નથી ? ખરી રીતે તો હાડકાના ઘર્ષણથી કુતરાનું તાળવું ભેદાય છે અને તે દ્વારા લોહીની ધારા વહી જાય છે, પરંતુ એ વખતે કુતરાને એ વાતની ખબર પડતી નથી કે આ મારૂં તાળવું ભેદાયું છે અને તેમાંથી જ લોહી નીકળે છે ! એને તો એ વાતની અવળી ખબર છે કે જ્યારે એનું તાળવું ભેદાઈને આવતું લોહી મારા પ્રયત્નના પરિણામે હાડકામાંથી આવીને મારી જીભ પર આવે છે !

કુતરો લોહીને સમજે છે, પરંતુ તે વાત સમજતો નથી કે આ સૂકા હાડકામાંથી લોહી શી રીતે નિકળે? હાડકું એ જડ પદાર્થ છે. તેનો તમે ચુરો કરી નાખો, તેનો ભુકો કરી નાખો, તેને ગમે તેમ પછાડો–ઝીંકો તો પણ તેમાંથી લોહીનો છાંટોએ બહાર આવતો નથી તેમ મિથ્યાદૃષ્ટિપણાથી જીવ જડ પદાર્થમાં સુખ છે જ નહિ એ વાત પેલા કુતરાની જેમ સમજતો નથી, હૈયાકુટા કુતરાને એ વાતનો ખ્યાલ નથી કે આ તો મારૂં જ જાય છે અને દશ ટીંપા જાય છે, ત્યારે તેમાંથી માત્ર ત્રણ–ચાર ટીંપા જ પાછા આવે છે!

જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી કુતરાની દશાને પામેલા આ જીવને પણ ખ્યાલ નથી જ કે મારા પોતાનો જ ભેદ થાય છે અને તેમાંથીજ ઘણા થોડા ભાગનું સુખ મને મળે છે. કુતરાને લોહીપર મોહ છે, તેજ પ્રમાણે આ આત્માને પણ પૌદ્‌ગલિક સુખો ઉપર મોહ છે, તેથીજ તેના આત્માનો ભેદ થઈને તેને લેશમાત્ર સુખ મળે છે, એ લેશમાત્ર સુખ પણ એવું તો નથી જ કે તે બારે માસ ચાલુ જ રહે, એ સુખ પણ ક્ષણિક છે, ક્ષણમાત્રમાં ફેરવાઈ જવાના સ્વભાવવાળું છે.

આટલું છતાં પણ જ્યાં સુધી જીંદગી ફરતી નથી અને આત્માને નવી જીંદગી મળતી નથી ત્યાં સુધી એ વાત તેના ખ્યાલમાં પણ આવતી જ નથી! આ જીવમાં જ્યાં સુધી મિથ્યા દૃષ્ટિનો વાસ છે અને એ મિથ્યાદૃષ્ટિપણું ટળે નહિ ત્યાં સુધી પૌદ્‌ગલિક વસ્તુઓથી થતું સુખ એ સાચું સુખ નથી એ વાતનો તેને ખ્યાલ જ આવતો નથી.

તે મિથ્યાદૃષ્ટિ જીવ એમજ માનતો રહે છે કે પૌદ્‌ગલિક પદાર્થોના સંયોગથી થતા સુખો એ જ સાચા સુખો હોઈ તેમાં મારો હિસ્સો છે.

## સુખ નહિ પણ સુખાભાસ

આત્માને જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે તે સમજે છે કે પૌદ્ગલિક વસ્તુઓના સંજોગથી જે સુખ મળે છે તે સાચું સુખ નથી પરંતુ માત્ર સુખાભાસ છે. આત્મા એકેન્દ્રિય દશામાં હોય, બે ઇન્દ્રિયવાળી દશામાં હોય, ત્રણ ઇન્દ્રિયવાળી દશામાં હોય, ચાર ઈન્દ્રિયોવાળી દશામાં હોય, કે પાંચ ઈન્દ્રિયોવાળી દશામાં હોય, યાવત્ મનુષ્ય ભવમાં પણ આવે, પરંતુ જ્યાંસુધી ધર્મ સંજ્ઞા આવતી નથી, ત્યાંસુધી સુખની પ્રાપ્તિ સ્વપ્ન તુલ્ય છે.

પણ ધર્મ-સંજ્ઞા આવવી એ ઘણી મુશ્કેલ વાત છે, તે સરળ વાત નથી.

ખાખરાના ઝાડ પર રહેતી ખીસકોલી તે સાકરના સ્વાદને કદી સમજતી નથી, એટલું નહી પરંતુ તે આંબાના ઝાડ ઉપર જાય તો પણ તેને કેરી ખાવાની ઈચ્છા થતી નથી એને તે તમે ખીસકોલીની કમનસીબી કહેશો કે બીજું કાંઈ કહેશો ?

ખીસકોલી એક જ ઝાડ પર ઠરી ઠામ બેસતી નથી. વલવલાટ કરવાનો અને એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઠેકડા મારવાનો એનો સ્વભાવ પડી ગએલો છે અને તેથી તે એક ઝાડ છોડીને બીજા ઝાડ પર અને બીજું છોડીને ત્રીજા ઝાડ પર ઠેકડા માર્યા કરે છે, આમ ઝાડો ઉપર ઠેકડા મારતાં મારતાં તે કોઈ ભવિતવ્યતાને યોગે આંબાના ઝાડ ઉપર આવી જાય, પણ આંબાના ઝાડ ઉપર આવી ગએલી ખીસકોલી આંબાને મોઢું પણ ન લગાવે અને ઝપાટાબંધ નીચે ઉતરી પડીને ખાખરાના ઝાડ તરફ જ દોડી જાય તો તેને ખીસકોલીનું કમનસીબ જ કહેવું પડે છે.

### માત્ર ભવિતવ્યાથી....!

ખીસકોલીનો સ્વભાવ રખડવાનો છે અને રખડતાં-રખડતાં તે જેમ ભવિતવ્યતાને યોગે આંબા ઉપર જઈ ચઢે છે, તે પ્રમાણે

આત્માનો પણ સ્વભાવ રખડવાનો છે અને તે રખડતો રખડતો આ માનવ ભવરૂપી આમ્ર વૃક્ષ ઉપર આવી ચઢયો છે. હવે એ આમ્ર વૃક્ષ ઉપર આવી ચઢેલો જીવ પણ જો આત્મ-સુખનો અનુભવ ન લે તો તેને પણ કમભાગી જ લેખવો કે બીજું કાંઈ?

માનવભવમાં સર્વજ્ઞ શાસનરૂપ આંબો આપણને મળ્યો છે એ કેવળ આપણી ભવિતવ્યતાનો પ્રતાપ છે, બીજું કાંઈ નથી!

હવે ભવિતવ્યતાને યોગે જે મળી ગયું છે, તેનો જો આપણે સદુપયોગ ન કરી લઈએ તો આપણા જેવો મૂર્ખ બીજો કોણ? પહેલે ભવે આત્માએ એમ ધાર્યું ન હતું કે મને સર્વજ્ઞ શાસન મળો? મને જૈન કુળ મળો! અથવા મને ભગવાન મહાવીરનું શરણ મળો! છતાં ભવિતવ્યતાને યોગે આપણે આંબે ચઢી આવ્યા છીએ ભવિતવ્યતાને જોરે આપણી સ્થિતિ સુધરી છે અને આપણે ભાગ્યયોગે આ દશા પામ્યા છીએ હવે આપણે એનો શો ઉપયોગ કરવો? તે ખરેખર વિચારવાનું છે.

આ રીતે પ્રભુ ઋષભદેવ પરમાત્માના ગૃહસ્થાવસ્થાના પણ નિર્મળ સમ્યકત્વની વાતના પ્રસંગે **મરૂદેવા** માતાના પ્રસંગથી અકામ નિર્જરાનું સાપેક્ષ મહત્વ વિચાર્યું, પ્રાસંગિક ભવિતવ્યતાના બળે સારી સામગ્રી મળ્યા છતાં પણ યોગ્ય પુરુષાર્થ ફોરવવા માટે પ્રભુ ઋષભદેવના ચારિત્ર ગ્રહણ અને તેની તૈયારીની વાત વિચારવી જરૂરી છે.

## પ્રભુ ઋષભદેવની ચારિત્ર ગ્રહણની તયારીનું રહસ્ય

સૂત્ર અને પંચાંગીથી એ વાત તો સિદ્ધ જ થએલી છે કે આ અવસર્પિણીમાં પહેલવહેલો રાજ્યાભિષેક જો કોઈનો પણ થયો હોય તો તે **ઋષભદેવજી** મહારાજનો જ થએલો છે. કારણકે

હકાર-મકાર અને ધિક્કારની રાજનીતિ તેમના પહેલેથી ચાલુ હતી, છતાં દૈહિક દંડની સજા કોઈપણ જુગલીયાના વખતમાં ચાલી નથી

તેવી રીતે કેદ અને દેશથી બહાર કાઢવાની સજા પણ કોઈ વિમલવાહનાદિ યુગલિયાના વખતમાં ચાલી નથી.

પણ કાલના પડતાપણાના લીધે જુગલીઆઓમાં પણ તે હકાર આદિક નીતિનો પ્રભાવ પડયો નહીં અને તે કારણથી મર્યાદાને ઓળંગનારાઓના દમનને માટે પ્રજાના પોકારથી ભગવાન્ ઋષભદેવજીને રાજ્યાસન ઉપર બેસવાની નાભિ મહારાજા તરફથી ફરજ પડી.

તે ફરજ અંગે ઈન્દ્ર મહારાજે પણ આવીને થતા રાજ્યારોહણમાં રાજ્યાભિષેકનો રંગ પૂર્યો. અનુક્રમે ભગવાનને રાજ્યોની વ્યવસ્થા કરવાની જરૂર પડી અને તેથી હસ્તિ વિગેરેનો સંગ્રહ કર્યો અને બંદિખાના વિગેરેની પણ વ્યવસ્થા કરવી પડી.

આ વી રીતે વ્યવસ્થા કરતાં અનુક્રમે સો દેશોની વ્યવસ્થા ભગવાન્ શ્રી ઋષભદેવજીના હસ્તક થવાથી તે સો રાજ્યો સ્થપાયાં, તે રાજ્યો ઉપર ભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજે દીક્ષા લેતી વખતે પોતાના સો પુત્રોનો અધિકાર સ્થાપન કર્યો અને તેથીજ સૂત્રકાર વિગેરે કહે છે કે पुत्तसयं रज्जसए अभिसिंचित्ता ઈત્યાદિક વાકયોથી એ વાત સ્પષ્ટ કરેલી છે.

## સો ભાગે રાજ્યની વહેંચણી કેમ ?

આ સ્થાને એટલું વિચારવાનું છે કે ભગવાન શ્રી ઋષભદેવજીએ પોતાના જે સો પુત્રો હતા તેઓને સો દેશોનું રાજ્ય આપ્યું એ મૂલ વિભાગની અપેક્ષાએ વ્યાજબી હતું.

સામાન્ય રીતે જગતની રીતિએ પણ પુત્રની સંખ્યાએ જ પિતાની ઋદ્ધિનો ભાગ પડે છે. પણ પુત્રના પુત્રાદિની અપેક્ષાએ ઋદ્ધિનો વિભાગ પડતો નથી. તો પછી રાજ્યનો વિભાગ તો તેવી રીતે હોય જ શાનો ?

જો કે સામાન્ય રીતિએ તો રાજ્યનો વિભાગ ન હોય ! કેમકે રાજ્યની રીતિ પ્રમાણે યુવરાજ તરીકે મોટા કુંવરને રાજગાદીનો અધિકાર હોય છે. અને મોટા કુંવર સિવાયના બાકીના કુમારોને નિર્વાહ પૂરતી જાગીરી અપાય છે. પણ આ વિભાગ રાજ્યના કટકા નહિ થવાની દૃષ્ટિએ નિયમિત કરવામાં આવેલો જણાય છે, કારણકે એમ જો ન માનીએ તો ચક્રવર્ત્તીના યુવરાજ સિવાયના પુત્રોનું ભાગ્ય માંડલિક રાજા જે માત્ર દેશનો જ માલિક હોય છે તેના કુમાર કરતાં ઓછું જ ગણાય,

એટલે એમ કહેવું જોઈએ કે ચક્રવર્ત્તીને ઘેર જન્મ્યા તે કરતાં તે બીજા કુમારોના જીવો બીજા બીજા માંડલિક રાજાને ઘેર કુમાર તરીકે જન્મ્યા હોત તો સારૂં ગણાત,

એટલે ચક્રવર્ત્તી ખરી રીતે એક જ કુમારનો પિતા હોય તે યોગ્ય ગણાય.

પણ આવી સ્થિતિ ઋદ્ધિ–પ્રધાનતાવાળી રાજ્યની સ્થિતિ રહેવી જોઈએ તે અપેક્ષાએ કરવામાં આવી છે એમ કહેવું ખોટું નથી, પરંતુ રક્ષા અને પાલનના પ્રધાનપણાની દૃષ્ટિએ એક યુવરાજને રાજ્ય સોંપી દેવાની યુક્તિ તે ઘણી સારી રીત ગણાય નહિ. રક્ષા અને પોષણની નીતિની અપેક્ષાએ તો ઉત્તરાધિકારી તરીકે હક્ક–અધિકારનો નિયમ રહે તે સંગત ન ગણાય !

પરંતુ જે રીતે રક્ષા અને પાલન થઈ શકે તેવો નિયમ રહે,

રક્ષા અને પાલનની દૃષ્ટિએ રાજ્યની વ્યવસ્થા કરવામાં યોગ્ય કુમાર ન્હાનો હોય તો પણ તેને રાજ્ય ગાદીનું સમર્પણ થઈ શકે અને રાજ્યની સ્થિતિ જો વિભાગથી રક્ષા અને પાલનને લાયક છે એમ લાગે તો નિવૃત્ત દશાને પામતા અગર ઉત્તરાધિકારને કરવાને ઈચ્છનારા રાજાની પવિત્ર ભાવનાથી અખંડ રાજ્યનો અભિષેક અગર વિભક્ત રાજ્યના અભિષેકો મ્હોટા કુમારને અગર કોઈ પણ એક કુમારને અગર જુદા જુદા કુમારને કરી શકે.

આ સાચી વસ્તુ સ્થિતિ વિચારતાં ભગવાન્ ઋષભદેવજીને પોતાના તાબાના સો રાજ્યોની રાજગાદી સો પુત્રોને આપવી યોગ્ય લાગી હતી અને તેથી સોએ દેશોના રાજ્યોમાં સોએ પુત્રોનો અભિષેક કર્યો હતો !

## પુત્ર તરીકે મનાયેલા નમિ-વિનમિનો ભાગ કેમ નહિ?

એમ છતાં પણ જગત્માં જેમ ઔરસ પુત્ર પિતાનો ભાગ લેવાને માટે હકદાર છે, તેવી રીતે દત્તકપુત્ર પણ હક્કદાર છે એ સ્થિતિએ ભગવાન્ શ્રી ઋષભદેવજીએ જેવી રીતે ભરત-બાહુબલિજી વિગેરેને પોતાના પુત્ર તરીકે રાખ્યા અને પાલ્યા પોષ્યા હતા. તેવી જ રીતે નમિ અને વિનમિને કે જેઓ ભગવાન્ શ્રી ઋષભ-દેવજીના સાક્ષાત્ પુત્રો નહોતા, પણ પુત્રના પુત્ર હતા.

સીધી રીતિએ નમિ અને વિનમિ ભગવાન્ ઋષભદેવની પાસેથી રાજ્યનો ભાગ કે દેશનો હક્ક કંઈ પણ મેળવવાને હક્કદાર નહોતા,

છતાં તે નમિ-વિનમિને ભગવાન ઋષભદેવજીએ પુત્ર તરીકે સ્થાપેલા હોવાથી રાજ્યનો ભાગ કે દેશ લેવાની માગણી કરવાને હક્કદાર હતા, પરંતુ જે વખતે ભગવાન્ ઋષભદેવજીએ સો પુત્રોને

સો દેશની રાજ્ય ગાદીઓ સમર્પણ કરી અને સંવચ્છરી દાનનો અસ્ખલિતપણે પ્રવાહ એક વર્ષ સુધી લાગલાગટ રીતે વહેવડાવ્યો તે વખતે નમિ અને વિનમિ જેઓને ભગવાન્ ઋષભદેવજીએ પુત્ર તરીકે રાખ્યા અને પાલ્યા-પોષ્યા હતા, તેઓ કોઈ તેવા પ્રયોજનસર ભગવાન્ ઋષભદેવજીના રાજ્યની હદ બહાર છેવટે કંઈ નહીં તો રાજ્યકારભાર જ્યાં ચાલતો હતો તે હદની બહાર તેઓ ભગવાન્‌ના હુકમથી ગએલા હતા અને તેથી તેઓને આ રાજ્યની વહેંચણીની વાત કે મહારાજના સંવત્છરી દાનની વાત તેઓના કાન સુધી આવી નહિ.

પરંતુ ભગવાન્ ઋષભદેવજી સોએ પુત્રોને રાજ્યનો અભિષેક કરીને સંવત્છરી દાન દઈ પ્રવ્રજિત થયા. ત્યાર પછી તે નમિ અને વિનમિ ભગવાને આદેશેલા કાર્યને કરીને પાછા દેશમાં આવ્યા ત્યારે રાજ્યની, રાજ્યના વિભાગની, સંવચ્છરી દાનની અને ભગવાન્‌ની પ્રવ્રજ્યાની ખબર પડી.

## શ્રી ભરત મહારાજની નમિ-વિનમિ પ્રત્યે કેવી ઉદારતા?

ભગવાનના હુકમથી કાર્ય કરવા ગએલા અને કાર્ય કરીને આવેલા એવા નમિ-વિનમિને ભગવાને પુત્ર તરીકે રાખ્યા છે એ વાતની ભરત મહારાજને સંપૂર્ણ રીતે માહિતગારી હતી અને તેથી ભરત મહારાજે પોતાની લાયકાતને અનુસરીને પોતાને મળેલા અયોધ્યાના રાજ્યમાંથી ભાગ આપવા કહ્યું.

આ સ્થાને ભરત મહારાજની લાયકાત અને નિર્લોભતા કેટલી હશે? તે ખરેખર વિચારવા જેવું છે

જો ભરત મહારાજને નમિ-વિનમિએ ભગવાને આપેલા હુકમનું પાલન કર્યું છે તેને અંગે સરખા ભાઈ તરીકે ન ગણે તેમજ

ભગવાને પુત્ર તરીકે રાખ્યા અને પાલ્યા છે તે ધ્યાનમાં ન લે, તો પોતાના રાજ્યમાંથી કુમાર-ભુક્તિ જેટલો ભાગ પણ આપવા તૈયાર ન થાય! છતાં ભરત મહારાજા પોતાની ઉત્તમતાને અંગે તે નમિ-વિનમિને પોતાને મળેલા રાજ્યમાંથી પણ રાજ્યનો ભાગ આપવા તૈયાર થયા છે.

છતાં નમિ અને વિનમિ કુટુંબ આદિની સ્થિતિ ધ્યાનમાં લઈ ભવિષ્યમાં કોઈપણ મનુષ્ય કોઈપણ જાતનું અપમાનકારક વચન બોલી દે કે એવું બીજું કંઈપણ કરે એવા વિચારથી તેમણે ભરત મહારાજા પાસેથી રાજ્યનો ભાગ લેવાની ના પાડી.

## નમિ-વિનમિનું પિતા તુલ્ય દાદા પાસે ગમન અને તેમની અપૂર્વ શુશ્રૂષા

ભગવાન ઋષભદેવજીએ પોતાને પુત્ર તરીકે રાખેલા છે, માટે ભાઈ પાસેથી ભાઈના ભાગમાંથી ભાગ લેવા કરતાં પિતા તરીકે માનેલા દાદા ઋષભદેવજી પાસેથી ભાગ લેવો, એમ નિશ્ચય કરી ભગવાન ઋષભદેવજીની પાસે તે નમિ અને વિનમિ બન્ને સરખી સલાહ કરીને આવ્યા.

જો કે ભગવાન ઋષભદેવજીએ સર્વરાજ્ય ઋદ્ધિનો ત્યાગ કર્યો છે અને સર્વ સાવદ્ય ત્યાગરૂપ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે, એ હકીકત તે નમિ અને વિનમિના ધ્યાનમાં પુરેપુરી હતી છતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરિજી એ અધિકારમાં જણાવે છે કે "अस्ति-नास्तीति का चिन्ता, कार्या सेवैव सेवकैः"

અર્થાત્ સ્વામી પાસે કંઈપણ વસ્તુ દેવાની છે કે નહિ, એવો સેવકોને વિચાર કરવાનો હોય નહિ. પણ સેવકે તો સેવા જ કરવાની હોય તેમ દીક્ષિત થએલા ભગવાન્ ઋષભદેવજીની સેવામાં તે નમિ અને વિનમિ તૈયાર થયા, તેઓ ભગવાન ઋષભદેવજીની અપૂર્વ રીતિએ સેવા કરતા હતા.

ભગવાન ઋષભદેવજી જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં પૃથ્વીનું પ્રમાર્જન કરે, તે કાઉસગ્ગ ધ્યાને રહે ત્યાં ચારે બાજુ જલનો છંટકાવ કરે અને ફુલની વૃષ્ટિ ચારે બાજુ કરી ભગવાનની સેવામાં ઉભા રહેતા હતા, ભગવાનની પાસે ઉભા રહેતી વખતે તે **નમિ** અને **વિનમિના** હાથમાં ચળકતી તલવારો હતી ને તલવારોમાં ભગવાન **ઋષભદેવજી**નું પ્રતિબિંબ પડવાને લીધે ભગવાન ઋષભદેવજી ત્રણ જગતના ઉદ્ધારને માટે ત્રણ રૂપવાળા થયા હતા તેમ દેખાતું હતું. શાસ્ત્રકારો અભિગમમાં ખડ્ગ છોડવાનું કહે છે, પણ રાજ્ય ચિહ્ન રૂપે હોય તેને માટે ગણાય. આ તો સેવાના રૂપે છે તેથી અહીં ખડ્ગ સેવાના પ્રતીક તરીકે સંગત લાગે છે.

## યથાસ્થિત ત્રિમૂર્તિરૂપ ભગવાનની સ્તુતિ

કેટલીક જગોપર ગ્રંથકારો પણ એ રૂપની અપેક્ષાએ ભગવાન ઋષભદેવજીની ત્રિમૂર્તિ તરીકે સ્તુતિ કરે છે.

વિચક્ષણ પુરૂષો સમજી શકશે કે જેમ મુખનું યથાવત્ પ્રતિબિંબ જ આદર્શમાં હોય છે એથી સાક્ષાત્ મુખ અને પ્રતિબિંબિત થએલા આદર્શના મુખમાં અંશે પણ દેખાવમાં ફરક હોતો નથી અને તેથી વાસ્તવિક રીતિએ ભગવાન ઋષભદેવજી ત્રિમૂર્તિ રૂપ ગણાય, કેમકે તે ત્રણે મૂર્તિઓ એકસરખી હોય રૂપ-રંગ વગેરેમાં કોઇપણ જાતના ફરકવાળી તે હોતી નથી. જો કે જગતમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ-મહેશ્વર એ ત્રણ ત્રિમૂર્તિરૂપ ગણાય છે પણ તે ત્રણેનું ત્રિમૂર્તિરૂપ કહેવા કરતાં એ ત્રણેને ત્રિશરીરી કહેવા એ વધારે યોગ્ય ગણાય, કેમકે એ ત્રણેના આકારો વિગેરે કોઇપણ પ્રકારે મળતા નથી.

પરંતુ ભગવાન્ **ઋષભદેવજી**નું મૂળ શરીર અને સેવામાં ઊભેલા **નમિ-વિનમિ**ની તલવારમાં પડેલ પ્રતિબિંબમાં કોઈ પણ જાતના રૂપ-રંગ, વર્તન કે આકારમાં ભેદ ન હતો.

વળી બ્રહ્મા વિશ્ણુ મહેશ્વર એ ત્રણ મૂર્તિ નથી, પણ ખુદ એ ત્રણે ચૈતન્ય-સ્વરૂપ છે અને એ ત્રણેમાં એકે પણ મૂર્તિરૂપ નથી,

જ્યારે અહીં ભગવાન્ ઋષભદેવજીના અધિકારમાં નમિ-વિનમિના ખડ્ગોમાં થએલા જે બે પ્રતિબિંબો છે, તે તો ખુદ મૂર્ત્તિરૂપે છે, તથા બન્ને બાજુ મૂર્તિરૂપ હોવાથી મધ્ય બિરાજેલા ભગવાન્ ઋષભદેવજી સાક્ષાત્ વિદ્યમાન હતા, છતાં પણ તેમને કાઉસ્સગ્ગને લીધે આકાર માત્રની અપેક્ષાએ મૂર્ત્તિરૂપે ગણી ત્રિમૂર્ત્તિ તરીકે ગણવામાં આવે તો તે યુક્તિ-યુક્ત હોઇ શ્રદ્ધેય કહી શકાય માટે ભગવાન્ ઋષભદેવજીની ત્રિમૂર્ત્તિ તરીકે કરેલી સ્તુતિ યથા-સ્થિત છે એમ સજ્જનોને માનવાની ફરજ પડે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સર્વકાલ નમિ અને વિનમિ ભગવાન્‌ની સેવા કરવા સાથે જે મુદ્દાથી આવેલા છે તે મુદ્દાને ભૂલતા નથી, અને તેથી ભગવાન્‌ની આગળ ત્રણે કાળ નમસ્કાર કરીને એક જ માગણી કરે છે કે राज्यभागप्रदो भव આવી રીતે નમિ અને વિનમિને અંગે કરવો જોઇતો વિચાર કરી નિર્ગ્રંથ પણ ભગવાનની સેવાથી થતી ફલની પ્રાપ્તિનો વિચાર પ્રસંગોપાત હોઈ વાત કરીએ !

## આત્માના અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ ક્યારે થાય ?

સામાન્ય રીતે જૈનશાસન અને અન્ય કેટલાક સારા દર્શનોના અભિપ્રાયથી દરેક જીવ કે આત્મા અનન્ત ગુણવાળો છે, અને ભગવાનની સેવા, ગુરૂની ચાકરી કે ધર્મનું આરાધન વિગેરે જે

કંઈપણ કરવામાં આવે છે, તે માત્ર આત્માના ગુણોને રોકનાર વિઘ્નોને દૂર કરી આત્માના તે ગુણોને પ્રગટ કરવા માટે હોય છે.

અર્થાત્ જેમ વાદળના પડલો ખસી જવાથી સૂર્યનો સ્વાભાવિક પ્રકાશ બહાર આવે છે, તેમાં વાદળનું ખસવું એ સૂર્યના પ્રકાશને કરનાર નથી. સૂર્યના પ્રકાશને તો કરનાર સૂર્ય જ છે, પરંતુ તે વાદળના પડલને અંગે તે સૂર્યનો પ્રકાશ જગતમાં દેખાતો ન્હોતો. તેવી રીતે દરેક આત્મામાં સ્વાભાવિક રીતે અનન્ત એવું જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખ વિગેરે રહેલાં છે, પરંતુ તેને પ્રગટ થવામાં કર્મરૂપી પડલો આડાં છે, અને તે કર્મ-પડલો જ્યારે ખસી જાય ત્યારે આત્માના તે અનન્તજ્ઞાનાદિક ગુણો આપોઆપ પ્રગટ થાય છે.

યાદ રાખવું કે પારાની સાથે મળેલું સોનું સુવર્ણરૂપે નાશ પામેલું નથી, તેમ અગ્નિના સંયોગે પારો ઊડી જવાથી દેખાતું સોનું નવું પણ ઉત્પન્ન થતું નથી, પરન્તુ સોનાના સ્વરૂપને ઢાંકી દેનાર એવો પારો અગ્નિના સંયોગથી ઊડી જાય છે, તેવી રીતે અહીં પણ નાશ પામતા કર્મરૂપી આવરણો આત્માના જ્ઞાનાદિક ગુણો નવા ઉપજાવતા નથી, પરંતુ તેને આવરનારા કર્મો ખસી જવાથી અવરાયેલા જ્ઞાનાદિક ગુણો પ્રગટ થાય છે.

આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે જૈનશાસ્ત્રકારોએ આત્માના ગુણોને અંગે કહેલા ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવોની સમજણ પડશે.

## આત્માના ગુણો ઉત્પન્ન થતા નથી, પણ પ્રગટ થાય છે.

ધ્યાન રાખવું કે કોઈપણ આત્માનો ગુણ જો નવો ઉત્પન્ન થતો હોત તો ઔત્પત્તિક નામનો છઠ્ઠો ભાવ માનવો પડે, પરન્તુ ભાવના પાંચ પ્રકાર ગણીએ છીએ.

જો કે છ પ્રકાર ગણીએ તો પણ તેમાં ઔત્પત્તિક નામનો કોઇ પણ ભાવ માનવામાં આવ્યો નથી, પરંતુ ક્ષાયિક આદિ ભાવો માનવામાં આવેલા છે, તેનું કારણ એટલું જ કે આત્મામાં જ્ઞાનાદિક ગુણો નવા ઉત્પન્ન થતા નથી, પરંતુ કર્મોના પડલોથી રોકાયેલા તે પ્રગટ થાય છે.

આ ઉપરથી જે બીજી જગો પર કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું, વિગેરે જે ઉત્પત્તિને નામે કહેવાય છે, તેનો અર્થ પ્રગટપણે થયું એટલે જ કહી શકાય.

ઉપર જણાવેલી હકીકત ઉપરથી સ્પષ્ટ સમજાશે કે—આ આત્માને ભગવાન આદિની આરાધના વિગેરેથી કંઈપણ બહારથી મેળવવાનું નથી, પરન્તુ ભગવાન્ વિગેરેની આરાધના વિગેરેના આલંબનથી પોતાના જ્ઞાનાદિક ગુણોને રોકનારા કર્મોનો નાશ કરવો, એટલું ધ્યેય હોય છે.

આ કારણથી આત્માના પરિણામની અપેક્ષાએ આરાધનાનું ફલ ગણવામાં આવે છે, જેમ પરિણામ ઉચ્ચતમ તેમ કર્મનો ક્ષયોપશમ કે ક્ષય પણ ઉચ્ચતમ થાય છે, જેમ પરિણામની મધ્યમદશા તેમ કર્મના ક્ષયોપશમાદિની પણ મધ્યમ દશા હોય છે અને પરિણામની જઘન્યતાએ કર્મના ક્ષયોપશમની પણ જઘન્યદશા હોય છે.

## ગુણો મેળવવા શું કરવું ?

આવી રીતે આત્માના પરિણામથી ફલ હોવાને લીધે કેવલજ્ઞાન આદિક ગુણોના આલંબને કેવલજ્ઞાનઆદિકવાળા જીવોના શરીરાદિને વન્દન—નમસ્કાર કરવાથી ફલની પ્રાપ્તિ થઈ શકે છે.

યાદ રાખવું કે કેવલજ્ઞાની મહારાજનું પણ શરીર હોય, તોપણ તે શરીરમાંથી એક અંશે જ્ઞાનાદિકની ઉત્પત્તિ થાય અને તે સેવકને મલે એવું કોઈ કાલે થયું નથી, થતું નથી, અને થશે પણ

નહિ પરંતુ તે શરીર દ્વારા તેમાં અધિષ્ઠાન તરીકે રહેલા મહાપુરુષના ગુણોના બહુમાનથી આત્માના પરિણામ નિર્મલ થાય છે. તેથી તે નિર્મલ થયેલા આત્માના પરિણામ આવરણ કરનાર કર્મના ક્ષયોપશમાદિને કરે છે.

આ કારણથી મુક્તિ પામેલા ત્રિલોકનાથ તીર્થંકર મહારાજા, ગણધર મહારાજા, અને સામાન્ય મુનિઓના કલેવરો પણ શાસનમાં શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વિગેરે સૂત્રોદ્વારા ભક્તિને લાયક ગણાયેલા છે, એટલું જ નહિ પણ શ્રી અનુયોગદ્વારમાં શ્રી સિદ્ધશિલાના તલ ઉપર, શય્યામાં, સંથારામાં, કે નિષદ્યામાં કાલધર્મ પામેલા મુનિના શરીરને અંગે આવશ્યક ક્રિયાના શિક્ષણની (આવશ્યકનો પ્રસંગ હોવાથી) ભાવના જણાવી છે.

## સિદ્ધશિલાનું સ્પષ્ટીકરણ

ધ્યાન રાખવું કે ચૌદરાજલોકમાં આઠમી પૃથ્વી તરીકે ગણાયેલી સિદ્ધશિલા ઉપર કોઈ પણ મુનિને અનશન કરવાનું હોય નહિ અને તેથી તે સિદ્ધશિલા ઉપર કોઈપણ મુનિનું શરીર હોય નહિ, એટલે એ સિદ્ધશિલાતલ પદથી ચોક્કસ માનવું પડશે કે પ્રાચીન કાલમાં મુનિઓની સિદ્ધિના સ્થાનો સિદ્ધશિલા તરીકે પવિત્ર ગણાતા હતાં.

આ ઉપરથી જેઓ શ્રી અષ્ટાપદજી, શ્રી સમેત શિખરજી, શ્રી સિદ્ધાચલજી અને શ્રી ગિરનારજી વિગેરે તીર્થો જૈનોના મલ આગમોમાં પ્રતિપાદન કરેલા છે, છતાં પણ ન માને તેઓને સૂત્ર, અર્થ અને ઉભયના પ્રત્યનીક (શત્રુ) કહેવા પડે. જો કે આ કઠોરવચન તીર્થ નહિ માનનારાઓને દુઃખદાયી થશે, પણ તે દુઃખના નાશનો ઉપાય તેમના પોતાનાજ હાથમાં છે. અને તે એ કે—શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા તીર્થોની અમાન્યતા છોડે અને એમ

થશે તો ઉપર જણાવેલું વચન તેમને કોઈપણ અંશે પણ દુઃખ કરનારું થશે નહિ.

આત્માના પરિણામને અંગે કર્મના ક્ષયોપશમ આદિનું ફળ થતું હોવાને લીધે ઉપર જણાવ્યું તેમ જીવંત શરીર દ્વારા કે જીવ રહિત શરીર દ્વારા ફળ થઈ શકે છે. વળી તે કરતાં પણ વધારે આશ્ચર્ય તો એ છે કે સિદ્ધ પરમાત્મા કે જેઓ આપણી દૃષ્ટિના વિષયમાં જ નથી, તેઓને પણ નમસ્કાર કરતાં સર્વ-પાપનો નાશ થાય અને તે નમસ્કાર સર્વ મંગળમાં પહેલું મંગળ બને, એવી જે આજ્ઞા પંચ-પરમેષ્ઠિ-સૂત્રે કરેલી છે, તે પણ અધ્યવસાય-શુદ્ધિ દ્વારા આત્મા ફળ મેળવતો હોય તો બની શકે.

## ગુણો જાણવા આદિ માટે આકૃતિની અવશ્ય જરૂર છે?

આ બધી વસ્તુ ધ્યાનમાં રાખનારો મનુષ્ય ભગવાનની ભક્તિમાં ઉત્થાપકો તરફથી જે ગાયની આકૃતિનું દૃષ્ટાન્ત દેવામાં આવે છે, તેમાં તે દૃષ્ટાન્ત દેનારની અજ્ઞાનદશા સમજી શકશે.

કેમકે જૈનશાસ્ત્ર પ્રમાણે આત્મ-પરિણામથી ઉત્પન્ન થતી દેવાદિકની આરાધના વિગેરેથી જે ગુણરૂપી ફલો છે તે પોતાના આત્મામાંથી પ્રગટ કરવાના છે. પરન્તુ તે બીજે ઉત્પન્ન થાય અને આત્મામાં આવે, એમ જૈનશાસન પ્રમાણે બનતું નથી અને માનેલું પણ નથી.

જો તે અજ્ઞાની મનુષ્યે દીધેલા ગાયના દૃષ્ટાન્ત ઉપર ઘટના કરવા માગીએ તો સ્પષ્ટ માનવું પડે કે-જેમ ગાયને જે વખતે દોહી લઈએ તે વખત પછી તે ગાયમાં દૂધ રહેતું નથી, તેવી રીતે એક કેવલજ્ઞાની મહાત્માથી કોઈ પણ એક ભક્ત જીવનું કલ્યાણ થાય, તો પછી તે કેવલજ્ઞાની મહાત્મા તો કેવલજ્ઞાને

વગરના જ બની જાય. વળી જે ગાયને દોહી હોય તે ગાયને કાલાન્તરે જ નવું દૂધ થાય છે, તેવી રીતે ભક્તને કેવલજ્ઞાન આપનારા મહાત્મા પણ તેટલો કાલ એટલે નવું કેવલજ્ઞાન ઉત્પન્ન ન કરે ત્યાં સુધી કેવલજ્ઞાન વગરના છે એમ માનવું પડે.

વળી જેમ દૂધ એ દેવા-લેવાની ચીજ છે, તેમ કેવલજ્ઞાન પણ દેવા-લેવાની ચીજ છે એમ માનવું પડે.

દૂધ એ દ્રવ્ય છે, તેમ કેવલજ્ઞાન પણ દ્રવ્ય છે એમ માનવું પડે.

દૂધ એ રૂપી વસ્તુ છે, તેમ કેવલજ્ઞાન પણ રૂપી વસ્તુ છે એમ માનવું પડે.

એટલું જ નહિં! પણ તે ગાઢ અજ્ઞાન રૂપે ગાયનું દષ્ટાન્ત દેનારાને णमो अरिहंताणं કહેવાનો વખત પણ રહે નહિ.

કેમકે જગત્‌માં જ્યારે ગાયની આકૃતિ માત્રથી દૂધ નીકળતું નથી તો પછી શું ગાયનું નામ લેવા માત્રથી કોઈને દૂધ મળે છે? અથવા ગાયની આગળ હાથ જોડવાથી શું કોઈને દૂધ મળ્યું છે? એક સામાન્ય અજ્ઞાન મનુષ્ય પણ કબૂલ કરશે કે ગાય-ગાય પોકારવાથી કોઈ દિવસ કોઈને પણ દૂધ મળતું નથી, અને ગાયની આગળ ચ્હાય તેટલું માથું અફળાવીયે યાવત્ માથું ફોડી પણ નાખીએ તો પણ તે માથું નમાવવા માત્રથી દૂધ મળતું નથી.

હજુ કદાચ જે દેશમાં ગાય ન હોય અને ગાયની આકૃતિથી કોઈ વિચક્ષણ પુરુષ ગાયને ઓળખવાવાળો થયો હોય અને તે વિચક્ષણ દેશાન્તરે જતાં જંગલમાં ક્ષુધા અને તૃષાને લીધે મરણ દશાને પ્રાપ્ત થયો હોય, તેવી અવસ્થામાં કદાચ સાચી ગાય મળે તો તે વિચક્ષણ તે સાચી ગાયથી ભય નહિં પામે, એટલું જ નહિં પણ આકૃતિ દ્વારા ગાયને ઓળખેલી હોવાથી અને તેનું સ્મરણ થવાથી દૂધ દેવાના તેના ગુણને યાદ કરી તે સાચી ગાયમાંથી

દૂધ લઈ પોતાનું જીવન બચાવી શકશે, પરંતુ જે મનુષ્યને ગાયની આકૃતિ દ્વારા ગાયનો અંશે પણ ખ્યાલ નથી, એવો મનુષ્ય તો દેશાન્તરે જતાં જંગલમાં ક્ષુધા અને તૃષાથી મરણ દશાએ આવ્યો હોય અને સાચી ગાય ત્યાં આવી હોય છતાં બિચારો મરણને શરણ જ થાય.

## નમિ-વિનમિની સેવા અને માગણી

આ વસ્તુને વિચારનારાઓ તો ગુણોને જાણવા-ઓળખવા અને સ્મરણ કરવા માટે આકૃતિની અતિશય જરૂર છે! એમ માન્યા સિવાય રહેશે નહિ.

આકૃતિને નહિ માનનારાઓએ યાદ રાખવું જોઈએ કે ખુદ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજને પણ તેમના ભક્તો આત્મા દ્વારા ઓળખતા ન્હોતા, પરંતુ તેમની મુખની આકૃતિ દ્વારા ઓળખતા હતા.

આટલું બધું અતીત અને વર્ત્તમાનમાં આકૃતિનું માહાત્મ્ય જાણ્યા છતાં આકૃતિની માન્યતાને ઉઠાવવા જેઓ તૈયાર થાય, તેઓ બોકાની બાંધીને મોઢું છુપાવનારા લુંટારૂઓની લાઈનથી બહાર નિકળેલા ગણાય તો ઘણું સારૂં.

ભગવાન્ની આરાધના, ગુરૂની સેવા અને ધર્મના આચરણથી પોતાના પરિણામને નિર્મલ કરી આત્મીય ફલ મેળવવાનું હોય છે એ સિદ્ધ હોવાથી શાસ્ત્રકારો કહે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ની સેવા કરતાં ચિન્તામણિ, કામધેનુ, કલ્પવૃક્ષ વિગેરેના દૃષ્ટાન્તો ધ્યાનમાં રાખવાં.

કેમકે તે ચિંતામણિ આદિને રાગદ્વેષ નથી, છતાં ફળદાયી થાય છે.

આ બધી હકીકત તો આત્મીયફળને અંગે વિચારી, પરન્તુ પ્રસ્તુત **નમિ-વિનમિના** પ્રકરણમાં બાહ્ય ફળને અંગે વિચાર કરવાનો હોઈ નિર્ગ્રંથ પરમાત્મા ભગવાન્ **ઋષભદેવજીની** સેવાથી **નમિ-વિનમિને** બાહ્ય ફળ કેમ થયું ? તે વિચારવાનું છે.

સામાન્ય રીતે બાહ્ય-ફળને ઉદ્દેશીને કહેવાય છે કે '**स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वरः**' અર્થાત્ પોતે ઐશ્વર્યવગરનો-દરિદ્ર હોય તે બીજાને ઐશ્વર્યવાળો કરી શકે નહિ, તો નિર્ગ્રંથ સ્વરૂપ ભગવાન્ ઋષભદેવજી **નમિ-વિનમિને** રાજ્ય રૂપી ફલ દેવાવાળા થાય ક્યાંથી ? જો કે ભગવાન્ **ઋષભદેવજી** રાષ્ટ્ર, રાજ્ય, ઋદ્ધિ અને કુટુંબ વગેરે સર્વના ત્યાગી છે, તેમાંનું તેમની પાસે કાંઈ પણ નથી, છતાં **નમિ-વિનમિજી** તો સેવા કરતાં હંમેશાં એક જ માગણી કરે છે કે '**राज्यभागप्रदो भव**' એટલે રાજ્યના ભાગને દેવાવાળા થાઓ ! ! !"

ટુંકી-દૃષ્ટિવાળાઓની અપેક્ષાએ તો એમ કહી શકીએ કે **નમિ-વિનમિજીની** ધારણા અને માંગણી મૂર્ખતાની છેલ્લી કોટિ ગણાય.

કેમકે તે **નમિ-વિનમિ** પોતે જાણે છે, ભગવાન્ ઋષભદેવજી તો નિર્ગ્રંથ પરમાત્મા છે, તેમની પાસે તો બીજાને આપવા માટે એક સળી સરખી પણ રહી નથી, પરંતુ પૂર્વે જણાવ્યું તેમ

**"अस्ति नास्तीति का चिन्ता ? कार्या सेवैव सेवकैः"**

અર્થાત્ સ્વામી પાસે છે કે નહિ, ? એનો વિચાર સેવકોએ કરવાનો હોય નહિ, પરન્તુ સેવકોએ તો માત્ર સેવ્યની સેવા જ કરવાની હોય,

આ વિચાર જાણે **નમિ-વિનમિએ** મનમાં ધાર્યો ન હોય ! તેવી રીતે નિર્ગ્રંથ પરમાત્મા ભગવાન્ **ઋષભદેવજીની** તેઓ લાગ-લગાટ સેવા કરતા રહ્યા.

પરન્તુ સુજ્ઞ પુરુષોએ ધ્યાન રાખવા જેવું છે કે-એક ચિન્તામણિરત્ન જેવા પત્થરની, કામધેનુ જેવી ગાયરૂપ પશુની, અને વનસ્પતિરૂપ જગતમાં અચેતન કહેવાતા એ કલ્પવૃક્ષની પણ સેવા કરનારા ઉત્તમ ગુણ-દષ્ટિવાળા ફલ પામે છે, પરંતુ તે ફલ તે ચિન્તામણિ આદિના ગુણને લીધે આકર્ષાયેલા દેવતાઓ દ્વારા થાય છે, તો પછી ત્રણ લોકના નાથ અનન્તગુણના નિધાન સુરેન્દ્ર-નરેન્દ્ર અને યોગીન્દ્રને પૂજ્ય એવા ભગવાન્ **શ્રી ઋષભદેવજીની** સેવાનું ભક્ત-દ્વારા ફલ મળે તેમાં આશ્ચર્ય જ શું ?

**ભક્તોનું કાર્ય શું ?**

ધ્યાન રાખવું કે ભગવાનના અધિષ્ઠાયક નહોતા. કેમકે કોઈ તેઓ ત્રણે જગતના પૂજ્ય હતા.

પરંતુ તે ત્રિલોકનાથના સેવકો ઈન્દ્રો-નરેન્દ્રો ચ્યવી ગયા નહોતા સામાન્ય રીતે આચાર્ય ભગવન્ત કે સાધુ મહારાજની બિરૂદાવલી બોલનારા યાચકો કે વધામણી આપનારાઓને આચાર્ય ભગવન્તો કે મુનિમહારાજાઓ નહિ, પણ તેઓશ્રીના ભક્તો લાખો સોનૈયા આપે છે, તો પછી ઈન્દ્ર-નરેન્દ્રના પૂજ્ય એવા ભગવાન **શ્રી ઋષભદેવજીની** સેવા કરનારા **નમિ-વિનમિને** ભગવાન **ઋષભદેવજી** તો નિર્ગ્રંથ પરમાત્મા હોવાથી કંઈપણ બાહ્ય વસ્તુ ન આપે પરંતુ તેમના ભક્તો ભગવાનની સેવા દેખીને ભક્તની ઇષ્ટપૂર્તિ ન કરે એ સંભવિત નથી, અર્થાત્ ભક્તિવાળા ભક્તોનું ઇષ્ટ સંપૂર્ણ કરે અને તેથી ભગવાન **ઋષભદેવજીની** સેવા કરવા આવેલા નાગકુમારના ઈન્દ્ર-ધરણેન્દ્રે **નમિ-વિનમિજીને** ઇષ્ટ સમર્પણ કર્યું.

જો કે ભક્ત મનુષ્ય પોતાના પૂજ્યની સેવાના ફલને દેવા માટે સમર્થ નથી.

કેમકે તે સેવા ચૌદ રાજલોકના આધિપત્ય કે ચક્રવર્ત્તીપણાથી પણ અધિક કિંમતવાળી ગણાય તેવી છે, છતાં પણ ભક્તે પોતાની શક્તિને ગોપવ્યા સિવાય પોતે જેઓને પૂજ્ય ગણ્યા હોય તેમના સેવકોના મનોરથો બાહ્યદૃષ્ટિએ પૂર્ણ કરવા ઘટે, તેથી **નમિ-વિનમિના** મનોરથો બાહ્યદૃષ્ટિથી સંપૂર્ણ કરનાર તે નાગરાજશ્રી **ધરણેન્દ્રે નમિ-વિનમિને** ભગવાન્ **ઋષભદેવજીએ** પોતાના સો પુત્રોને વહેંચેલા દેશો કરતાં પણ મોટો દેશ આપ્યો, એટલે કે **વૈતાઢય પર્વતની** ઉત્તર અને દક્ષિણ બંને શ્રેણિઓમાં અનેક નગરો વસાવડાવ્યાં, અને ગંધર્વ, **વિદ્યાધર** આદિ આઠ નિકાયો ત્યાં સ્થાપન કરી. એટલુંજ નહિ, પણ તે બંને શ્રેણિઓનું આધિપત્ય બંનેને આપતાં સર્વ આપત્તિઓને દૂર કરનાર અને સર્વસંપત્તિઓનો સમાગમ કરનાર એવી અડતાલીસ હજાર વિદ્યાઓ જે કે કેવલ પાઠમાત્રથીજ સ્વ-સ્વ કાર્યને સિદ્ધ કરનારી હતી એવી સમર્પણ કરી.

આવી રીતે **ધરણેન્દ્ર** નાગરાજે આપેલી ઋદ્ધિ-સમૃદ્ધિ જાણી-સમજીને ભક્તોએ પૂજ્યની સેવા કરનારને કેવા ઉચ્ચપદમાં સ્થાપવા જોઈએ ? તેનું કંઈક અંશે ભાન થશે.

આ વાતને આટલેથી જ સંક્ષેપી હવે ભગવાન્ **ઋષભદેવજી**એ પારણું કરવામાં પણ કેવો વિચાર કર્યો ? તે અંગે વિચાર કરીએ.

## નમિ-વિનમિનું ચિરસ્મરણ શા માટે ?

જો કે **નમિ** અને **વિનમિનો** અધિકાર ભગવાન્ના વર્ષીતપના પારણા કરતાં પહેલો કહી દેવામાં આવ્યો છે, પરન્તુ તે પહેલો જ બન્યો છે. એમ માની લેવાનું કાંઈ સબળ કારણ નથી, પરન્તુ એટલું તો ચોક્કસ છે કે તે **નમિ-વિનમિની** સેવા એવી અજોડ હતી કે

જેનું ચિરસ્મરણ શાસ્ત્રકારોએ તીર્થંકર ભગવાનની સામાન્ય પ્રતિમાઓમાં પણ ગોઠવ્યું છે.

કારણકે સામાન્ય રીતે કેટલાક આચાર્યો તીર્થંકર ભગવાનની જન્મ અવસ્થા, રાજ્ય અવસ્થા અને સામાન્ય છદ્મસ્થ અવસ્થા માનવાનું સ્નાત્રાદિકે કરીને જણાવે છે.

ત્યારે કેટલાક આચાર્યો જન્મ અવસ્થા અને રાજ્ય અવસ્થાને છોડી દઈને સ્નપન અને અર્ચાએ કરીને એકલી છદ્મસ્થ અવસ્થા વિચારવાનું જણાવે છે. અને તે વખતે સ્નપન અને અર્ચન કરનારો તે બીજા કોઈ નહિ, પરંતુ દીક્ષા મહોત્સવને પ્રસંગે અભિષેક કરાવનારા અને અર્ચન કરનારા દેવેન્દ્રો અને નરેન્દ્રો લેવા. અગર છદ્મસ્થ અવસ્થામાં શ્રી **ઋષભદેવજી** ભગવાનની બે પડખે રહેલા નમિ અને વિનમિ લઈને ભગવાનની છદ્મસ્થ અવસ્થા વિચારવી.

એ રીતિએ પરિકરવાળી પ્રતિમાઓનો છદ્મસ્થ ભાવ વિચારવાનું કેટલાક શાસ્ત્રકારોએ જણાવ્યું છે.

## આદ્ય પ્રભુની દાન પ્રવૃત્તિ સર્વત્ર પ્રસરેલી રહી છે.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ **શ્રી ઋષભદેવજી** મહારાજે સર્વસાવદ્યનો ત્યાગ કરવા પહેલાં શિલ્પ-કર્મ વિગેરેની પ્રવૃત્તિ તથા તે દ્વારા વર્ણ-વ્યવસ્થા કરી હાથી વિગેરેનો સંગ્રહ કરવા સાથે ઉગ્ર, ભોગ અને રાજન્યાદિકનો સંગ્રહ કર્યો,

સ્વ-રાજ્યનો વિભાગ કરી ૧૦૦ પુત્રોને વ્હેંચી દીધા. ત્યાં સુધી કોઈ પણ યાચક (માગણ) જેવો વર્ગ દુનિયામાં ઊભો થયેલો જ ન્હોતો.

પરન્તુ ભગવાને સંવચ્છરી દાન દીધું, તે વખતે ઋદ્ધિ-સમૃદ્ધિનો યાચક વર્ગ ઊભો થયો, પરંતુ અન્ન-પાનને માટે યાચના કરવાનું અને તેનું દાન દેવાનું તો ભગવાન્ ઋષભદેવજીના આખા ગ્યાશી લાખ પૂર્વના વખતમાં પ્રાસંગિક રીતિએ બન્યું જ નથી,

તેથી ભગવાન્ શ્રી ઋષભદેવજીએ દીક્ષા ગ્રહણ કરી, તેના બીજે જ દિવસે ભિક્ષા માટે ગયા, છતાં તેઓને કોઈએ ભિક્ષા આપવાનું નિવેદન કર્યું નહિ. ભગવાન્ ઋષભદેવજી ગામોગામ ફર્યા, પરન્તુ સર્વ-દેશના અને ગામના લોકોએ તેમની તરફ પૂજ્ય ભાવને લીધે બીજી બીજી કન્યા, ઋદ્ધિ આદિની નિમન્ત્રણાઓ કરી, પરન્તુ કોઈએ પણ આહાર આદિકની નિમન્ત્રણા કરી જ નહિ. કારણકે તે વખત આહાર દેવા-લેવાની પ્રવૃત્તિ થયેલી ન્હોતી.

સકલ તીર્થંકરો તીર્થની પ્રવૃત્તિ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી કરે છે, પરંતુ ભગવાન શ્રી ઋષભદેવજી મહારાજથી પ્રવર્ત્તેલા દાનધર્મની પ્રવૃત્તિ તો દરેક તીર્થંકર મહારાજને કેવળ જ્ઞાન થવા પહેલાં દીક્ષા લેવાની સાથે જ થાય છે.

એટલે એમ કહી શકીએ કે દાનધર્મ જો કે પ્રવાહની અપેક્ષાએ અનાદિનો છે, છતાં કાળચક્રના ફરવા સાથે શ્રુતાદિ તીર્થની પ્રવૃત્તિ નવી નવી થાય છે અને તેથી દરેક જિનેશ્વર મહારાજાઓને તીર્થંકર કહેવામાં આવે છે, પરંતુ શ્રી દાનધર્મની પ્રવૃત્તિ તો કેવળ ભગવાન્ શ્રી ઋષભદેવજીથી યાવત્ કાલ અખંડપણે ચાલવાવાળી રહી છે, અર્થાત્ મહાવ્રત અને અણુવ્રતાદિક ધર્મોને માટે તીર્થંકરોના તીર્થોમાં જુદાં જુદાં રૂપો હોય અને દ્વાદશાંગીની શબ્દ થકી જુદી-જુદી પ્રવૃત્તિ હોય, પરંતુ દાનધર્મની પ્રવૃત્તિ તો ભગવાન્ શ્રી ઋષભદેવજી મહારાજજીથી જે શરૂ થઈ છે તે જ અખંડપણે બધા તીર્થંકરોના શાસનમાં ચાલી છે.

દાન પ્રવૃત્તિની શાસનને અંગે કેટલી જરૂરીયાત છે?

આ દાન ધર્મ મોક્ષને અંગે અને શાસનને અંગે કેટલો જરૂરી છે? તે જાણવાની બુદ્ધિવાળાએ મલધારી શ્રી હેમચંદ્રસૂરિજીનું પુષ્પમાલા પ્રકરણ જોવું:-તેમાં જણાવેલ છે કે-

आहारवसहिवत्थाइएहिं, णाणीणुवग्गहं कुज्जा ।
जं भवगयाण णाणं, देहेण विणा ण संभवइ ॥ ४१ ॥

देहो य पोग्गलमओ, आहाराईहिं विरहिओ ण भवे ।
तयभावे य ण णाणं, णाणेण विणा कओ तित्थं ? ॥ ४२ ॥

एएहिं विरहियाणं, तव-णियमगुणा भवे जइ समग्गा ।
आहारमाइयाणं, को णाम परिग्गहं कुज्जा ? ॥ ४३ ॥

तम्हा विहीए सम्मं, णाणीणमुवग्गहं कुणंतेणं ।
भवजलहिजाणवत्तं, पवत्तियं होइ तित्थंपि ॥ ४४ ॥

कह दायगेण एयं दायव्वं ? १ केसु वावि पत्तेसु २ ? ।
दाणस्स दायगाणं, अ-दायगाणं च गुण-३ दोसा ४ ॥ ४५ ॥

आसंसाए विरहिओ, सद्धारोमंचकंचुइज्जंतो ।
कम्मक्खयहेउं चिय, दिज्जा दाणं सुपत्तेसु ॥ ४६ ॥

आरंभणियत्ताणं, अ-किणंताणं अ-कारविंताणं ।
धम्मट्ठा दायव्वं, गिहीहिं धम्मे कयमणेणं ॥ ४७ ॥

इय मोक्खहेउ दाणं, दायव्वं सुत्तवण्णियविहीए ।
अणुकंपादाणं पुण, जिणेहिं सव्वत्थ ण णिसिद्धं ॥ ४८ ॥

केसिंचि होइ चित्तं, वित्तं अन्नेसिं उभयमण्णेसिं ।
चित्तं वित्तं पत्तं, तिण्णि वि केसिंचि धण्णाणं ॥ ४९ ॥

आरोग्गं सोहग्गं, आणिस्सरिअं मणिच्छिओ विहवो ।
सुरलोयसंपया वि य, सुपत्तदाणाऽवरफलाइं ॥ ५० ॥

दाउं सुपत्तदाणं, तम्मि भवे चेव णिव्वुया केइ ।
अण्णे तइयभवेण, भोत्तुं णरामरसुहाइं ॥ ५१ ॥

जायइ सुपत्तदाणं, भोगाणं कारणं सिवफलं च ।
जह दुण्ह भाउयाणं, सुयाण णिवसुरसेणस्स ॥ ५२ ॥

पइसंत-गिलाणेसुं, आगमगाहीसु तहय कयलोए ।
उत्तरपारणगम्मि य, दिण्णं सुबहुप्फलं होइ ॥ ५३ ॥

बज्झेण अणिच्चेण य, धणेण जइ होइ पत्तणिहिएणं ।
णिच्चंतरंगरूवो धम्मो, ता किं ण पज्जत्तं ? ॥ ५४ ॥

दारिद्दं दोहग्गं, दासत्तं दीणया स-रोगत्तं ।
परपरिभवसहणं, चिय अदिण्णदाणाणऽवत्थाओ ॥ ५५ ॥

ववसायफलं विहवो, विहवस्स फलं सुपत्त-विणिओगो ।
तदभावे ववसाओ, विहवो वि य दुग्गइणिमित्तं ॥ ५६ ॥

पायं अदिण्णपुव्वं, दाणं सुर-तिरिय-णारयभवेसु ।
मणुयत्तेऽवि ण दिज्जा, जइ तं तो तंपि णणु विहलं ॥ ५७ ॥

उण्णयविहवोऽवि कुलु-ग्गओऽवि समलंकिओऽवि रूवीऽवि ।
पुरिसो ण सोहइ च्चिय, दाणेण विणा गइंदोव्व ॥ ५८ ॥

लद्धोऽवि गरुयविहवो, सुपत्तखित्तेसु जेहिं ण णिहित्तो ।
ते महुराउरिवणिउव्व भायणं हुंति सोअस्स ॥ ५९ ॥

ઉપરની ગાથાઓથી આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીજી દાનધર્મનું પોષણ કરતાં જણાવે છે કે—

## દાનધર્મનો મહિમા

'આહાર, વસતિ અને વસ્ત્રાદિનું દાન દેવાથી ધર્મિષ્ઠ જીવો જ્ઞાની મહાત્માઓને પણ સહયોગ આપનારા થાય છે, કેમકે—જે જે જ્ઞાની પુરુષો મોક્ષ પામ્યા નથી અને સંસારમાં રહ્યા છે, તેઓ શરીર વિનાના હોતા નથી, અને શરીરનું ટકવું આહારાદિક દ્વારા થાય છે.'

આ ઉપરથી **મલધારીજી મહારાજ** એમ જણાવે છે કે—

જેઓ આહારાદિકના દાનરૂપી દાનધર્મથી વિમુખ છે, તેઓ જ્ઞાન અને જ્ઞાનીઓની યથાસ્થિત ઉપયોગિતાને સમજનારા નથી.

વળી તેઓશ્રી ચોકખા શબ્દોમાં જણાવે છે કે—

'જ્ઞાનીનું પણ શરીર તો ઔદારિક પુદ્ગલમય છે અને તે ઔદારિક આદિ પુદ્ગલમય શરીર આહારાદિક વગર ટકી શકે નહિ એ સ્પષ્ટ છે, એમાં કંઈ કહેવું પડે તેમ પણ નથી.'

'શરીર જો ન હોય તો ભવ-ગત જીવ જ્ઞાનને મેળવી શકે નહિ જ્યારે જ્ઞાન ન હોય તો સાધુ-સાધ્વી આદિરૂપ તીર્થ હોય ક્યાંથી?'

આ ગાથા કહીને **મલધારીજી મહારાજ** સ્પષ્ટ કરે છે કે-

તીર્થના ભક્તો કે સાધુ-સાધ્વીના ભક્તો તેઓ જ વાસ્તવિક રીતિએ ગણાય કે જેઓ આહાર-શયન-વસ્ત્રાદિકના દાનધર્મને માટે અભિરૂચિવાળા હોય.

વળી તેઓશ્રી જણાવે છે કે-'આહારાદિકે કરીને રહિત એવા સાધુ-સાધ્વીઓને જો તપ-નિયમ-સ્વાધ્યાય વિગેરે ગુણો આપોઆપ પ્રવર્તતા હોય તો યાચના, લઘુતા, ભટકવું વિગેરે ઘણા કષ્ટોથી મળવાવાળો આહાર વિગેરે હોવાથી તેને લેવા તરફ કોણ પ્રયત્ન કરે?'

આ ઉપરથી **શ્રી મલધારીજી** સ્પષ્ટ કરે છે કે—

જે મુમુક્ષુ જીવો સંસાર સમુદ્રથી પાર ઉતરવાને માટે સાધુઓમાં તપ-જપ-નિયમ-સ્વાધ્યાય વિગેરેની જરૂર જોતા હોય, તેઓએ

સમજવું જોઈએ કે આહાર-શયન વસ્ત્રાદિકનું દાન એ જ્ઞાન તીર્થ અને તપ-નિયમાદિકનું મૂલ છે.

એટલા માટે **મલધારીજી મહારાજ** જણાવે છે કે

'જે મનુષ્યોએ જ્ઞાનીઓને સહયોગ આપનારા આહારાદિકનું વિધિપૂર્વક દાન કર્યું તે પુરુષોએ સંસાર-સમુદ્રમાં જહાજ જેવું તીર્થ પણ પ્રવર્તાવ્યું એમ સમજવું.'

આવી રીતે આહારાદિકને દેવારૂપી દાનધર્મની ઉપયોગિતા જણાવીને તેઓશ્રી દાનને અંગે દ્વારો જણાવતાં ચાર દ્વારો જણાવે છે

'દાતાર પુરુષે દાન કેવી રીતે દેવું? કેવા પાત્રમાં દેવું? દાન દેનારાને કેવા ગુણો થાય છે? અને દાન નહિ દેનારાઓને કેવા અપાયો થાય છે?'

આ ચાર દ્વારોમાં પહેલા દ્વારમાં દાતારનું સ્વરૂપ જણાવતાં કહે છે કે—

'આ ભવ કે પરભવની ઋદ્ધિ કે કામ-ભોગાદિકની પ્રાર્થના કે ઈચ્છા જેને મુદ્દલ ન હોય, તેમજ આહારાદિક દેવાની ઉત્કટ લાગણીથી જેનાં રુવાટાં-રુવાટાં ઉભા થઈ ગયાં હોય, વળી કીર્તિ કે પાછો બદલો મેળવવા વિગેરેની ઈચ્છા સિવાય, કેવલ કર્મક્ષયને માટે જ જેઓ સુપાત્રને વિષે આહારાદિકનું દાન દેતા હોય તેઓજ દાતાર કહેવાય.'

આ ઉપરથી જેઓ સાધુઓને દાન દેવાના બદલામાં કર્મક્ષયની ઈચ્છા નહિ રાખતા, દેશસેવા કોમસેવા અને સમાજસેવાની ઈચ્છા રાખે છે અને બોલે છે, તેઓ કેવા ખોટા માર્ગે જઈને પોતાના આત્માને અને બીજાના આત્માઓને ડુબાવે? તે સમજી શકાશે.

## સાધુઓએ શા માટે
## બીજાઓ પાસેથી દાન ગ્રહણુ કરવું ?

'દાન લેવાનું કારણુ જણુાવતાં મલધારીજી મહારાજ જણાવે છે કે- 'જેઓ છ કાયના (પૃથ્વી-અપ-તેઉ-વાઉ-વનસ્પતિ અને ત્રસના) આરંભથી ત્રિવિધે-ત્રિવિધે નિવર્ત્તેલા છે.

'વળી જેઓને પરિગ્રહ ન હોવાથી વેચાતું લેવાનું નથી, તેમજ બીજાઓની પાસે જેને પોતાના માટે આહાર તૈયાર કરાવવાનો નથી, તેવા મુનિ-મહાત્માઓ જ સુપાત્ર કહેવાય છે.'

'જેમનું મન ધર્મમાં હોય એવા ગૃહસ્થોએ તો ધર્મને માટે તેવા સુપાત્રમાં જ આહારાદિકનું દાન કરવું જોઈએ.'

આ સ્થલે જેઓ આરંભ-પરિગ્રહથી નહિ વિરમેલા, શ્રદ્ધાહીન, લોકોના ચીલે ચાલનારા, ધર્મને હમ્બગ ગણુનારા, ધર્મના નિયમોને માત્ર ઉપર ઉપરથી ધર્મીઓની પાસેથી છેતરીને પૈસા લેવા માટે રાખનારા જે લોકો પેટપૂજાને માટે કેળવણી લેનારાઓને દાન આપવામાં સુપાત્રદાન તરીકે ગણાવાં દે છે ! તેવાઓથી જૈનશાસનની વૃદ્ધિ તથા રક્ષણ ઇચ્છનારાઓએ પ્હેલે નંબરે સાવચેત થવાની જરૂર છે.

આવા ધર્મને નાશ કરનારા તો અનુકંપાને પાત્ર થવા પણુ લાયક નથી.

## મોક્ષનું અનન્તર કારણુ સુપાત્રદાન છે.

ઉપર જણાવેલા સુપાત્રદાનના અધિકારથી અનુકંપા અને ઉચિતદાનથી કોઈ ખસી ન જાય, માટે મલધારીજી મહારાજ સ્પષ્ટપણે જણાવે છે કે—

'મોક્ષને અંગે સૂત્રમાં કહેલી વિધિથી દેવા લાયક દાનને અંગે આ વિચાર કરેલો છે, પરંતુ અનુકંપા દાનમાં તો સર્વ જગો પર પ્રવાહ વહેવડાવવો. એમાં કોઈ તીર્થંકરોએ નિષેધ કરેલો નથી.'

યાદ રાખવું કે સુપાત્રદાન મોક્ષનું અનન્તર કારણ છે, પરંતુ જો વિવેકી પુરૂષો ભગવાન સર્વજ્ઞ મહારાજના વચનને અનુસારે અનુકંપાદાન આપે તો પણ તે પરંપરાએ તો મોક્ષને દેવાવાળું થાય.

(આવા ઉપદેશ સાંભળવાવાળા સામાન્ય રીતે મનુષ્યગતિવાળા હોય છે, તેની અપેક્ષાએ માત્ર આ હકીકત જણાવી છે, નહિતર મેઘકુમારે હાથીના ભવમાં કરેલી સસલાની દયા એટલી બધી ફલ દેનારી નિવડી કે જે અનુકંપા-દયાના પ્રભાવે તે હાથીનો જીવ બીજા ભવે રાજકુમાર થયો. એટલું જ નહિ, પરંતુ શ્રી જિનેશ્વર ભગવાન મહાવીર મહારાજની પાસે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ કરી મોક્ષ મેળવવા માટે ઘણો નિકટ થઈ ગયો. એટલે મિથ્યાદૃષ્ટિ હોય તો તેવી અવસ્થામાં પણ કરેલી અનુકંપા પરંપરાએ મોક્ષ દેવામાં સમર્થ થઈ શકે છે.)

## સુપાત્ર દાનથી શું અસાધ્ય છે?

એટલું જણાવ્યા પછી મલધારીજી ભગવાન્ જણાવે છે કે

'કેટલાક બિચારાઓને દાન દેવાનો વિચાર થાય, પરંતુ પોતાની પાસે સાધન ન હોય, વળી કેટલાકોને દાન દેવાના સાધનો હોય, પરંતુ વિચાર ન હોય,

કોઈક વખત દાન દેવાના વિચારો હોય, અને દાનના સાધનો પણ હોય, છતાં તેને સુપાત્રનો સંયોગ ન મળે.

પરંતુ ભાગ્યશાળી જીવોને વિચાર, સાધન, અને પાત્ર આ ત્રણેનો સંયોગ મળી જાય છે.'

સુપાત્ર દાનના મુખ્ય ફલ તરીકે મોક્ષની પ્રાપ્તિ આગળ જણાવી છે,

તેથી અનન્તરપણે સુપાત્ર દાનનું ફળ જણાવતાં કહે છે કે-

'સુપાત્ર દાનને દેવાવાળો મનુષ્ય બીજા ભવમાં રોગ રહિત થાય અને મનને ઈષ્ટ એવા વૈભવોનો માલિક થાય, યાવત્ દેવલોકોની સંપદાને ભોગવવાવાળો થાય.'

'સુપાત્ર દાન દઈને કેટલાક જીવો તો તે દાનના પ્રતાપે તે જ ભવમાં મોક્ષે ગયા છે, અને કેટલાકો દેવતા અને મનુષ્યના સુખો ભોગવીને સુપાત્ર દાનને પ્રભાવે મોક્ષે ગયા છે.'

આટલું કહીને સુપાત્ર દાનને દેવાવાળાને થતા ફાયદામાં **અમરસેન** અને **વયરસેનનું** દૃષ્ટાન્ત દઈ વિશેષ ફળવાળું દાન જણાવતાં કહે છે કે

'વિહાર કરનારા, ગ્લાન થયેલા, આગમ ગ્રહણ કરનારા, લોચ કરનારા, અને ઉત્તર પારણાવાળામાં દેવાતું દાન ઘણા જ ફળવાળું થાય છે.'

## દાની પુરુષોને પૂજ્ય મલધારીજીના બે બોલ.

દાતા પુરુષોને ધ્યાનમાં રાખવા માટે **મલધારીજી મહારાજ** જણાવે છે કે—

'જે શરીરથી જુદું રહેલું અને વારંવાર આવક-જાવક કરવાવાળું એવું ધન છે. તેને પાત્રમાં સ્થાપન કરવાથી નિત્ય અને અંતરંગ એવો જો ધર્મ થાય છે, તો પછી ધનનું કયું ફલ બાકી રહ્યું ?

એવી રીતે દાતારના ગુણો જણાવવા સાથે નહિં દેનારાઓના દોષોને અંગે કહે છે કે– 'દારિદ્ર, દૌર્ભાગ્ય ગુલામી, ગરીબાઈ, રોગ-સહિતપણું અને બીજાના પરિભવો સહન કરવા, એ અવસ્થા દાન નહિં દેનારાઓની હોય છે.'

વળી જણાવે છે કે—

વ્યાપારનું ફળ પૈસાની પ્રાપ્તિ છે. અને પૈસાની પ્રાપ્તિનું ફલ સુપાત્રમાં વાપરવું તે છે. જો સુપાત્રમાં વાપરવાનું ન બને તો વ્યાપાર અને લક્ષ્મી બંને દુર્ગતિનાં જ કારણો બને છે.'

'દેવતા, તિર્યંચ અને નારકીના ભવમાં તો ઘણા ભાગે દાન દેવાતું નથી, અને મનુષ્યપણું મળ્યા છતાં પણ જો દાન ન દેવાય તો તે મળેલું મનુષ્યપણું પણ નિષ્ફળ છે.'

'ઘણા વૈભવવાળો, સારા કુળમાં ઉત્પન્ન થયેલો, સારા સારા અલં-કાર વાળો અને મનોહર રૂપવાળો મનુષ્ય પણ જેમ મદ વિનાનો ગજેન્દ્ર શોભે નહિં, તેમ દાન વિના શોભતો નથી. જેઓને મ્હોટો વૈભવપ્રાપ્ત થયો છે. છતાં સુપાત્ર–ક્ષેત્રમાં તે વૈભવ વાપર્યો નથી, તેઓ **મથુરાનગરીના** વાણીયાની માફક શોકને જ મેળવવાવાળા થાય છે'

આ બધું સાંભળીને વાચકો દાનધર્મની અત્યંત ઉપયોગિતા સમજી શકશે, અને તે સમજવાથી ભગવાન **શ્રી ઋષભદેવજી** એ વર્ષ સુધી તપસ્યા કરીને પણ જે ઇક્ષુરસના પારણાદ્વારા દાનધર્મ પ્રવર્ત્તાવ્યો તેનો મહિમા અને તે દ્વારા ભગવાન **ઋષભદેવજી**નું પરોપકારીપણું અદ્વિતીય છે તે સમજી શકશે.

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૪૯૯
વિ. સં. ૨૦૨૯
વર્ષ ૮

આગમોદ્ધારક
સંવત-૨૩
વૈશાખ
પુસ્તક
૨

तिजयविजयचक्कं
सिद्धचक्कं णमामि

## શ્રીસિદ્ધચક્ર-નવપદજી આરાધ્ય કેમ?

(સૂક્ષ્મ-રહસ્ય-દર્શન)

### મહાત્માઓ આદર્શ તરીકે કેમ?

સર્વ જગતમાં મનુષ્યો પોતાના આત્માને જેવા સ્વરૂપમાં કરવા માગતા હોય છે, તેવા આદર્શ મહાત્માઓ અને તેઓના મહાત્મપણાની દશાને ધ્યેય તરીકે રાખે છે.

સ્વાભાવિક નિયમ છે કે મનુષ્યનું વર્તન ખરી રીતે તેના વિચારોથી ઘડાય છે અને તે વર્તન ઘડાયા પછી પ્રતિદિન તેઓ ઘડાએલા વર્તન પ્રમાણે નિયમિત વર્તન રાખવામાં પોતાની શ્રેય:સાધકતા ગણે છે, પણ તે વર્તનને ઘડવાવાળા તથા તે વર્તનને નિયમિત ચલાવનારા, વિચારો કંઈ આપોઆપ આવતા નથી, પણ તેવા વિચારો અન્ય મહાપુરુષો દ્વારા મળેલા ઉપદેશથી મળતા હોય છે અને ઉપદેશદ્વારા તે વિચારો પરિપક્વ પણ બને છે, પણ કેટલાક પ્રવચનપટુ વક્તાઓ સદુપદેશની સરણીને લોકસમૂહ આગળ ખડી કરતાં ઘણી વખત ભૂલી જાય છે કે મારા વિચારોનો અવાજ

શ્રોતાઓના મગજમાં પેસે તે પહેલાં મારા વર્તનનો પડઘો પૂરેપૂરી રીતે શ્રોતાના મગજમાં ઘણો વહેલો પડે છે.

આવી ભૂલના ભોગ તેઓ બને છે કે જેઓ પોતાના વિચારના અવાજો પોતાના વર્તનથી જુદા રૂપમાં રજુ કરતા હોય છે, પણ જે મહાપુરુષો પોતાના વર્તનને પ્રથમ ઉચ્ચકોટિમાં મૂકી દેતા હોય એટલું જ નહિ પણ પોતાના ઉચ્ચ વર્તનનું આવવું જોઈતું અને જેને જગતની આગળ રજુ કરવું છે, તેવુ. પરમ-દશાવાળું ફળ પ્રાપ્ત કર્યું હોય અને પછી જગતમાં પોતાના વિચારના અવાજો રજુ કરે તો તે મનુષ્ય એવો અદ્ભુત ઉપદેશ દેનારો ગણાય કે સિદ્ધિ થયા પછી સિદ્ધ થવાના રસ્તાને બતાવે છે, અર્થાત્ તેવા મહાપુરુષોનો ઉપદેશ અખતરારૂપ નથી હોતો, પણ સિદ્ધ થયેલી અને સિદ્ધ થયેલા તરીકે બતાવી શકાય એવી વસ્તુનો ઉપદેશ મહાપુરુષો તરફથી હોય છે.

## કથની પહેલાં કરણીની કિંમત

આ વસ્તુ ધ્યાનમાં લેવાથી સ્પષ્ટપણે સમજી શકાશે કે **મહાપુરુષોની કથની અને કરણીમાં એક અંશે પણ ભિન્નતા હોય નહિ.**

નાટકશાળાના થીએટરોમાં રજૂ થતા મહાપુરુષોના પાત્રમાં અને જગદુદ્ધારક સાચા મહાપુરુષો વચ્ચે એટલો જ ફરક હોય છે કે નાટકમાં દાખલ થએલું મહાત્માનું પાત્ર મહાત્માની સમાન તો શું ? પણ કેટલીક વખત કેટલાક મહાત્માઓના ઉપદેશથી ઘણીજ પ્રૌઢ રીતિએ અને ઘણાજ અભિનય સાથે વાક્પ્રવાહને વહેવડાવે છે, પણ માત્ર તે કથનીરૂપ હોઈને જગતમાં કે પ્રેક્ષકવર્ગમાં ધર્મનો અને નીતિનો ફેલાવો કરનાર થતું નથી એટલુંજ નહિ પણ અનીતિની કોઈ બદીઓને નોતરૂં દેનાર પણ થાય છે અને તેથી નાટકશાળાની

નજીકમાં જ્યાં જુઓ ત્યાં જુગારખાના, કુટણખાના, કલાલની દુકાનો અને હલવાઈની દુકાનોનો જ વધારો હોય છે.

કોઈપણ કાલે, કોઈપણ ગામે કે કોઈપણ સ્થાને નાટકશાળાઓના વધવાથી મંદિરોની વૃદ્ધિ, ધર્મની વૃદ્ધિ, સદાવ્રતોની વૃદ્ધિ, દાનશાળાઓની વૃદ્ધિ, ગુરુ-આશ્રમોની વૃદ્ધિ કે દયા અને સત્યઆદિ જગતને એક સરખી રીતે માનીતા ગુણોની વૃદ્ધિ થએલી જોવાતી નથી કે સંભળાતી પણ નથી.

## ધર્મનું વાતાવરણ કોણ કયાં જમાવે ?

પણ કરણીની નાગી તરવારે આત્માને કસીને કથની કરવાવાળા મહાત્માઓની પવિત્ર મૂર્તિ જ્યાં જ્યાં વાસ કરે છે અને પ્રર્યટન કરે છે, ત્યાં ત્યાં ઉપર જણાવેલા સર્વ સદ્વર્તનો અને સત્કાર્યો ડગલે ને પગલે, સ્થાને ને સ્થાને પ્રત્યક્ષ જોવામાં આવે છે અને સંભળાય પણ છે.

## સત્પુરુષોના સમાગમની ઉત્તમતામાં ઐકમત્ય

વળી જગતમાં દેવની વ્યક્તિ માનવાને અંગે કે ગુરુમહારાજની ગૌરવતા હૃદયમાં ધારવાને અંગે તેમજ આત્મા અને પરભવના કલ્યાણના માર્ગની શોધને અંગે અપરિમિત ભેદો સ્થાન સ્થાન પર જગતમાં જોવાય છે, તો પણ સત્પુરુષોના સમાગમની આવશ્યકતા માનવામાં કે સન્માર્ગની પ્રાપ્તિનું કારણ સત્સમાગમ જ છે, એ માનવામાં કોઈપણ સ્થાને કે કોઈપણ દર્શનમાં મતભેદ છે જ નહિ.

અર્થાત્ સન્માર્ગની પ્રાપ્તિ કરાવનાર અને આત્માની શ્રેયઃસાધકદશા તેમજ સિદ્ધિદશાને મેળવી આપનાર જગત્માં જો કોઈપણ હોય તો તે માત્ર સત્પુરુષ જ છે, એમાં કોઈથી ના કહી શકાય એમ નથી, શકાતી નથી અને શકાશે પણ નહિ.

આટલી વસ્તુ જ્યારે સિદ્ધ છે તો પછી હવે જે કંઈ પણ વિચારવાનું રહે છે તે એ જ કે સત્પુરુષો કોને કહેવા?

## મોક્ષ માટે સત્સેવાના વિચારનું માહાત્મ્ય

યાદ રાખવું જરૂરી છે કે કોઈપણ પુરુષ સત્પુરુષોની સેવા કરે ત્યારે તે સેવ્ય પુરુષોને સત્પુરુષો તરીકે માન્યા સિવાય તેઓની સેવા કરવા તૈયાર થતો નથી.

અર્થાત્ વિચારશ્રેણિની અપેક્ષાએ તપાસીએ તો સર્વ આસ્તિક વર્ગ ઉત્તમ બુદ્ધિથી જ પોતાના સમાગમમાં આવેલા સત્પુરુષોની સેવા કરે છે.

આવી રીતે વિચારશ્રેણિની સુંદરતાને પણ કેટલાક શાસ્ત્રકારો ઘણીજ ઊંચી કોટિમાં મૂકે છે, અને તેથી સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે—

**'જે આત્માઓ પરમપદ કે મહોદયપદ પામવાને નજીક કાલમાં નહિં તો દૂર કાલે પણ લાયક હોય તેઓજ શિવ-પદની પ્રાપ્તિની બુદ્ધિએ જ પસંદગીની ભૂલથી અસત્પુરુષો પણ સત્પુરુષો તરીકે હાથમાં આવ્યા હોય કે મળ્યા હોય તેઓની સત્પુરુષો તરીકે સેવા કરવા તૈયાર થાય છે.'**

## સુંદર વિચારો કરતાં વિચાર સાથે સાધનની મહત્તા

એવી રીતે જો કે સત્પુરુષોની સદાનંદપદની પ્રાપ્તિના વિચારે કરાતી સેવાને કેટલાક શાસ્ત્રકારોએ સારા રૂપમાં સંબંધિત કરેલી છે, તો પણ તેમણે જણાવેલું સારૂં રૂપ વડલાના પ્રમાણમાં તેના બીજના પ્રમાણ જેટલું જ છે. અર્થાત્ સત્પુરુષસેવાનું સુંદર અને અલ્પકાળમાં ફળ મેળવવાવાળાને માત્ર તે સુંદર વિચારશ્રેણિ ઉપર આધાર નહિ રાખતા સાચામાં સાચા સત્પુરુષોને ઓળખવા, તેમનો

ઉપદેશ શ્રવણ કરવો અને તે સત્પુરુષોએ આપેલા ઉપદેશને કાયા, વચન અને મન એ ત્રિકરણયોગે અનુસરવા માટે યાવજ્જીવન કટિબદ્ધ થવું જોઈએ.

### આસ્તિક માત્રનું ધ્યેય અને તેનો રસ્તો

આ સ્થાને હરકોઈ આસ્તિકતા ધરાવનારો મનુષ્ય એટલું તો કબુલ જ કરશે કે આસ્તિકનું ઉંચામાં ઉંચુ અને ખરામાં ખરૂં જો કાંઈપણ ધ્યેય હોય તો તે માત્ર પરમપદની પ્રાપ્તિ જ છે,

એ વાત પણ દરેક આસ્તિકોએ કબુલ કરેલી જ છે કે કુટુંબ ધન, જીવોની હિંસા એ વગેરે સંસારી જાળમાંથી નિકળ્યા સિવાય પરમપદની પ્રાપ્તિના રસ્તે જઈ શકાતું નથી.

જેમ નાના કે મોટા કોઈપણ મનુષ્યથી લોટ ફાકતી વખતે કોઇ શબ્દ ઉચ્ચારણ કરી શકાય જ નહિ. અર્થાત્ કોઇ શબ્દના ઉચ્ચારણની સાથે મોઢામાં આવેલો લોટ વિખરાઇ જ જાય તેવી રીતે પરમપદને માટે તૈયાર થયેલો મનુષ્ય હોય તોપણ કુટુંબ-કબીલા અને ધંધા-રોજગારની જાળમાં સપડાતાં તે પરમપદની ધારણાને સર્વથા ધક્કો મારનાર જ બને છે.

### ત્યાગમાં ન આવનાર સાચી ધારણાવાલા

આ કારણથી જૈનશાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે-

સમ્યક્ત્વ ધારણ કરનાર એટલે શુદ્ધ પદાર્થોની ઉંચામાં ઉંચી શુદ્ધતાની દષ્ટિને રાખનારો મનુષ્ય ચાહે તેવી ઉંચી દષ્ટિવાળો હોય તોપણ તે શિવપદને મેળવી શકે જ નહિ.

વળી આ કારણથી શુદ્ધ દષ્ટિને રાખવાવાળા દેવતા કે નારકીને ક્રોડપૂર્વ તો શું, અસંખ્યાત વર્ષે થવાવાળા કરોડો પલ્પોપમો તો

શું પણ સાગરોપમો સુધી શુદ્ધ તો શું પણ પરમશુદ્ધ દૃષ્ટિ રાખનારાઓને પણ શિવપદ મળતું નથી, એમ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ છે.

## જીવનાદિ નિર્વાહ માટે પણ પાપ કરનારની દશા

એટલું જ નહિ પણ જેઓ જીવનનિર્વાહ સિવાયની સંસારની સર્વ ખટપટ યાવજ્જીવને માટે છોડી દે છે વળી જીવન-નિર્વાહને માટે પણ તેવી મોટી અને અધમ ખટપટ કરવાથી યાવજ્જીવને માટે પરહેજ કરે છે, તેવા જૈનશાસ્ત્રમાં ગણાતા બારવ્રત ધારણ કરનારા મહાપુરુષોને પણ શિવપદ પ્રાપ્તિને માટે લાયક ન ગણતાં માત્ર જેમાં ઉંચા–નીચાપણાની સ્વામિ–સેવકપણાની વ્યવસ્થા જાળવવાની ફરજ છે, તેવા દેવલોકમાં ઉંચામાં ઉંચું સ્થાન મેળવી શકે છે એમ જણાવે છે અને તેથી જ કેટલાંએ પશુ–પંખીઓ અને જાનવરો કોઈ મહાત્માના સંજોગે કે ભવાંતરના સંસ્કારોથી ઉપર જણાવેલા સદ્વર્તનને રાખવાવાળા હોય અને મનુષ્યોમાં પણ તેવું સદ્વર્તન રાખનારા હોય, તોપણ તેઓ માત્ર ઉપર જણાવેલા દેવલોકને જ મેળવી શકે છે, પણ નિર્વાણપદને તેઓ પણ મેળવી શકતા જ નથી.

## મોક્ષના મુખ્ય માર્ગે આવવાની તૈયારીવાળાઓની સ્થિતિ

એ બધા કરતાં વધારે તો એ વિચારવા જેવું છે કે જે મહાપુરુષો કુટુંબ–કબીલાને તથા વ્યાપાર–રોજગારની ખટપટને સર્વથા કરતા નથી, તેનાથી દૂર રહે છે, તેમાં ભાગ પણ લેતા નથી અને પોતાના નિવાસસ્થાનને છોડીને માત્ર સામાન્ય કુટુંબવર્ગવાળા સ્થાનમાં નિવાસ કરીને સાધુ મહાત્માઓની માફક સર્વ પ્રકારે વર્તાવ કરનારા કે જેઓ નોકર–ચાકરને દુનિયાદારીની ખટપટનો આદેશ નથી કરતા એટલું જ નહિ પણ પોતે દાટેલું કે જાણેલું એવું પોતાનું ધન હોય તે પણ પોતાના સંતાનોને જણાવવામાં

પણ નિવૃત્તિ પામેલા હોય છે એવા મહાપુરુષોને પણ મોક્ષપદ-પ્રાપ્તિ થતી નથી, પણ માત્ર ઊપર જણાવેલા દેવલોકની પ્રાપ્તિ થાય છે એમ જણાવે છે.

## સંસારથી અલિપ્ત જ હોય તે પરમેષ્ઠી

આ બધી હકીકત વિચારનાર સુજ્ઞ મનુષ્ય સહેજે સમજી શકશે કે-

**સંસારના ત્યાગ સિવાય સત્પુરુષની કોટિમાં કોઈ દિવસ કોઈથી પણ આવી શકાય જ નહિ,**

જો આ વાત બરોબર સમજવામાં આવશે તો નવપદમય, સિદ્ધચક્રમાં પાંચ જ પરમેષ્ઠીપદો કેમ માનવામાં આવ્યા છે ? એ ખુલાસો સહેજે સમજી શકાશે.

કારણ કે આ સિદ્ધચક્રમાં જણાવેલા પાંચે પરમેષ્ઠી એવા છે કે જેઓ સંસારની માયાજાળથી સર્વથા અને સર્વદા અલિપ્ત જ હોય છે.

## શ્રીસિદ્ધચક્રમાં અપૂર્વ ખૂબી
### (પદ, ગુણી અને ગુણોના સમુદાયના અંકની અચલતા)

સિદ્ધચક્રમાં મુખ્યતાએ અરિહંત ભગવાન્ આદિ નવ પદો છે તેને લીધે જેમ નવની સંખ્યા મૂલમાં છે, તેવી જ રીતે નવપદોમાં ગુણી તરીકે ગણાએલા આદર્શ પુરુષો જે અરિહંતાદિ પાંચ છે તેમના જણાવેલા ગુણોના આંકડાનો મેળ પણ નવનો થાય છે. ૧૨+૮+૩૬+૨૫+૨૭=૧૦૮ ( ૧+૮=૯ ).

એ રીતે જે સમ્યગ્દર્શનાદિ ચાર ગુણપદો જણાવવામાં આવેલાં છે, તેના પણ શાસ્ત્રમાં જણાવેલા મુખ્ય ભેદોની અપેક્ષાએ ૫+૫+૫ +૧૨=૨૭ ( ૭+૨-૯).

એવી રીતે મૂળભેદનો આંક, આદર્શપુરુષોના ગુણોનો આંક અને ગુણોના મુખ્ય ભેદોની આંક એ ત્રણે એક સરખી રીતે નવડે એકઠો થાય છે એટલું જ નહિ પણ ત્રણેને ભેળા કરીએ તો પણ નવ જ આવે છે. [૯+૧૦૮+૨૭=૧૪૪, (૧+૪+૪+૯)]

આ દૃષ્ટિએ શ્રીસિદ્ધચક્રના પદોની, આદર્શપુરુષોના ગુણોની અને ગુણોના મુખ્ય ભેદનો પ્રત્યેકની અંકસંખ્યા પણ નવ અને સમુદાયની અંકસંખ્યા પણ નવને વિચારનારો મનુષ્ય તે યંત્રના ચમત્કારને ગણ્યા સિવાય રહેશે નહિ.

જેવી રીતે આ સિદ્ધચક્રને અંગે મૂળભેદમાં પણ અભંગ એવો અંક છે, આદર્શપુરુષોના ગુણોનો અંક પણ અભંગ છે તેમજ તે ગુણના ભેદોનો અંક અભંગ હોઈ સર્વ સમુદાયનો અંક પણ અભંગ છે, તેવી રીતે આ સિદ્ધચક્રની આરાધનામાં પણ કોઈ મનુષ્ય श्रीसिद्धचक्राय नमः ગણે, કોઈ મનુષ્ય असिआउसा ગણે કોઈ મનુષ્ય णमो णाणस्स વિગેરે ગણે, આદિ તે રીતે ગણે તોપણ તે પોતાના પરિણામને અભંગ રાખી શકે, અર્થાત્ એકલો સિદ્ધચક્રનો જાપ કલ્યાણ કરે છે, અગર णमो अरिहंताणं વિગેરે પ્રત્યેક પદોનો જાપ કલ્યાણ કરે છે, અગર શ્રી असिआउसा नमः નો જાપ કલ્યાણ કરે છે, અગર णमो णाणस्स વિગેરેનો પ્રત્યેક જાપ કલ્યાણ કરે છે તેવી જ રીતે બધાનો જાપ પણ કલ્યાણ કરે છે અને જેવી રીતે બધાનો જાપ કલ્યાણ કરે તેવી રીતે પ્રત્યેકનો જાપ પણ કલ્યાણ કરે છે.

## શ્રીસિદ્ધચક્રના પાંચ આદર્શ પુરુષો

શ્રીસિદ્ધચક્રની અંદર ગુણી તરીકે જે પાંચ આદર્શ પુરુષોને નમસ્કાર કરવામાં આવેલો છે, તે આદર્શ પુરુષો બીજા કોઈ નહિ, પણ–

વીતરાગ, સર્વજ્ઞ; ભગવાન્ અરિહંત,

શાશ્વતપદને પ્રાપ્ત કરી જ્ઞાનાદિ અનંત ચતુષ્કને સર્વદા ધારણ કરનારા સિદ્ધ ભગવાન્,

ભગવાન્ અરિહંતના આદેશને ઝીલીને તેને શાસનના હિતને માટે છુટા ફુલો ગુંથી બનાવાતી માળા માફક તે આદેશને ગુંથનાર આચાર્ય ભગવાન્,

માળા તરીકે ગુંથાએલા સૂત્રને માળા જેમ માળી દરેક સજ્જન પુરુષોને અર્પણ કરે તેવી રીતે દરેક મોક્ષના અર્થીને તે આદેશની સૂત્રોરૂપ માળાને અર્પણ કરનાર ઉપાધ્યાય ભગવાન્,

તેમજ જેઓ જિનેશ્વર મહારાજે પ્રગટ કરેલા મોક્ષમાર્ગના મુસાફર બનવા સાથે દરેક મોક્ષના બનતા મુસાફરોને દરેક પ્રકારની મદદ કરનાર સાથે સહાયક બને છે, એવા સાધુમહારાજાઓ,

આ શ્રીસિદ્ધચક્રની અંદર આદર્શ પુરુષ તરીકે ગણાએલા છે.

### નવપદ કેમ કહેવાય છે ?
### (નવપદોમાં પદ શબ્દનો દુરૂપયોગ)

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ શ્રી સિદ્ધચક્રમાં નવપદો કહેવાય છે તેનું કારણ એટલું જ છે કે તે નવેમાં રહેલી જાતિને મુખ્ય પદ આપવામાં આવેલું છે, પણ વ્યવહારકથનમાં જ માત્ર તે જાતિની મુખ્યતા સમજવાની છે, પણ આરાધના-પ્રસંગને અંગે કે માન્યતાને અંગે અથવા તો તેના જાપને અંગે જાતિને એટલું બધું અગ્રપદ આપવામાં આવેલું નથી

જો માત્ર અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુની પદવી કે જાતિને જ મુખ્યતાએ લઈને જો આ નવપદ કે સિદ્ધચક્ર બના-

વવામાં આવ્યું હોય તો **णमो अरिहंताणं** વિગેરેમાં બહુવચન વાપરવાની શાસ્ત્રકારો મહેનત કરત જ નહિ, અને ટીકાકારો પણ વ્યક્તિની વિવિધતા હોવાને લીધે **णमो अरिहंताणं** વિગેરેમાં વપરાયેલ બહુવચનથી એમ સ્પષ્ટ જણાવે છે, કે જો એક જ વ્યક્તિ લેવી હોય તો **णमो अरिहंतस्स** એમજ લખાત, એટલું જ નહિ પણ અરિહંત નામનું પદ છે અને તેજ નમસ્કાર કરવા અને માનવા લાયક છે, પણ વ્યક્તિ અને તેના સમુદાયને આ નમસ્કાર અને માન્યતા સાથે સંબંધ નથી, એમ જો હોત તો **णमो अरिहंत-तत्तस्स** અથવા **णमो अरिहंत-पयस्स** એ કે એવા કોઈપણ પદનો વિનિયોગ કરત.

અર્થાત્ જે મનુષ્યો પોતાની અજ્ઞાનતાથી કે કુટિલતાથી એમ માનવા, બોલવા કે જણાવવા તૈયાર થાય કે હું ભગવાન્ ઋષભદેવજી વિગેરે કે યાવત્ અમુક સાધુ વિગેરેને માનતો નથી, પણ અરિહંતપદને અને યાવત્ સાધુપદને માનું છું તો તે માત્ર જૈનશાસનથી વિરૂદ્ધ માન્યતા ગણાય, કેમકે પાંચ પદમાં કે નવે પદમાં એકેમાં પણ પદશબ્દ તો છે જ નહિ, માટે પદશબ્દ તેનો કલ્પેલો અને કુટિલતાના પ્રભાવવાળો છે.

## વ્યક્તિપૂજાથી જ જાતિપૂજા

જ્યારે આ કુટિલતાવાળા લોકો પદને નામે વ્યક્તિઓને ઉતારી પાડવા માગે છે, ત્યારે શાસ્ત્રકાર તો એમ જણાવે છે કે **एगंमि पूइयंमि सव्वे ते पूइया होन्ति।** અર્થાત્ એક પણ અરિહંત આદિ પરમેષ્ઠીની તેના ગુણોદ્વારા પૂજા કરવામાં આવે સર્વ તો અરિહંત આદિ વ્યક્તિઓની પૂજા કરેલી ગણાય.

## વ્યક્તિનિંદાથી જાતિનિન્દા

એવી રીતે એ વાત પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **एगंमि हीलियंमि सव्वे ते हीलिया होन्ति।** અર્થાત્ અરિહંતથી માંડીને સાધુ

સુધીના પાંચ પરમેષ્ઠીમાંના કોઈપણ એકની હેલના એટલે અભક્તિ, અનમસ્કાર, અનારાધના કે નિંદા કરવાથી સર્વે તે અરિહંત ભગવાન્ યાવત્ સાધુ મહાત્માની હેલના થાય છે.

## નિહ્નવો ધર્મારાધના કરતાં દૂરભવ્ય કેમ ?

આ વાત સમજનારો મનુષ્ય સ્વપ્નમાં પણ અરિહંતાદિ કોઇ પણ વ્યક્તિની યાવત્ સાધુ મહાત્મામાંની કોઈ પણ વ્યક્તિની નિંદા કે હેલના કરવાને પ્રવર્તી શકે જ નહિ. અર્થાત્ જેવી રીતે ગોશાલો અને જમાલિ વિગેરે નિહ્નવો નવકાર બોલતા હતા, લોગસ્સ બોલતા હતા, સંયમઆરાધન કરતા હતા. અને તેના ભક્તો દેવપૂજા વિગેરે ષટ્કર્મો કરતા પણ હતા, છતાં તેઓ એક મહાવીર મહારાજ કે યાવત્ દુર્બલિકાપુષ્પ-જેવા એક મહાત્માની પ્રતિકૂળતા કરવાને લીધે કાંઈ પણ ફલ નહિ પામતાં દુર્ગતિની ગર્તામાં ગબડી પડયા,

માટે પાંચ પરમેષ્ઠીની સમષ્ટિથી આરાધના કરવાની ઈચ્છા-વાળાએ તે પંચ પરમેષ્ઠીમાંની વ્યક્તિની આરાધના કરવા સાથે વ્યક્તિની વિરાધનાથી સર્વથા પરાઙ્મુખ રહેવું જ જોઈએ.

આ રીતે રહેનારો મનુષ્ય જ સાચી રીતે નવકારને ગણનારો અને પંચ પરમેષ્ઠીને આરાધનારો માની શકાય.

## સમ્યગ્દર્શનાદિ ગુણોની મહત્તા.

જેવી રીતે આ શ્રીસિદ્ધચક્રમાં પાંચ પરમેષ્ઠી રૂપી આદર્શ પુરુષોની સંસારની માયાજાળથી સર્વથા ખસી જવાને લીધે આરાધ્યતા જણાવી છે, તેવીજ રીતે સમ્યગ્દર્શનાદિ ચાર ગુણો અથવા તો આત્માના મુખ્ય ધર્મના ચાર પ્રકારો જણાવેલા છે. તે આત્માના ગુણોનું લક્ષ્ય રાખીને જ દરેક ભવભીરૂ અને શાશ્વતપદની સ્પૃહાવાળા મનુષ્યે પ્રવર્તવાનું હોય છે.

શ્રી જૈનશાસનનું ખતપત્ર.

અર્થાત્ આ સમ્યગ્દર્શનાદિનું ધ્યેય એજ જૈનશાસનનો પાયો કહીએ તો તે ખોટું નથી, જેમ ઉદ્દેશ્યપત્રથી વિરુદ્ધ વર્તન કરનારને સંસ્થા, સોસાયટી, કમિટિ કે સભામાં દાખલ થવાનો હકજ નથી, તેવીજ રીતે આ સમ્યગ્દર્શનાદિ રૂપી ધ્યેયને ચૂકનારા મનુષ્યને જૈન જગતમાં જગ્યા મળતી જ નથી.

ઉપર જણાવેલા પાંચ આદર્શ પુરુષોની આદર્શતા પણ આ સમ્યગ્દર્શનાદિરૂપ ધ્યેયને સારી રીતે પહોંચી વળેલા હોવાને અંગેજ છે. અર્થાત્ આ શ્રીસિદ્ધચક્ર યંત્રમાં આદર્શ પુરુષો અને તેનીં આદર્શતા જણાવેલી હોવાથી સંપૂર્ણપણે સર્વ સુજ્ઞ પુરુષોને આરાધવાલાયક છે. એમ માનવું પડશે.

## ગંભીરતાથી વિચારવા જેવું... !!!

- શાસનની પરંપરા અને શાસ્ત્રની આજ્ઞાથી નિરપેક્ષ બની ગમે તેવા ઉગ્ર ચારિત્ર કે તપની કાણી કોડી પણ જિનશાસનમાં નથી જ !
- મોહના સંસ્કારોની ગુલામીમાંથી છૂટવાના ભાવની મુખ્યતા વિના ઉચ્ચ કોટિની ધર્મક્રિયા પણ ભાવક્રિયારૂપ બની શકતી નથી.
- શ્રી જિનશાસનની મર્યાદા–સામાચારીનું યથા-યોગ્ય પાલન આરાધક ભાવની પ્રાથમિક ભૂમિકા છે.

## નવપદમય શ્રીસિદ્ધચક્રના આરાધનામાં

### 卐 સમષ્ટિવાદ. 卐

જૈન જનતામાં શ્રીસિદ્ધચક્ર અને શ્રીનવપદની આરાધનાની હકીકત અજાણી નથી, પણ તેના તત્ત્વ તરફ દષ્ટિ કરનારાઓએ નીચેની વાત જરૂર ખ્યાલમાં લેવી જોઈએ.

અતીત, અનાગત અને વર્તમાનની, પાંચ ભરત અને પાંચ ઐરવતની ત્રીસ ચોવિસીમાં કે મહાવિદેહના અતીત, અનાગત કે વર્તમાન વીસ વિહરમાનોમાં કોઈપણ અરિહંત નામના તીર્થંકર થયા નથી કે જેઓશ્રીને ઉદ્દેશીને શ્રીસિદ્ધચક્ર કે શ્રીનવપદમાં આદ્યપદ અરિહંત તરીકે આરાધવામાં આવતું હોય એટલે કે અરિહંતપદની આરાધના કોઈપણ વ્યક્તિને અંગે નહિ પણ સમગ્ર ક્ષેત્ર અને સમગ્ર કાલના તીર્થંકરોની આરાધનાને માટેજ તેમના અર્હંતપણાના ગુણને અનુસરીને સકળ કાળના, સકળ ક્ષેત્રના, સકળ અરિહંતોમાં રહેલું બારગુણસહિતપણારૂપ અર્હંતપણું મુખ્ય ગણીને જ અરિહંતપદની આરાધ્યતા ગણવામાં આવેલી છે.

આ મુદ્દાથી કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી, ભગવાન્ ઋષભદેવજી વિગેરે ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવા પહેલાં સકળ અરિહંતોની પ્રતિષ્ઠાના આધાર તરીકે મોક્ષ લક્ષ્મીના અધિષ્ઠાન તરીકે અને સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળ લોકમાં અદ્વિતીય સામર્થ્યવાન તરીકે અર્હંતપણું ગણીને તેનાજ ધ્યાનમાં લીન થવાનું કહે છે અને સાથે તેજ અર્હંતોના નામ (ઋષભદેવજી વિગેરે) આકાર, દ્રવ્ય તથા ભાવે કરીને ત્રણે જગતના જીવોને પાવન કરનાર તરીકે તે અર્હંતપદને ધારણ

કરનારા સર્વ ક્ષેત્ર અને સર્વ કાળના તીર્થંકરોની સેવનાને કર્ત્તવ્ય તરીકે ગણાવતાં પોતે સેવા કરે છે અને કરવાનું કહે છે.

આવી રીતે સકળ ક્ષેત્રના, સકળ કાળના, સકળ તીર્થંકરરૂપી વ્યક્તિઓની સ્તુતિ કરતાં ઇંદ્ર મહારાજા પણ શક્રસ્તવમાં અરિહંત-પદને જ આગળ કરે છે, અને સૂત્રકારો જિનેશ્વરદેવોની કોઈક વખતે કરાતી સંક્રમણાને પણ અરિહંત ભગવાનની સંક્રમણા તરીકે વખાણે છે. મૂળ સૂત્રોમાં પ્રવચન શબ્દના વિશેષણ તરીકે અર્હંતપદનો ઘણે સ્થાને ઉપયોગ થએલો જોવામાં આવે છે.

પ્રવચન ને જિન શબ્દ વિશેષણ તરીકે પૂર્વકાળમાં ઓછો વાપર્યો હોય અગર ન વાપર્યો હોય તો તે પાછળથી વધારે વપરાએલા હોવાનું કારણ કુદેવ અને દેવપણાના વિભાગની જાહેરાતનેજ વધારે આભારી છે.

આ ઉપરથી આપણે સ્પષ્ટ સમજી શકીએ તેમ છીએ કે આરાધના માટે કરાયેલી અરિહંતપદની યોજના કોઈપણ અમુક કાળ, કોઈપણ અમુક ક્ષેત્ર કે કોઈપણ અમુક વ્યક્તિને ઉદ્દેશીને નહિ હોવા સાથે અનાદિ અનંતકાળના સર્વ તીર્થંકરોને આરાધવા માટેજ ગુણ મુખ્યતાની દૃષ્ટિએ. સમષ્ટિવાદને જણાવનારો અરિહંત એ પદ પ્રયોગ છે.

આવી રીતે ક્ષેત્ર, કાળ કે વ્યક્તિની ગૌણતા કરી કેવળ ગુણની મુખ્યતા કરી સમષ્ટિવાદને સમર્થક એવા પદની આરાધના માટે કોઈપણ જગતમાં ભાગ્યશાળી બની શક્યું હોય તો તે કેવળ આ આર્હંત દર્શન જ છે. અન્ય દર્શનોમાં દેવ તરીકે કરાતી આરાધના એક ક્ષેત્રના, એક કાળના, કોઈ એક મનુષ્યના નામનેજ મુખ્ય કરી કરાતી દેખાય છે.

તેથી જિનશાસનની શ્રી નવપદની સર્વોત્તમ આરાધના ગુણ-પૂજાની મુખ્યતાએ ગુણી વ્યક્તિઓની સમષ્ટિગત મહત્તાને સૂચવનારી છે.

આ રીતે બાકીના સિદ્ધ આદિ ૪ પદોમાં પણ જાણવું.

છેલ્લા સમ્યગ્દર્શન આદિ ૪ પદોની આરાધના ગુણસ્વરૂપે જ નિર્દેશી છે તે સ્પષ્ટ કરી આપે છે કે શ્રી સિદ્ધચક્રમાં જિનશાસનની ગુણપ્રધાનતાની મુખ્યદૃષ્ટિ મહત્ત્વપૂર્ણ છે.

શ્રી જિનશાસનના આરાધક પુણ્યાત્માઓએ આ વાત નજર સામે રાખી સઘળા જિનશાસનના સારરૂપ શ્રીનવપદની આરાધના કરી આરાધકભાવ સફળ બનાવવો જોઈએ.

## વાંચો !!! ........ વિચારો !!!

- પરમાત્મા, વીતરાગ, સર્વજ્ઞ તીર્થંકર પ્રભુના વચનો ઉપર સાહજિક રાગ આત્મિક ઉન્નતિનો પાયો છે.
- ગુણાનુરાગ, સ્વદોષદર્શન અને કૃતજ્ઞતાથી વિશુદ્ધિના પંથે જીવન ઝડપી આગળ વધે છે.
- મનની ચંચલતા લક્ષ્યની જાગૃતિની મંદતા સૂચવે છે.
- પરસ્પર સહયોગની ભાવના આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિકસે તો મુમુક્ષુપણું વધું ખીલે.
- સંસારનો ભય મોક્ષ પ્રતિ રાગ ઉપજાવે છે.

# પૂ. આગમોદ્ધારક શ્રી વ્યાખ્યાનસંગ્રહ

[સ્વનામધન્ય બહુશ્રુતશિરોમણિ આગમવાચનાદાતા આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વર ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનોના સહસ્રાવધિ સંગ્રહને તત્ત્વજિજ્ઞાસુઓના હિતાર્થે પ્રકાશિત કરવાના ધ્યેયથી પ્રકટ થતા 'આગમ જ્યોત'ના દ્વિતીય પુસ્તકમાં આ વખતે વિ. સં. ૧૯૯૨ કારતક સુદ ૨ થી આપેલા **શ્રી યોગશાસ્ત્ર** (પ્ર-૩ શ્લોક ૧૧૯) ઉપરના **મહાશ્રાવક** અંગેના વ્યાખ્યાનો પ્રકટ કરવામાં આવે છે.

આ સંગ્રહ પૂ. આગમોદ્ધારકશ્રીના શિષ્યરત્ન, શાસનપ્રભાવક પ્રૌઢ વ્યાખ્યાતા શ્રી નવપદારાધનાનિષ્ઠ, શ્રી વર્ધમાનતપોનિષ્ણાત, શ્રી સિદ્ધચક્રારાધનતીર્થોદ્ધારક સ્વ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરશ્રીના વિશાલ સંગ્રહમાંથી તેઓશ્રીના શિષ્યરત્ન અને પૂ. આગમોદ્ધારકશ્રીના હસ્તે ચરમદીક્ષિત ધર્મસ્નેહી મુનિવર્ય શ્રી અભ્યુદયસાગરજી મ. પાસેથી મળેલ છે.

સુજ્ઞ તત્ત્વજ્ઞ વિવેકી વાચકો યોગ્ય સદ્ગુરૂ જ્ઞાનીની નિશ્રાએ આ વ્યાખ્યાનોના પરમાર્થને સમજવા પ્રયત્ન કરે એવી નમ્ર વિજ્ઞપ્તિ છે.

## વ્યાખ્યાન ૧

વ્યાખ્યાન ૧ લું   શ્લોક   સંવત ૧૯૯૨ કાર્તિક શુદ ૨

**एवं व्रतस्थितो भक्त्या सप्त क्षेत्र्यां धनं वपन्।**
**दयया चातिदीनेषु महाश्रावक उच्यते ॥**

(योगशास्त्र प्र. ३, श्लो. ११९)

## યોગશાસ્ત્રનો રચના હેતુ

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન **શ્રી હેમચંદ્રસૂરિજી** ભવ્ય જીવોના ઉપકારને માટે મહારાજા **કુમારપાળના** વ્રતના નિયમને સંરક્ષિત કરીને વૃદ્ધિગત કરવાને માટે **યોગશાસ્ત્રની** રચના કરેલી છે.

## ૧-૨-૩ પ્રકાશનું વિષયદર્શન

તેમાં **પહેલા** પ્રકાશમાં યોગનો મહિમા, સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ, મહાવ્રતો, અષ્ટપ્રવચનમાતાનું સ્વરૂપ અને માર્ગાનુસારીના ગુણો જણાવ્યા.

બીજા પ્રકાશમાં સમ્યક્ત્વ, મિથ્યાત્વનું સ્વરૂપ જણાવવાની સાથે પાંચ અણુવ્રતોનું સ્વરૂપ અને ત્રીજામાં ગુણવ્રતો, શિક્ષાવ્રતો જણાવ્યાં છે, તેમજ અતિચાર સંયુક્ત વ્રતો તે તેવા પ્રકારના સુકૃતને માટે થતા નથી માટે અતિચાર જાણવા જોઈએ અને તેનો પરિહાર કરવો જોઈએ. એ વાત પણ જણાવી છે.

## મહાશ્રાવક કોણ કહેવાય?

**શ્રાવકના વ્રતો ધારણ કરે તે શ્રાવક કહેવાય.** તત્ત્વની પ્રતીતિ થઇ ત્યાંથી શ્રાવકપણું શરૂ કરીને ૧૧મી પ્રતિમામાં સાધુપણે રહેવું. વળી પ્રતિમામાં માધુકરી વૃત્તિ કરીને સાધુની જેમ ગોચરી કરવી, અને ત્યાં પચ્ચકખાણ તિવિહં તિવિહેણં હોય, આવા ઊંચા પરિણામે પહોંચેલો પણ કહેવાય કોણ? શ્રાવક! વધુમાં તેવા શ્રાવકને આવી રીતે શ્રમણભૂત થયેલ ત્રિવિધ હિંસા વગેરે કરવા નહિ, કરાવવા નહિ અને કરે તેને અનુમોદવા નહિ એવી પ્રતિજ્ઞાના કારણે તે શ્રાવક મહાશ્રાવક કહેવાય.

## મહાશ્રાવકનું લક્ષણ અને તેનું રહસ્ય

શ્રી કલિકાળ સર્વજ્ઞ ભગવંત શું જણાવવા માગે છે? એ અહીં સમજવાનું છે, કેમકે બીજી જગાપર સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિ-

કાના લક્ષણોનો અધિકાર સંભળાય છે, જાણ્યો પણ છે, પણ મહાશ્રાવકનું લક્ષણ પ્રસિદ્ધ નથી, તે અહીં જણાવીને ગ્રંથકાર શું જણાવે છે? કંઈ નવીન નથી કહેવું, માત્ર શ્રાવકના વ્રતોની નિરતિચારતા અને શ્રાવકની શાસ્ત્રમર્યાદા મુજબની પ્રવૃત્તિને મહત્ત્વપૂર્ણ જણાવવાનો આશય છે.

વ્રતોમાં કંઈ અધિકતા જણાવી મહાશ્રાવકપણું જણાવાતું નથી, પણ સમ્યકત્વની નિર્મળતા સાથે શ્રાવકના બાર વ્રતોના પ્રથમ જણાવેલ અતિચારોને વધુને વધુ પરિહરવાની પ્રવૃત્તિ પર ભાર દેવા સાથે પ્રતિમા વહન સુધીની ઉચ્ચ મર્યાદાઓના પાલનની વાત જણાવી શ્રાવકપણાની ભૂમિકાનો પ્રકર્ષ જણાવવાની નેમ છે.

તે દોષો ટાળીને શુદ્ધ સમ્યકત્વમાં રહેવાવાળો હોવો જોઈએ તોજ મહાશ્રાવક કહેવાય છે.

સમ્યકત્વ મૂલ બારે વ્રતોમાં નિરતિચારપણે સ્થિત હોય તે મહાશ્રાવક અહીં વ્રતવાળો કે વ્રતયુક્ત ન કહેતાં વ્રતસ્થિત કહ્યો તેનું કારણ એ છે કે સામાન્ય શ્રાવક સ્થિતિએ વ્રતસહિત કહેવાય, પણ વ્રતસ્થિત ક્યારે કહેવાય? યાવજ્જીવને માટે વ્રતોનું નિરચાર પણે નિયમિતપણું હોય. અણુવ્રતો એ યાવજ્જીવ માટે નિયમિત છે પણ ગુણવ્રતો, શિક્ષાવ્રતો, યાવજ્જીવ માટે નિયમિત ક્યાં છે? શિક્ષાવ્રતોમાં સામાયિક, દેશાવકાશિક તે તો પ્રતિદિવસાનુષ્ઠેય છે. પૌષધ, અતિથિસંવિભાગ પ્રતિદિવસાનુષ્ઠેય નથી, પણ પ્રતિનિયતદિવસાનુષ્ઠેય છે. સામાયિક, દેસાવગાસિક એ બે શિક્ષાવ્રતો પ્રતિદિવસાનુષ્ઠેય, પણ પ્રતિનિયતદિવસાનુષ્ઠેય નહિ. અતિથિસંવિભાગ, પૌષધ પ્રતિદિવસાનુષ્ઠેય નથી. જેઓ ધરણકાળની મર્યાદા નથી સમજતા, 'ગ્રહણકાળ વખતે' એવો અર્થ કરે છે. તેઓ પૌષધ પર્વતિથિ સિવાય ન કરી શકાય એવી પ્રરૂપણા કરવાનું દુસ્સાહસ કરે છે. અહીં **व्रतस्थितो** પાઠ ધરણ કાળ

દેખાડવા માટે છે, ગ્રહણકાળ દેખાડવા માટે નથી.

અણુવ્રતોને માટે કહ્યું કે એક વખત ગ્રહણ કરેલાં હોય તો જાવજ્જીવ ચાલે. ગુણવ્રતોમાં બે વાત. એક વખત ગ્રહણ કરીને યાવજ્જીવને માટે ગ્રહણ કરે. અથવા ઈત્વરિક પણ હોય એટલે કે થોડા કાળ ધારણ કરાય તેમ હોય.

અણુવ્રત-ગુણવ્રતનું નિરૂપણ ધરણ કાળની અપેક્ષાથી વિચાર્યુ છે. તેથી પ્રતિનિયત—દિવસાનુષ્ઠેયમાં પ્રતિનિયત શબ્દનો અર્થ એ લોકોના મતે ગ્રંથકારને અજ્ઞાની ઠરાવનાર થાય છે કેમકે પર્વ જેવો નાનો શબ્દ ન મૂકતાં પ્રતિનિયત દિવસ આવો લાંબો શબ્દ મેલવાની જરૂર શી? પર્વાનુષ્ઠેય કહેવાની જરૂર હતી.

---

અહીં પૂ. આગમોદ્ધારકશ્રીના કહેવાતા મર્મને જરા સ્થિર બુદ્ધિથી સમજવાની જરૂર છે. **સામાયિક દેશાવગાશિક પ્રતિદિવસાનુષ્ઠેય છે. પણ પૌષધ, અતિથિસંવિભાગ પ્રતિદિવસાનુષ્ઠેય નથી.** આ કથનનો સ્થૂળ બુદ્ધિથી કદાચ એવો અર્થ પણ તારવી શકાય કે '**રોજ કે ગમે ત્યારે ન લેવાય. પ્રતિનિયત પર્વના દિવસે જ કરી શકાય.**' પણ આ વાત તપાગચ્છની સમાચારી સાથે સંગત નથી.

તેથી **सिद्धस्य गतिश्चिन्तनीया** ની જેમ **દિવસાનુષ્ઠેય નો** અને પૌષધ અને અતિથિસંવિભાગ આ બે વ્રતો પાલન કરવાની દૃષ્ટિએ અર્થાત્ અમલમાં મુકવાની દૃષ્ટિએ પ્રતિનિયત નિયત સમય માટે જ ઉત્કૃષ્ટથી ૮ પ્રહર માટે કહી શકાય તેથી વધુ એકી સાથે કરવા માટેની પ્રતિજ્ઞા સંભવિત નથી, શાસ્ત્ર વિરુદ્ધ છે.

એક સાથે પાર્યા વિના જેમ ત્રણ સામાયિક લાગટ કરી શકાય તેમ પૌષધ પણ ૨૪ કલાકથી વધુ સમય માટે ઉચ્ચારાવી ન શકાય, ઉપધાન આદિમાં આ વાત પ્રત્યક્ષ છે. તેથી અહીં પૌષધ વિભાગને પ્રતિનિયત અતિથિસંદિવસાનુષ્ઠેય કહ્યા તેનો ભાવાર્થ '**તે બંને કાર્યો ૨૪ કલાકથી વધુ માટે પ્રતિજ્ઞા દ્વારા કરી શકાતા નથી.** એવો જાણવો.

આ વાત પૂ. **આગમોદ્ધારકશ્રીએ** આની પછીના વાકયમાં સ્પષ્ટ કરી જ છે કે '**જેઓ ધરણકાળની મર્યાદા નથી સમજતા અને ગ્રહણકાળ વખતે એવો અર્થ કરે છે......**' વગેરે

પ્રતિનિયત–એક દિવસમાં એક વખત ઉચ્ચાર કરીને જેનું આચરણ થાય તે પ્રતિનિયતદિવસાનુષ્ઠેય, પહોરનો પૌષધ ન લેવાય, ચાર પહોરમાં એક વખત જેનું ઉચ્ચારણ હોય, એક વખત ઉચ્ચાર કરેલો આખો દિવસ ધારી શકાય એક જ વખત ગ્રહણ કરવાથી આખો દિવસ ચાલી શકે તે **પ્રતિનિયતદિવસાનુષ્ઠેય.**

તેજ રીતે અતિથિસંવિભાગમાં એક કલાક સુધી મહારાજ વહોરશે તો ખાઈશ, પછી મહારાજ છૂટા, હું છૂટો એમ ન ચાલે આખા દિવસનો અતિથિસંવિભાગ હોય, પહોરનો હોય નહિ જો પ્રતિનિયતનો અર્થ પર્વ કરવામાં આવે તો અતિથિસંવિભાગ એ દાન દેવાનું તે **પર્વ સિવાય દઈ શકાય નહિ** એવો અર્થ થાય. **તેથી પ્રતિનિયતનો** અર્થ પર્વ લઇ શકાય તેમ નથી.

**પ્રતિનિયતનો** અર્થ આખો દિવસ નિયમ, એક વખત ઉચ્ચારણ કર્યું તો જઘન્યથી ચાર પહોર તો ચાલવો જોઈએ. એક દિવસમાં વધારે વખત કે એકથી વધુ દિવસ માટે પૌષધનો ઉચ્ચાર થઈ શકે નહિ, કારણ કે પ્રતિનિયત દિવસનો અર્થ નિયમિત છે દિવસ જ્યાં એવો છે, પણ સામાયિક, દેસાવગાસિક પ્રતિદિવસાનુષ્ઠેય છે. પ્રતિદિવસાનુષ્ઠેય એટલે પુનઃ પુનઃ ઉચ્ચરાય તે, સામાયિકની જઘન્ય મુદત બે ઘડીની છે. દિવસમાં જેનું ઉચ્ચારણ કરવામાં આવે તો વારંવાર ઉચ્ચારણ કરવું જોઈએ. આ એક કારણથી એક દિવસમાં બહુ વખત સામાયિક કરવા. **सामाइयं बहुसो** પ્રતિદિવસ શબ્દ એટલા માટે રાખ્યો છે કે '**दिवसं दिवसं प्रति**' રોજ સામાયિક નિયમિત હોવા જોઇએ. પૌષધનું નિયમિતપણું રોજ ન કરી શકીએ. એક વખત ગ્રહણ કર્યુંને બે ઘડી ધારવું તેનું નામ સામાયિક.

## યાવજ્જીવનાં કયાં વ્રતો અને ઈત્વરિક કયાં વ્રતો ?

મૂળવાત પર આવીએ. અણુવ્રત યાવજ્જીવને માટે હોય. ગુણવ્રતો યાવજ્જીવને માટે ઘણુ કાળની અપેક્ષાએ નિયમિત નથી,

આવી રીતે ગુણવ્રતો–અણુવ્રતોને અંગે મર્યાદા ઠરાવવામાં આવી નિયમ તરીકે ધરણકાળ જણાવ્યો હોય પણ ગ્રહણકાળે પ્રતિજ્ઞા તરીકે યાવજ્જીવની પ્રતિજ્ઞા હોઈ શકે. પૌષધ આઠ પહોરનો હોય પણ યાવજ્જીવ પૌષધ કરીશ. હંમેશા બે, ત્રણ, ચાર સામાયિક કરીશ. ધરણકાળ તરીકે યાવજ્જીવ ન હોય તો પણ નિયમ તરીકે યાવજ્જીવ તરીકે હોઈ શકે. યાવજ્જીવને માટે બાર વ્રતો ધારણ કરવાની નિયમની અપેક્ષાએ અડચણ આવતી નથી.

**તેથી અહીં યાવજ્જીવને માટે વ્રતની અંદર નિરતિચારપણે સ્થિત હોય તે મહાશ્રાવક !**

થોડા કાળે કરીને છોડી દીધું તેથી વ્રતવાળો કહેવાયો પણ વ્રતસ્થિત ન કહેવાય. બે ઘડી શિક્ષાવ્રત લીધું પછી છોડી દીધું. તો તેની જિંદગી વ્રતવાળી ગણવી કે નહિ ? એ બાબત જો વિચારીએ તો તે વ્રતવાન્ વ્રતયુક્ત તો ગણાય. પણ મહાશ્રાવકના અધિકારમાં બે ઘડી વ્રતો લઈને જે વ્રતવાળા કહેવડાવતા હોય કે બે ઘડી, ચાર દહાડા જેવી ટુંકી મર્યાદા વ્રતને ધારણ કરવાવાળા અહીં ઉપયોગી નથી. અહીં યાવજ્જીવને માટે પ્રતિજ્ઞાવાળો હોવો જોઇએ એ જણાવવાને માટે **વ્રતસ્થિત** કહે છે.

વળી વ્રતસ્થિત એટલે વ્રતમાં ટકેલો. વ્રત લઈને પાળીને મેલી દીધાં તેમ નહિ, પદવીઓને અંગે, ગુરુના લક્ષણોને અંગે પ્રવજ્યા દિનથી આરંભીને "**અસ્ખલિત વ્રતવાળો**" એ શ્રાવકના લક્ષણનો અનુવાદ છે. મહાશ્રાવકના લક્ષણને આગળ કહીશું. શ્રાવકોના બારે વ્રતોમાં રહેવાપણું તે શ્રાવકનું લક્ષણ તે આગળ કહેવાયું પણ મહાશ્રાવક ક્યારે ? નિરતિચારપણે તેમાં સ્થિત રહે–ત્યારે જે શ્રાવકનું લક્ષણ કહ્યું હતું તેનો અનુવાદ કર્યો. વિશિષ્ટતા કેટલી ? તે વિચારવું જરૂરી છે.

શ્રાવકના સામાન્ય લક્ષણોમાં પરલોક હિતકારી જિનવચનને સમ્યક્ સાંભળે એમ કહ્યું કે ત્યાં પરલોક હિતકારી કહેવાની

જિનવચન જરૂર શી? સામાન્ય હિતકારી રાખો.

તેનું કારણ એ છે કે જિનવચન જે હિત કરે છે તે બીજું કોઈ કરી શકતું નથી. જે મનુષ્ય જેવા દેવને ગુરૂને કે ધર્મને માને તેવા સંસ્કારવાળો તે હોય. જે વખત ભગવાનને વિકાર રહિત પણે દેવ માનીએ, શુદ્ધ સંયમવાળાને ગુરુ કેવલી ભાષિત શુદ્ધ ધર્મને માનીએ તે વખત અંતઃકરણ મેલું હોય તો પણ તેમાં તે છાયા પડયા વિના રહેવાની નહિ. કાળો ભખ્ખ કાચ હોય, તેમાં સાથે રાખેલી ધોળી વસ્તુ પોતાનો ભાવ ભજવ્યા વિના રહેતી નથી. એવી રીતે જિનેશ્વરને દેવ તરીકે માનનારો. સંયમીને ગુરુ, અને કેવલી ભાષિત ધર્મને માનનારો ચાહે જેવી ખરાબ લેશ્યાવાળો, અધમ વર્તનનો હોય તેનામાં તે છાયા તો આવ્યા વિના રહે નહિ.

દુનિયાનો પુરાવો જેવો માને ધર્મ, તેવું કરે કર્મ, જેઓના ધર્મમાં કતલ કરવાની છૂટ તે ધર્મવાળાને અંગે ખૂનના ગુનાઓ કેટલા આવે? તે તપાસી જુઓ. જેઓના ધર્મમાં અહિંસાને મુખ્ય સ્થાન આપ્યું તે ભલે ધર્મહીન હશે, તેમાં ખૂન કરવાવાળાની સંખ્યા કેટલી આવે? પ્રત્યક્ષ પુરાવો આના કરતાં બીજો ન દઈ શકો.

જેનામાં દારૂની છુટ તેમાં કેટલા ગુના થાય છે? જેનામાં દારૂની બંધી, કુલાચારથી ધર્મ પાળતા હોય તેનામાં એ ઘેલછાના ગુના જવલ્લે, ખૂનીની સાથે વાત કરવા ઊભા રહો તો જરા ઊંચું-નીચું થાય તો કહે ખોસી દઈશ! અને સંસ્કારી કુળવાળો બહુ ચીડાય તો પણ શું કહે? સંભાળીને બોલજે, નહિ તો ખાસડું ઠોકીશ ક્રોધે ભાન ભૂલાવ્યું પણ ધર્મના સંસ્કાર છે. કાળી શાહી જેવા કાચમાં પણ તેની સામેની ચીજ લાલ કે પીળી હોય તેવી છાયા પડયા વિના રહેતી નથી. બોલે ત્યારે શું બોલવાનો? ખાસડું

ઠોકીશ. પણ છરો ભોંકી દઈશ, ગળું કાપી નાખીશ એવા શબ્દો નિકળતા નથી.

## જેવો માને ધર્મ-તેવું કરે કર્મ

અવિરત સમ્યગદૃષ્ટિ પણ શ્રાવક તરીકે ગણાય. એક વ્રત ધારણ કરે તો શ્રાવક ગણાય, ૧૧ મી પ્રતિમા ધારણ કરે છતાં જેણે કુટુંબ કબીલો વોસિરાવ્યો નથી તેટલું બાકી છે તે પણ શ્રાવક ગણાય. પૂર્વે જણાવ્યા પ્રમાણે સમ્યક્ત્વ, અણુવ્રત, ગુણવ્રતો શિક્ષાવ્રતો બધામાં રહેલા હોય તેને તો શ્રાવક કહ્યો. વિશેષ શું? વધારેમાં ભક્તિ. પેલા કોઈ ભક્તિ વગરના હોય તેમ નહિ, પેલાની પણ દેવ, ગુરુ, ધર્મ તરફ ભક્તિ નહોતી તેમ નહિ. આ ભક્તિ કયા રૂપની? સાતે ક્ષેત્રમાં અપૂર્વ ઉલ્લાસ સાથે સદ્વ્યય કરવાની તમન્નારૂપ ભક્તિ, કેટલાક મહાનુભાવોને તો સાત ક્ષેત્રોના નામ માલમ નહિ હશે તો ઉત્કૃષ્ટતા વગેરે ક્યાંથી જાણે?

જિનેશ્વરનું મંદિર, જિનમૂર્તિ, જિનાગમો. આ ત્રણ ક્ષેત્ર. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આ ચાર મળી સાતે ક્ષેત્રમાં પોતાની શક્તિ ગોપવ્યા વગર ધનને વાવતો, અને નિરતિચાર વ્રતવાળો હોય તે **મહાશ્રાવક** ગણાય.

આ સાતનું નામ ક્ષેત્ર છે. **નીતિમાં**- 'क्षेत्रे शतगुणं' ક્ષેત્રમાં વાવેલું દ્રવ્ય સેંકડો ગુણ હોય.

પહેલાં સાતની ક્ષેત્ર તરીકે શ્રદ્ધા થવી જોઈએ. સમ્યક્ત્વની સ્થિતિ ક્યાં? સાતેને ક્ષેત્ર માને અર્થાત્ જેમ ખેડૂત ખાવામાં ચાહે તેવો દાણો લેશે, પણ વાવવામાં ઊંચામાં ઊંચો દાણો લેશે. કારણ સમજે છે. ખેતરમાં નાખવું એ ખાવાં કરતાં પણ ફાયદાકારક છે. આ સ્થિતિમાં ખેડૂત સમજે છે. ખેડૂતના જેવી બુદ્ધિ સમ્યક્ત્વની નિર્મળતાના બળે હોય તેઓને સાતે ક્ષેત્રોમાં ઉત્તમ પદાર્થો વાવવાની બુદ્ધિ થાય!

ક્ષેત્ર પહેલેથી રાખ્યું. સાતેનું નામ ક્ષેત્ર, ખેડૂતને ખેતર ખોવું પાલવે નહિ. બાયડી, છોકરાં વેચી દે પણ ખેતર વેચવાનો વખત ન લાવે. બાયડી–છોકરાં કરતાં પણ યાવત્ પોતાના જાન કરતાં પણ ખેતરની કિંમત ગણે છે. જ્યારે સમ્યકત્વ થાય, પોતાના કુટુંબકબીલા, જાન કરતાં, પણ ખેડૂતોને ખેતરની જમીન વહાલી હોય. તેમ આ સાતે વહાલાં હોય, તેથી સાતેને ક્ષેત્ર તરીકે માને ઉપયોગી ગણે, તે પોતાના ભાવીને સફળ કરી જાણે.

બાયડી છોકરાં મારું વર્ષ નહિ કાઢે તે ખેડૂત સમજે છે. વર્ષ કાઢે તો ખેતર જ કાઢે છે. તેમ સમ્યગદષ્ટિ સમજે છે કે બાયડી છોકરાં મારો આવતો ભવ તો નહિ જ કાઢે. ખેડૂતને વર્ષો કાઢનારૂ જેમ ક્ષેત્ર, તેમ સમ્યગદષ્ટિને આવતા ભવને નવપલ્લવિત કરનાર તરીકે હોય તો તે સાતે ક્ષેત્ર૦

તેથી નામ રાખ્યું ક્ષેત્ર. સ્થાન કે પાત્ર શબ્દ રાખ્યો નહિ.

સાતે સરખાં જ ને? યથોચિત સ્થિતિ પ્રમાણે સાતે સરખાં શ્રાવક, શ્રાવિકાનું વાત્સલ્ય કરનાર લાભ ન મેળવી શક! જિનેશ્વરની મૂર્તિની ભક્તિ કરનારો લાભ ન મેળવી શકે! તેમ નથી. સમ્યગ-દષ્ટિને સાતે ક્ષેત્ર એક કડીના છે.

શાસ્ત્રોમાં તીર્થંકરપણું કેમ ઉપાર્જન થાય? તેના અનેક કારણોના નિર્દેશમાં સાત ક્ષેત્રની ભક્તિથી પણ તીર્થંકરપણું ઉત્પન્ન થાય છે. એમ જણાવ્યું છે.

વળી સાતે ક્ષેત્ર એક કડીના છે. કોઈપણ ક્ષેત્ર કમતી સ્થિતિનું નથી. તીર્થંકરો તો મોક્ષે ગયા તેની વાત ક્યાં અને આરંભ કષાયમાં ખૂંચી રહેલા શ્રાવક–શ્રાવિકા ક્યાં? તેની ભક્તિ ને તીર્થંકરોની ભક્તિ જોડમાં મેલો તે શી રીતે મગજમાં ઊતરે?

તો એનો ખુલાસો એ છે કે નાતમાં નોતરૂં દેવાવાળા શેઠને નોતરૂં દે કે છોકરાંને પણ દે? છોકરાંને જમાડવામાં શું? નાતનું

ધુંસરું પકડવાની તાકાત હજુ છોકરામાં નથી. અઢારની અંદરના બચ્ચાઓ નાતનું ભલું કરી શકતાં નથી, પણ નાતને લાયક છે, તેથી તેને નોતરું છે, કેમકે ધ્યેય તો તેનું પણ જન્મે ત્યારથી પોતાની જાતિનું છે તેમ આરંભ-વિષય-કષાયમાં ખૂચેલો અવિરતિવાળો મોક્ષના ધ્યેયવાળો છે. એમ પણ કહી શકાય કે મોક્ષની નાતના આ બધાં અંગો છે. જેમ નાતમાં અંગો હોય, ઓછું કે વધારે કામ કરનાર હોય તેની કિંમત હોય નહિ. સાતે ક્ષેત્ર મોક્ષને વધારવાવાળા છે. સાતેનું મોક્ષ ધ્યેય છે. તેથી જ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજીએ 'सप्तक्षेत्र्यां' એવો દ્વિગુ સમાસ કરી દીધો. સાત ક્ષેત્ર જુદાં પણ અહીં સાતેનો સમાહાર કરી દીધો અને એ રીતે સાતેની એક સરખી આરાધ્યતા રાખી.

**આરાધ્યની અપેક્ષાએ સાતે ક્ષેત્ર સરખા.**

અહીં એક એવો તર્ક પણ થઈ શકે કે સાતે ક્ષેત્ર એક સરખા મોક્ષના ધ્યેયવાળાં છે, તો એકનું દ્રવ્ય બીજામાં જાય તો અડચણ શી? પણ જરા ગંભીરતાથી વિચારવું. જરૂરી છે કે આરાધ્યતા સરખી કહેવાથી બધા સરખા ગુણોવાળા છે, તેમ કહેવું નથી, તેથી અધિક-ગુણવાળાનું દ્રવ્ય ન્યૂન-ગુણવાળા ક્ષેત્રમાં ન જાય

આ ઉપરથી શ્રાવકને દેવદ્રવ્ય-ચૈત્યદ્રવ્ય, ગુરુદ્રવ્ય ખાવાથી કેમ દુર્ગતિ કહી? તેનો ખુલાસો થઈ જશે.

મોક્ષમાર્ગની સિદ્ધિ માટે બધા ક્ષેત્રો સમાન રીતે આરાધવા લાયક છે, તે છતાં બધા સરખા નંબરે નથી.

ત્રિલોકનાથ તીર્થંકરનો જે નંબર તે જ્ઞાનનો નથી.

જ્ઞાને તીર્થંકરને પ્રગટાવ્યા કે તીર્થંકરે જ્ઞાન પ્રગટાવ્યું?

જ્ઞાનને તીર્થંકરે પ્રગટાવ્યું તેથી જ **जिणपण्णत्तं तत्तं** કહીએ છીએ. શ્રુતમાં બોલીએ છીએ. **'केवलिपण्णत्तं सुयं'** કેવળી મહારાજે કહેલું શ્રુત, તીર્થંકરે કહેલાં આગમો કહીએ છીએ. તો તીર્થંકરની કોટિ ચઢતા નંબરની છે.

પ્રતિમા, ચૈત્ય સામાન્ય રીતે એકસરખાં છતાં ચૈત્ય આગળ છે,

પછી મૂર્તિ આપેલ છે. આધારનું રક્ષણ કર્યા સિવાય આધેય તરફ જનાર ભૂલ કરે છે. કુંડાના રક્ષણ તરફ ધ્યાન ન દે, ઘીના રક્ષણ તરફ ધ્યાન દે તો ? હાથમાં આવે તેવું ઘી રક્ષણીય છે, પણ તેનો આધાર અત્યંત રક્ષણ કરવા લાયક છે.

મૂર્તિ આરાધવા લાયક, પણ મૂર્તિનો આધાર ચૈત્ય. તેથી ચૈત્ય ક્ષેત્ર પહેલે નંબરે આરાધ્ય થાય. બાકીના ચાર ક્ષેત્રમાં પાછો અનુક્રમ જ્ઞાનને આધારે જ સાધુ.

સાધુ જિનેશ્વરના એક પણ વચનથી વિરુદ્ધ હોય તો તેને જૈન શાસનમાં ઊભા રહેવાનું સ્થાન નથી. સાધુઓનો આધાર, સાધુતાને લાવનાર, ટકાવનાર, વધારનાર હોય તો તે કેવળ જિનવચન છે.

**જ્ઞાનનું દ્રવ્ય, સાધુઓને ન ખપે.**

**તીર્થંકરનું દ્રવ્ય જ્ઞાનને ન ખપે.**

સાધુઓ અને જ્ઞાન વચ્ચે કયો સંબંધ ? આરાધ્ય-આરાધકભાવ છે. સાધુઓ આરાધક છે. આરાધક ભાવ પોતે જેમાં રાખે છે, જેને પોતે આરાધ્ય ગણે છે તો તે ભક્તિને નુકશાન કરનારી કોઈ ચીજ આરાધક તો કરી શકે જ નહિ. આરાધ્યના સાધનો લેવાની સત્તા આરાધનાને નથી. જ્ઞાન-મૂર્તિ-ચૈત્ય આરાધ્ય છે.

દેવદ્રવ્ય એટલે શું ? દેવનાએ મેળવેલું દ્રવ્ય નથી. વ્યાખ્યા શી છે ? દેવદ્રવ્ય તેનેજ કહેવું કે જે દેવની ભક્તિ, આરાધના માટેનું દ્રવ્ય. જેઓ તીર્થંકરના દ્રવ્યને નામે રાજપાટ ઓહીયાં કરવા માંગતા હોય તેઓ દેવદ્રવ્યનો અર્થ સમજ્યા નથી.

ચૈત્ય-મૂર્તિની ભક્તિને માટે એકઠું કરાતું દ્રવ્ય કે આવક તે દેવદ્રવ્ય. જે દેવદ્રવ્યની આવકને ભાંગે છે, કે દેવદ્રવ્ય આપતો નથી તે સંસારમાં રખડનારો છે.

**દેવદ્રવ્ય પૂજારીને કેમ અપાય ?**

અહીં સવાલ થાય છે કે દેવદ્રવ્ય સાધુઓ ન ખાઈ શકે, શ્રાવક, શ્રાવિકા ન ખાઈ શકે તો ગોઠી-માળીને કેમ દેવાય છે ?

ખાવામાં દોષ તો ખવડાવવામાં દોષ નહીં ? તો સમજવાનું એ છોકરાં તેડવાને અંગે જોઠીને તે દેવદ્રવ્ય અપાય છે? ના! ભગવાનની ભક્તિને અંગે અપાય છે. ભક્તિને માટે એકઠું કરેલું દ્રવ્ય ભક્તિ કરવામાં અપાય, તેમાં ભક્ષણનો સવાલ ક્યાં છે? તું આરસ લાવે તેને ભક્ષણમાં કરી દેજે. હીરા, મોતી, સોનું રૂપુ લાવ્યા તે ભક્ષણ નથી. ચૂનો, ઈંટો લાવ્યા તેને અંગેનું દ્રવ્ય તે ભક્ષણ કહેવાય નહિ તો માળીને અપાય તે ભક્તિને અંગે અપાય છે, તેમાં ભક્ષણ નથી જો પૂજારીને, માળીને માટે નૈવેદ્ય વિગેરે આપવું હોય તો પગાર વખતે બોલી કરવી તો શ્રાવક નિર્દોષ ઠરે. છતાં દેવદ્રવ્ય ખવડાવી દો છો તે નવું બોલનારા કેટલા મૃષાવાદી ? તે આપોઆપ સમજી શકશો.

## ગુણની દૃષ્ટિએ સાત ક્ષેત્રોમાં તારતમ્યતા.

મોક્ષમાર્ગ જવાને અંગે જે આ સાત ક્ષેત્રો છે, તે ગુણની મર્યાદાએ ચોક્કસ થયેલા છે. મનુષ્યો હોડી તોડીને ખીલો નહિજ કાઢે. ચઢતા ગુણવાળાઓની ભક્તિ તોડીને હલકા ગુણવાળાની પોષણ કરવાનું પસંદ હોય નહિ. જ્ઞાનમાં જે આવક આવી હોય તે સાધુને નથી ખપતી. સાધુની આવક શ્રાવકમાં વપરાતી નથી. મોક્ષમાર્ગની અપેક્ષાએ તો સાતે ક્ષેત્રો એકસરખાં આરાધ્ય છે. તેથી અહીં સાતક્ષેત્રોનો સમુદાય જણાવ્યો છે.

હવે પછી મહાશ્રાવકના બાકીના લક્ષણ તરીકે ખર્ચીને વાવવું, ધન વાવવું, ખર્ચવું વગેરે જણાવશે તે અગ્રે વર્તમાન.

### ભવનું ભમણ શાથી ?

વીતરાગની આજ્ઞાની સ્પષ્ટ સમજણ ન થવાથી ગુરૂનિશ્રા અને શાસ્ત્રની મર્યાદાઓની વફાદારીની ખામીથી ઉપજતી સ્વચ્છંદતામાંથી જન્મેલ નાનાવિધ કર્મોના આધારે આપણું ભવભ્રમણ ચાલુ છે.

## વ્યાખ્યાન—૨

**एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ।**
**दयया चातिदीनेषु, महाश्रावक उच्यते ॥**

### વ્રતોની ખાસ જરૂર

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન **હેમચંદ્રસૂરિજી** ભવ્યજીવોના ઉપકારને માટે રાજર્ષિ **કુમારપાળને** વ્રતોની સ્થિરતા દૃઢતા થવા માટે **યોગશાસ્ત્રની** રચના કરતાં મહાશ્રાવકના લક્ષણમાં જણાવી ગયા કે—

પૂર્વે જણાવેલાં બાર વ્રતોમાં જે નિશ્ચળપણે અને નિરતિચાર પણે રહેલો હોય, ભક્તિ અને દયાના કાર્ય કરવામાં તત્પર હોય તે મહાશ્રાવક !

અહીં એ સમજવું જરૂરી છે કે ભક્તિ અને દયાના કાર્યમાં, માત્ર પોષણ છે, પણ વાવેતર વિના પોષણ નકામું છે, તેથી બારે વ્રતોને અંગીકાર કરવાં તે વાવેતર છે. તે સાથે પોષણ રૂપે દયા, ભક્તિ પણ જરૂરી છે. છતાં વાવેતર વિનાનું પોષણ ફાયદાકારક થાય નહિ તેમ પહેલાં વ્રતમાં સ્થિરપણું હોવું જોઈએ. ભક્તિ, દયાની જેટલી જરૂર છે. તેના કરતાં પહેલે નંબરે વ્રતોની આત્માને જરૂર છે.

### વ્રતસ્થિત હોય તે મહાશ્રાવક !

ભક્તિની, દયાની દ્રવ્ય થકી ખામી હોય, પણ વ્રતમાં અધિકતા થતી હોય તો તે કર્તવ્ય છે. વ્રતસ્થિતપણું કર્તવ્ય છે. પૂર્વે જણાવેલાં બાર વ્રતોમાં સ્થિરતાવાળો જોઈએ. પૌષધ કરીશું. પણ પૂજા નહિ થાય એવું ન થાય, તેથી પૌષધ વગેરે જરૂરી કર્તવ્ય છે, કારણ તે મૂળ જડ છે. વ્રતો ધર્મની મૂળ જડ છે, તેથી મહાશ્રાવકનું લક્ષણ જણાવતાં વ્રતસ્થિત જણાવ્યું છે.

જેને એકલું સમ્યક્ત્વ હોય તે ભલે! શ્રાવક કહેવાય! બાર વ્રતોમાંથી બે-ત્રણ વ્રત હોય તો તે પણ શ્રાવક કહેવાય! પણ મહાશ્રાવક તો તે કે નિર્મળ સમ્યક્ત્વ સાથે નિરતિચારપણે બાર વ્રતોને પાલવાની યથાશક્ય તત્પરતા ધરાવતો હોય!

**મહાશ્રાવકની વિશેષતા!**

અહીં કદાચ કોઈને એવો સવાલ થાય કે મહાશ્રાવકને બાર-વ્રતો પાળવાના ને! યા તો શ્રાવકની ઉંચી દશા જ ને! કે બીજું કંઇ? તો તેના ખુલાસામાં જણાવ્યું કે "भक्त्या" એટલે કે બાર-વ્રતોનું પાલન પણ ભક્તિ-અંતરના વિશિષ્ટ ઉમળકા સાથે હોય

તે ભક્તિ કેવી? હાડોહાડ સંસારની વિષમતાના સજાગ ભાન સાથે આત્માના અખૂટ જ્ઞાનાદિ ગુણોને મેળવવાની ઉત્કટ તમન્નાથી ભરપૂર જે લાગણી તેનાથી ભાવિત પણું તે અહીં "ભક્તિ" પદથી જણાવેલ છે, તે માટે વ્યવહારૂ દૃષ્ટાંત જણાવાય છે કે

**ભક્તિ એટલે તમન્ના!**

એક વખતે સામા કાંઠે પોતાની માતા કે છોકરો છે! તે ધાર્યું અને વચમાં નદીનું પૂર હોય. તે વખતે પૂરને ઓળંગીને સામે કાંઠે જવા કેવા તલપાપડ હોય? સામા કાંઠે પોતાનું વતન, માતા, પિતા, પુત્ર છે એમ માલુમ પડે તો જેવી તાલાવેલી થાય. તેવી ભવ્ય જીવ જે વખતે અનાદિની મિથ્યાત્વનિદ્રાથી જાગે ત્યારે હોય, અનાદિકાલથી સર્વ જીવો ઊંઘી રહેલ છે. ભવ્ય જીવ હોય હોય કે અભવ્ય હોય! જે સમ્યક્ત્વ પામ્યા વગરના, દેવગુરુ, ધર્મની શ્રદ્ધા વગરના તેને જ્ઞાનીઓ ભાવ-સુપ્ત જણાવે છે. જેમ ઊંઘમાં પડેલો પાસેની સંપત્તિ-વિપત્તિને ન સમજે. તેવી રીતે આ જીવ અનાદિથી સંપત્તિવાળો છે. એક ક્ષણ કે સમય પણ આ આત્માનો એવો વખત નથી કે જેમાં પોતાની પાસે સંપત્તિ ન હોય! અનંતજ્ઞાન, અનંતદર્શન, વીતરાગ-પણું અને અનંતવીર્ય આત્માની પાસે નહોતું. એવો વખત નહોતો જેની પાસે અનંતજ્ઞાન વિગેરે નથી તે જીવ જ નથી.

જીવનું લક્ષણ જ એજ કે ચાહે તો સૂક્ષ્મ એકેન્દ્રિય હોય, કે સિદ્ધનો જીવ હોય. બંને જીવ મિલ્કતવાળા તો છે. અનંતજ્ઞાન વિગેરે વગરનો જીવ નથી. આ જીવને હંમેશા ઋદ્ધિ ઓશીકે છે, ઋદ્ધિ છેટી નથી, તેમ વિપત્તિ પણ છેટી નથી, આ અનાદિથી ક્રોધ, માન. માયા, લોભ, આરંભ–પરિગ્રહમાં ગુંચવાઈ રહ્યો છે, તેથી અન્યાય ને અનીતિને માર્ગે જવાવાળાને અપજશને છેટું નથી, અપજશ સોડમાં છે. જીવને સંપત્તિ, વિપત્તિ ઓશિકે છે. બંને સોડમાં હોવા છતાં ખબર કોને પડે? જેની આંખો ખુલ્લી હોય તેને.

## ઊંઘેલો મનુષ્ય સંપત્તિને શું સમજે?

જ્યાં સુધી આ જીવ ભવ્ય હોય, પણ મિથ્યાત્વદશામાં હતો તે વખતે ચારનો જ વિચાર કરતો હતો. કંચન, કામિની, કુટુંબ અને કાયા આ ચાર કકાથી રૂંધાઈ ગયેલો હોવાથી જિંદગી સુધી. બીજો વિચાર એને આવ્યો નહિ. તેથી હું કોણ? તે જોવાનું ભાગ્ય જાગ્યું નહિ.

બીજાને આત્માનું સ્વરૂપ જણાવનાર ન મળે, આપણને બધાં સાધનો મળ્યાં છે, તો એમ કહેવું જોઈએ કે છતાં સાધને શત્રુના ટપલાં ખાઈએ છીએ, જેની પાસે સાધન ન હોય તે શત્રુની ગુલામી કરે, પણ જેની પાસે પૂરપાટ લશ્કર, હથિયાર, સાધનો છે તેવો મનુષ્ય શત્રુની શેહમાં લેવાઈ જાય તો કેટલો જુલમ ગણવો?

## ખરેખર દયાપાત્ર કોણ?

રાંકડા કોણ? અફસોસ કરવા લાયકની સ્થિતિમાં મેલવા લાયક કોણ! બિચારા રાંકડા તે જ કે જેઓ જિનેશ્વરના વચનને જાણતા નથી. એને રાંકડા, ગરીબ, કે દયાને પાત્ર ગણ્યા. તેના કરતાં વધારે દયાના પાત્ર કોણ? જેઓ જાણે છે અને કરતા નથી તે અફસોસ કરવામાં પણ અફસોસ કરવા લાયક છે, રાંકમાં રાંક છે.

આપણે જિનેશ્વરને પામ્યા છીએ એ જાણ્યું, માન્યું, શ્રદ્ધા કરી છતાં તે શ્રદ્ધાનો અમલ કાંઈ નહિ. જો વિચાર કર્યો હોય તો કંચન વિગેરેના જ પણ તેની જગા પર હું કોણ? મારું શું થશે! તે વિચારો કેમ નહિ? એકેન્દ્રિય વગેરે જેને કે આત્મા શબ્દનો સ્વતંત્ર પ્રયોગ નથી. સંજ્ઞી પંચેદ્રિયને આ વિચારો આવે જ્યાં કે આત્મા શબ્દનો યથાર્થ પ્રયોગ છે, પણ અહીં આવીને એમને એમ અહીંથી ચાલ્યો જાય તેને આત્માનો વિચાર સૂઝે શાનો? પરંતુ શાણપણમાં વિચાર ન આવે તો ગાંડપણમાં વિચાર ક્યાંથી લાવવા?

દરેક ગતિ-જાતિમાં આ જીવ ફર્યો. નિદ્રાવાળો કહે પણ બધું ઊંઘમાં! આ જીવ રખડયો અનંત પુદ્ગલ પરાવર્તો તે ઉંઘમાં પોતાને ન દેખે હું કોણ? એટલો ખ્યાલ જેને ન આવે તો તે દશાને ઊંઘણશી દશા ન માનવી તો કઈ દશા માનવી? આ જીવ અનંતા પુદ્ગલ પરાવર્તો સુધી રખડયો. મારી સ્થિતિ કઈ? તેનો વિચાર નથી.

સ્પર્શ વિગેરે પાંચ ઇન્દ્રિયોના વિષયોનો વિચાર છે. આ પાંચ વિચારો અનાદિથી હતા શેઠજીએ છ મહિના વિચાર કરીને ગાયના શિંગડામાં માથું ઘાલ્યુ હતું એવા અનંતા પુદગલ પરાવંતો વિચારથી રહ્યા છીએ. સંજ્ઞા વગરનો જીવ કોઈ ગતિ કોઈ-જાતિમાં નથી. સ્પર્શ વિગેરેના વિચારો પણ પોતાના વિચાર નહી. આત્માના વિચાર સૂઝયા નથી. હું કોણ? મારી સ્થિતિ શી છે? તેના ઉપાયો કયા? તેનો વિચાર આવ્યો નથી. શેઠજીના છ માસના વિચારો શીંગડામાં પેસવાના હતા. કેમ નિકળાય? તેના વિચાર ન હતા.

## વિચાર જાગૃતિની ખામી.

સ્પર્શ વિગેરેના વિચાર હતા. પોતાની સ્થિતિના વિચાર ન હતા. અનંત પુદગલ પરાવર્ત્ત લુંટાઈ ગયા. હવે તો મિલકત સાચવ!!! હજુ આંખ નથી ઉઘડતી. સ્પર્શ વિગેરેના જ વિચારો. જ્યાં આટલી બધી સામગ્રી-સાધનો મળ્યાં છે, સોટા મારનારા મળ્યાં

છતાં હજુ આપણી ઊંઘ ઊડતી નથી. કહો કે ક્લોરોફોર્મ લીધું છે. ક્લોરોફોર્મ લે તેને હથિયારથી કાપે તો ભાન હોય નહિ. તેમ આપણી સ્થિતિ મિથ્યાત્વના ક્લોરોફોર્મને લીધે બેશુદ્ધ બની છે. સ્થિતિનો ખ્યાલ આવતો નથી.

ભવ્ય જીવ જ્યાં સુધી સમ્યકત્વ ન પામે, ત્યાં સુધી અનંત પુદ્ગલ પરાવર્તની નિદ્રાવાળો, કુંભકર્ણ તો છ મહિનાની નિદ્રાવાળો, ઉંઘેલું છોકરું જાગતાંની સાથે રમકડાને હાથમાં લે છે, જિનેશ્વરના વચનરૂપી અંજન મહાપુરુષોએ આંખમાં આંજ્યું છતાં આંખ ન ઊઘડે તો એમ કહેવું પડે અંજન બગડે. આંજનારો લુઠો પડે.

## આંધળાને આંજીને વૈદ્ય શું મેળવે ?

આંધળાને આંજેલા અંજનની જાહોજલાલી ન ગણાય. વૈદ્યની કીર્તિ ન થાય. વાંક કોનો ? કમનસીબ દર્દી આવ્યો તેનો વાંક! વૈદ્ય અંજન સિદ્ધ છે. તેમ આપણા જેવા કમનસીબ દર્દીને લીધે જિનેશ્વરની દવા આંજનારા મહાપુરુષોનો પ્રભાવ હણાઇ જાય છતાં આંધળાની દશા તો એની એ જ છે. આંધળાને અંજન આંજ્યું તે તો ગયું ને ? આપણા માટે મહેનત કરી તે કરતાં યોગ્ય ભવ્ય આત્માને માટે મહાપુરુષે મહેનત કરી હોત તો સફળ થાય ને ? ઊખર ક્ષેત્રમાં વાવેલા દાણાની મહેનત નકામી ગઈ, સારા ક્ષેત્રમાં અનાજ વાવે તે ઊગે છે.

આપણા માટે શાસ્ત્રકારોની મહેનત નકામી ગઇ. તેમના શાસ્ત્રોનો પ્રભાવ પણ ગયો, અંજનની શક્તિ દેખતાને માટે ખીલેલી છે. આંધળાને માટે વૈદ્યની શક્તિ; અંજનનો પ્રભાવ ઊડી ગયો. જિનેશ્વરના એક વચનથી અનંતા મોક્ષે જાય. તે આપણા માટે નકામા ગયાં. જિનેશ્વરનું એક વચન એ સંસાર સમુદ્રથી પાર ઉતારનાર છે. એક સામાયિક પદથી અનંતા મોક્ષે ગયા છે. જે અંજન અનંતાને મોક્ષ દેનારું, એક અંજનની સળી જગતને દિવ્યચક્ષુ દેનારી તે અંજનની દાબડીઓને દાબડી ખાલી થઈ ગઈ. આંધળાને અંજન

આંજી દેવામાં આવે તેની કીંમત શી ? તેમ આપણને સેંકડો લાખો પદો આપણા કાને આવે છતાં કાંઈ જ નહિ. ચક્ષુ જ નથી કે શું ? ચક્ષુ વિનાનાને ચાહે જેટલી દાબડી આંજે તો કાંઈ ન વળે. આટલું બધું અંજન મળ્યું છતાં દૃષ્ટિ ખુલતી નથી.

### ભાવચક્ષુની ગેરહાજરી

હજુ તો આંધળામાં ખપીએ છીએ, સ્પર્શ વિગેરેમાં ગુંચવાઈ રહ્યા છીએ. હું કોણ ? તે વિચારવાની તાકાત નથી આવી, તેથી અનાદિના ઊંઘણશી, ભવ્ય હોય તો પણ અનાદિનો ઊંઘણસી કે જેને સોડની સંપત્તિની સમજણ નથી. સોડમાં રહેલી વિપત્તિને દૂર કરવાનો વિચાર થતો નથી. જે ઊંઘણસી ઊંઘમાંથી જાગે, સાપને દેખે તે પથારીમાં કેટલો વખત પોઢી રહે ? તેમ આ જીવ બોધ પામે, આત્માનું સ્વરૂપ સમજે. ત્યાં એનું શું થાય ? એકલો જાય, દેખે એટલું જ નહિ, ભય દેખ્યા છતાં ભાગવાનું સ્થાન ન મળે તો શું કરવું ? ભાન ન આવે તો મુંઝાઈને રહેવું પડે.

### સમ્યક્ત્વથી ભાવચક્ષુ મળે

ભયના સ્થાન મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એમને નજરે દેખે, ભય લાગ્યો હોય તો ભાગવાનું સ્થાન છે. શુદ્ધ આત્મા કેવળજ્ઞાનમય, દર્શનમય, વીતરાગતામય, અનંતવીર્યનો ધણી છે. ભયનું સ્થાન છતાં ભાગવાનું સ્થાન છતાં પણ ભાગવાને તૈયાર ન થાય. ત્યારે ખરેખર એને ભય લાગ્યો નથી. તેમ આ જીવને સમ્યકત્વ થાય તે વખતે ભયના અને નિર્ભયના સ્થાનકોને દેખે છે. દરેક ભયમાં આવી પડેલો, ભાનવાળો, નાસી જવા તૈયાર થાય. સમ્યકત્વ પામ્યાની સાથે નિર્ભય સ્થાને-મોક્ષે જવા તૈયાર થાય.

### સમ્યકત્વ એટલે "પણ" ના બદલે "જ"

પહેલા કાળમાં મોક્ષ હતો પણ "પણ" ના પત્થરની જોડે જકડાએલો ન હતો. ઘર, બાયડી વગેરે જોઈએ છે અને

મોક્ષ પણ જોઈએ છે. સમ્યકત્વ પામે તો મોક્ષ જ જોઇએ છે. 'જ'થી જકડાય સમ્યકત્ત્વ પામેલો સંવેગમાં તલ્લીન હોય, તેને મોક્ષ સિવાય બીજાની ઈચ્છા ન હોય, જેને મોક્ષ જ જોઈએ છે. તે મનુષ્ય મોક્ષના રસ્તા લે.

મોક્ષના રસ્તા તપાસતાં ચોક્કસ લાગે કે આવેલું પૂર ભયંકર છે. પ્રવહણ વિના પાર પામી શકાય તેમ નથી. તેવી રીતે અહીં સંસારના ભયંકર પ્રવાહમાંથી પાર પામવાને માટે મારે પ્રવહણની જરૂર છે. જેમ પાર જવાની ઈચ્છાવાળો પ્રવહણને માટે પૂરેપૂરી અભિલાષા ધરાવે તેમ સમ્યકત્વ પામેલો મોક્ષ પામવા સાત ક્ષેત્રને પ્રવહણ દેખે. 'સાત ક્ષેત્રો ભવોદધિથી પાર પમાડનાર છે' તેના સિવાય પાર પમાડનાર બીજી કોઈ ચીજ નથી.

તેટલા માટે પૂ. આ. હરિભદ્રસૂરિજી ધર્મબિંદુમાં જણાવે છે. વીતરાગ, સાધુઓ ક્ષેત્ર છે. વીતરાગ લેવાથી મંદિર, મૂર્તિ, આગમ સાધુથી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. આ સિવાય આત્માને આગળ વધવાનું એકે સ્થાન નથી. સાતે ક્ષેત્રો કેવળ આત્માને મોક્ષે પહોંચાડવા માડે પ્રવહણ જેવા છે.સમ્યક્ત્વ પૂર્વક બાર વ્રતોમાં રહેલો તેથી મહાશ્રાવક નહિ પણ અંતરની સંવેગ ભાવના સાથે સમ્યક્ત્વ પૂર્વક બાર વ્રતોમાં રહેલો હોય, તે મહાશ્રાવક !!!

## સાત ક્ષેત્રમાં "ક્ષેત્ર" શબ્દનું લક્ષણ

જમીનને ક્ષેત્ર શબ્દ આપીએ છીએ. જમીનનો ગુણ પડતાને બચાવી લેવાનો નિર્વાહ, એકથી વૃદ્ધિ કરવાનો ગુણ જમીનનો નથી. તે ગુણ કોનો ? ક્ષેત્રનો હજારો ગુણ બનાવવાની કે નિર્વાહનું તાકાત બનવાની તાકાત ક્ષેત્રમાં છે. આજે જિનમંદિર, જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ગુણોને ટકાવે છે, વધારે છે, ઊંચી દશાએ લઈ જનાર છે.

## મૂર્ત્તિક્ષેત્રનું મહત્ત્વ

મૂર્તિ એ અનાર્યોને આર્યો કરનારી છે. આર્દ્રકુમાર અનાર્ય ક્ષેત્રવાળા. અનાર્યના પરિચયમાં તેવાનો આર્યની દશાનું ભાન કરાવ્યું તે કોણે? જિનેશ્વરની મૂર્તિએ, જો અભયકુમાર મૂર્તિને ત્યાં ન મોકલત તો ભાન થાત નહિ.

જેને બાપ-જન્મારાથી જુદું બોલવું, શાસન બોળવું છે તેને પુરાવાની જરૂર ન રહે. ચોપડા કોને ત્યાં? શાહુકારને ત્યાં, દેવાળિયાઓ ચોપડા રાખતો નથી. જેને કલ્પનાથી ઘુસેડી રાખવું છે તે બોલે છે, કે-અભયકુમારે ઓઘો મોકલ્યો છે. ૧૫૩૯ સાલના આગળના કોઈપણ પુસ્તકમાં ઓઘો મોકલ્યાનું કાઢો. ઓઘો મોકલ્યાનું નામ નથી. તો આણે કયા જ્ઞાની પાસેથી ઓઘો લીધો? ટબામાં, ટીકામાં, ચૂર્ણિમાં કોઈ જગા પર નથી. તમે લખવા માંડયું. ચેલાએ લખવા માંડયું. હિસાબ ન હોય, હિસાબ મૂળનો હોય.

## મૂર્ત્તિવિરોધીઓની સ્વચ્છંદ કલ્પના

૩૨ સૂત્રોમાં છપાવ્યું છે, તેમાં લખ્યુ છે કે ઓઘો મોકલ્યો છે. આતો હું બામણ, ફલાણાનો છોકરો, પણ એ તો ચંડાળ, આતો જનની લજવાય કે બીજું કઈ! પ્રતિમા મોકલી તેને બદલે ઓઘો મોકલ્યો તેમાં નવું ઘૂસેડયું. ચોરી તો કરી પણ ચોરી કરતાં ગરાસિયાને ન આવડી.

ઘીનું ઢેકું ચોરીને ફાળિયામાં બાંધ્યું. માથાની ગરમી થાય. લૂગડું ચીકણું થાય તેવી રીતે આ લુમ્પકોને નવું ઘૂસેડતાં ન આવડયું ચરવળો મુહપત્તિ લખ્યાં હોત તો અભયકુમાર પાસે હોય તે ગણી શકાય. ઓઘો મુહપત્તી કયાંથી લાવ્યાં? ગુરુ આપે કે એમને એમ? કુચડો ફેરવ્યો, નવું ઘૂસેડયું પણ ગરાસિયાની સ્થિતિમાં ચોરી કરતાં આવડી નહી. કૂચડો ફેરવનારા ચરવળો મુહપત્તી રાખનારા નહિ. રાંપીનો ઘા કોણ કરે? મોચી! ઓઘો

મુહપત્તી ગોઠવ્યાં, તે કોણ ગોઠવે! ઓઘો મુહપત્તિવાળા, ઓઘો મુહપત્તિને ધારણ કરાવાનું કામ ઓઘો મુહપત્તિવાળાએ કર્યું છે. આવા સાધુ થાય પછી તેને શું કહેવું?

જિનેશ્વરની મૂર્તિ અનાર્યમાં જન્મેલા, ઉછરેલા એવાઓને પણ આર્ય બનાવનારી. કેટલાકની એ સ્થિતિ હોય છે કે સૂત્રમાં ક્યાં કહ્યું છે? સૂત્રમાં કહ્યા વિનાનું બોલીશું નહિ એવી પ્રથમ પ્રતિજ્ઞા તો કરે!

૩૨ સૂત્રમાં શ્રાવકે કઈ વખત ઊઠવું? જયણા કરવી તે એક જગા પર હોય તો કાઢ! લાકડાં પુંજવાનું, પાણી ગળવાનું, લખવાનું, જાપ સમરણ કરવાનું લખ્યું હોય તો કાઢ? જ્યારે સૂત્રમાંથી પ્રતિમા બાબત નિકળે છે.

## વિરોધીઓના નબળા તર્કો

સૂર્યાભિ દેવતાને અંગે વિવેચન છે. એ તો દેવતા અવિરતિ પણ આ પૂજા તો સમકિતની કરવી છે ને? તીર્થંકરોના પૂજન દેવતાએ કર્યાં છે તેને લાત મારને? સમ્યકત્વની કરણીની વાત છે. કર્મબંધને માટે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ કારણો છે છે. તે કોઈ ગતિને અંગે ના કહેવાય તેમ છે? સૂર્યાભિ દેવતા જન્મથી સમકિતી છે કે નહિ? સૂર્યાભિ દેવતા જો જન્મથી સમકિતી છે તો તેણે મોક્ષને માટે જે કરણી કરી તે મોક્ષની માનવી પડશે.

દ્રૌપદી મિથ્યાત્વી હતી. વધારે વળામણા થયાં. દ્રૌપદી સમ્યક્ત્વવાળી હોત. પૂજા કરત તેણીએ મિથ્યાત્વ વાળી હતી છતાં તીર્થંકરની પૂજા કરી તો વધારે વળામણાં! જોરદાર ડંકો વાગતો હોય તો મિથ્યાત્વી પૂજા કરે. સિદ્ધાચળમાં અન્યદર્શની ભાગ્યે જ મળે કેસરિયાજીમાં ઘણા આવે છે. પ્રતિમાની એટલી બધી માન્યતા હતી કે મિથ્યાત્વીને પૂજા કર્યા વિના ચાલતું ન હતું. તે પણ પોતાના

વિવાહની વખતે, મિથ્યાત્વી તીર્થંકરની પૂજા કરવા નિકળે તો તે પ્રતિમાની પૂજા કેટલી રૂઢ હોવી જોઈએ ? આ દ્રૌપદી ભલે એક વખત મિથ્યાત્વી હોય તો પણ જિનેશ્વરની મૂર્તિ ભરાતી હતી. તેની પૂજા થતી હતી તે માન્યા સિવાય છૂટકો નથી

## સ્થાપનાની પૂજ્યતા બદલ સબળ તર્ક

જેને સ્થાપના કે પ્રતિમા ન માનવી હોય તેને **णमो अरिहंताणं** કહેવાનો હક નથી. **णमो अरिहंताणं** નો અર્થ શો ? અરિહંતને નમસ્કાર કરૂં છું, હાથ જોડું છું, માથું નમાવું છું. કોની સામે ? ભગવાનની આગળ, પણ અરિહંત ભગવાન્ સામે છે કયાં ? કલ્પના જ કરેલ, કલ્પે નહિ તો **णमो अरिहंताणं** કહે કોને ? જે બાજુ ઊભો રહે તે બાજુ અરિહંતની મૂર્તિની કલ્પના કરે તો **णमो अरिहंताणं** થઈ શકે. નજર આગળ અરિહંતની કલ્પના કરવી નથી તો માથું નમાવવું કોની આગળ ? કલ્પના સિવાય તમો **णमो अरिहंताणं** ન કહી શકો.

સ્થાપના માન્યા સિવાય હાથ જોડવાનું, માથું નમાવવું અસંભવિત મૃષાવાદી હોય તો સ્થાપના ન માને. **નમઃ** કહેવાથી સ્થાપનાની સિદ્ધિ, **વિશેષાવશ્યકભાષ્યકારે નમઃ** કહેવાથી સ્થાપનાની સિદ્ધિ માની **णमो अरिहंताणं** સ્થાપનાનીજ પૂજ્યતા, સ્થાપના માન્ય ન હોય તો તેને **णमो अरिहंताणं** કહેવાનો હક નથી.

જે શિર નમાવી હાથ જોડવા માગતાં હોય તેને નમસ્કરણીય પદાર્થ કલ્પવો પડશે. આગળ ચાલીએ !!!

## अरिहंत એટલે !

અરિહંત શબ્દનો અર્થ કયો ? અશોકાદિ આઠ પ્રતિહાર્યોથી દેવતાની કરેલી પૂજાને લાયક તેમના ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ એવા પાંચ કલ્યાણકો છે. **ચાર ઘાતીકર્મને** હણનારા તે અરિહંત

તે માન્યતા હોય તો ચોવીશ ન બોલે તે તો અસંખ્યાત કહે. કેવળજ્ઞાન પામનારાનું કલ્યાણક નથી. કર્મરૂપ શત્રુને નાશ કરનાર તે નિરૂક્તિ અર્થ છે. કેવળજ્ઞાન વીતરાગપણું પામ્યા માત્રથી **णमो अरिहंताण** માં દાખલ થાય નહિ. જેના કલ્યાણકો માનવામાં આવતાં, જેની માતાને ચૌદ સ્વપ્નો આવ્યાં હોય, જેના માટે **કલ્પસૂત્રમાં** વર્ણનો કે **जं रयणिं कुच्छिंसि वक्कमइ महायशो अरिहा** જે જન્મથી ત્રણ જ્ઞાન સહિત, જેના પાંચ કલ્યાણક, જે અશોકાદિથી દેવતાની કરેલી પૂજાને લાયક તે અરિહંત

કેવળજ્ઞાની શામાં? **साहुसरणं पवज्जामि** માં **ચઉશરણમાં** ચોકખું છે. **अर्हंति पूजायोग्यो भवति** વ્યુત્પત્તિ અર્થ **अरिहंताणं** નો છે. કેસરવાળો દેખે તો કકળાટ થાય, ચંદન હોય તો કાંઈ નહિ, તે બિચારા મૂર્તિની વસ્તુ ન સમજે ન સમજે તે તો સારો. જાગતો ન બોલે. તેને જગાડવાનો રસ્તો નહિ.

જેને મોક્ષ તરફ પ્રયાણ કરવું છે તેને જિનેશ્વરની મૂર્તિ એ આત્માનો આરિસો છે. પૂલ બાંધનાર મિસ્રીને પ્લાનની જરૂર પડે છે. આત્માને આ સ્થિતિમાં બનાવવાનું પ્લાન મૂર્તિ છે.

### સ્થાપનાની મહત્તા

જે દેશ દેશદ્રોહીથી ભરેલો હોય. દેશના ઉપયોગી પ્રાણને ગૂમ કરવા તે દેશદ્રોહીનું કર્તવ્ય છે. તેમ શાસનના દ્રોહીઓએ શાસનનો પ્રાણ ગૂમ કરી નાખ્યો. તીર્થંકરોને છોકરા દેવાવાળા દેવતા તરીકે જણાવ્યા નથી પણ **तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ॥** બોલીએ છીએ.

આત્માને કેવી રીતે રાખવો! તેનું પ્લાન તે વીતરાગની મૂર્તિ જે દેશના ઉપયોગી પ્રાણને ગૂમ કરે, તેની જે દશા ગણાય તેવી જિનેશ્વરની મૂર્તિરૂપ આધ્યાત્મિક પ્રાણને ગૂમ કરનારાની દશા થાય.

હીરો કિંમતી, ખાણ કિંમતી, પણ ઝવેરીની નજર પડે તો ! નહિતર ભલે હીરાની ખાણ, હીરો હોય તેની કિંમત નથી. પથ્થરામાં હીરામાં ફરક ઝવેરીને લાગે. પશુને પથ્થરા, હીરામાં ફરક ન હોય. કોળી, કાછિયો, મૂર્ખ જાનવર જેવો કદાચ હીરાને પથ્થરો કહી દે તેમાં આશ્ચર્યની વાત નથી ! તેમ આત્માના જ્ઞાનને ન સમજે. આત્માના મુખ્ય આકારને ન સમજે તેઓ મૂર્તિને પથ્થરો કહી દે તેમાં વાંધો નથી.

જેમ વાક્ય બોલે તેમ તેમ તેનું કુળ સાબિત થાય છે. 'यदा यदा मुंचति वाक्यबाणं तदा तदा-जाति-कुल प्रमाणं' અનાર્યને આર્ય કરનારી ભગવાનની મૂર્તિને પથ્થરો કહે તેમાં મૂર્તિ પથ્થરો થઈ જતી નથી. બોલનારની કિંમત જણાય છે, મોક્ષ-માર્ગના પ્રયાણને માટે ઉપયોગી મૂર્તિને પથ્થરો કહેનારની કિંમત અંકાય છે.

તે મૂર્તિ ઉપયોગી ક્યારે ? જ્યારે આગમ વચનથી દુનિયામાં અવનવો ચમત્કાર જાગે ત્યારે, આગમવચનથી મૂર્તિના ફાયદા જાણવામાં ન આવે તો તે મૂર્તિ કામમાં આવે નહિ. ભગવાનનું મંદિર, મૂર્તિ એ એનો મહિમા આદર્શપણું સમજાવે કોણ ?

## જિનેશ્વરના આગમો !!!

ઝવેરીની કિંમત ન હોય ત્યાં હીરો, હીરાની ખાણ તે પથ્થર=માટી છે. વચનો વહેતાં ન હોય ત્યાં જિનેશ્વરના મંદિર, મૂર્તિ પથ્થરા છે. જ્યાં જૈન શાસનનો ઉપદેશ ચાલે છે ત્યાં મંદિર-મૂર્તિ છે. ઝવેરીનો બજાર ઊડી જાય તો મોતીની મા રોતી થાય છે. જિનેશ્વરના વચનના મહિમાને અંગે મૂર્તિ-મંદિરનો મહિમા, ઝવેરીને વેચીએ તો લાખ કોઈ ન આપે, પણ ઝવેરીની કિંમત લાખના હીરાની કિંમત આંકવા માટે એટલે ઝવેરી જે કિંમત હીરાની કરે છે, તેને લીધે હીરો કિંમતી થાય છે. તેમ જિનેશ્વરનાં વચનો મૂર્ત્તિ-

મંદિર કરતાં વધારે કિંમતી નથી, બંનેની આશાતના ટાળવામાં આકાશ-પાતાળનો ફરક છે. તેથી જ ગભારીમાં સાધુને જવાનો અધિકાર નથી.

ચશ્માથી હીરાનું તેજ જણાય, કિંમત માલમ પડે. તેટલાથી ચશ્માની કિંમત હીરા જેટલી ગણાતી નથી. જિનેશ્વરની મૂર્તિ આત્માના પ્રાણભૂત છે, તેની કિંમત જણાવનાર જિનેશ્વરના આગમો છે તે દ્વારાએ તેની કિંમત.

પહેલું ક્ષેત્ર જિનમંદિર, બીજું મૂર્તિનું રાખી ત્રીજું જિનાગમનું રાખ્યું છે. આગમ તો અભ્યાસીને ઉપયોગી, છીંટો બનાતો માટે આખા લેખો આવે તો શિક્ષિતને ઉપયોગી, નમુનાની ચોપડી બાળબચ્ચાં બધાને ઉપયોગી અને એનો ઈતિહાસ વિચક્ષણને ઉપયોગી.

આગમનો અભ્યાસ એ વિચક્ષણોને ઉપયોગી જ્યારે મંદિર, મૂર્તિ આ બાળ-ગોપાળને ઉપયોગી, આગમવચન દ્વારા એ સ્વરૂપ જાણવામાં આવે તે મૂર્તિના દેખવાથી નહિ આવે. આગમ તે અભ્યાસીને ઉપયોગી

## છેલ્લા ચાર ક્ષેત્રો આરાધ્ય કેમ ?

આવી રીતે ત્રણ ક્ષેત્ર મોક્ષમાર્ગને અંગે કેવા ઉપયોગી તે વિચારી ગયા ! ! ! હવે આ ક્ષેત્ર હો, ઉપયોગી હો, મોક્ષને સિદ્ધ કરી આપનારા હો, પણ મૂર્તિ સિદ્ધનું સ્વરૂપ, સિદ્ધિનું સ્થાનક મંદિર, આગમ એ ત્રણે સિદ્ધ છે પણ જેને પોતાને સાધવું છે, સિદ્ધિ થઈ નથી તે સાધુ વગેરે તો પોતે જપી રહ્યા છે, મોક્ષને માગી રહ્યા છે, તે કેવી રીતે દેશે ?

જે મોક્ષને માર્ગે ચાલી રહ્યા હોય તે મોક્ષને માર્ગે જવાવાળાને આલંબન કેમ બને ? નદીને પેલે કાંઠે પીલર હોય તો દોરડાં દ્વારા એ તારનાર બને. મૂર્તિ અરિહંતોની છે, સંપૂર્ણ સિદ્ધિ

પામેલાની છે. મંદિર અને આગમ તો સિદ્ધ છે, તે સિદ્ધિના સાધન બની શકે. પણ સાધુ, શ્રાવક વગેરે પોતે સિદ્ધિ નહિ પામેલા બીજાને સાધન કેવી રીતે બને? સાધુ વગેરે પોતે જ મોક્ષ પામ્યા નથી. મોક્ષની સડક પર સહેલ કરે છે, તે મોક્ષના કારણો કેમ બને? અગર તેને મોક્ષના સાધન કેમ કહેવાય?

વાત ખરી! સામે કાંઠે રહેલો પીલર તે દોરડા દ્વારા તારે, પણ હોડી બેસનારને તારે. તેવી રીતે આ જિનમંદિર, મૂર્તિ, આગમની જેમ સાધુ, શ્રાવક વગેરે દ્વારા સંભળાય! પણ સંસારથી તરવા માટે પ્રવહણની જેમ ઉપયોગી છે તે કેવી રીતે? તે અધિકાર અગ્રે વર્તમાન!!!

## સદા યાદ રાખો !!!

- સંસ્કારોનો જીવનશક્તિ પર કાબૂ છે, તે હઠાવવા જ્ઞાની ગુરૂની નિશ્રાએ વિનય-વિવેકપૂર્વક આરાધનાના માર્ગે ચાલવું ઉચિત છે.
- જગત જે રસ્તે ચાલે તે રસ્તે ગતાનુગતિક ન્યાયે ગાડરીયા પ્રવાહની જેમ ચાલવામાં શાણપણ નથી! પણ વિવેકના માપદંડથી યોગ્ય રસ્તે ચાલવામાં આપણું શ્રેય છે.
- મનની પ્રવૃત્તિ પર નિયંત્રણ મુકયા વિના આત્માની શક્તિઓ ઊર્ધ્વગામી થઈ શકતી નથી.
- વિચારોનું ઘડતર મહાપુરુષોના સહવાસ અને પવિત્ર વાતાવરણમાં શ્રેયકારી બને છે.

# વ્યાખ્યાન ૩

**एवं व्रतस्थितो भक्त्या, सप्तक्षेत्र्यां धनं वपन् ।**
**दयया चातिदीनेषु, महाश्रावक उच्यते ॥**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ આચાર્ય **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાએ ભવ્યજીવોના ઉપકારને માટે યોગશાસ્ત્રને રચતાં થકા શ્રાવકના બાર વ્રતો જણાવીને શ્રાવકપણા પછી શ્રાવક કરતાં ઊંચી પાયરી કયી? તે જણાવતાં મહાશ્રાવકની વાત રજુ કરી છે.

## મહાશ્રાવકની વિશેષ વ્યાખ્યા

તેમાં **મહાશ્રાવક** એટલે મહાન્‌પ્રશસ્ત શ્રાવક તે **મહાશ્રાવક**! પણ પ્રશસ્તપણુ શાને અંગે છે? તે જણાવતાં **एवं व्रतस्थित:** શ્લોક પ્રસ્તુત કર્યો છે. અતિચાર રહિત બારે વ્રતોમાં નિશ્ચળ ચિત્તવાળો યાવજ્જીવન માટે જે હોય તે મહાશ્રાવક!

વળી વધુમાં જણાવ્યું કે વ્રતને ધારણ કરવાવાળો તે શ્રાવક કહી શકાય તો **મહાશ્રાવક**માં વિશિષ્ટતા શું? સત્પાત્રમાં ધનને વાવતો.

## સત્પાત્રમાં ધન વાવવાનું રહસ્ય

અહીં ધનને વાવવાનું કહેલ છે. તેનું રહસ્ય એ છે કે વાવવાવાળાની બુદ્ધિ મહોદય તરફ હોય. જેટલું ખર્ચ કરે તેના કરતાં સેંકડો ગણો ઉદય હોય તો વાવવાનું કહેવાય. કેમકે વાવવું તે કે **જેમાં આપવા કરતાં મેળવવાનું ઘણું હોય.**

શ્રાવક માત્રની એ શ્રદ્ધા હતી કે સાત ક્ષેત્રમાં જે વપરાય તે વ્યાજનું નથી, ઉછીનું નથી, પણ વાવવાનું છે. એનું ફળ અને કરાતા ખર્ચ વચ્ચે હિસાબ કરવાનો હોય નહિ. એક દાણો વાવ્યો હજાર દાણા આવ્યા, તેનો હિસાબ કર્યો? તેવી રીતે અહીં સાત ક્ષેત્રની

અંદર જે ધન ખર્ચાય તે ધન અને તેનાથી આત્માને સમ્યગ્. દર્શનાદિની પ્રાપ્તિ થાય તે બેની વચ્ચે કોઈ જાતનો હિસાબ નથી.

### ખેતીના દષ્ટાંતે ભાવનું મહત્વ

જેને ખેતીવાડીનો અનુભવ હશે તેને માલમ હશે કે મોટો દાણો છતાં ખેતી કરવાવાળો કાચો હોય તો ફળ મેળવી શકે નહિ. એક મકાઈનો દાણો જો સરસ ખેતીમાં હોય તો તેના પર એક એક ડોડો પાંચશેર કે દશશેર સુધીનો આવી શકે. એ જ દાણા, એજ ખાતર, એજ પાણી હોવા છતાં ખેતીની કચાશ હોય તો બશેરનું ડુંડું આવતાં મુશ્કેલી પડે.

એક સરખો દાણો, જમીન, વરસાદ છતાં ખેતી કરવાની કુનેહમાં આટલો બધો ફરક પડી જાય છે, તેમ એકસરખું દ્રવ્ય, ક્ષેત્ર છતાં સાત ક્ષેત્રમાં વાવેલું ગુણાનુરાગભરી અનુમોદનાના બલે ઓછું-વધતું ફળ આપે છે. આ ખેતરની ખેતી આવી છે,

હૃદયમાં ભાવનો પ્રકાશ એવો હોય કે જેનું ફળ કોઈ પણ હિસાબમાં લઈ શકાય નહિ. આ બધું વાવેતરમાં બને છે.

### સાત ક્ષેત્રમાં ખર્ચવું તે વાવવું છે

શ્રાવક માત્ર સાત ક્ષેત્રમાંથી કોઈ પણ ક્ષેત્રમાં ધન ખરચે ! સાત ક્ષેત્રોમાં ધનનું ખર્ચવું તે વ્યય નથી. ખર્ચ ખાતે ઉધાર કરી દઈએ તે તરીકે ખર્ચ નથી, વાવેતર છે. શ્રાવકની આ શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધાવાળા તો દરેક હોય! પણ મહાશ્રાવકમાં વધારે શું ? વપન્ જે મહાશ્રાવક હોય તે તો વાવે, વાવે ત્યારે મહાશ્રાવક કહેવાય. સાતે ક્ષેત્રોમાં ધનને વાવે ત્યારે મહાશ્રાવક કહેવાય.

### પૈસે ધર્મ કે ત્યાગમાં ધર્મ ?

પૈસે ધર્મ કે? પૈસા હોય તો ધર્મ થાય. પૈસા ન હોય તો ધર્મ ન થાય. આવી રીતે બોલીને ધર્મનો તિરસ્કાર કરનારા છે તેમણે સમજવું કે શ્રીમાનને મહાશ્રાવક કહ્યો નથી. સાત

ક્ષેત્રમાં વાપરવાને અંગે મહાશ્રાવકપણું છે. વાપરવાની બુદ્ધિમાં મહાશ્રાવકપણું છે. અંતરાયના ક્ષયોપશમે જેને લક્ષ્મી મળી છે. તે શ્રદ્ધાવાળો હોય, વાસ્તવિક જ્ઞાનવાળો હોય તો માલમ પડે કે પૈસો વહેતા પાણીના ઘાટ જેવો છે. ઘાટમાં પાણી આવે, તે ખેતતરમાં સીંચો, કે ન પાઓ તો પણ તે ચાલ્યું તો જવાનું. તેવી રીતે થયેલી ધનની પ્રાપ્તિ તે પણ વહેતા પાણીના ઘાટ જેવી છે. સો વર્ષ સુધી અંતરાયનો ક્ષયોપશમ છે, સો વર્ષ ધન રહેવાનું છે, જેટલા દહાડા જાય છે તેટલા ઓછા છે. જેટલું ન લીધું તેટલું દરિયા તરફ! આ શાસ્ત્રદૃષ્ટિએ કહ્યું! હવે દુનિયાદારીએ વિચારીએ!

## ધર્મમાં નહીં ખર્ચનારનો પૈસો ક્યાં વપરાય છે?

આપણને જે મળ્યું છે તે અંતરાયના ક્ષયોપશમને લીધે. પુણ્યને લીધે મળ્યું, તે મળેલાનો ઉપયોગ ક્યાં થાય છે? પુણ્યને વધારવામાં કે અંતરાયનો ક્ષયોપશમ વધારવામાં થાય છે? પુત્રને આપ્યું, કેવળ મમતાભાવ પોષાયો. અમે હકદાર છીએ! એમ છોકરો બોલે છે. તમારું આપેલું નથી. અમારા હકનું લીધેલું છે. કોની જાણ બહાર છે? બાપ જો દીકરાને ન આપે તો કોર્ટે લડીને લઈ શકે. બાયડી મહિનાના રૂપિયા હજાર કમાતી હોય તોય ભરણ-પોષણ માગે. બચાવ તમારાથી ન થાય. ન આપો તો કેદમાં બેસવાનું. આ બધા લફરા જિંદગી સુધી ગળે વળગ્યાં છે.

નાનું છોકરું હોય સાધ્વીજી મહારાજ આવે તો ખસી જશે; છોકરી હશે, સાધુ આવે તો ખસી જાય છે. મહારાજ ગાડીમાં બેસતા નથી. પૈસા નથી રાખતા, તે બાળક સમજે છે. તમારા પરણનારા પરણવાના કાયદાને કેટલા સમજે છે? તે લાવો. ભરણ પોષણની આટલી ફરજ છે, એ ફરજ કેમ બજાવવી પડે છે?

તેની કમાણી હોય તો તે ધ્યાનમાં લેવાતી નથી. તમારી કમાઈને હિસાબે બાયડી-છોકરાંને ખોરાકી આપવી પડે. કહો સ્વોપાર્જિતમાં પણ ખાસડાં ખાઈને હક લીધો. સાધુપણું લેનારો સાધુપણું સમજીને

લે છે, પણ પરણનારા કેટલા પરણવાની જોખમદારી સમજીને પરણે છે? વેવાઈની વેઠે બધા પકડાએલા છે.

### વેવાઇની વેઠ કે બીજું કંઈ!

જુઓ! વ્યવહારમાં બે ભાઈ હોય! વહેંચણી થાય, અચાનક એક આસામી મરી જાય તો તંત્ર કોના હાથમાં? કાયદો પિતરાઈને કહે છે, પણ દુનિયા બાઈના, ભાઈના કે બાપના હાથમાં મૂકે છે. આ વેવાઈની વેઠ કે બીજું કાંઈ? પિતરીઆનો પાટો ન જામે, કાયદો ભલે કહે! પણ દુનિયા કોનો જમાવે છે? વેવાઈની વેઠને માટે વૈતરૂં કર્યું.

દીક્ષા લેવાવાળા દીક્ષાનું સ્વરૂપ નથી સમજતા? કે પરણવાવાળા પરણેતરમાં નથી સમજતા તે તો બોલો!

### દુનિયાની રીત

ભાઈ-ભાંડુ, કુટુંબ-કબીલો એ સર્વ અંતરાયના ક્ષયોપશમથી કે પુણ્યથી મળેલી લક્ષ્મીના હકદાર!!! ઘરમાં એક લાખ રૂપિયા હોય તો ઘરના દશે મનુષ્યને લખપતિ ગણો. દશેય લખપતિ કેમ ગણાય છે? દશે હક ધરાવે છે. જે મિલકત મળી છે તેને હકના નામે અગર તમને ખાસડાં મારીને, તમારી વગર મરજીએ લેવાના છે. કાંઈપણ વીલ, વ્યવસ્થા ન કરીએ. એમને એમ ઢળી જઈએ તો રાજ્ય લઈ શકે છે? નહિ! હકદાર ઊભા છે.

### શુદ્ધ શ્રદ્ધા હોય તો ધર્મમાં ખર્ચી શકાય!

જે અંતરાયના ક્ષયોપશમથી લક્ષ્મી મળી છે, તે લક્ષ્મીને ખર્ચીને પુણ્ય વધારવાનો ખ્યાલ શુદ્ધ શ્રદ્ધાવાળાને આવે, તે શ્રદ્ધા સિવાય દુનિયાની માયાનો ચટકો મટતો નથી.

હવે શુદ્ધ શ્રદ્ધાવાળાને દુનિયાની માયા મટેલી હોય છતાં ઉદારતા કરતાં મુશ્કેલી પડે. હું લઈ જઇશ એવી ધારણાવાળો એક પણ મનુષ્ય નથી. દરેક સમજે છે અહીંનું અહીં રહેવાનું છે, જેની જવાબદારી નથી, તેમાંથી નથી ખરચતો તો કેટલી અજ્ઞાનતા હોય તો?

બળતું ખોરડું પણ કૃષ્ણાર્પણ નથી થતું! જે મિલકત મળી છે, તે બળતું ઘર છે. તેમાંથી લઈ જવાનો નથી. જે મેલી જવાનું છે, તેમાંથી ખરચાતું નથી, તેમ લઇ જવાતું નથી પણ લઈ જવાતું હોત તો શું થાત? મુદ્દલ ન ખરચાત. માયાનો વળ ક્યાં સુધી દુઃખ દે છે? મેલી જવાનું જાણ્યા છતાં, તેવો નિશ્ચય છતાં તે મુકાતું નથી.

સમ્યગ્દૃષ્ટિ હોય, સાત ક્ષેત્રને સમજતો હોય. મેલી જવાનું તે જાણતો હોય, લક્ષ્મી મળી હોય છતાં છૂટે નહિ તો તે શ્રાવક ન કહેવાય તો મહાશ્રાવક ક્યાંથી કહેવાય?

## વાવવું વિવેકને આધીન છે

ખેડૂત પણ ખેતરમાં વાવવામાં ઉદાસીન ન હોય. અખાત્રીજે બળદ લઈને નીકળે તે વખત ચાંલ્લો કરીને, લાપસી ખાઇને નીકળે, શા માટે! ઉપલક દૃષ્ટિએ ધાન ધૂળમાં નાંખવા જાય છે, પણ તે કોણ ગણે? બેવકૂફ? ખેડૂત ન ગણે. ખેડૂત તો વાવેતર કરું છું! તેમ સમજે છે. તેવી રીતે શ્રદ્ધાહીન લોકો ધર્મમાં ખર્ચાતા પૈસાને ધૂળ કે ધૂમાડો કહે. ખેતીના સ્વરૂપને નહિ સમજનારો, ખેડૂતને વાવેતર કરવા જતાં 'ધાન ધૂળમાં નાખવા જાય' તેમ કહે છે. તેમાં બોલવાવાળાની ન્યૂનતા છે. સાત ક્ષેત્રમાંથી કોઈ ક્ષેત્રમાં વાપરતા હોય, તેને ભવાભિનંદી કે ઇન્દ્રિયાભિનંદી જીવો ધૂળ કે ધૂમાડો કહે તેમાં ધર્મીને ધક્કો લાગતો નથી.

## મહાશ્રાવક કોણ?

**અંતરાયના ક્ષયોપશમથી કે પુણ્યથી જે ધન મળ્યું છે તે ધનને જે સતત વાવે તો તે મહાશ્રાવક!**

'वपेत्' ન લખતાં 'वपन्' લખ્યું કેમકે વાવવાની સાથે મહાશ્રાવકપણું સંકળાએલું છે. બંને ક્રિયા યુગપદ્ મનાઈ છે, એટલે વાવવાની ક્રિયા, મહાશ્રાવક થવાની ક્રિયા બંને એકી સાથે હોય છે વાવવું બંધ કરે તો મહાશ્રાવક નહીં,

વળી એક વખત વાવવાથી જિંદગી સુધી મહાશ્રાવકપણું મળતું નથી. સતત વાવવામાં મહાશ્રાવકપણું રહેલું છે. તેથી વાવતો મહાશ્રાવક! એક વખત વાવી દીધું તેથી મહાશ્રાવકપણું થઈ ગયું તેમ નહિ, વાવવાનો કાળ ચાલુ જોઈએ. બંને યુગપદ્. સાત ક્ષેત્રમાં ધનને વાવતો હોય તે મહાશ્રાવક!

ભાવ વાવવાના નથી, ધન વાવવાનું છે. મહાશ્રાવક હોય તો જ કલ્યાણ થાય તે હેતુ રાખતા નથી. જે ધનવાળો હોય, તે સત્પાત્રમાં ઉલ્લાસપૂર્વક ધન ખરચતો હોય તો તે મહાશ્રાવક કહેવાય.

## સત્પાત્રમાં ધનવાવવાની સતત પ્રવૃત્તિ જરૂરી છે

એક વાતનો ખુલાસો થશે કે જીરણશેઠ ભાવના ભાવવાવાળા બારમા દેવલોક સુધી પુણ્યના ભાગીદાર, વસુધારાના ભાગી નહિ, તે ભાગી કોણ? અભિનવ શેઠ. તેમણે વગર ભાવે દાન આપ્યું. પુણ્યના ઉદયે મળેલી પુણ્યના પ્રકર્ષ માટે થવાવાળી તે થાઓ. ફીકર શી છે? ખાસડાં ખવડાવનારા ન ખાઈ જાય તેટલું બસ છે.

મળેલું ધન વાવવું જોઈએ-એ બુદ્ધિ દરેક શ્રાવકની હોય. જેમ શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ જીવાદિ નવ તત્ત્વની શ્રદ્ધા ન હોય તો સમકિતી કહી શકાય નહિ. તેમ સત્પાત્રમાં ધનને વાવવાની પ્રવૃત્તિ ન હોય તો શ્રાવકપણું ન ટકે! એટલે તત્ત્વની પ્રતીતિ હોય તો વાવેતર તરીકે માને પણ વાવતો એટલે વાવવાની સતત પ્રવૃત્તિ મહાશ્રાવકપણા સાથે સંબંધ ધરાવનારી છે.

## સાત ક્ષેત્રમાં ધનનો વ્યય મહાસૌભાગ્યનું ચિન્હ છે.

જુઓ! ધનનું વાવવું મહાશ્રાવકપણા સાથે કેવી રીતે સંબંધ ધરાવે છે? તીર્થંકરો ખુદ ચારિત્રનો સ્વીકાર કરે છે, ત્યાં સૌનેયાની વૃષ્ટિ નથી. પણ વહોરાવનારને ત્યાં વૃષ્ટિ છે. લુખા બાકળામાં પણ સૌનેયાની વૃષ્ટિ.

આ ઉપરથી પ્રભાવની અપેક્ષાએ સામાયિક, દેશવિરતિ, સર્વવિરતિ કરતાં ઉત્તમ ક્ષેત્રમાં વાવવું તે વધી ગયું, દેવતાને આકાશમાં ઉદ્ઘોષણા કરવી પડે કે अहो दानं । अहो दानं । ધન્ય છે જન્મ! કયી જગોપર? અહો સમ્યકત્વની કે દેશવિરતિની ઉદ્ઘોષણા થઈ?

**જીરણશેઠ કરતાં અભિનવ શેઠનું સાપેક્ષ મહત્ત્વ**

મહાશ્રાવકપણું વ્યવહાર પ્રધાન છે. કર્મક્ષય કે તે ગુણોની વૃદ્ધિ થવી તે નિશ્ચયપ્રધાન, જીરણશેઠે બારમા દેવલોક સુધીની સ્થિતિ ઉપાર્જન કરી, નિશ્ચયની અપેક્ષાએ વધી ગયા છે. અહો જન્મ! તે અભિનવ શેઠને અંગે કહેવાયું, જીરણ શેઠમાં કહેવાયું નહિ. સમ્યકત્વ, દેશવિરતિ આત્મકલ્યાણને માટે ઉચ્ચ શ્રેણિઓ ભલે હોય પણ સમ્યકત્વ વિગેરે ન હોવા છતાં દેવાતું સુપાત્ર દાન તે ઉત્કૃષ્ટ છે. તેને અંગે અભિનવ શેઠ સરખા જેને સમ્યકત્વ નથી. જીરણ શેઠ તો સમકિતી છે, દાનનો મહિમા. અહો મહાત્મા નથી કહ્યું ધન્ય જન્મ! તે કોનો? દાન દેવાવાળાનો! લેવાવાળાનો નહિ!

લાખની હુંડી લખનારાને માએ એક જણ્યો છે કહેવાય. ધન્ય કોથળીને નથી કહેવાતું. તેથી धनं वपन् ધન વાવતો તે મહાશ્રાવક!

**સત્‌પાત્રમાં ધન ખર્ચવાની વાત એ કંઈ શ્રીમંતોની ભાટાઈ નથી**

આ ઉપરથી કોઈ એમ કહે કે ધનવાળાને તમે વધાર્યા, પણ ધનવાળાને વધાર્યા નથી, પણ ધનવાળા વધ્યા તે કહ્યું. ધનવાળા વધ્યા તેનો અર્થ એ છે કે-તમે બધા અંતરાયના પાપવાળા, દાન આપનાર અંતરાયના પાપ વગરનો! વાત કબુલ છે કે નહિ? કહો? ત્યારે તમારાથી વધેલો છે, ન ખરચે તો પણ વધેલો છે. અંતરાયનો ક્ષયોપશમ થયો, એટલે વધેલો છે.

**શ્રીમંતોની ઈર્ષ્યા મહાપાપનું કારણ છે**

વળી બીજી એક વાત અહીં વિચારવી જરૂરી છે કે ચોરી કરીને કોઈ અંતરાય બાંધે, તમે ચોરતા નથી. લૂંટતા નથી, છતાં અંતરાય બાંધો છો! તેનું કેમ? ધનવાળાને અંગે તમારામાં

ઈર્ષ્યાનો અગ્નિ ઝળહળી રહ્યો છે. ઉદયવાળા કરતાં ક્ષયોપશમવાળો વધે તે જૈન શાસનનો અવિચળ નિયમ છે. 'ધનવાળા વધ્યા છે.' એવું કહેનારાને તમે કરડવા તૈયાર છો' ધનવાળા થઈ ને વધ્યા છે, તે તો તમે માનવા તૈયાર નથી.

શું કરો? તે વખતે હાજર નહોતા, હાજર હો તો જોર ચાલ્યું નહિ. નહિ તો શ્રેણિકને સમવસરણમાં આગળ આવવા દેત નહિ.

## સાધર્મેન્દ્રનો વિવેક કેવો?

જો દેવલોકમાં સૌધર્મ ઈન્દ્ર થયા હોત તો નવે ઇન્દ્રોની સાથે લડાઈ કરત! તું ભલે ઋદ્ધિવાળો, પણ ભગવાનનો અભિષેક તું જ કેમ કરે? અધિક ધનવાળાનો ધક્કો સહન કરવો તે અનાદિનો વ્યવહાર થયો. ધનવાળાને ધરાવવું, આ અનાદિનો વ્યવહાર!

સૌધર્મેન્દ્ર પ્રભુજીના જન્માભિષેકની સઘળી સામગ્રી તૈયાર કરે, અને અચ્યુતેન્દ્રની આગળ રજુ કરે, સાહેબ! પહેલો અભિષેક આપ કરો. બધા ઇન્દ્ર અનુક્રમે કરે. સૌધર્મેન્દ્ર જે બધી સગવડ કરવાવાળા તે છેલ્લા રહે. અહીંથી તીર્થંકરને લઈ ગયા કોણ? સૌધર્મેન્દ્ર, બધું સૌધર્મેન્દ્ર કરે, પણ ત્યાં જાય તો ખૂણે ઉભા રહેવું પડે. બધા કરી રહે પછી કરે. મહાપુરુષપણું કોના અંગે ગણ્યું? ઇન્દ્રપણાને અંગે!

માટે જૂઓ એ સારે છે કે ધનવાન એટલે કાંઈ નહિ, તે મનુષ્યો કેટલું બધું ભાન ભૂલે છે? ધનને ભક્તિ સાથે સંબંધ નથી, તે માનવું કે સમજવું એ ભ્રમ ભરેલું છે.

## ધનને સુયોગ્યપણે વાપરવામાં મહાશ્રાવકપણું છે

અહીં ધનં વપન્ ધનને વાપરવાવાળો તે મહાશ્રાવક! એનું રહસ્ય પણ એ છે કે એકલા ધનનું મહત્ત્વ નથી પણ અંતરાયના ક્ષયોપશમથી મળેલા ધનને અંગે માલિકપણું હોય, વાપરવાને અંગે સતત તત્પરતા હોય તેનું નામ મહાશ્રાવકપણું.

સાતેને ક્ષેત્ર માને, પોતાનું જીવન ક્ષેત્ર, તેવી રીતે સાતેને ક્ષેત્ર માને, મળેલું ધન ખરચે, તેને ખરચખાતું ન ગણે. વાવેતર સમજે ખેડૂત ખાવામાં ખચકાય. વાવતાં ન સંકોચાય, ઉદારતાથી વાવે છે. **મહામંત્રી વસ્તુપાળને શ્રી અનુપમાદેવીનો દાખલો** ધ્યાનમાં લેવા જેવો છે.

## અનુપમાદેવીનો આદર્શ વિવેક

મહામંત્રી વસ્તુપાલને ત્યાં સાધુ વહોરવા ગયા છે. અનુપમા દેવીની સાડી ઉપર મહારાજની બેદરકારીથી છાંટા પડયા, એટલે પાસે રહેલ નોકરે કહ્યું છે કે મહારાજ ધ્યાન રાખો! નોકરે નિમક-હલાલી બતાવી છતાં શિક્ષાપાત્ર થયો. એવી સાડીઓ કેટલીએ સડી ગઈ તેમાં હતું શું? તેની કિંમત ન ગણી, કેમ? વ્યવહારથી સારું કહેનાર નોકર સજાપાત્ર કે શિક્ષાપાત્ર કેમ બન્યો? વિચારો! પરિણતિ કેવી હશે? ઉચ્ચકક્ષાની હોવી જોઈએ, તેથી જ સાડી ચીકણી થાય છે. ત્યાં બોલનારો ગોદા ખાય છે. જ્યાં ક્ષેત્ર માનવામાં આવ્યું. ખેડૂત ખેતરમાં જાય, ખેડતાં ધૂળ, કાંકરા કે પથ્થરા ઊડે મરડોઆ વાગે તેનો હિસાબ નથી. તેવી રીતે અહીં જેણે સાત ક્ષેત્રો માન્યાં હોય, અંતરાયના ક્ષયોપશમથી મળેલું ધન વાવવાનું છે, તેની પરિણતિ કયી સ્થિતિની હોય?

## મોક્ષમાર્ગનો સીધો પ્રવાહ જેમાં તે ક્ષેત્ર!

આવી ઉજળી પરિણતિપૂર્વક સાતે ક્ષેત્રમાં ધન વાવનારો તે મહાશ્રાવક. ડુંગરાળ જમીન, કે મારવાડનું રેતાળ રણ હોય કે તારંગા તરફ એકલા માટો હોય તેનું નામ ક્ષેત્ર નહિ પણ સપાટ અને રસાળ જમીન હોય તે ક્ષેત્ર, તેવી રીતે લોકોત્તર માર્ગમાં આવેલ તે સાતજ ક્ષેત્ર! જીવદયા, અનુકંપાદાન જરૂરી ચીજ છતાં પણ એ મોક્ષમાર્ગના પ્રવાહમાં નથી, સાતમાં મોક્ષ-માર્ગનો પ્રવાહ વહે છે. મોક્ષ માર્ગની મુખ્યતાએ ક્ષેત્ર સાત જ!

## ચતુર્વિંધ સંઘ ક્ષેત્ર કેમ ?

તેના વર્ણનમાં મંદિર, મૂર્તિ આગમનું વર્ણન કરી ગયા છીએ. સાધુ વગેરે તો પોતે મોક્ષ તરફ પ્રયાણ કરે છે તે પોતે તર્યા નથી તો બીજાને શું તારશે? તે શંકાના સમાધાનને અંગે જણાવ્યું હતું કે નદીને પેલે કાંઠે રહેલું પીલર, તે દોરડાદ્વારા ઉપયોગી છે. પાણીમાં રહેલી હોડી પોતે તરતી જાય. બીજાને તારતી જાય છે, તેમ આ ચતુર્વિંધ સંઘ પોતે તરતો જાય છે, બીજાને તારતો જાય છે, તેથી હોડી તરનારી છતાં તારક કહેવાય છે, તેવી રીતે આ ચતુર્વિંધ સંઘ પોતે ભવસમુદ્રને તરનારો છતાં ભવ્યજીવને તારનારો ચતુર્વિંધ સંઘ ગણાય.

મોક્ષમાર્ગની ઉત્પત્તિ-વૃદ્ધિનું સ્થાન, સાધનોની પરા કાષ્ટાનું સ્થાન ચતુર્વિંધ સંઘ ! જે મનુષ્ય નદી ઊંડી હોય, તેનો પાર પામવા માગે, પોતે તરી શકતો નથી, એકલા પીલર ઉપર નજર રાખે તો શું થાય ? પીલર ઉપર નજર રાખ્યા છતાં હોડીનું આલંબન ન લેનારો નાશ જ પામે, તેમ જિનેશ્વરની મૂર્તિ, આગમ, મંદિરને માનનારો છતાં સાધુ વગેરેને ન માને તો ડૂબનારો થાય.

## ચતુર્વિંધ સંઘનું મહત્ત્વ

તીર્થંકરે ચૈત્યને, મૂર્તિને, જ્ઞાનને નમસ્કાર ન કર્યો, પણ ચતુર્વિંધ સંઘને નમસ્કાર કર્યો. સંસારસમુદ્રથી તરવાવાળાને હોડીની કિંમત ઘણી હોવી જોઈએ. આગમોનું ટકવું ચતુર્વિંધ સંઘ ઉપર આધાર રાખે છે, મૂર્તિનું, મંદિરનું બનવું-ટકવું ચતુર્વિંધ સંઘ ઉપર આધાર રાખે છે. તેથી ચતુર્વિંધ સંઘ પૂજ્ય, આરાધવા લાયક તેથી તેને ક્ષેત્ર ગણ્યાં.

## આજ્ઞાપ્રધાન તે સંઘ !

હોડી જરૂર તારનારી, પણ હોડી ઊંધી ન વળેલી હોય તે. ઊંધી વળેલી હોડીને શું કરવી ? ડૂબેલી હોડી છોડી દેવા લાયકની !

હોડી જરૂરી ખરી! પણ કઇ? તરતી! ડૂબતી કે ડૂબેલી નહિ. તેમ ચતુર્વિધ સંઘ પૂજ્ય ખરો! પણ કયો? જે જિનેશ્વરની આજ્ઞામાં સ્થિર હોય કે તેની સન્મુખ હોય તે.

## આપણામાં આજ્ઞા-સાપેક્ષતાની ખામી છે

તીર્થંકરની આજ્ઞાથી વિમુખ થયેલ તેને સંઘ કહીએ, તો તે ચાલે તેમ નથી. ચોરને આવી સજા થવી જોઈએ તે સાંભળીને છાતી ધડકે, કોની? તેવી રીતે આજ્ઞા વિરૂદ્ધને ડૂબતી હોડી, ડૂબેલી હોડી કહીએ, તેમાં કોની છાતી ધડકે? આજ્ઞારહિત સંઘ નહિ, હાડકાનો ઢગલો, કે ભયંકર સર્પ! ચાનક તમને કેમ ચઢી? આજ્ઞારહિત થઇને સંઘમાં ખપવું છે, તેથી ચાનક લાગી છે. તમને બળતરા થવાનું કારણ શું? આજ્ઞારહિત સંઘને હાડકાનો ઢગલો, ભયંકર સર્પ કહ્યો તેમાં તમને ચાનક કેમ ચઢી? ગળે ઓઢી લીધી, નહિતર! તમને દુઃખ કેમ લાગ્યું? વિવેક વગરનો શ્રાવક તે શ્રાવક નહિ પણ સાવજ! તેમાં તમને ખોટું લાગ્યું કેમ? તમારે વિવેક રહિત રહેવું હોય, પાછું શ્રાવકમાં ખપવું હોય તો બળતરા થાય.

## સંઘ પૂજ્ય ખરો! પણ કયો?

અર્થાત્ ચારે પ્રકારનો શ્રમણ સંઘ તીર્થંકરને નમસ્કાર કરવા લાયક, પણ તે કયો? તીર્થંકરની આજ્ઞાવાળો! આજ્ઞા વગરનો હોય તો આદરણીય નથી!

વ્યવહારથી તરવાની ક્રિયા જેનામાં હોય તે જ તારનારો થાય છે. વ્યવહાર ચારિત્રમાં હોય ત્યાં સુધી વાંદીએ-માનીએ તો સમકિત! વ્યવહારથી છે. માટે સાચું ગણી ચાલવાનું.

## મોક્ષ તરફ જેનું સુકાન તે સંઘ તીર્થંકરોને પણ પૂજ્ય

ચતુર્વિધ સંઘ એ તીર્થંકરોને પૂજ્ય, તીર્થંકરો પણ નમસ્કાર કરે, પણ કયો સંઘ? જે કે મોક્ષ માર્ગની તરફ સુકાનવાળો હોય તો, હોડી બંદર તરફ સુકાન કરીને ચાલે ત્યાં સુધી બેસવા લાયક, તળીયા તરફ સુકાન કરે તો લાઈફ બોટમાં બેસવાનું, આજ્ઞાના

ધ્યેયવાળો ચતુર્વિધ સંઘ આરાધવા લાયક! માનવા લાયક! પૂજવા લાયક! તીર્થંકર કરતાં આખા શાસનમાં કોઇ ઊંચો નંબર ધરાવતું હોય તો સંઘ છે. વિવક્ષાથી તીર્થંકરથી પણ પ્રવચન ઉચ્ચ છે. પ્રવચન-ચતુર્વિધ સંઘ, આવો આખા શાસનમાં તીર્થંકરથી પણ સાપેક્ષ રીતે ઉત્કૃષ્ટ હોય તો તે ચતુર્વિધ સંઘ છે.

**તારે તે હોડી કામની!**

અહીં કહેવાની વાત બરાબર ધ્યાનમાં રાખવાની છે. હોડીનું સુકાન બંદર તરફ હોય ત્યાં સુધી આશરો લેવાનો! હોડીનું સુકાન તળિયા તરફ જાય તો નિકળી જવાનું. તેમ આ સંઘ મોક્ષના સુકાનવાળો હોય તો આરાધવા લાયક. પણ સંસારમાં જાય એટલે કે સમાજને કે દેશને બાધ ન આવે તેવી રીતે દેવ, ગુરુ, ધર્મની ઉન્નતિ કરવી, એવી વિચારધારાથી તો સુકાન તળીયા તરફ ગયું, ચતુર્વિધ સંઘ એ પ્રવહણ સમાન, સંસારસમુદ્રથી તારનારો, પણ એનું સુકાન બંદર તરફ જોઈએ. તેવી રીતે ચારે પ્રકારનો સંઘ તે મોક્ષના ઉદ્દેશવાળો તો હોવો જ જોઈએ?

**મોક્ષના ઉદ્દેશ્ય વિનાનો સંઘ તો હોય છે.**

**જેનો મોક્ષમાર્ગ તરફ ઉદ્દેશ નથી તેને ભયંકર સાપ ગણી તેનાથી ડરતા રહો!** જેને જીવવું હોય તેને તળિયા તરફ સુકાનવાળી હોડીથી ડરવાનું છે. તેમ ચતુર્વિધ સંઘ તે ચારે ક્ષેત્ર. આત્મહિત કરનારા! પણ મોક્ષના લક્ષ્ય સાથે સંબંધ હોય તો!

**ઉપસંહાર**

સંઘ નામનું એક ક્ષેત્ર નહિ રાખતાં ચાર ક્ષેત્ર કેમ રાખ્યાં? જેવી રીતે જિનમૂર્તિ, ચૈત્ય, એક જ કેમ નહિ? જિનેશ્વર, તેમનાં વચનો, સંઘ આ ત્રણ ક્ષેત્રો કરો. આ શંકાના સમાધાનને અંગે જિન-મૂર્તિ મંદિર બે જુદા કેમ કહ્યા તે તપાસવું જોઈએ. ચતુર્વિધ સંઘમાં ચાર ક્ષેત્ર જુદા કેમ કહ્યાં? અને તેમાં ધન કેવી રીતે વપરાય? તે બધું અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૪

एवं व्रतस्थितो भक्त्या सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चातिदीनेषु महाश्रावक उच्यते ॥

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે યોગ-શાસ્ત્રની રચના કરતાં થકાં શ્રાવકનું સ્વરૂપ જણાવ્યા પછી શ્રાવકમાં પણ એક બીજો વર્ગ હોવાનું જણાવે છે કે—

### શ્રાવકના બે વર્ગો

સામાન્ય શ્રાવક સમ્યકત્વ મૂલ બારવ્રતને ધારણ કરનારો હોય છે, પણ એક ચઢીયાતો વર્ગ છે, તેનું નામ મહાશ્રાવક ! પણ મહાશ્રાવકપણું કયારે આવે ? પૂર્વે જણાવ્યા પ્રમાણે અતિચાર રહિત બારે વ્રતોમાં નિશ્ચળપણે હોય યાવત્‌જીવનને માટે પ્રતિજ્ઞા હોય, આ ત્રણ વસ્તુ સામાન્ય શ્રાવક-પણામાં પણ ન હોય તેમ નથી.

### શ્રાવક કરતાં મહાશ્રાવકની જવાબદારી વધુ

સામાન્યનું સ્વરૂપ વિશેષમાં તો હોવું જોઈએ. આર્ય મનુષ્ય કહીએ તો આર્યમાં મનુષ્યપણું તો હોવું જોઈએ. કોઈ વિશિષ્ટ સામાન્ય લક્ષણ હોય તો વિશિષ્ટતા કહેવાય. એકલું સમ્યકત્વ હોય તો પણ શ્રાવક, એક, બે કે ત્રણ વ્રત હોય તો પણ શ્રાવક, પણ મહાશ્રાવકમાં બારે વ્રતો નિરતિચારપણે હોવા જોઈએ. સોનામાં બીજી ધાતુ ભળેલી હોય તો શુદ્ધ સોનું કહેવાય નહિ. તેવી રીતે અતિચારવાલા વ્રતો એ શુદ્ધ વ્રતો કહેવાય નહિ. મહાશ્રાવક થનારને શુદ્ધ વ્રતો જોઈએ.

એટલે મહાશ્રાવકમાં સમ્યકત્વ મૂલ બારવ્રતો નિરતિચારપણે નિશ્ચળપણે યાવજ્જીવને માટે હોવા જોઈએ.

## સાત ક્ષેત્રમાં ધનના સદુપયોગની સતત કાળજી જેમાં તે મહાશ્રાવક !

વળી મહાશ્રાવક તેજ હોય કે શુદ્ધ સમ્યકત્વમૂલ બાર વ્રતોને ધારણ કરનારો છતાં સાત ક્ષેત્રમાં ધન વાપરનાર હોવો જોઈએ. સાત ક્ષેત્રમાં ધન ખરચતો નહિ બોલતાં 'वपन्' કહ્યું છે, તેનું રહસ્ય એ છે કે ખેડૂત ખેતરમાં વાવવા લાયક જમીનને લગીર ખાલી રાખે નહિ. જમીન ખાલી રહે તો બળતરા થાય. તેવી રીતે આ મહા-શ્રાવકને સાતે ક્ષેત્રમાં જે જે પ્રકારે ધનની જરૂર હોય તે પૂરી પાડવાની પોતાની ફરજ માને, કાંઈપણ ન્યૂનતા રહે તો બળતરા થાય. સાત ક્ષેત્રમાં દરેક ક્ષેત્ર જેના ધન વડે કરીને છવાઇ ગયેલું હોય.

એકલી મૂર્તિ, એકલું મંદિર, એકલા આગમો કે એકલા સાધુ વગેરેને પોષવા તેમ નહિ, મહાશ્રાવકની દૃષ્ટિએ સાતે ક્ષેત્ર સંપૂર્ણ રીતે ભરાવાં જોઇએ, તો તેનું નામ વાવવું કહેવાય.

વાવવામાં અધિકની આશા હોય, ભવાંતરની શ્રદ્ધાવાળો તેથી સમજે કે અંતરાયના ક્ષયોપશમથી મળેલી ચીજ છે, તો અંતરાયના ક્ષયોપશમને માટે વપરાવી જોઈએ, જેનાથી જે મળ્યું, તેનું પોષણ ન થાય તો મળેલું કામનું શું ?

## ધર્મમાં ખર્ચવા માટે પણ ધન ઉપાદેય નથી

જો કે શાસ્ત્રકારો ધર્મને માટે ધન મેળવવાની મનાઇ કરે છે, પૂ. આ. હરિભદ્રસૂરિ કહે છે.

धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरियसी ॥

ધર્મને માટે જેને પૈસાની ઈચ્છા રહે, તેવાએ અનિચ્છક રહેવું તે ઈષ્ટ છે. કારણ એજ કે એક પણ પૈસો ઉપાર્જન કરવો તે ન્યાય-બુદ્ધિએ ઉપાર્જન કરો તો પણ તેમાં અનંતી પાપરાશિ લાગે છે.

## ન્યાય-નીતિથી ધનોપાર્જનમાં પણ પાપ છે?

ન્યાયથી પૈસો પેદા કરીએ તેમાં વળી પાપની રાશિ કેમ? અન્યાયથી પૈસો મેળવીએ તેમાં તો પાપની રાશિ કબુલ! તેનો ખુલાસો એ છે કે પૈસો ઉપાર્જન કરવા માટે જે ઈચ્છા થઇ તેનું સ્વરૂપ વિચારી લો. પરપરિણતિને પાટલે આપણે બેઠા કે બીજું કાંઈ થયું? તે કર્યા સિવાય પરપુદ્ગલની ઇચ્છા આત્માને હોય નહિ, આત્મા સ્વભાવમાંથી ખસ્યો, પરસ્વભાવમાં પેઠો તો જ પૈસાની ઇચ્છા થાય, પરસ્વભાવમાં પેસવું તે કેટલું અધમ?

બીજી બાજુ પરિગ્રહ સંજ્ઞા થયા વગર પૈસાની ઇચ્છા થાય ખરી? પરિગ્રહ સંજ્ઞાને આધીન થયો, છતાં પરપુદ્ગલનું સ્વામિત્વ પોતે કરવું. મને મળે એ બુદ્ધિ થાય છે ત્યારે કહો લોભ, ન્યાયથી પણ એક પૈસો પેદા કરતાં પરપરિણતિ, પરઇચ્છા, લોભ થવાનો, એટલે મેળવવાની ઇચ્છા, એ જ પાપ છે, કેમ કે મળે ત્યારે સંતોષ થાય છે.

## ધન મેળવવામાં આર્તધ્યાન, પણ રક્ષણમાં રૌદ્ર ધ્યાન !!!

આના કરતાં પણ આગળ ભયંકર દશામાં જઈએ છીએ. પૈસો કોઈ લઇ જાય તો? રક્ષણ કરવાને કટિબદ્ધ, મારી ચીજ છે, હાથ તો ઉગામ! માથું ફોડી નાખું! જેલમાં બેસાડી દઉં! ન્યાયની છતાં રક્ષણના વખતે પરિણતિ ક્યાં જાય છે? બીજાને આપત્તિ-નુકસાનમાં ઉતારી દેવો! ઘા કરવા સુધી તૈયારી પણ રાખવી પડે!

તેથી જ વિષયના સંરક્ષણને, અર્થના સંરક્ષણને રૌદ્રધ્યાન કહ્યું છે. **મેળવવાની ઇચ્છા તે આર્તધ્યાન**, પાંચમા ગુણઠાણે -પણ મુખ્યતાએ **આર્તરૌદ્ર**-છે, કારણ-ચોવીસે કલાક કુટુંબ-કબીલાનું ચિંતવન! ધર્મધ્યાન ગૌણ હોય!

ન્યાયે ઉપાર્જન કરનારો પણ પર પરિણતિ, પરિગ્રહ લોભ કષાયમાં ગયો. પ્રાપ્ત થાય ત્યારે સંતોષ, પ્રાપ્ત થયા પછી હથિયાર ગોઠવવામાં ગયો. જેવી મિલકત તે પ્રમાણે હથિયાર રાખે. મારું કાંઇ છે નહિ એ દશાને અને આ દશાને આકાશ-જમીનનું આંતરૂ છે.

## ધર્મ માટે પણ પૈસાની ઈચ્છા વિવેકીને ન હોય!

ધર્મને માટે જેને પૈસાની ઈચ્છા, તેવા મનુષ્યને નિરિચ્છક રહેવું તે સારૂં છે. પરપરિણતિ, પરિગ્રહ, ઈચ્છા, લોભ તો આત્માને લેપવાવાળા છે. લેપીને નિર્મળ કરવો તેના કરતાં પ્રથમથી ન લેપવો તે સારૂં છે. કચરાથી ખરડાઈને ધોવું તેના કરતાં સ્પર્શ ન કરવો તે શ્રેષ્ઠ છે.

## મળ્યું હોય, તો તેનો સદુપયોગ કરો!

ઉપાર્જન થયેલાનો સદુપયોગ કરવાનો છે.

ધર્મને માટે મેળવવાનું નથી, ધર્મને માટે ધન નહિ! ઉદ્ધારને માટે અવતાર નહિ! મળેલા ધનનો સદુપયોગ ધર્મને માટે કરવાનો. આઠ કર્મમાં એક પણ ઓછું હોય તેનો અવતાર થઇ શકે નહિ. ઉદ્ધારની બુદ્ધિએ કર્મ વળગાડવાના નથી. અવતાર મળ્યો તો તેનો ઉપયોગ ઉદ્ધાર માટે કરવાનો છે! અન્યમતમાં ઉદ્ધારને માટે અવતાર લેવો! જૈનમતમાં ઉદ્ધારને માટે અવતાર નહિ, પણ અવતાર મળ્યો તેનો સદુપયોગ કરવો!

માટે ધર્મને માટે ધન મેળવવાનું નહિ, પણ જે ધન મળ્યું હોય તેનો સદુપયોગ ધર્મમાં કરવો.

## પાપરાશિથી આવતું ધન ધર્મમાં કેમ ખર્ચાય?

અહીં ફરી એક વાત વિચારવી ઘટે કે જે વસ્તુ પરિગ્રહસંજ્ઞાથી લોભથી, ઇચ્છાથી, પરપરિણતિથી ઘેરાયેલી છે, તેનો સદુપયોગ શાનો? જે વસ્તુ ઝેરી હવાથી ઘેરાએલી છે તેનો સદુપયોગ શાનો? સદુપયોગ હોય જ નહિ. પણ જરા ગંભીરતાથી વિચારતાં સમજાશે કે ઝેરી હવાથી ઘેરાઇ ગયેલી, શાને લીધે? મારાપણાના લીધે. તે અંશ નીકળી જાય તો ઝેરી હવા બધી ચોકખી થાય. પોતાને અંગે પરિગ્રહ સંજ્ઞા, લોભ, હર્ષ, ઈચ્છા બધું નિકળી જાય અને એમ થાય કે આ બધી ચીજને મોક્ષમાર્ગને ઉપયોગી બનાવું!!!

### દષ્ટિ ફરે એટલે ધન ધર્મમાં અર્પાય

પહેલાં મારે ને મારા કુટુંબને માટે ઉપયોગી એ બુદ્ધિ હતી. હવે એ ધનને અંગે, મોક્ષમાર્ગ અંગે ઉપયોગી એવો ભાવ થાય, મોક્ષમાર્ગના સાધનો માટે એ તયાર થાય. એટલે મળેલી લક્ષ્મીને વિવેકબલે સત્પાત્રમાં વાપરવારૂપની આદર્શ પ્રવૃત્તિ ધનં વપન્ શબ્દથી મહાશ્રાવકની જણાવી છે.

### સાતેય ક્ષેત્ર સ્વતંત્ર છે-મુખ્ય છે

હવે સાતક્ષેત્રમાં મંદિરનું ક્ષેત્ર, મૂર્તિનું ક્ષેત્ર જુદા કર્યા બંનેને એક રાખીને દેવક્ષેત્ર કર્યું હોય તો? દેવદ્રવ્ય શબ્દ જેમ રાખ્યો છે, તેમાંથી મંદિર-મૂર્તિ બંનેનું સંરક્ષણ થાય છે, તેમ એક જ દેવ ક્ષેત્ર કેમ નહીં! તેનો ખુલાસો એ છે કે આ જે સાત વિભાગ પાડયા છે, તે પેટાવિભાગ વગરના મુખ્ય છે.

મંદિર, પેટાવિભાગ નહિ, મૂર્ત્તિ, પેટા વિભાગ નહિ, જ્ઞાન, પેટા વિભાગ નહિ, સાધુ વિગેરેના પેટા વિભાગ નહિ, પેટાવિભાગ કે મુખ્ય ભેદ ગણો તે આ જ. તેથી મંદિર-મૂર્ત્તિ જુદા રાખવાની જરૂર, જુદાં ન રખાય તો મૂર્તિ-મંદિરના વિભાગ જુદા કરવા પડે.

### મંદિરક્ષેત્ર અને મૂર્ત્તિક્ષેત્ર વચ્ચે ભેદ કેમ!

મંદિર છે તે મંદિર છે, તે સામાન્ય જનસમૂહને દષ્ટિગોચર થવાવાળી ચીજ. તેથી મંદિરનો અવગ્રહ શિખર દેખાય ત્યાં સુધી, જે જગોપરથી શિખર દેખાય ત્યાંથી રાજચિહ્નો છોડવાં પડે. સંઘ લઈને આવ્યા હોય, શિખર દેખાય ત્યાં રાત્રિજગો કરીએ છીએ. અવગ્રહ ત્યાં સુધી, તીર્થદર્શનનો મહોત્સવ પણ ત્યાંથી કરીએ છીએ.

પ્રતિમાનો અવગ્રહ સાત કે આઠ હાથ રાખીએ. બેના અવગ્રહ જુદા.

મૂર્તિ દેખે ત્યાં દર્શન કરૂં છું, શિખરે ભવિષ્યની આગાહી આપી. મૂર્તિના દર્શન ભવ્યાત્મા દહેરામાં જાય ત્યારે પામે. મંદિરના દર્શન સહેજે આબાળગોપાળ પામે. જૈન મંદિર દેખીને જૈનપણાની

ભાવના પ્રસરાય તે પહેલાં જે કાંઇ પામો તે ખર્ચો મંદિર માટે. ભગવાનની મૂર્તિને માટે દૃઢ સંસ્કાર છે, તેટલો ચૈત્ય માટે નથી. આબુજીમાં જે મંદિરો બંધાવ્યા છે આટલી રકમ ખર્ચીને, તે શું સમજીને? મંદિરને અનુમોદના લાયક બનાવવું તે પહેલું ફરજીયાત કામ. મૂર્તિને નહી બનાવવી તેમ કહેવાનો આશય નથી

મંદિર એ મૂર્તિનો મૂળ આધાર. મંદિરને દેખવાથી થયેલો આહ્લાદ તે બીજ. મૂર્તિને દેખવાથી થયેલો આહ્લાદ તે જલસિંચન.

## જિનમંદિરનું અલૌકિક મહત્ત્વ

મૂર્તિનું સ્થાન, લોકોનું આવવું મંદિરને અંગે બનવાનું. મંદિરની કિંમત ન હોય તો મૂર્તિ હોય તે પણ તણાઇ જાય છે. મૂર્તિનો જે મહિમા તે મંદિરને અંગે, જે રક્ષણ તે મંદિરને અંગે, લોકોનું આવવું તે મંદિરને અંગે, ભાવનો ઉલ્લાસ તે પણ મંદિરને અંગે. આગળ વધીએ તો શાસ્ત્રકારો કહે છે કે મંદિર એ જ શાસન છે. મૂર્તિ ભલે ઉપકારી છે પણ મૂર્તિ એ શાસન નહિ, મંદિર એ શાસન. મંદિર હોય તો સંઘનું એકત્ર થવું. ચતુર્વિધ સંઘને દર્શનની ફરજ ક્યારે પાડી શકો? મંદિર હોય તો, મૂર્તિ મન માને ત્યાં રાખવી હોય તો ચતુર્વિધ સંઘને એક સરખો લાભ મળે નહી.

**ધર્મના બીજ વાવનાર તે મંદિર છે.**

એક બાજુ શ્રાવક-શ્રાવિકાને અંગે ફરજીયાત રાખ્યું કે ત્રિકાળ દર્શન થવાં જોઈએ. ઉપધાનવિધિમાં માળાની પહેલાં ત્રિકાળવંદનનો અભિગ્રહ દઇ દેવો. સવારે દર્શન ન થાય ત્યાં સુધી પાણી મોંમાં નાખવું નહિ. બપોરે દર્શન ન થાય તો ભોજન નહિ. સાંજે દર્શન ન થાય તો પ્રતિક્રમણ નહીં.

## જિનમંદિરનું વ્યાવહારિક મહત્ત્વ

મંદિરમાં ત્રણ કાળ સંઘનો મેળાવડો થાય. ત્રણે કાળ શ્રાવક શ્રાવિકા જાય તો સંઘના મેળાવડાનું સ્થાન. જે ગામમાં દહેરૂં હોય ત્યાં દર્શન કર્યા વિના વિચરે તો સાધુને પ્રાયશ્ચિત્ત. શ્રાવકોને ત્રણ

કાળ જવુ, સાધુએ પણ દર્શન કર્યા વિના આગળ જવું નહિ. જિનેશ્વરનો લાભ મંદિર મેળવી આપે. સાધુ હોય તો સહેજે ધર્મના અક્ષરો સાંભળવાના મળે. જે મંદિર અને મૂર્તિ ધર્મવાળાને લાવનાર. મુનિનો સમાગમ થવો, જેઓ મૂર્તિ નથી માનનારા તેને સંમેલનનું સ્થાન તો રાખવું પડે. આર્યસમાજીઓ મંદિર, ઢુંઢીયા સ્થાનક રાખે છે.

ચતુર્વિધ સંઘના સંમેલનનું સ્થાન ચૈત્ય! સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા થવાનાં તે તેનાથી, સાધુ ત્યાં આવે તેથી ઉપદેશ, તેથી સાધુ સાધ્વી વગેરેની ઉત્પત્તિ, સંમેલનનું સ્થાન માની લઈએ તો તે સ્થાનમાં અધ્યક્ષ તરીકે સર્વગુણસંપન્ન જોઈએ, જેની આજ્ઞામાં બધાને વર્તવું પડે તેવો અધ્યક્ષ કોણ? વીતરાગ પરમાત્મા, કે જેની આજ્ઞા બહાર કોઈ જઈ શકે નહિ. આ સમજાશે તો મંદિર, મૂર્તિ જુદા કેમ રાખ્યા? તેની કેટલી જરૂર છે? તે સમજાશે!

### આગમક્ષેત્રનું મહત્ત્વ

**આગમ** નામનું ક્ષેત્ર જુદું હોય તેમાં નવાઈ નથી. અધ્યક્ષના વચનો, આજ્ઞાઓ સોનેરી અક્ષરે લખાય તેમાં આશ્ચર્ય નથી. રાજા મહારાજાની આજ્ઞા પત્થરમાં, ત્રાંબામાં કોતરાય છે. સર્વગુણસંપન્નની આજ્ઞાને ક્ષેત્ર ગણવું, તેમાં ધન ખર્ચવું તે ભાગ્યશાળીને હોય. આ ત્રણ ક્ષેત્ર સિદ્ધ, જિનેશ્વર સિદ્ધ, તેથી મૂર્તિ–આગમ સિદ્ધ.

### સાધુ–સાધ્વીક્ષેત્ર કેમ?

સાધુ–સાધ્વીને ક્ષેત્ર કેમ બનાવ્યાં? હોડી તરતી તરતી બીજાને તારે છે, તેમ ચતુર્વિધ સંઘ પોતે સંસાર સમુદ્ર તરે છે, પણ તરતો બીજાને તારે છે. સાધુ ક્ષેત્ર વિચારીએ તો સાધુને પ્રથમ રાખ્યું કે બીજો પાપ કરતો હોય તે પાપના પ્રસંગનો નિષેધ પ્રાપ્ત થાય. તે નિષેધ ન કરે તો સાધુને પાપ લાગે. કરવું, કરાવવું, અનુમોદવું, પકડી રાખ્યું છે. પણ મોટા ભેદો વિચાર્યા નથી.

### પ્રાસંગિક અનુમોદનાના ત્રણ ભેદ

અનુમોદનાના ત્રણ ભેદો છે. **પ્રશંસા અનુમોદના, સંવાસ**

## અનુમોદના અને અનિષેધ અનુમોદના.

પ્રશંસા અનુમોદના કોઈકે ધ્યાનમાં લીધી હશે. બાકી અનિષેધની અનુમોદના તે ઘણાના મગજમાં જ આવી નહીં હોય! જે પાપ કરી આવ્યો તેની પ્રશંસા કરવી તે પ્રશંસા અનુમોદના.

એક ઘરમાં ૧૫ રહેતા હોઈએ, તેમાંથી કોઇ કોઈને અડપલું કરી આવે તો છાયા પંદરની પડી, સંવાસને લીધે સહવાસ ન હોય તો છાયા ન પડત. છાયાએ પાપને પોષ્યું તેનું નામ **સંવાસ.**

**અનુમોદના**

જે પાપનું કારણ માલમ પડ્યું તેને રોકીએ નહિ, તે **અનિષેધ અનુમોદના,** કરવું જોઈએ નહિ તેમ જાહેર કરવું જોઇએ.

ત્રિવિધ-ત્રિવિધ ત્યાગ કરવાવાળા સાધુ સાવદ્યમાં વર્તનારાને સાવદ્યના ત્યાગનો ઉપદેશ આપે. **अकर्तव्यम्** કહેવું જ પડે. સાધુ મોક્ષના માર્ગનો ઢંઢેરો પીટવા નિકળ્યા કે આ રસ્તે ચાલો. દરેક વાતની તમારા વિનય, વૈયાવચ્ચ ને જરૂરી સઘળાની મદદ કરીશું પણ ચાલો! આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસ થયા હોય પણ ધ્યાનમાં રાખજો કે સાધુપણાના વર્ગમાં આવ્યા વિના આચાર્યો વિગેરે હોતા નથી. મોક્ષમાર્ગને ચાલવાવાળાને પોતે મદદગાર છે. મોક્ષ-માર્ગ વહેતો હો.

## સાધુનું મહત્ત્વ મોક્ષમાર્ગના સહાયક રૂપે છે

ભીલ-કોળી વળાવા તરીકે આવીને નિર્વિઘ્નપણું કરે છે. તમે મોક્ષમાર્ગના વળાવા તેને અંગે નમસ્કાર! સાધુને તેને અંગે નમસ્કાર! પંચમહાવ્રતધારી થયા તો તમને ફાયદો. તપસ્યા કરો તો તમને નિર્જરા. શાસનને શું? સહાયક, અસહાયકને સહાયક સાધુને અંગે નમસ્કારનું કારણ હોય તો સંયમમાં સહાયક તેથી.

જાને જવું છે, માલ ઉડાવવા છે. દાયજો દેવાની વખતે કાન-ફોડ કહેનાર જાનમાં જઈ શકે નહિ. જે હેતુથી તમને નમસ્કાર

કરવાનો છે, તે હેતુ સારો નહિ, તો નમસ્કારને લાયક સાધુ નથી.
**જે મોક્ષમાર્ગમાં મદદ કરવાને કટિબદ્ધ થએલો હોય તે નમસ્કારને લાયક છે. મોક્ષમાર્ગની અંદર મદદ કરનારા સાધુ છે.** સાધુક્ષેત્ર મોક્ષ માર્ગમાં મદદ કરનાર, લશ્કર ભૂખે મરતું હોય તો તેને લૂંટીને લેવાની સત્તા. લશ્કરનું રક્ષણ રાજ્યમાં જરૂરી ગણ્યું છે. તેમ આ મોક્ષમાર્ગનું સાધન, તેને અંગે લશ્કરી હોય તો તે સાધુવર્ગ છે, માટે સાધુક્ષેત્ર.

## સાધુક્ષેત્રનું અપૂર્વ મહત્ત્વ

આગમ એ સાધુને આધીન, મૂર્તિ, મંદિરનો વહીવટ. ઉપદેશ સાધુને આધીન, સાધુક્ષેત્ર જરૂરી છે તેમાં ના ન પાડીએ ! પણ સાધ્વીઓ બાઈ જાત તે પણ પૂજ્ય ક્ષેત્રમાં? આરાધ્ય ક્ષેત્રમાં? તો અહીં શાંત ચિત્તે વિચારો તો માલમ પડશે કે મોક્ષમાર્ગની મુસાફરીનો હક પુરુષોને છે, સ્ત્રીઓને નથી! એમ જૈનો બોલી શકે નહિ. હક બંનેને હોય, તો સ્ત્રીને મોક્ષમાર્ગમાં મદદ કરનારો વર્ગ કયો? સાધુવર્ગ મદદમાં ઊભો રહે તો શું પરિણામ થાય? નવ વાડનું રક્ષણ, સ્ત્રીનું રક્ષણ બેનો વિરોધ કલ્પાંતે મટે નહિ. જ્યારે સ્ત્રીઓને મોક્ષપ્રાપ્તિનો અધિકાર છે તો મોક્ષપ્રાપ્તિને માટે તૈયાર થયેલો વધેલો વર્ગ માન્યા સિવાય છૂટકો નથી. સાધ્વી વર્ગ માનવા સિવાય છુટકો નહિ.

## સાધ્વીક્ષેત્ર જુદું કેમ!

શાસ્ત્રોમાં સાધુની વાત આવે છે. ઉપલક્ષણથી સાધ્વીની વાત લઈ લેવાય.

સાધ્વીક્ષેત્ર જુદું કેમ પાડો છો? સાધુઓને અંગે જેટલી જવાબદારી નથી તેનાથી સેંકડોગણી જવાબદારી સાધ્વીઓને છે. વિહારને અંગે સાધુ બે હોય તો છૂટ. સાધ્વીને અંગે ત્રણ. મકાનની બહાર નિકળવું તેમાં ત્રણ જોઈએ. સાધ્વીઓનો વિહાર પ્રથમ મુશ્કેલ હતો. સાધ્વીઓને પંચકલ્પી વિહાર, સાધુઓને નવકલ્પી

વિહાર, સાધ્વીને બબ્બે મહિના રહેવાનું, આચાર્યનો ગચ્છ માસકલ્પ પૂરો કરે, ત્યારે વૃદ્ધોને ચારે બાજુ મોકલે. તે સંઘાટક સાધુઓ સાધ્વીને લાયક ક્ષેત્રની તપાસ કરે. રહેવાના મકાન તો બધે મળી જાય. સાધ્વીને માટે આખી ખડકીનો એક માલિક, તે ખડકીની અંદર બાઈ વર્ગ ભાવિક, તો માલિકને લાવવાનું પૂછાય. જેવી રીતે મા-બેટીનું રક્ષણ કરે છે, તેવી રીતે સાધ્વીઓનું રક્ષણ કરે તો લાવું !

ગીતાર્થ સાધુઓ તપાસ કરીને આચાર્ય પાસે જાય. પછી આચાર્ય જાય. તપાસીને યોગ્ય લાગે. ગીતાર્થ સાધુઓ પાછા સાધ્વી હોય ત્યાં જાય. ગીતાર્થ સાધુઓ આગળ-પાછળ સાધ્વી, પેશાબ-સ્થંડિલની મર્યાદા બાંધી. સો ડગલાંની નિશાની. ગીતાર્થ સાધુઓ પાછા વળે નિશાની કરે. વચમાં રોકાઇ જાય. સાધ્વી નિશાની કરે ત્યારે સંઘ ચાલે. માલિકને ભળાવે છે. આનું રક્ષણ તારે કરવાનું. પછી ગીતાર્થ સાધુઓ આચાર્ય ભેગા મળે. આટલી જોખમદારી સાથે વિહાર થતો હવે તો રાજાની રાણી તળાવ પર છૂટથી ફરી શકે, પણ મર્યાદા શી ચીજ છે ? તે કહેવું પડે. સાધ્વીને કાપડ જોઇએ તો સીધું ન લેવાય. સાધ્વીક્ષેત્ર એ સાધુક્ષેત્ર કરતાં ઘણીજ જોખમદારીવાળું સ્થાન, તેને ઉપલક્ષણમાં લઈએ તે ન પાલવે; તેથી જુદું લેવું પડે.

## શ્રાવક-શ્રાવિકાક્ષેત્રનું મહત્ત્વ

સાધુ-સાધ્વી જુદાં લો તે ચાલે. બંનેની પ્રવૃત્તિ અલાયદી, શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર જુદાં કરવાની જરૂર શી ? શ્રાવક ક્ષેત્ર કહેશો એટલે શ્રાવિકા ક્ષેત્ર ચાલી જશે. શ્રાવક-શ્રાવિકા એ બે ક્ષેત્રો જુદાં ગણવાની જરૂર છે. શ્રાવક કે શ્રાવિકાને અંગે આરાધ્યપણું નથી. બંનેનું સ્વતંત્ર આરાધ્યપણું છે. શ્રાવિકાએ ફરજ અદા કરી તેથી શ્રાવકને કાંઈ નથી તેમ નથી, કોઈનું કરેલું કોઈને મળતું નથી, શ્રાવકનું કરેલું શ્રાવિકાને મળતું નથી. ધર્મ ઉત્પન્ન થાય ત્યાં ચોંટી જાય છે. શ્રાવક કરે તો તેના આત્મામાં ધર્મનું વાસિતપણું. કેટલીક

જગા પર સ્ત્રીઓ ધર્મ પામી હોય, પુરુષો ધર્મ પામેલા ન હોય અને ધર્મના ધોરી બનવાની દરેકને છૂટ. તો શ્રાવક ક્ષેત્ર સ્વતંત્ર, શ્રાવિકા ક્ષેત્ર સ્વતંત્ર છે.

## ઉપસંહાર

તો સાતે ક્ષેત્ર સ્વતંત્ર છે. હવે સવાલ એ રહ્યો કે–સાતે ક્ષેત્રમાં ધન વાપરવાનું કહ્યું. મંદિર, મૂર્તિ, આગમમાં ધન કેવી રીતે વાપરવું? સાધુ–સાધ્વીમાં ધન કેમ વપરાય? શ્રાવક–શ્રાવિકા પોતાના પગ પર ઉભા રહેવાવાળા તેને ધન કેમ આપવું? મહાશ્રાવકપણું જણાવતાં ધન વાવતો કહી દીધું. ધન કેવી રીતે વવાય ? ધનનું વાવવું કેમ બને ? નિર્ગ્રંથ ક્ષેત્રમાં ધન વાવવામાં અવિરોધપણું કેમ ? તે સમજાવાશે. સાતે ક્ષેત્રમાં ધન વાવવાનું સાધન હળ, તરીકે શું છે? ભકિત રૂપી હળે કરીને ધન વાવ્યું છે? ભકિત કોને કહેવી? તે બધો અધિકાર અગ્રે વર્તમાન

### જ્ઞાનાચારની મર્યાદા

- વીતરાગ પ્રભુની વાણી સાંભળતાં હૈયામાં ભવનો ભય જાગે, વિષયો પ્રતિ વિરાગ જન્મે અને વિવેકનો પ્રકાશ ઝગમગે ત્યારે સમજવું કે મોહના સંસ્કારોની ભૂમિકા નબળી છે.
- આ જાતનું શ્રવણ વિધિપૂર્વક જ્ઞાનાચારની મર્યાદાનું પાલન ગુરૂમુખે, કરવાથી સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

## વ્યાખ્યાન ૫

एवं व्रतस्थितो भक्त्या सप्तक्षेत्र्यां धनं वपन्।
दयया चातिदीनेषु, महाश्रावक उच्यते॥

### ઉપક્રમ

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે, યોગશાસ્ત્રની રચના કરતા થકાં પ્રથમ પંચ મહાવ્રત, સમ્યક્ત્વ, બાર વ્રતો તથા તેના અતિચારો જણાવી ગયા. તે જણાવીને શ્રાવકનું સ્વરૂપ સૂચવ્યું. હવે મહાશ્રાવકની વ્યાખ્યા વિચારાય છે.

### મહાશ્રાવકનું સ્વરૂપ

સમ્યક્ત્વ મૂલ અતિચાર રહિત બારે વ્રતોને નિશ્ચલચિત્તે યાવજજીવને માટે જે ધારણ કરે, તે ઉપરાંત ભક્તિ – અંતરંગ ઉલ્લાસ સાથે વ્રતમાં સ્થિતપણું તથા સાત ક્ષેત્રમાં ધન વાવવાપણું હોય તો તે મહાશ્રાવક કહેવાય.

### સાધ્વીનું ક્ષેત્ર કેમ ?

તે અંગે સાત ક્ષેત્ર પ્રથમ જણાવી ગયા. તેમાં પ્રથમ ચાર ક્ષેત્રનું સ્વરૂપ વિચાર્યું હવે વિચારવા જેવું એ છે કે સાધ્વીક્ષેત્ર જુદું કેમ પાડયું ? આચારાદિના વર્ણનમાં જેમ સાધુને કહીને સાધ્વીને ઉપલક્ષણથી લેવામાં આવે છે, તેમ ક્ષેત્રના હિસાબે સાધ્વીને ઉપલક્ષણથી કેમ ન લીધી ? તેનું કારણ એ છે કે—

સાધુના રક્ષણની જે જવાબદારી છે, તેના કરતાં સાધ્વીના રક્ષણની જવાબદારી મોટી છે, સાધ્વીના વિહાર, કે તેઓ માટે વસ્ત્ર પાત્ર કેમ લેવાં ? તે વાતને શાસ્ત્રોમાં સ્વતંત્ર રીતે મહત્ત્વ આપેલ છે.

જેને દશ પૂર્વ સંપૂર્ણ ન થયાં હોય, તે આચાર્યને જિનકલ્પ લેવો હોય તો પણ સાધ્વીની સંભાળ કરનારો કોઈ ન દેખાય તો તેનાથી જિનકલ્પ લેવાય ? જિનકલ્પ સરખી ઉત્કૃષ્ટ ક્રિયા, તે પણ સાધ્વીને સંભાળનારો ન હોય તો લેવાય નહિ.

## ગણધર શબ્દનો વિશિષ્ટ અર્થ

જે પદવી બાર અંગોના રચનાર, ચૌદ પૂર્વના રચનારને મળે છે, તે પદવી સાધ્વીને સંભાળનારને મળે છે. એટલે કે જેમ દ્વાદશાંગીના રચયિતા મહાપુરુષોને ગણધર કહેવાય છે, તેમ આખા સંઘની રત્નત્રયીને અનુકૂળ યોગ્ય જવાબદારી સાચવનારને પણ ગણધર શબ્દથી સંબોધાય છે. તેથી શ્રી **ભદ્રબાહુ સ્વામી** વગેરેએ શ્રી કલ્પસૂત્રમાં અને **શ્રી સુધર્માસ્વામીજી** વગેરેએ શ્રી આચારાંગમાં આચાર્ય–ગણધર જુદા કહ્યા.

**શ્રી સુધર્માસ્વામી** વખતે ગણધર હતા, પણ **શ્રીભદ્રબાહુ-સ્વામીજીના** સમયમાં રુઢ અર્થવાળા ગણધરો ન હતા, તો પછી જે આચાર્ય, ઉપાધ્યાય કે ગણધરને આગળ કરીને વિહરતા હોય, તેને પૂછીને સર્વ કાર્ય કરી શકાય, આંખ ઊઘાડવા, મીંચવા સિવાય બધું કાર્ય પૂછીને જ કરાય, તપ, અણસણ વગેરે બધું ગણધરને પૂછીને કરાય, એમ કેમ કહ્યું ?

પૂ. આ. **શ્રી ભદ્રબાહુસ્વામીજીએ** જણાવ્યું કે સાધુ–સાધ્વીને ઉપાધ્યાય, ગણધર, આચાર્ય વગેરેને પૂછ્યા વિના કંઇ થાય નહિ, જ્યારે ગણધરનો સંભવ નહોતો તો ગણધર લીધા ક્યાંથી ? "ગણધરને આગળ કરી વિચરનાર સાધુ" એમ કેમ કહ્યું ?

પૂ૦ **શ્રી સુધર્માસ્વામીએ** ગણધર લખ્યું તેમાં સમજીએ કે તે વખતે ગણધર હાજર હતા, પણ પૂ. આ. **ભદ્રબાહુસ્વામી** વખતે ગણધર ન હતા, થવાના ન હતા, ગણધર શબ્દ આચાર્ય

શબ્દ છતાં જુદો લેવાની જરૂર શી? એટલે સમજાય છે કે—**સાધ્વીને સંભાળનાર સાધુ તે ગણધર.**

આ ઉપરથી આપણે સમજી શકીશું કે સાધ્વીક્ષેત્રની આચાર્ય કે સંઘને માથે કેટલી જવાબદારી છે? આટલી જવાબદારીવાળું જે સ્થાન હોય તેને જુદું ક્ષેત્ર ગણ્યા વિના કેમ ચાલે? આટલા માટે સાધુનું ક્ષેત્ર છતાં સાધ્વીનું ક્ષેત્ર જુદું ગણવું પડે.

## શ્રાવકનું ક્ષેત્ર કેમ?

હવે વિચારવાની જરૂર છે કે-શ્રાવક ક્ષેત્ર કેમ? શ્રાવકક્ષેત્ર જુદું ન હોવું જોઈએ, કેમકે શ્રાવકો આરંભ-પરિગ્રહ, વિષય-કષાયમાં રાચેલા.

જિનેશ્વર વીતરાગ સ્વરૂપ, આગમો ગુણરૂપ, સાધુ-સાધ્વીઓ નિરારંભ—નિષ્પરિગ્રહનો ઢંઢેરો વગાડનાર, પેદા કરનાર, પોષનાર છે.

## તીર્થંકરોની મહત્તા શાના લીધે?

જિનેશ્વર મહારાજનકે આગમને એક બાજુ મેલી દઈએ તો કંઇ ન રહે. કારણ જિનેશ્વર પોતે કેવળજ્ઞાન પામ્યા પણ જિનેશ્વરપણું કોને અંગે? તીર્થ પ્રવર્તાવવાને અંગે. તે વાત એક બાજુ મેલીએ, પછી જિનેશ્વરમાં શું? જગતના ઉપકાર માટે જે વસ્તુ જોઈએ તે જિનેશ્વરમાં રહી નહી.

કેવળજ્ઞાને સરખા છતાં ચોવીસને માનીએ, કારણ? તીર્થને પ્રવર્ત્તાવનાર તેઓ છે તેથી સ્તવીએ,

## સામાન્ય કેવળી અને તીર્થંકર વચ્ચે ફેર શો?

વળી કેવળજ્ઞાનીઓના કેવળજ્ઞાનમાં કે તીર્થંકરના કેવળજ્ઞાનમાં ફરક નથી. પછી ચોવીસી કેમ પકડવી? અસંખ્યાતા જીવો ગઈ અને આ ઉત્સર્પિણી-અવસર્પિણીમાં કેવળજ્ઞાન પામ્યા છે, પણ તીર્થંકરો તો ચોવીશ હોય. તીર્થની સ્થાપના-પ્રવૃત્તિ કરનાર તો ૨૪ હોય.

ત્રણ પદો જેના મોઢામાંથી નીકળે અને ભાગ્યશાળીને સાંભળવામાં આવે અને તેઓને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની બનાવે. તે ગણધર નામકર્મવાળા અનંત ગુણવાળા હોય, તેઓને વિશિષ્ટ ક્ષયોપશમ હોય, ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન હોય.

## જિનવાણીનું મહત્ત્વ

આ રીતે તીર્થનું સ્થાપન, પ્રવૃત્તિ, તે તીર્થંકરનું મોટું જરૂરી કાર્ય. તીર્થનું સ્થાપન, ચતુર્વિધ સંઘની સ્થાપના, ચૌદ પૂર્વો, અંગોનું રચવું-થવું તે જિનની વાણી ઉપર આધાર રાખે. જ્યાં સુધી વાણી ન હોય ત્યાં સુધી ગણધર થવાનો વખત નથી.

જિનેશ્વરની વાણી એજ ગણધરપદવીનું તિલક, શાસનનું મૂળ વાણી ન હોય તો ગણધર થવાનો, ચૌદ પૂર્વો કે બાર અંગ થવાનો વખત નથી. જિનેશ્વરની વાણીને લીધે બધો વખત આવ્યો.

## દિગંબરોની માન્યતા

જિનેશ્વરની વાણીને માનનારા આપણે છીએ, નાગા હોય તે ન માને. દિગંબરોની માન્યતા છે કે જિનેશ્વરો વાણી બોલતા નથી. જિનેશ્વરના મોંઢામાંથી ધ્વનિ નિકળે છે. સ્વર પૂરવાવાળું હાર્મોનીયમ હોય તે સ્વર પૂરે જાય. તેમ માત્ર તીર્થંકરોનો ધ્વનિ હોય તે ધ્વનિને ફક્ત ગણધરો સમજે. ગણધરો જગતને સમજાવે.

આ જગો પર ગણધરવાણી કહેવી કે જિનવાણી કહેવી ? કહેવું શું ? વાણી જ નથી તો જિનવાણી કહેવી શી રીતે ? ગણધરો ત્રણ શબ્દથી પ્રતિબોધ પામીને રચના કરે. તે પછી ભગવાન અનુજ્ઞા કરે, પછી પણ ભગવાન પહોર પહોર દેશના કર્યે જ જાય.

પ્રભુના મુખથી નિકળેલી વાણી માનનારને દિવસના પહેલા પહોરે, અને છેલ્લા પહોરે દેશના માનવાની અપેક્ષાએ જિન આગમ માનવાનો હક્ક છે. જેઓ આવી વાણી માનતા નથી, તેમને એ આગમ માનવાનો હક્ક નથી. તેમના મતે તો જિનેશ્વરે કશાની પ્રરૂપણા કરી નથી. તેમને તો ગણધરની પ્રામાણિકતાને આધારે માનવાનું.

## જિનવાણી ધ્વનિરૂપ ન હોય.

અહીં એટલા સુધી કહ્યું કે પહેલે પહોરે જિનેશ્વર દેશના કરે બીજે પહોરે ગણધર દેશના કરે, તેથી લોકોને પ્રતીતિ થાય કે જેવી જિનેશ્વરની વાણી તેવી ગણધરની વાણી! પણ જિનેશ્વરની વાણી ન માનવાવાળાને ગણધરના વચન દ્વારા પ્રતીતિ કરવાની! વાણી ન માનનારાને મેળવવાનું શી રીતે? છદ્મસ્થના વચનમાં જ ઉછરવાનું. કેવળ ગણધર-છદ્મસ્થ જે કહે તે જ માની લેવાનું. પોતે તીર્થંકરના વચન સાથે મેળવણી ન કરી શકે. પ્રભુની વાણી માનનારા બંનેના ઉપદેશ મેળવી શકે.

ધ્વનિ માનનારા બંનેનો ઉપદેશ મેળવી શકે નહિ. તેમને તો ગણધર કહે તે તત્ત્વ તેમને 'जिणपण्णत्तं तत्तं' તે નહિ. તેઓ સૂત્રો-આગમો વિદ્યમાન નથી એમ ચોકખા શબ્દોમાં કહે છે. ગણધરની વાણી વિચ્છેદ થઈ ગઈ છે. નાગા થઈ ગયા, પરંપરામાંથી આવતું ન મળ્યું ત્યારે શું કરવું?

## દિગંબરોની વિચિત્ર ધારણા

'કન્યા ખોળું છું, મળતી નથી' એમ જાહેર કરવા કરતાં 'મારે પરણવું નથી' એમ જાહેર કરવું પડે, પરંતુ 'હું ખોળું છું, પણ કોઈ આપતું નથી' એવું જાહેર કરવા કોઈ તૈયાર નથી. એને કહેવું પડે કે 'ઘણી મળે, પણ લેવી નથી.' તેમ આ નાગા થઈ ગયા. તેને પરંપરાથી શ્રુત મળે કયાંથી?

જે વખતે દિગંબરોનો મત નિકળ્યો, તે વખતે પરંપરાએ શ્રુત ભણાતું હતું, પુસ્તક-નિરપેક્ષ વાચના હતી તો પછી પરંપરાનું ન મળે તે સ્વાભાવિક છે, પણ જે કેટલાંક પુસ્તકો, તે પણ મળે નહિં, પુસ્તકસાપેક્ષ જ્ઞાન કે પુસ્તક નિરપેક્ષ-પરંપરાનું જ્ઞાન તેને ન મળે, તો પોતાની પાસે જે છે તે જ જ્ઞાન કરી દેવું પડે. એક નનો સો રોગને હણે. છે જ નહિ.

વિક્રમ સંવત ૧૩૬માં એ લોકો કબુલ કરે છે, એ લોકો જુદા પડયા. વિક્રમની સં. ૧૩૯ માં એ લોકો જૂદા પડયા તેમ આપણે કહીએ છીએ. બે ત્રણ વર્ષનો ફરક તે મોટો ન ગણાય. તે વખતે પુસ્તકસાપેક્ષપણું નહોતું તે સ્વાભાવિક. તેથી પુસ્તકસાપેક્ષ જ્ઞાન ન મળ્યું, તેમજ પરંપરાનું જ્ઞાન ન મળ્યું. તો કહેવું જ પડે કે હતું જ નહિ. **તેમના મતે 'જિન આગમ જેવું ક્ષેત્ર નથી' તેમ જ સૂત્ર, જિનવાણી જેવી વસ્તુ નથી.**

## આચાર્ય વાણી માનનારા દિગંબરો

જેમ આપણે જીવવિચાર વગેરે મોઢે કરીએ છીએ તેમ તેઓ તત્ત્વાર્થ ગ્રંથ મોઢે કરવાનો, તેના ઉપર આખો આધાર બાંધ્યો. જૂનામાં જુનું આગમ-શાસ્ત્ર ગણો તો તે **તત્ત્વાર્થ.** તત્ત્વાર્થ પહેલાનું સૂત્ર, ગ્રંથ કે શાસ્ત્ર તેને નથી, શ્રી તત્ત્વાર્થ સૂત્ર ઉમાસ્વાતિજીનું ઉદ્ધરેલું તે રહ્યું તો તે વખતના બીજા ગ્રંથ કેમ ન રહ્યા. એટલે માત્ર આચાર્ય વચનો તેમને છે. જિનવાણી નથી?

પરલોકને સુધારવાની તાકાત આચાર્ય વચનમાં નથી, કેમ કે તેઓ અતીન્દ્રિય જ્ઞાની નથી. પુણ્ય-પાપના વિચારો જણાવે તે પ્રમાણભૂત ગણી શકાય નહિ. વિચ્છેદ માન્યા પછી આચાર્યોએ ઉભા કર્યા, તેમ તે લોકો માને છે. વિચ્છેદ થઈ ગયા પછી શાસ્રો બનાવ્યા તેમ કબુલ કરે તો તે શાસ્ત્રની પ્રામાણિકતા કેટલી? કહો કલ્પિત! વિદ્યમાન હોય તો તેને અનુસારે બનાવેલા કહી શકીએ! અકકલવાળો સૂત્ર વિચ્છેદ થયા પછી આચાર્યના વાકયોને જિનવાણી તરીકે માની શકે ખરો?

## જિનવાણી માને તો જ આગમ ક્ષેત્ર સંભવે

જિનઆગમનું ક્ષેત્ર શ્વેતાંબરોને છે. દિગંબરોને નથી. જ્યારે આટલા શાસ્ત્રોનું જ્ઞાન આચાર્યો રાખી શકયા તો સૂત્રના શ્લોકો ન સાચવી શકયા તો તે આચાર્ય કેવા? ગણધરનું જાય તો જવા દો, આપણું રહેવા દો!!!

દિગંબરોને ચિનવાણી ન માનવાથી જ્યાં-ત્યાંથી ઉપાડવાનું જ કામ કરવું પડ્યું.

**શ્રી તત્ત્વાર્થસૂત્ર શ્વેતામ્બર ગ્રંથ છે.**

**શ્રી તત્વાર્થ શ્વેતાંબરનો લીધો. કેમ કે-તે સૂત્રની કેટલીક બાબતો કહી આપે છે કે શ્વેતાંબરનો છે.**

જૂઓ એના મુદ્દા આ રહ્યા!!!

૦ અવધિ-મનઃપર્યવનો ફરક દેખાડનાર જે સૂત્ર કર્યું. ત્યાં સ્વામિ-વિશેષ કરવાની જરૂર ન હતી. તેમને તો લિંગ-વિશેષ કરવાની જરૂર હતી. અવધિજ્ઞાન એ લોકો ચારે ગતિમાં માને છે મનઃપર્યવ જ્ઞાન એમને સાધુપણાને અંગે માનવાનું. સાધ્વીને તે થાય નહિ તો સ્વામીવિશેષની જગો પર લિંગવિશેષ કહેવું જોઈતું હતું.

૦ વળી "**एकादश जिने**" જિનેશ્વરમાં ૧૧ પરિષહ હોય, કેવલીને આહાર માનવો નથી તો ક્ષુધા ક્યાંથી માનશો.? તો અગિયાર પરિષહ કેમ માનશો? તો નવી વ્યાખ્યા કરી. "**एकादश जिने न सन्ति इति शेषः**" એટલે કેવલીમાં ૧૧ નહિ.

ગુણઠાણામાં પરિષહના અવતાર વખતે નકાર ઘાલ્યો. છતાં શું થયું? તે વિચારવા જેવું છે! પ્રતિજ્ઞા તોડીને લસણ ખાધું પણ તાવ તો ન ગયો. ૧૧ નહિં એમ માન્યું, છતાં બાવીસમાંથી ૧૧ નહિ તો ૧૧ના ૧૧ રહ્યા. તેથી શું થયું! તે જરા વિચારવા જેવું છે!

પ્રતિજ્ઞા તોડીને લસણ ખાધું પણ અંતે તાવ તો ન ગયો. નકાર નાખ્યો. ૧૧ નહિ એટલે ૧૧ ગળે લાગ્યા. ૧૧ નહિ કેમ કહેવું પડ્યું? ઉમાસ્વાતિ તમારા હોય તો તેની પહેલાં પણ શ્વેતાંબરો હતા. જિનેશ્વરના ૧૧ પરિષહોને માનનાર શ્વેતાંબરો ન હોય તો ૧૧નો નિષેધ કેમ કરવો પડે? ૧૧ પરિષહ માનવાવાળા શ્વેતામ્બરો હતા, જેમની હયાતીમાં કરેલું સૂત્ર પરિષહના અવતારનું હોઈ શકે.

૦ દિગંબરો પૌષધ–સામાયિક માને કે નહિ ? એ શિક્ષાવ્રતો ખરા કે નહિ? સામાયિકમાં બે ઘડી બાઈઓએ–ભાઈઓએ નાગા રહેવું જોઈએ, સામાયિકમાં સાવદ્યનો ત્યાગ ખરો કે નહિ ? તેને નગ્નપણે સામાયિક–પૌષધ કરવા જોઈએ. તેમાં ઉપકરણ રાખવાની છૂટ હોય તો શાસ્ત્રો શ્વેતાંબરના છે.

૦ પૌષધના અતિચાર દેખાડતાં જણાવે છે કે પડિલેહ્યા વગર–પ્રમાર્જ્યા વગર સંથારો મુકવો, વસ્તુ લેવી–મુકવી તે પૌષધના અતિચાર. આ પૌષધના અતિચાર દેખાડનાર આચાર્ય પૌષધમાં ઉપકરણને માને છે, તો ઉપકરણને સાવદ્ય નથી ગણતા તો સાધુતાના ઉપકરણો સાધુતામાં સાવદ્ય કેમ ગણાય ?

૦ તપસ્યાના અધિકારમાં બાહ્ય–અભ્યંતર ઉપધિનો ત્યાગ જણાવ્યો છે, જ્યારે ઉપકરણ પણ ન હોય તો બાહ્ય ઉપધિ ક્યાંથી આવી ? ઉમાસ્વાતિ જે તત્ત્વાર્થના કરનારા તેમણે તો સાધુને સંયમની ઉપધિ રાખવી તે વાત કબુલ કરી છે.

૦ શ્રી તત્ત્વાર્થમાં પુલાક–બકુશની વાત છે તેમાં બકુશ કોણ ? ઉપકરણ–શરીરની ટાપટીપવાળા, કિંમતી ઉપકરણોની ચાહનાવાળા.

૦ મોક્ષને માટે ૧૦ મા અધ્યાયમાં દ્રવ્યલિંગ–ભાવલિંગની વાત કરી છે, દિગંબરોને લિંગનો વિકલ્પ કેમ? ઉપકરણ માનવા નથી તો વેષમાં ફરક ક્યાંથી ? ઓછા માનતા હોય તેને વિકલ્પ હોય જેને માત્ર ભાવલિંગ તેને વિકલ્પ શાનો ? સાધુના વિભાગમાં લિંગનો વિકલ્પ નથી, આત્માની પરિણતિમાં વૈકલ્પિક વસ્તુ નથી તો પછી સિદ્ધ થવાને અંગે લિંગ શબ્દ મેલ્યો તે વૈકલ્પિક શી રીતે વૈકલ્પિક ભાવ નથી ત્યાં સુધી વિકલ્પની વ્યાખ્યા શી રીતે ?

આ રીતે ૭ મુદ્દાઓ પર વિચાર કરીશું તો જણાશે કે દિગંબરોએ આ ગ્રંથ ચોરીને લીધેલો. નાસતા ભૂતની ચોટલી પેઠે તત્ત્વાર્થ મહારો કહીને ચલાવવું પડ્યું, તેના ઉપર આધાર રાખીને ચલાવવું પડ્યું.

## આગમક્ષેત્ર મહત્ત્વનું છે!

એટલે જિનાગમ ક્ષેત્ર દિગંબરોને નથી. શાસનના છેડા સુધી જિનઆગમો રહેવાનાં, થોડા રહો, વધારે રહો! પણ આગમો રહેવાના તેથી જૈન આગમ એ ક્ષેત્ર.

## શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની મહત્તા

મૂળવાત આપણી એ કે મંદિર-મૂર્તિ જેવી રીતે બંન્યોને ઉપકાર કરનાર છે, તેના કરતાં બલકે તેથી અધિકપણે જિનઆગમ નામનું ક્ષેત્ર ઉપકારી છે. એ ત્રણેને ચલાવે કોણ? સાધુ-સાધ્વી!

સાધુઓ નિરારંભ-નિષ્પરિગ્રહપણામાં ચાલનાર! સાધ્વી પણ નિરારંભ-નિષ્પરિગ્રહપણામાં ચાલનાર! આ પાંચે નિરવદ્ય મોક્ષના સાધક તેથી ક્ષેત્ર તરીકે હોય તેમાં આશ્ચર્ય નથી, પણ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર તરીકે કેમ? ઉષર ક્ષેત્રમાં વાવ્યું તે જાય, હળ-બળદિયા ભારે મરે, બી જાય, મહેનત જાય, બળદ ભારે મરે, શ્રાવકોને ક્ષેત્ર તરીકે ઠરાવો તે શી રીતે સંગત બની શકે?

આરંભ-પરિગ્રહમાં રાચેલા, વિષય-કષાયમાં માચેલા કહ્યા તેની ના ન કહી શકીએ તો એને ક્ષેત્ર કેમ કહ્યું? મોક્ષમાર્ગના સહાય કારક તરીકે કેમ ગણાય?

તો આનો ખુલાસો એ છે કે કમને કરેલું કાર્ય એ ગુનેગારીનું સ્થાન નથી. એનો છૂટકો ન હતો, માણસે કામ કર્યું, તો ગુનેગારીમાં સ્થાન નથી. એનું મન નહોતું, માટે "બળાત્કારે બાવળીઓ રોપાવ્યો હોય તો ગાળ રોપાવનારને" તેવી રીતે અહીં પણ જેને આરંભ વિષય વગેરેમાં માચેલો વર્ગ કહે છે, તેને પ્રવર્તેલો કહે! માચવું, પ્રવર્તવુંમાં આકાશ-જમીન જેટલું આંતરૂં છે! પ્રવર્તેલો કર્મના બળાત્કારે છે.

## સમ્યગ્દર્શનની મહત્તા

સમ્યગ્દર્શન પામ્યા પછી વિષય-કષાયની, આરંભ-પરિગ્રહની પ્રવૃત્તિ થાય તે કર્મના બળાત્કારથી હોય. ચોથા ગુણઠાણા પછી જે કોઈ બંધ ચાહે તો મોહનીયનો તો ચાહે તો જ્ઞાનાવરણીયનો હોય તે ઉત્કૃષ્ટ થાય તો પણ અંતઃકોટાકોટિ સાગરોપમનો જ, એટલે કે મોહનીને સમ્યકત્વથી પડયા પછી પણ બાંધે તો અંતઃકોડાકોડીથી અધિક કોઇ દિવસ બાંધે નહિ.

## સમ્યક્ત્વના પ્રભાવથી ઉત્કૃષ્ટ બંધ થાય-ન થાય તેનું રહસ્ય

અહીં બે મત છે એક મતે સમ્યક્ત્વ રહે તો બાંધે નહિ પણ સમ્યકત્વથી પડી જાય તો પણ કોડાકોડીથી અધિક બાંધે નહિ! જ્યારે બીજા મતે સમ્યક્ત્વ હોય ત્યારે મોહનીયને બાંધે તો પણ અંતઃ કોટાકોટિથી અધિક ન હોય, પણ સમ્યક્ત્વથી ખસી ગયો હોય ત્યારે સિત્તેર કોટાકોટિ પણ બાંધે છે.

શાસ્ત્રાનુસારી રીતે વિચારતાં બંને મત પરસ્પર વિરોધી દેખાતા છતાં નય-સાપેક્ષરીતે યોગ્ય લાગે છે.

કેમકે – જે મતે સમ્યક્ત્વની હાજરીમાં મોહનીયનો બંધ છે જ નહિ તે સ્વાભાવિક છે – સૂર્યના પ્રકાશમાં અંધકાર ટકી ન શકે? પણ જે મતે સમ્યક્ત્વની હાજરીમાં પણ અંતઃ કોટાકોટિથી વધુ બંધ ન હોવાનું છે, તે વાત પણ સમ્યક્ત્વ દરેકને ક્ષાયિક ન હોય તેથી સમ્યક્ત્વની મંદતાએ મોહનીય બંધાય, પણ સમ્યક્ત્વના પ્રભાવથી અંતઃ કોટાકોટિથી વધુ નહી! તે પણ સ્થિતિબંધ હોય, રસબંધ તો નહીં જ! તેથી સમ્યક્ત્વની હાજરીમાં મોહનીયનો બંધ હોવા છતાં પણ નથી એમ જણાવી શકાય?

આ રીતે સમ્યક્ત્વ પામ્યા પછી અંતઃ કોટાકોટિથી વધુ બંધ ન હોય એ મતનું રહસ્ય એ છે કે – ગ્રંથિભેદ માટેનું અપૂર્વકરણ આખા ભવચક્રમાં એક જ વાર થાય છે–તેથી સમ્યક્ત્વ વમ્યા પછી

પણ અંતઃ કોટાકોટિથી વધુ બંધ ન સંભવે! ૭૦ કોડાકોડિની સ્થિતિ બાંધે તો ફરી ગ્રંથિભેદ માનવો રહ્યો, તેથી અપૂર્વકરણ શબ્દમાં રહેલ અપૂર્વ શબ્દનું મહત્ત્વ ન રહે?

વળી સમ્યક્ત્વ વમ્યા પછી ૭૦ કોડાકોડિની પણ સ્થિતિ બંધાય એ મતનું રહસ્ય એ કે – સમ્યક્ત્વની ગેરહાજરીમાં મોહનીય જોર કરી જાય અને સિત્તેર કોડાકોડિનો બંધ થઈ જાય પણ તે સ્થિતિબંધ જાણવો. રસબંધ નહિ! અપ્રાપ્ત-સમ્યક્ત્વી જેવા તીવ્ર રસનો બંધ કરે તેવા તીવ્ર રસનો બંધ વમેલ સમ્યક્ત્વવાળો ન કરી શકે-એટલે ૭૦ કોડાકોડિનો સ્થિતિબંધ કદાચ હોય પણ રસબંધની દૃષ્ટિએ અંતઃ કોડાકોડિથી વધુ ન હોય?

એટલે કે સમ્યકત્વ પામ્યા પહેલાં મોહનીયની રસની જે સ્થિતિ હતી, તે સ્થિતિ સમ્યકત્વ પામ્યા પછી હોય નહિ.

એકંદરે ચાહો તો સ્થિતિ કે રસની અપેક્ષાએ ગણો પણ એટલી વાત તો ચોક્કસ થઈ કે ચાહે તો સ્થિતિ કે રસ એવી ચીજ કે સમ્યક્ત્વથી ખસી ગયા પછી બંધાય નહિ! સમ્યક્ત્વનો અડ્ડો જામ્યો એટલે તે સમકિત ભલે ચાલ્યું જાય પણ! જેમ ચક્રવર્તી ચૂરાઈ ગયા પણ તેમનું નામ ન ચૂરાય, તેમ તે અડ્ડો ન ખસે, તો પછી સમ્યકત્વ વિદ્યમાન હોય તો સમ્યકત્વની અસર શું ચાલી જાય?

## સમ્યક્ત્વીની મનોદશા

એટલે કે સમ્યકત્વ પામેલો મનુષ્ય આરંભ-પરિગ્રહ વગેરેમાં પ્રવર્તે પણ તે પ્રવૃત્તિ કેવી? દુરાચારી સ્ત્રીના જેવી! જેમ દુરાચારી સ્ત્રી ભરથારને સાચવે ખરી? ના! તેની તો દાનત બીજે. તેવી રીતે સમ્યકત્વ પામેલો આરંભ વગેરેમાં પ્રવર્તે પણ લક્ષ્ય બીજે. કુલટા આખો દિવસ ભર્તારનું કામ-ચાકરી કરે, પણ દૃષ્ટિ બીજે. તેમ આરંભ-વિષય વગેરેમાં સમ્યકત્વી પ્રવર્તે, પણ લાગણી નિરારંભ નિષ્પરિગ્રહમાં? નિરારંભ-નિષ્પરિગ્રહપણાનો પ્રસંગ આવ્યો તો

ચાહે તેવો હોય તેને ધુતકારતાં વાર ના લાગે. કારણ રંગ અહિં છે; પ્રવૃત્તિ ત્યાં છે.

આ રીતે નિરારંભ વગેરેપણાને અંગે, મોક્ષમાર્ગને અંગે રંગ રહેલો છે, તો તેટલા માત્રથી શ્રાવકો ક્ષેત્ર રૂપ નથી, તેમ કહી શકાય નહિ.

દબાણથી ચાહે તે કરવું પડે તેથી બેઇમાન ન ગણાય. નાનું છોકરું મોઢામાં ગુંગા નાખે તેથી ગંદું ન કહેવાય! કર્મનો ક્ષયોપશમ નથી કરી શકયા તેથી આરંભ-પરિગ્રહ વગેરેમાં પ્રવર્તે તેથી મોક્ષ માર્ગની બહાર નિકળી ગયા નથી.

## શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રનું રહસ્ય

આમ છતાં એમ લાગે કે ગમે તેમ પણ સંસારી કીચડમાં ફસાયેલાને ક્ષેત્ર મનાય જ કેમ? તો જરા ગંભીરતાથી વિચાર કરો-કે સાધુ-સાધ્વીઓને પણ ક્ષેત્ર કેમ મનાય? તેઓ કષાયથી પીડાયેલા છેજ? હવે જો સંસારી કીચડમાં ફસાયેલા છે તેથી શ્રાવક શ્રાવિકાને ક્ષેત્ર ન માની શકાય તો કષાયથી ખરડાયેલા સાધુ-સાધ્વીને પણ ક્ષેત્ર કેમ મનાય? કેમકે કષાય ભયંકર કે આરંભ-પરિગ્રહ ભયંકર? આરંભ-પરિગ્રહ કરતાં કષાય ભયંકર છે. આરંભમાં વર્ત-વાવાળો પણ કષાયના ક્ષયની શ્રેણિમાં ચઢી ગયો તો તેને આરંભ-જન્ય બંધ નથી.

## કષાયનું સાપેક્ષ મહત્ત્વ

નદી ઉતરતાં કેવલજ્ઞાન થાય છે કે નહિ? ભરત ચક્રવર્તીને કેવલજ્ઞાન કેમ થયું? આરંભ-પરિગ્રહ જો કષાય ન હોય તો આત્માને નુકશાન કરે નહિ. પરંતુ કષાય જોડે હોય તો નુકશાન કરે. કષાય વધારે કલંક દેનારી ચીજ છે. તો કષાયવાળાને ક્ષેત્ર તરીકે કેમ માની શકાય?

પણ કષાયવાળા પોતે કષાયને નિંદવા પૂર્વક નિષ્કષાયના માર્ગ તરફ ખસી રહ્યા હોઇ સાધુ-સાધ્વીઓના નિર્ગ્રંથ માર્ગ તરફના ખસારાની અનુમોદના છે, તેમ અહિં પણ સમ્યકત્વ પામ્યો ત્યારથી મોક્ષમાર્ગ તરફ ખસી રહેલો, વિરતિ પામ્યો તે મોક્ષમાર્ગ તરફ ખસે છે. નિર્ગ્રંથ માર્ગ તરફ ખસવાને અંગે સાધુની અનુમોદનાની જેમ શ્રાવક-શ્રાવિકાની પણ મોક્ષ તરફના ખસારાની અનુમોદના હોઈ શકે? **સાધુ કે શ્રાવકને મોક્ષને છોડીને કોઈ અભિલાષા હોય જ નહિ! તેનું જ નામ સંવેગ!!!**

શ્રાવકોએ પણ મોક્ષના સ્વરૂપને સાંભળીને અનાદિકાળની વાસનાની કુરબાની કરી નાખી. એકજ ધ્યેય મોક્ષનું?

આ રીતે શ્રાવક-શ્રાવિકાવર્ગે અનાદિના મોહના મૂળ કાપી નાખ્યા. મોક્ષ તરફ પ્રયાણ કર્યું, માટે તેને ક્ષેત્ર માનવામાં વાંધો વાંધો નથી.

## શ્રાવકની ભક્તિમાં આરંભની અનુમોદના ન લાગે?

અહીં કોઇ એમ શંકા કરે કે-શ્રાવકો છ કાયના કૂટામાં પ્રવર્તેલા છે તેમની ભક્તિ કરીએ તો તેની અનુમોદના ન લાગે?

વાત આમ તો સાચી લાગે! પણ જરા ઉંડાણથી વિચાર કરો કે પ્રમત્ત ગુણઠાણે રહેલા સાધુ સંયમી છતાં પ્રમાદી તો ખરાંને? તો સાધુની ભક્તિમાં તેમના પ્રમાદની પણ અનુમોદના થાયને? વળી તેઓના કષાયની અનુમોદના કેમ ન લાગે? બારમા ગુણઠાણા સુધી કોઇ પણ ગુણવાનની ભક્તિ કરશો તો ઘાતીકર્મની અનુમોદના લાગ્યા કરશે, ઘાતીકર્મનો નાશ બારમાના છેડા પછી હોય છે.

તો જેમ ગુણવાન પુરુષો મોક્ષ તરફ જાય છે. કર્મ હલકા કરે છે, તેની અનુમોદના કરીએ છીએ તેમ અહીં પણ સાધુની તે રીતે અનુમોદના કરોને? નહીં તો ઘાતીકર્મની અપેક્ષાએ બારમા સુધી અનુમોદના ન રહે, અને એમ વિચારતાં તો જિનેશ્વર એક જ ક્ષેત્ર રહે

અરે! જિનેશ્વર શરીરવાળા છે, ત્યાં સુધી જે ભક્તિ કરીશ તેની અનુમોદના લાગી જશે તો પછી સિદ્ધને માનવા રહ્યા? સિદ્ધ થશે ક્યારે? સમ્યકત્વ પામ્યા વગર? સાધુપણું પામ્યા વગર? એ વગર તો નહિ.

તેથી મોક્ષનું નિશાન થયું હોય તેને ક્ષેત્ર તરીકે માનવા જોઇએ. જિનચૈત્ય વગેરે પાંચ ક્ષેત્રો છે, તેમ આ શ્રાવક-શ્રાવિકા રૂપ બે ક્ષેત્રો જે મોક્ષ તરફ તાકી રહેલા છે, તેમને ક્ષેત્ર તરીકે માનવા જોઈએ.

### ઉપસંહાર

આ ઉપરથી સમજાશે કે-સાતક્ષેત્રો એક સરખાં છે, તેમાં કોઈ જાતનો ફરક નથી. જિનચૈત્યમાં દ્રવ્ય વાપરીએ તો ૧૦૦ટકા, મૂર્ત્તિમાં વાપરીઓ તો ૯૯ટકાનો લાભ, શ્રાવકમાં વાપરીએ તો ૪૦ટકાનો લાભ તેવું ઓછાવત્તાપણું ક્ષેત્રને અંગે નથી. દરેક ક્ષેત્રમાં સોએ સો ટકા લાભ.

આ વાત ધ્યાનમાં રાખશો તો વીસે સ્થાનક આરાધે તો તીર્થંકરપણું મેળવે, એક પણ આરાધે તો તીર્થંકરપણું મેળવે. ૨૦નું જે ફળ તે ફળ એકમાં. એકમાં જે ફળ તે ફળ બે-ત્રણમાં. આરાધનામાં કે ફળમાં ફરક નથી. બધામાં નિશાન એક જ છે. જે સડક પર ચઢયો છે, ચાહે તો બોકડે બેસીને, ઘોડાગાડીમાં કે પોઠ પર બેસીને જાઓ તો પહોંચવાનું લક્ષ્ય ગામનો દરવાજો છે, દરવાજે પહોંચવા માટે જુદા જુદા વાહનોનો ઉપયોગ હોય છે તેમ સાત ક્ષેત્ર છે, પણ એકે ઓછુંવત્તું નથી.

### સાતે ક્ષેત્રની આરાધ્યતા કેમ?

વળી અહીં સાતનો સમુદાય એકઠો કર્યો છે કે સાતે ક્ષેત્રમાં ધન વાપરવું. એકથી બેડો પાર થઈ જાય તો સાતનું શું કામ? પાંચે પરમેષ્ઠીને નમસ્કાર કરવાની જરૂર શી? બજારમાં લાભ થાય તેમ

લાગતું હોય. તો નોતરાં બધાને દેવાં પડે! ધીરે તેવા બધાને નોતરાં દેવા પડે! મોક્ષ થઈ જાય, ક્ષપકશ્રેણિ થઈ જાય, ત્યાંસુધી બધાને નોતરાં દેવાના. તેમ આ રીતે આ આત્માને કયા કારણથી કયો ભાવ જાગશે! તેનો પત્તો નથી. કયા આલંબને ક્ષાયિક ભાવ પામશે? તેનો પત્તો ન હોય, તેથી જેટલા શાહુકાર છે તેમને ત્યાં ચોખા મેલવા પડે! જેટલા શાહુકાર કર્મથી બચાવનારા, તેમને ત્યાં ચોખા મૂકવા-તેમાં ખોટું શું? કર્મનો ક્ષયોપશમ શાથી થશે? તેનો પત્તો નથી, તેથી પાંચ પરમેષ્ઠી-નવપદોનો જાપ કરીએ છીએ, તેમ સાતે ક્ષેત્ર સરખાં છે, તેથી કોના આલંબનથી બેડો પાર થશે? તેનો પત્તો નથી, માટે બધા આરાધવા જોઈએ. તેથી સપ્તક્ષેત્રીમાં એક સરખો આરાધ્યભાવ, સાતે ક્ષેત્રમાં ધન વાવે.

ધન શબ્દથી શું લેવું? મહાશ્રાવકનું લક્ષણ થયા પછી દયા શી ચીજ છે? વગેરે મહાશ્રાવકનું સંપૂર્ણ લક્ષણ જણાવાશે તે અગ્રે વર્તમાન!!!

## નિકાચિત કર્મ તોડનાર તપસ્યા કઈ?

ક્ષપકશ્રેણિ કર્મ પ્રકૃતિ નિકાચિત હોય તો પણ તેને તોડી નાખે. અપૂર્વકરણમાં નિકાચિત કર્મોને પણ તોડી નાંખે 'तपसा उ णिकाइयाणं' તપસ્યા કરીને નિકાચિતનો નાશ કરાય, આયંબિલ, એકાસણા નહીં. પણ અપૂર્વકરણ વખતે જે અધ્યવસાયો તે ધ્યાનરૂપ તપસ્યા છે. તેનાથી નિકાચિતનો નાશ થઇ શકે, સમ્યક્ત્વનું અપૂર્વકરણ તે સાતે કર્મની અંતઃકોટાકોટીથી જેટલી અધિક સ્થિતિ હોય તેને તોડીને સાફ કરે. ત્યારે ગુણઠાણાનું અપૂર્વકરણ સાતે નિકાચિત હોય તો તે પણ અંતઃકોટાકોટી છે. તેમાં જે નિકાચિત હોય તેને પણ તોડી નાંખે; આટલી બધી અપૂર્વકરણની તાકાત હોય છે!!!

ષોડશક પ્રકરણ વ્યાખ્યાન સંગ્રહ ભાગ ૨ પાના નં. ૨૨૩

## ત્રણ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ

શ્રવણ કરાતા પદાર્થની ઓળખાણ થાય, પણ હેય-ઉપાદેયના નિર્ણયરૂપ સુધારો ન થાય તે **વિષયપ્રતિભાસ જ્ઞાન.**

પદાર્થની ઓળખ સાથે તે પદાર્થ આત્માને કેટલો હિતકર અને કેટલો હાનિકર છે? એ વિચારણા સાથે આત્મા સાથે વહેંચાણ કરે તે **આત્મપરિણતિ જ્ઞાન.**

હેય-ઉપાદેયના નિશ્ચયપૂર્વક યથાશક્તિ પ્રવર્ત્તન હોય તેનું નામ **સંવેદનતત્ત્વ**

પ્રથમ વિષયપ્રતિભાસમાં હેય-ઉપાદેયની વિચારણા વગર માત્ર પદાર્થની ઓળખ હોય.

બીજા આત્મપરિણતિ જ્ઞાનમાં વર્તન વગર હેય-ઉપાદેયની વિચારણા રૂપ પરિણતિ હોય.

ત્રીજા તત્ત્વસંવેદનમાં હેય-ઉપાદેયના નિશ્ચયપૂર્વક પ્રવર્તન હોય.

"આગમોદ્ધારકની અમૃત દેશના વ્યાખ્યાન ૬ પા. નં. ૯૯"

## વીતરાગ પ્રભુની વાણી કેવી?

વીતરાગ-સર્વજ્ઞ ભગવંતની વાણી =

= મોહ વિષનું વારણ છે!

= આત્મશુદ્ધિનું કારણ છે!

= કષાયોનું મારણ છે!

આગમ જ્યોત

વીરનિ. સં. ૨૪૯૯ | વિ. સં. ૨૦૨૯ | વર્ષ ૮ | શ્રાવણ

આગમોદ્ધારક સંવત ૨૩ | પુસ્તક ૩

दुग्गइपडंतजंतुधारण-
समत्थो धम्मो

# ધર્મ એટલે....?

## શબ્દ વ્યુત્પત્તિ પ્રમાણે ધર્મની વ્યાખ્યા

### ધર્મ કેવો ?

બાલ, મધ્યબુદ્ધિ અને બુધજીવોને દેશના કરવા યોગ્ય અલંકાર અને ઉપમાથી અસીમ સુભગતાવાળો, લૌકિક-લોકોત્તર સર્વસુંદરતાનું સાધન અને વર્તમાન જીવનના સુખ અને નિર્વાહના સાધનભૂત સમગ્ર પદાર્થોની સૃષ્ટિને ધારણ કરનાર એવા ધર્મની વ્યાખ્યા કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન્ **શ્રી હેમચંદ્રસૂરિજીએ** શ્રુતકેવલી સમાન **શ્રીધર્મઘોષસૂરિજીના** મુખે જણાવી અને વર્તમાન જીવનના સાધનોની ધારણા રૂપે ધ ધાતુનો ધારણ કરવારૂપ એક ભાગ જણાવ્યો.

### ધર્મની આરાધ્યતા કયી અપેક્ષાએ ?

વિચક્ષણ પુરુષો વિચાર કરવાથી સમજી શકે તેમ છે કે ધર્મપદાર્થની વાસ્તવિક કિંમત કે જરૂરીઆત ઇહભવના સાધનોની

પ્રાપ્તિને અંગે જેટલી સાધ્યકોટિમાં આવતી નથી, તેના કરતાં કેઈ અધિકગુણે ધર્મની જરૂરીઆત બાહ્યદૃષ્ટિવાળાને પણ પરભવના જીવન-સંબંધી સાધનોની પ્રાપ્તિની અપેક્ષાએ રહેલી હોય છે.

કારણ કે આ સુખના સાધનોની પ્રાપ્તિના કારણભૂત ધર્મ એ ગત ભવના પુણ્યરૂપ હોવાથી સિદ્ધરૂપ છે અને તેથી તેની સાધ્યતા ન હોય અને તે કારણથી તેનું ઉપદેશ્યપણું પણ ઘટાડવું મુશ્કેલ છે, અનુવાદની કોટિએ ધર્મના ઇહલૌકિક સાધનોને ફળરૂપે બતાવાય તે જુદી વાત છે.

બીજું આ લોકના સાધનોને મનુષ્યો કર્મથી પ્રાપ્ય ગણવા કરતાં ઉદ્યમથી પ્રાપ્ય ગણી શકે, જો કે વ્યવહાર પ્રસિદ્ધ કલ્પવૃક્ષાદિક સાધનો કેવળ ભાગ્યથી પ્રાપ્ય છે, છતાં પણ દેવતાઈ સાધનોદ્વારા તેની તેવી અનુકૂળતા પ્રાપ્ય ગણી, ઉદ્યમથી પ્રાપ્ય પણ ગણી શકે. અર્થાત્ ઇહલૌકિક સાધનોના કારણ તરીકે ધર્મની અસાધારણપણે હેતુતા સાબિત કરવી ઘણી મુશ્કેલ પડે છે, અને તેથી કર્મસિદ્ધિ એ વ્યવહારનો વિષય થઈ શકતો નથી.

### વ્યાવહારિક દૃષ્ટિએ પણ ધર્મની આરાધ્યતા

જો ઈહલૌકિક ફળના સાધન દ્વારા ધર્મ-કર્મની સિદ્ધિ એ વ્યવહારનો વિષય થઈ જતો હોત તો જગતમાં સંખ્યાને અંગે, સ્પર્શાદિક વિષયોને અંગે, સુવર્ણાદિક ધાતુઓને અંગે, યાવત્ ઉદ્યોત-અંધકારને અંગે જેમ કોઈપણ બાલ, જુવાન, વૃદ્ધ, આર્ય, અનાર્ય કે સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિમાં વિવાદ (મતભેદ) હોતો નથી, તેવી રીતે કર્મસિદ્ધિમાં પણ મતભેદ હોત જ નહિ;

એટલે સ્પષ્ટ સમજાય છે કે વર્તમાન જીવનના નિર્વાહના સાધનોના અતીંદ્રિય સાધન તરીકે ધર્મની કે કર્મની સિદ્ધિ કરવી એ મુશ્કેલ છે.

જો કે કર્મની કે ધર્મની સિદ્ધિ માનનારાઓને ઇહલૌકિક જીવનના સાધનો પણ ધર્મથી પ્રાપ્ય છે, એમ સ્પષ્ટપણે જાણી-માની

શકાય તેમ છે, પણ જેઓ ધર્મ-કર્મની સિદ્ધિ માનનારા નથી, તેઓને તે ઈહજીવનના સાધનોની પ્રાપ્તિ ધર્મ-કર્મના પ્રભાવે થએલી હોવા છતાં પણ તેને નવી શ્રદ્ધા કરાવવાને માટે તે સાધનો સમર્થ થઇ શકતા નથી.

## મહત્ત્વની વાત

અહીં એક ખાસ વાત છે. જે કોઈપણ આસ્તિક કે નાસ્તિક, સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ, સમજદાર મનુષ્ય હોય છે, તે એટલું તો જરૂર માને છે કે આ વર્તમાન જીવનનો નાશ માનવાની બાબતમાં કોઇને પણ મતભેદ નથી. એટલું જ નહિ પણ વર્તમાન જીવનમાં પરંપરાથી મળેલો, માત-પિતાએ અર્પણ કરેલ કે પોતાના ઉદ્યમથી જિંદગીની જહેમતે એકઠું કરેલ કંચન, કામિની, કુટુંબ અને કાયા વિગેરે સુખ પામવાની ઈચ્છાએ મેળવેલા સકળ સાધનો મેલીને જવું પડે છે, અર્થાત્ આ ભવમાં જે જે મેળવેલું કે મળેલું તે બધું મેલવાનું જ છે.

## હિંદુ શબ્દનું રહસ્ય

જોકે પરભવની હયાતી માનવામાં જાણીતા થએલા વર્તમાન જનોમાં બે ભેદો પડે છે,

એક ભેદ એવો છે કે જેઓ વર્તમાન જીવનમાં આચરેલા કર્તવ્યોના ફળ તરીકે કયામત કે ન્યાયને દિવસે મળતી બહેસ્ત (સ્વર્ગ) કે દોઝખ (નરક)ની ગતિ થવી માને છે પણ તે બહેસ્ત કે દોઝખના જીવન પછી અન્ય જીવનો માનવા માટે તેઓ, તેઓના ધર્મશાસ્રો, તેઓના ધર્મપ્રરૂપકો, સર્વથા ચૂપકીદી ધારણ કરી રહેલા છે, એટલું જ નહિ પણ માનમાં અંધ બનેલો આંધળો રૂપ-રંગની વાત કરનાર ઉપર રોષ કરે તેવી રીતે તે કેવળ બહેસ્ત અને દોઝખને માનનારાઓ પોતાના મતમાં અંધ થઇ જીવનું અનેક ભવમાં હિંડવું (ભટકવું) માનવાવાળા હિંદુઓ તરફ અત્યંત તિરસ્કારની નજરથી જુએ છે, અને તે, 'હિંદૂ' શબ્દ તરફ ધિક્કાર વરસાવવા માટે તે હિંદુશબ્દનો અર્થ જ કાફર એવો કરવા લાગ્યા.

આ જીવનમાં મેળવેલી કે મળેલી બધી વસ્તુ મેલી જ દેવાની છે, તો પછી ભવિષ્યના ભવનું સુંદર જીવન અને તેના નિર્વાહના સાધનો મેળવવાની ચિંતા પરભવની હયાતી માનનારા હરકોઈ મનુષ્યને પણ થાય તે સ્વાભાવિક જ છે.

## હિંદુ શબ્દની વ્યુત્પત્તિ

એક વર્ગ જ્યારે આવી રીતે કેવળ એક ભવ માનવામાં લીન થએલો છે જ્યારે બીજો વર્ગ કે જેને આપણે હિંદુ તરીકે ઓળખીએ છીએ તે **આત્માને એકેક ભવથી બીજે બીજે ભવે હિંડવાવાળો (ભટકવાળો) માની આત્માને હિંડુ તરીકે ઓળખે** છે (જુઓ ભગવતીજી સૂત્ર શતક ૨૦ ઉ. ૨) અને તેવા હિંડુ **આત્માને માનવાવાળા જનો પોતેજ હિંડુ તરીકે ઓળખાવા** લાગ્યા

આ જ કારણથી જૈન, શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ, વગેરે સમગ્ર અનેક ભવ માનવાવાળો સમુદાય 'હિંડુ' તરીકે ઓળખાવા લાગ્યો, અને તે જ કારણથી આ હિંદુસ્તાનમાં રહેવાવાળા મનુષ્યો અનેક ભિન્ન-ભિન્ન મતવાળા છતાં પણ એક 'હિંડુ' નામથી ઓળખાવા લાગ્યા.

## હિંદુ શબ્દની ભ્રામક વ્યાખ્યા

જોકે વર્તમાનમાં કેટલાકોની કલ્પના 'સિંધુ નદી' સિંધુસ્થાન શબ્દ મૂળમાં લઇ હિંદુસ્થાન એવો શબ્દ બનાવે છે, જોકે એવી રીતે સિંધુ નામથી ગોઠવણ કરી દ્વેષની માત્રા ઘટાડવા માટે ઐદંયુગીનોએ પ્રયત્ન કર્યો છે, પણ સિંધુ નદી શિવાય બીજા દ્વારા પૂર્વ, પશ્ચિમ ઉત્તર કે દક્ષિણમાં હિંદુઓ કે ઇતરોની જાવણ—આવણ ન હતી એમ માની શકાય તેમ નથી અને તેવું માનવાનો પુરાવો પણ નથી.

હિંદુસ્થાનની ચારે બાજુ રહેવાવાળી વસતિ આત્માના અનેક ભવાંતરોને માનવાવાળી હતી અને છે.

## ભવિષ્યની જીંદગીનો આધાર ધર્મ ઉપર છે.

આ બધું કહેવાનું તત્ત્વ એટલું જ છે કે વર્તમાન જગતમાં વર્તતો જનસમુદાય આ જિંદગી સિવાય અન્ય જિંદગીની હયાતી તો માને છે, અને ભવિષ્યની જિંદગીની એકલી હયાતી જ માને છે તેમ નહિ, પણ ભવિષ્યની જિંદગીની સુંદરતા અને અસુંદરતા પણ માને જ છે. જ્યારે વર્તમાન જનસમુદાય ભવિષ્યની સુંદર અને અસુંદર બે પ્રકારની સ્થિતિ માને છે, ત્યારે પરમાત્માના માર્ગની શ્રદ્ધાવાળા જનસમુદાયની માફક, વર્તમાન જગતનો સમગ્ર જનસમુદાય પણ ભાવી પોતાની જિંદગી અસુંદર ન થતાં સુંદર થાય એવું ઇચ્છે તે સ્વાભાવિક છે, પણ તે ભવિષ્યની જિંદગી સુંદર મળે અને અસુંદર ન મળે તે તેના આ ભવના કર્તવ્ય ઉપર આધાર રાખે છે, અને તે સુંદર જિંદગીને મેળવી આપનાર કે અસુંદર જિંદગીને દૂર કરનાર એવાં જે જે કાર્યો તે તે ધર્મશબ્દથી કહેવાય છે.

## ધર્મશબ્દની વ્યુત્પત્તિ.

તેટલા માટે ધર્મ શબ્દનો પારલૌકિક જિંદગીને અંગે સંબંધ દર્શાવવા અર્થે ધર્મ શબ્દમાં રહેલા 'ધૃ' ધાતુનો અર્થ જણાવતાં ધર્મ-શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે કે **दुर्गतिप्रपतज्जंतुधारणाद्धर्म उच्यते।**

અર્થાત્ દુર્ગતિમાં પડતા જીવને જે માટે સત્કાર્યો બચાવી લે છે, તે માટે તે સત્કાર્યોને ધર્મ એમ કહેવામાં આવે છે.

જગતમાં કેટલીક વસ્તુઓ જેમ સ્વભાવથી ખરાબ હોય છે, તેમ કેટલીક વસ્તુઓ ખરાબ સંયોગોને અંગે ખરાબ હોય છે, અને બુદ્ધિશાળી પુરુષને ખરાબ સંયોગને અંગે ખરાબ રૂપે દેખાતી અસલ વસ્તુને શોધવાનું જરૂરી હોય છે.

## શુદ્ધિના અંગ તરીકે ધર્મનું મહત્ત્વ

જગતમાં દેખીએ છીએ કે ખાણમાંથી શોધેલા હીરા નિકળતા નથી, શોધેલું સોનું નિકળતું નથી દરિયામાં ચોકખા મોતીના ઢગલા

હોતા નથી, જો કે તે હીરા, સોનું અને મોતી સ્વભાવે શુદ્ધ સ્વરૂપ હોય છે, પણ ઈતરના સંયોગોમાં તે ખરડાયલા રહે છે અને તેથી તેને મૂળથી અશુદ્ધરૂપે આપણે દેખીએ છીએ, અને શોધક મહાશયોના પ્રયત્નોથીજ તેના મૂળ શુદ્ધ સ્વરૂપને પ્રગટ થતું આપણે જોઈ શકીએ છીએ,

તેવી રીતે શાસ્ત્ર અને પરીક્ષાની દૃષ્ટિએ સૂક્ષ્મ બુદ્ધિથી જોનાર મનુષ્ય સ્પષ્ટપણે જાણે, માને અને ઉપદેશે છે કે આ આત્મા પણ તે હીરા, મોતી અને સોનાની માફક ભવિષ્યમાં શુદ્ધતમ સ્વરૂપવાળો થવાનો હોઈ શુદ્ધ સ્વરૂપ છતાં પણ કર્મરૂપ અન્ય પદાર્થના સંયોગથી અશુદ્ધસ્વરૂપને ધારણ કરનારો થયો છે, અર્થાત્ કોઈપણ આત્મા અનાદિથી શુદ્ધ સ્વરૂપવાળો છે જ નહિ.

જો કે શાસ્ત્રજ્ઞ પુરુષો સિદ્ધ મહારાજાઓને અનાદિના માને છે, પણ તે સિદ્ધનું અનાદિપણું કાલના અનાદિપણાને આભારી છે, પણ કોઇપણ જીવ શાસ્ત્રજ્ઞોએ એવો તો માનેલો નથી કે જેને કર્મરૂપ ઇતર પદાર્થોનો સંયોગ હોય જ નહિ. અર્થાત્ સર્વજીવ કર્મરૂપ ઈતર પદાર્થથી અનાદિથી વિંટાએલા છે, અને તેથી સર્વજીવો અનાદિથી સ્વસ્વભાવને ભૂલેલા હોઈ પરસ્વભાવમાં પડેલા છે એમ જે શાસ્ત્રજ્ઞો માને છે તે યુક્તિયુક્ત લાગે છે.

હવે વિચારવાની જરૂર એ છે કે ઈતર સંયોગ છે, પણ તે આત્માની માનસિક, વાચિક અને કાયિક એ ત્રણે પ્રકારની શુભ કે શુદ્ધ પ્રવૃત્તિ ઉપરજ આધાર રાખે છે, અને તેવી શુભ કે શુદ્ધ પ્રવૃત્તિનો આધાર તેના તેવા પરિણામ ઉપર રહેતો હોવાથી અને પરિણામનો આધાર મુખ્ય ભાગે સત્પુરુષોના સમાગમ, તેના ઉપદેશનું શ્રવણ અને તે સત્પુરુષે ઉપદેશેલ તત્ત્વનો અંશે કે સર્વથા થતા અમલ ઉપર રહે છે, અને તેવા સત્પુરુષોના સમાગમ વિગેરે સાધનો ઘણાજ અલ્પપુરુષોને પ્રાપ્ત થતા હોઈ અનુભવસિદ્ધ એ વાત માનવી પડે છે કે સામાન્યપણે જીવમાત્ર અશુભ કર્મોના સંયોગો તરફ દોરાઇ રહ્યો છે, અને તેના ફળો અનુભવી રહ્યો છે.

આ બધી વાત ધ્યાનમાં લઈ શાસ્ત્રકારો જીવમાત્રને દુર્ગતિમાં એટલે ભવિષ્યની અશુભ જિંદગીમાં પડતાં બચાવનાર પ્રવૃત્તિને 'ધર્મ' શબ્દમાં રહેલા ધાતુના ધારણરૂપ અર્થના આધારે જણાવે તેમા આશ્ચર્ય નથી.

આ વિવેચનથી જીવો દુર્ગતિમાં પડતાજ હતા અને તેને ધારણ કરનારા પદાર્થની જરૂરજ હતી એમ માનવામાં સંશયને અવકાશ રહેતો નથી.

**સદ્ગતિધારણરૂપ અર્થનું સૂચન.**

જોકે કલિકાલ **સર્વજ્ઞ** ભગવાન હેમચંદ્રસૂરિજીએ ધાતુના એકલા ધારણ અર્થનેજ આગળ કરી આચાર્ય **ભગવાન ધર્મઘોષ**. સૂરિના મુખે **दुर्गतिप्रपतज्जंतुधारणाद्धर्म उच्यते** એટલું જણાવેલું છે, પણ તેજ કલિકાલ સર્વજ્ઞ **ભગવાન હેમચંદ્રસૂરિજીએ શ્રીયોગશાસ્ત્ર** વગેરે શાસ્ત્રોમાં દુર્ગતિમાં પડતા જીવોને બચાવવા રૂપ ધારણઅર્થ લેવા સાથે સદ્ગતિમાં સ્થાપવારૂપ પોષણ અર્થ પણ લીધેલો છે.

પણ શ્રુતકેવળી સમાન **શ્રી ધર્મઘોષસૂરિજીના** મુખમાંથી તે અર્થ-તે સદ્ગતિમાં ધારણ કરવારૂપ પોષણ અર્થ નથી લીધો, તેમાં કોઇપણ પ્રકારે વિરોધ લઈ શકાય તેમ નથી, કારણ કે જેમ એક ત્રાજવાનું અવનમન તે બીજા ત્રાજવાનું ઉન્નમન અને એક ત્રાજવાનું ઉન્નમન તેજ બીજા ત્રાજવાનું અવનમન છે. જેમ તે તુલાનું ઉન્નમન અને અવનમન ક્રિયા અને ભાવસ્વરૂપ હોઇ અભાવરૂપ કહી શકાય નહિ પણ ઉન્નમન, અવનમન બંને સદ્ભાવ સ્વરૂપ છે.

તેવી રીતે જેટલા અંશે આત્માને દુર્ગતિનું નિવારણ થાય તેટલે અંશે સદ્ગતિની પ્રાપ્તિ થાય છે, અને જેટલે અંશે સદ્ગતિની પ્રાપ્તિ થાય તેટલે અંશે દુર્ગતિનું નિવારણ થાય છે, એટલે જેમ તુલાનું ઉન્નમન કે અવનમન કે બંને કહેવામાં કોઇ પ્રકારે વિરોધનો

અવકાશ નથી, તેવી રીતે અહીં પણ દુર્ગતિનું વારણ કે સદ્ગતિની પ્રાપ્તિ એ બંને કે બનેમાંથી કોઇપણ એક કહેવામાં વિરોધની શંકાને અવકાશ નથી.

## દુર્ગતિના નિવારક તરીકે ધર્મનું મહત્ત્વ

એટલી શંકા જરૂર થાય કે દુર્ગતિનું નિવારણ કહેવાથી જેમ સદ્ગતિની પ્રાપ્તિ સૂચિત થાય તેમ સદ્ગતિની પ્રાપ્તિ કહેવામાં દુર્ગતિનું નિવારણ પણ સ્પષ્ટપણે ધ્વનિત થતું હતું તો પછી કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજીએ દુર્ગતિના નિવારણના કથનથી સદ્ગતિની પ્રાપ્તિનું ધ્વનિતપણું કર્યું પણ સદ્ગતિની પ્રાપ્તિના કથનથી દુર્ગતિના નિવારણનું ધ્વનિતપણું કેમ કર્યું નહિ?

આના ખુલાસામાં એ સમજવાનું કે આ આત્મા અનાદિના વિવિધ કર્મસંયોગથી અજ્ઞાની હોઈ દુર્ગતિ તરફ દોરાએલો રહેલો છે, માટે તે દુર્ગતિથી બચવાના સાધનો તરફ સહેજે તેની વૃત્તિ થઇ આવે, અને તેથી દુર્ગતિની પ્રાપ્તિના સાધનોને દૂર કરવાનો ઉપદેશ કરવા તૈયાર થાય તેમાં આશ્ચર્ય નથી. જગતના નિયમ પ્રમાણે સારૂં પ્રાપ્ત કરવા પહેલાં ખોટાથી દૂર રહેવાની પ્રાથમિક જરૂર ગણીને પણ દુર્ગતિનિવારણ દ્વારા ધર્મશબ્દના 'ધૃ' ધાતુનો ધારણરૂપ અર્થ જણાવ્યો હોય તોપણ નવાઈ નથી.

આ બધી હકીકત સદ્ગતિ શબ્દ દેવ અને મનુષ્યગતિરૂપ સાંસારિક શુભ ગતિને ઉદ્દેશીને કહેવામાં આવી છે, પણ જો મોક્ષરૂપ અસાંસારિક શુભ ગતિની પ્રાપ્તિને અંગે જો પોષણ અર્થ લઇ વાત કરવામાં આવે તો પૂર્વે જણાવેલો તુલાનમન ન્યાય લેવો નહિ અને મોક્ષરૂપ સદ્ગતિની પ્રાપ્તિ કરાવનાર સદનુષ્ઠાન પણ ધર્મ છે એમ ગણી યોગશાસ્ત્રાદિકમાં કહેલો મોક્ષ સુધીની સદ્ગતિનો માર્ગ લેવો. વધુ આ સંબંધી યોગ્ય જ્ઞાની ગીતાર્થ ગુરૂની નિશ્રાએ સમજવા પ્રયત્ન કરવો.




[ આ શીર્ષક નીચે આગમવાચનાદાતા, આગમાવ્યુચ્છિત્તિપોષક પ્રવર પ્રવચન પ્રભાવક, આગમજ્યોતિર્ધર, બહુશ્રુત–સૂરિશેખર ધ્યાનસ્થ–સ્વર્ગત **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના** પ્રાસંગિક લખાયેલા નિબંધો, અપાયેલા છૂટક તાત્ત્વિક વ્યાખ્યાનો, વગેરે જૂના સંગ્રહમાંથી પસંદ કરી રૂચિકર શૈલિએ સંપાદિત કરી આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

વિવેકી વાચક મહાનુભાવો જ્ઞાની–ગુરુના ચરણોમાં બેસી તાત્ત્વિક દૃષ્ટિની કેળવણી સાથે વિનીતભાવ કેળવી આ સંગ્રહમાં જણાવાયેલ તાત્ત્વિક વિગતોના મર્મને સમજવા પ્રયત્ન કરે એ ઈચ્છનીય છે.

સં.]

## પરમપવિત્ર પર્યુષણપર્વની મહત્તા, તેની આરાધના સંવત્સરી પૂર્વેના દિવસોમાં કેમ?

દરેક ધર્મવાળા પોતાપોતાના ધર્મના ઉદ્દેશ પ્રમાણે પર્વો માને છે, અને પોતપોતાના ધર્મના ઉદ્દેશને અનુસારે તે ધર્મને માનનારા સર્વ મનુષ્યો તે તે પર્વોમાં તે તે સત્કાર્યોનું આચરણ કરે છે.

ક્રિશ્ચિયનો નાતાલના દિવસોને, મુસલમાનો રમઝાન મહિનાને, વૈષ્ણવ અને શૈવો પુરુષોત્તમમાસને માને છે અને નવા જમાનાના

નવા મતને માનનારા લોકો તે તે નવા નવા મતને પ્રવર્તાવનારાઓના જન્મ કે મરણ, જય કે પરાજયને ઉદ્દેશીને કે તેના તેવા કોઈપણ અપૂર્વ મનાએલા કાર્યને ઉદ્દેશીને પર્વને ઉજવે છે.

કેટલાક મતવાળાઓ તો પોતપોતાના આચાર્યોની ગાદીનશીન ક્રિયાના મહોત્સવને ઉજવે છે. શ્વેતાંબર સંઘમાં પણ કેટલાકો પોતાના ગુરુની મરણતિથિ કે પાટમહોત્સવના દિવસોને પર્વ ગણી તે તે દિવસે તે તે પવિત્ર કાર્યો કરી ઉજવણી કરે છે.

પરંતુ પર્યુષણાપર્વ એ સમગ્ર જૈનશાસનનું અપૂર્વ મહત્તમ પર્વ છે. તે પર્વ કોઈપણ તીર્થંકર ભગવાનની વ્યક્તિને કે કોઈપણ ગણધર મહારાજની વ્યક્તિને યાવત્ કોઈપણ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુની વ્યક્તિને ઉદ્દેશીને પ્રવર્તેલું નથી, પણ તે પરમપવિત્ર પર્યુષણાપર્વ ભગવાન્ વીતરાગના માર્ગના ધ્યેયને ઉદ્દેશીને જ પ્રવર્તેલું છે.

જો કે તે પર્યુષણપર્વમાં પહેલા અને છેલ્લા તીર્થંકર મહારાજાના શાસનમાં સર્વ મુનિઓને સર્વકાળે પાંચ દિવસોમાં નવ વાચનાએ કલ્પસૂત્રનું કથન કરવાનો નિયમ છે.

અહીં કેટલાક એમ સમજતા હોય છે કે શ્રી કલ્પસૂત્ર પૂ. આ. ભદ્રબાહુસ્વામીજી પૂર્વે ન હતું પણ પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામીજીએ શ્રી દશાશ્રુતસ્કંધ નામના છેદસૂત્રના આઠમા અધ્યયનપણે પર્યુષણાકલ્પ નામે અધ્યયનદ્વારા વર્તમાનનું કલ્પસૂત્ર ગોઠવ્યું ન હતું તે પહેલાં પણ પૂર્વગતશ્રુતમાં રહેલું તે કલ્પાધ્યયન સર્વ સાધુઓ કથન કરતા અને સાંભળતા હતા.

પર્યુષણકલ્પની ભગવાન્ ભદ્રબાહુસ્વામીએ નવી જ ઉત્પત્તિ કરી છે એમ નથી, પણ ભગવાન્ ભદ્રબાહુસ્વામીની પહેલાં પણ ગણધરોએ પૂર્વગતશ્રુતની અંદર તે પર્યુષણકલ્પની સંકલના કરેલી જ હતી. એટલે પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામીજીએ તો માત્ર નિર્યૂહણ–પૃથક્સ્થાપના જ કરી.

કદાચ શંકા કરવામાં આવે કે ગણધરોએ પૂર્વગતશ્રુતમાં રચેલા પર્યુષણકલ્પમાં અને પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામીજીએ ઉદ્ધૃત કરેલા પર્યુષણકલ્પમાં આચાર્ય મહારાજ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ સુધીની પરંપરા કેમ આવી?

કો'ક એમ પણ કહે કે વાસ્તવિક રીતિએ એમ કેમ ન માનવું કે આ પર્યુષણકલ્પની રચના આચાર્ય ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમા-શ્રમણજીએ કરેલી હોય? અને તેઓશ્રીએ પોતાની તે સ્વતંત્ર રચના છે, એમ જણાવતાં ભગવાન્ મહાવીરમહારાજથી ગુરુ સુધીની બધી પોતાના પાટપરંપરા આપી હોય.

આવી રીતે થતી શંકાના સમાધાનમાં સમજવાનું કે ભગવાન્ ગૌતમસ્વામીના પૂર્વગતશ્રુતપણે રચેલા પર્યુષણાકલ્પમાં કે શ્રુત-કેવલી યથાર્થ યુગપ્રધાન ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીના રચેલા પર્યુષણાકલ્પમાં આચાર્ય મહારાજ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી સુધીની પાટપરંપરા ભવિષ્યના જ્ઞાનને હિસાબે લખી શકે તેમ છતાં પણ ન લખી હોય, પણ તીર્થંકર મહારાજાઓના ચરિત્રો જે તે કલ્પસૂત્રમાં વર્ણન કરવામાં આવે છે તે બધા ચરિત્રો ભગવાન્ ગણધર મહારાજાની વખતે ન હતાં, અગર પૂ. આ. શ્રી ભદ્રબાહુ-સ્વામીજી પૂર્વગતશ્રુતના પ્રથમાનુયોગમાં આવતાં તીર્થંકરોના ચરિત્રોથી અજાણ્યા હોય અને પર્યુષણાકલ્પમાં ન ઉતર્યા હોય એમ કહી શકાય નહિ.

જેમ ભગવાન્ તીર્થંકર મહારાજના ચરિત્રો હંમેશને માટે નિયમિત હતા તેવી રીતે સાધુઓની વર્ષાકાળની મર્યાદા રૂપ ધર્મ કે જેમાં ચાતુર્માસનું અવસ્થાન, વિકૃતિઆદિનો ત્યાગ, અનેક પ્રકારે જીવોની યતના, લોચનું વિધાન, તપસ્યા અને તેના પારણાનો વિધિ તપવિશેષને અંગે ગ્રહણ કરાતા જલવિશેષો, વર્ષાકાળને અંગે ગોચરીપાણીનું બંધારણ, બહાર નીકળેલા સાધુ-સાધ્વીઓને વરસાદના રોકાણને લીધે થતા અવસ્થાનની વિધિ તેમજ થએલા કે

થતા કલેશને શમાવવા અને તે શમાવવાનો વિધિ એ વગેરેરૂપ સામાચારી કે જે સાધુપણાનું મુખ્ય કર્તવ્ય છે તે ભગવાન્ ગણધરોની વખતે કે શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામીજીની વખતે ન હોય એમ કોઇપણ અક્કલવાળો માની શકે તેમ નથી.

આ કારણને અંગે શ્રીકલ્પસૂત્રના અંતમાં પૂ. શ્રી ભદ્રબાહુસ્વામીજી જણાવે છે તે પ્રમાણે આ પર્યુષણાકલ્પની હયાતી ભગવાન્ **મહાવીર** મહારાજના વખતે પણ હતી અને તે કલ્પની આરાધનાનું ફળ ભગવાન્ **મહાવીર** મહારાજે શ્રીમુખે રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્યની અંદર સમસ્ત સાધુ, સાધ્વી, શ્રાવક, દેવ અને દેવીઓની વચ્ચે જાહેર રીતે ફરમાવેલ છે.

આ ઉપસંહારનું સૂત્ર ભગવાન્ **શ્રી ગૌતમસ્વામીજીએ** પૂર્વગતશ્રુતના પર્યુષણાકલ્પમાં રચ્યું હોય અને તેને અનુસારે ભગવાન્ **ભદ્રબાહુસ્વામીજીએ** પર્યુષણા કલ્પમાં ઉપસંહાર જણાવ્યો હોય તો તે કોઇપણ પ્રકારે અસંગત નથી

ઉપરની હકીકત વિચારતાં પર્યુષણ કલ્પના પ્રથમ તીર્થંકર ચરિત્રરૂપી અધિકાર માટે તેમજ ત્રીજા સામાચારી રૂપ અધિકારને માટે નૂતન રચના કે કલ્પિતપણું માનવાને અવકાશ નથી, પણ શંકાકારના જણાવેલા મુખ્ય મુદ્દા પ્રમાણે સ્થવિરાવલીના અધિકારને માટે કૃત્રિમ માનવા સાથે પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામીજીનો કરેલો તે અધિકાર નથી એમ માનવાને કદાચ મન દોરાય.

પણ તેમાં અત્યંત વિચારને અવકાશ છે.

કેમકે દરેક ધર્મમાં હોય છે તે કરતાં પણ જૈન ધર્મમાં તત્વત્રયીની માન્યતા વિશેષે ઓતપ્રોત થએલી અસલથી જ છે, અને આ પર્યુષણકલ્પમાં તીર્થંકર મહારાજાઓની આવલી (પરંપરા) ને જણાવીને જેમ દેવતત્ત્વ તરફની લાગણી શાસ્ત્રકારે પ્રદર્શિત કરી ભવ્યજીવોને તેવી લાગણી ધરાવવા ભગવાન્ તીર્થંકરોના ચરિત્રો જણાવ્યાં અને ધર્મતત્ત્વની રીતિ–સામાચારી નામના

ત્રીજા અધિકારદ્વારા જણાવી દેવ અને ધર્મ એ બંને તત્ત્વોનું આરાધન કરવાનો રસ્તો આ પર્યુષણાકલ્પદ્વારા ઉજ્જળ કર્યો તેવી રીતે ગુરુતત્ત્વના આરાધન માટે ગણધર આદિ સ્થવિરોના ચરિત્રોનું કથન કરવું જરૂરી હોઈ ભગવાન્ ગણધર મહારાજાઓ પૂર્વગતશ્રુતના પર્યુષણાકલ્પમાં સમગ્ર ગણધરોનાં ચરિત્રો, ગણધર-આવલીના મૂળભૂત તીર્થંકર મહારાજના સંક્ષિપ્તતમ ચરિત્રની સાથે ચરિત્રો રચે અને તે દ્વારા ગુરુતત્ત્વને ઝળકાવે તેમાં કોઈપણ પ્રકારે આશ્ચર્ય નથી,

પણ આ ઉપરથી એટલું તો નક્કી થાય કે દરેક વખતના કલ્પકથન કરનારા તથા તેને શ્રવણ કરનારા ભગવાન્ તીર્થંકરોના ચરિત્રોમાં તેમજ ચતુર્માસની સામાચારીમાં જિનપ્રણીત માર્ગને અનુસરનારા હોઈ કાંઈપણ ફેરફાર કે નૂતન રચના ન કરે તો પણ ગુરુતત્ત્વને અંગે ગણધર આદિ સ્થવિરાવલી વર્ણન કરવાની હોવાથી પોતપોતાના પરમ પૂજ્ય આરાધ્યપાદ ગુરુ મહારાજ સુધીની સ્થવિરની પરંપરા વર્ણન કરે અને તેથી પૂ. આ. શ્રી ભદ્રબાહુ-સ્વામીજીએ પોતાના આરાધ્યપાદ ગુરુ મહારાજ સુધીની સ્થવિરોની પરંપરા વર્ણવી હોય અને તેથી જ પૂ. આ. શ્રી દેવર્દ્ધિગણિક્ષમા-શ્રમણજીએ પોતાના આરાધ્યપાદ ગુરુ મહારાજની પરંપરાને જણાવી હોય તો તેમાં આશ્ચર્ય નથી.

આ કારણથી મધ્યકાળમાં દરેક ગચ્છવાળાઓ પોતપોતાની ગુરુપરંપરા સ્થવિરાવલીની વખતે વાંચતા હતા એમ મધ્યકાળના તે તે લેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે.

આવી રીતે વસ્તુતત્વ હોવાથી પર્યુષણાકલ્પમાં પૂ. આ. શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી કે જેઓ સમગ્ર સિદ્ધાંતોને પુસ્તકારૂઢ કરનાર હતા તેઓએ સ્થવિરાવલીકથનને સાચવવા પોતાના ગુરુ સુધીની માત્ર પરંપરા લખી છે, પણ તે પરંપરા દેખવા માત્રથી તે પર્યુષણાકલ્પની રચના શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ કરી

છે એમ કહેવું તે પ્રથમાનુયોગ આદિ શાસ્ત્રોની રચનાના કે કલ્પસૂત્રના જિનાવલી, સ્થવિરાવલી અને સામાચારી રૂપ વાચ્યના અજાણપણાને જ આભારી છે.

આ શ્રી કલ્પસૂત્રનું સાધુસમુદાયમાં પ્રાચીન કાળથી વાચન હતું એટલું જ નહિ પણ ચતુર્વિધ સંઘ સમક્ષ પણ આ શ્રી કલ્પસૂત્રનું વાચન શ્રી નિશીથચૂર્ણિકાર ભગવાનના ઘણા પહેલા કાળથી આનંદપુર નગરમાં હતું એમ શ્રી નિશીથચૂર્ણિને જાણનારો દરેક સુજ્ઞ કબુલ કરશે,

આ રીત પૂર્વકાળથી નિયમિત પૃથગ્ વાંચનને અંગે જ આ શ્રી કલ્પસૂત્ર ઉપર વિશેષથી ચૂર્ણિ, પંજિકા વિધવિધ અંતર્વાચ્ય અને કોઈપણ બીજા સૂત્ર ઉપર નહિ તેટલા પ્રમાણની ટીકાઓ થએલી છે, અને કોઈપણ સૂત્રની મૂળની પ્રતો જેટલા પ્રમાણમાં હોય છે, તેના કરતાં ઘણા મોટા પ્રમાણમાં એકલી કલ્પસૂત્રની મૂળની પ્રતો ઘણા પ્રાચીન કાળથી લખાતી આવે છે.

વળી કોઈપણ અંગ, ઉપાંગ કે છેદસૂત્રની મૂળની પ્રતોને શ્રીસંઘે શણગારી નથી તેવી રીતે આ શ્રી કલ્પસૂત્રની મૂળની પ્રતોને સુવર્ણ, રજતના ચિત્રોથી ચીતરાવીને શણગારી છે એટલું જ નહિ પણ સુવર્ણ, રજતની શાહીઓ બનાવીને તેથી આ શ્રી કલ્પસૂત્રના પુસ્તકો લખાવીને આ શ્રી કલ્પસૂત્રના મહિમાને ઘણા પ્રાચીન કાળથી જગજાહેર રાખ્યો છે.

યાદ રાખવાની જરૂર છે કે પૂ. આ. શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ જો આ શ્રી કલ્પસૂત્રની રચના કરી હોત તો પોતાના પૂજ્યપાદ ગુરુ મહારાજ સુધીની પટ્ટાવલી શ્રી કલ્પસૂત્ર ત્રીજા સામાચારીરૂપ વાચ્યને પુરૂં કર્યા પછીજ આપત. વળી પોતાની એકલાનીજ ગુરુપરંપરા જેમ ઈતર ગ્રંથકારો પોતાના ગ્રંથના અંતભાગમાં આપે છે તેવી રીતે પૂ. આ. શ્રી દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી પણ જો શ્રી કલ્પસૂત્રના કર્તા હોત તો તેના અંતમાં માત્ર પોતાની ગુરુપરંપરા જ આપત.

કોઈપણ ગ્રંથકાર, કોઈપણ ગ્રંથના અંતમાં આ શ્રી કલ્પ-સૂત્રની પેઠે અન્ય અન્ય શાખાઓ અને અન્ય અન્ય કુળોના વર્ણનો આપતા નથી અને સંક્ષિપ્ત અને વિસ્તાર રૂપે કલ્પસૂત્રમાં આવેલું સ્થવિરાવલીનું વર્ણન પોતાની પાટપરંપરા માટે નહિ, પણ માત્ર સ્થવિરોની પરંપરાના વર્ણન માટે જ છે એમ સુજ્ઞ પુરુષો તો સમજ્યા સિવાય રહેશે નહિ.

વળી વીરમહારાજની દશમી સદીમાં ગ્રંથકારો પોતાનાં સ્પષ્ટ નામો લખવા પણ તૈયાર ન હતા તો પછી તે અરસામાં ગ્રંથકાર તરીકે પોતાની આટલી બધી શાખાઓ અને કુળોની અને સંક્ષિપ્ત વિતૃસ્ત પરંપરા દર્શાવવા તૈયાર થાય એ કલ્પના જ વિવેકી પુરુષોના હૃદયમાં સ્થાન કરી શકે નહિ.

ઉપર જણાવ્યા પ્રમાણે જો કે પર્યુષણપર્વમાં સર્વકાળ સર્વ સાધુઓ શ્રી પર્યુષણાકલ્પનું કથન અને શ્રવણ દરેક સ્થાને પર્યુષણાની વખતે કરે છે, પણ તે શ્રી પર્યુષણાકલ્પનું કથન અને શ્રવણ જેમ વર્તમાનકાળમાં શ્રાવણ માસના કૃષ્ણપક્ષના અંત ભાગથી શરૂ થાય છે તેમ સર્વકાળે તે શ્રાવણમાસના કૃષ્ણપક્ષથી શરૂ થતું હતું એમ નિયમ નથી, કારણ કે જ્યારે આષાઢ સુદિ પુનમે ચાતુર્માસની સ્થિરતા નિયમિત થતી ત્યારે તેની પહેલાંના પાંચ દિવસોમાં પર્યુષણાકલ્પનું કથન અને શ્રવણ થતું હતું.

પછી પાંચપાંચ દિવસની વૃદ્ધિએ જેને જેને જ્યાં જ્યાં જેમ જેમ સ્થિરતાનું નિયમિતપણું થતું તેમ તેમ તે તે સાધુઓ તે તે સ્થાને સ્થિરતાની પહેલાંના પાંચ દિવસોમાં કલ્પનું કથન અને શ્રવણ કરતા હતા. અને તે રીતે કલ્પના કથન અને શ્રવણનો વખત શ્રાવણમાસના કૃષ્ણપક્ષના અંતભાગમાં નિયમિત ન રહેતાં માત્ર સ્થિરતા કરવાની યોગ્યતા ઉપરજ તેના કથન અને શ્રવણનો નિયમ હતો, પણ તે પાંચ પાંચ દિનની વૃદ્ધિનો નિયમ શ્રીશ્રમણ-સંઘે જ્યારથી બંધ કર્યો અને ચાતુર્માસને માટે અવસ્થાનનો નિયમ

આષાઢ શુક્લ ચતુર્દશીથી નિયત કર્યો ત્યારે આ શ્રીકલ્પસૂત્રના વાચન અને શ્રવણનો નિયમ શ્રાવણમાસના કૃષ્ણપક્ષના અંતભાગથી મુકરર કર્યો.

કારણ કે પૂર્વકાળમાં જ્યારે પાંચ પાંચ દિનની વૃદ્ધિથી અનિયમિતપણે અવસ્થાનરૂપી પર્યુષણ થતાં હતાં ત્યારે પણ તે અવસ્થાનરૂપી પર્યુષણની અંત્ય મર્યાદા તો ભાદ્રપદના શુક્લપક્ષમાં જ હતી. તે ભાદ્રપદના શુક્લપક્ષમાં તો અન્ય કોઈ અવસ્થાન માટે અનુકૂળ સ્થાન ન મળે તો વૃક્ષની નીચે પણ અવસ્થાનરૂપ પર્યુષણા કરી દેવાની સખત આજ્ઞા હતી,

આ રીતે છેલ્લા અવસ્થાનરૂપ પર્યુષણના અંત દિવસને જ સાંવત્સરિક પર્વ સકળ સંઘ ગણતું હતું, અર્થાત્ અવસ્થાનરૂપ પર્યુષણમાં અનિયમિતપણું છતાં પણ સાંવત્સરિકપર્વનું અનિયમિતપણું હતું પણ નહિ અને થઈ શકે પણ નાહ.

આ કારણથી શ્રીકલ્પસૂત્રકાર મહારાજા કલ્પસૂત્રના સામાચારી પ્રકરણમાં વિગ્રહ શમાવવાના અધિકારમાં 'अज्जेव' એમ કહી સાંવત્સરિક દિવસનો ઉદ્દેશ નિયમિત દિવસે જણાવે છે,

**આ ઉપરથી સાંવત્સરિક દિવસનું અવસ્થાનરૂપ પર્યુષણાના કાલની માફક અનિયમિતપણું નથી એમ સ્પષ્ટ કરે છે.**

વળી વિચારવાની જરૂર છે કે દરેક સમુદાયને દરેક વર્ષે અવસ્થાન પર્યુષણાનું અનિયમિતપણું હોય પણ સાંવત્સરિક પર્વનું અનિયમિતપણું થઈ શકે નહિ, કારણકે સૂત્ર, અર્થ, ભોજન અને આલાપના મહિના–મહિનાના હિસાબે સમુદાય, ઉપાધ્યાય અને આચાર્યે કરેલા પરિહારમાં બાર માસની મુદત ઘટી શકે નહિ, પણ મુદતનો વધારો થાય.

વળી સાંવત્સરિક પ્રતિક્રમણને અંગે એક સંવચ્છરીથી બીજી સંવચ્છરીની વચ્ચે બાર માસ કરતાં અધિક કાળ થતાં સંવચ્છરી

પડિકમણું કર્યા પછી તે રાત્રિએ થએલા કષાયની મુદત બાર માસ કરતાં અધિક થઈ જઈ વ્યવહારથી અનંતાનુબંધીના ઘરના તે કષાયો થઈ જાય અને તેવા કષાયવાળાને શ્રીશ્રમણસંઘમાં સ્થાન ન હોય એ વાત **શ્રીકલ્પસૂત્ર**ના નિર્યૂહણાના અધિકારને સમજવાવાળો સહેલાઈથી સમજી શકે તેમ છે.

આ બધી હકીકત વિચારતાં સ્પષ્ટ માનવું પડશે કે **અવસ્થાનરૂપ પર્યુષણા અનિયમિતકાળે થતી હતી, ત્યારે પણ સાંવત્સરિક પર્વરૂપ પર્યુષણા તો નિયમિત કાળેજ થતી હતી,** અને તેથી પાંચ-પાંચ દિવસની વૃદ્ધિનો વિધિ બંધ પડતાં પર્યુષણાકલ્પને કથન કરવાનો અને શ્રવણ કરવાનો રિવાજ નિયમિત ભાદ્રપદ શુકલ ચતુર્થીરૂપ સાંવત્સરિક પર્વ સાથે સંબંધિત જ પાંચ દિવસમાં રાખ્યો, અને શ્રી **જીવાભિગમ** આદિ શાસ્ત્રોમાં પર્યુષણાની આરાધના આઠ દિવસની સ્પષ્ટ અક્ષરે જણાવેલી હોવાથી સંવચ્છરીના દિવસને આશ્રયીને જ આઠ દિવસોના પર્યુષણ નિયત થયાં છે, અને તેથીજ શ્રાવણ વદિ બારસથી સામાન્ય રીતે પર્યુષણનો પ્રારંભ થાય છે.

(—અપૂર્ણ)

## ઉ...પ...દે...શા...મૃ...ત

- સંસ્કારોની પકડ ઢીલી થયા વિના વીતરાગના શાસનની આરાધના સફળ થતી નથી.

તેથી

ગુરુના ચરણોમાં વિનીત ભાવે સમર્પણ અને સ્વચ્છંદ અને નિરોધ દ્વારા સંસ્કારોની પકડને ઢીલી કરવા પ્રયત્ન કરવો જરૂરી છે.

## શ્રી સિદ્ધચક્ર યન્ત્રમાં કર્ણિકા સ્થાને

## શ્રી અરિહંતો કેમ?

### ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનરૂપી અરિહંતોની સિદ્ધ કરતાં પણ પ્રથમ આરાધ્યતા કેમ?

(૨)

શાસનનાયક ભગવાન મહાવીર મહારાજથી અવિચ્છિન્નપણે ચાલ્યા આવતા શ્રી જૈનસંઘમાં કે તે જૈનશાસનમાંથી સાધર્મિ-પણાના પણ સંબંધ વિનાના અને વસ્ત્રવાળા જૈન મૂળ સંઘમાંથી ઉતરેલા હોઈ પોતાને દિગંબર× એટલે દિશારૂપી વસ્ત્રવાળા તરીકે જાહેર કરનારા દિગંબર જૈનોમાં અને શાસ્ત્રીય રીતે તથા લૌકિક રીતે પણ સ્થાપનાનિક્ષેપાની આરાધ્યતા સિદ્ધ છતાં જેઓએ ભગવાન જિનેશ્વરદેવોની પ્રતિમાની માન્યતા અને પૂજા વિગેરે ઉડાવી દીધા તેવા સ્થાનકવાસીઓમાં પણ શ્રી સિદ્ધચક્ર અને શ્રીનવપદપદ્મની માન્યતા જાણબહાર નહિ હોવા સાથે ઘણી જ પ્રચલિત છે.

---

× કોઈપણ જૈનાગમમાં જૈનોની મૂળ શાખાને શ્વેતાંબર તરીકે જણાવી નથી.

શ્વેતાંબર તરીકે મૂળ શાખાને વિશેષણ તરીકે લગાડવાનો પ્રસંગ દિગંબરોની ઉત્પત્તિ પછી ઘણા સૈકા થઈ ગયા પછી જ શાસ્ત્રોમાં ઉપલબ્ધ થાય છે અને તે જૈન મૂળ શાખામાંથી નીકળેલા દિગંબરોને માટે દિગંબર એવો શબ્દ તેમના મૂળ પુરુષ કુંદકુંદ (કૌડિન્ય)થી શરૂ થયેલો છે, અને તેથી જ વર્તમાનમાં પણ સમજદાર જૈનો પોતાને માટે જૈનશબ્દની પાછળ શ્વેતાંબર શબ્દથી ઓળખાણ જવલ્લેજ આપે છે; કારણ કે જુદા પડનારા દિગંબરોને જૈનોની પાછળ દિગંબર એવો શબ્દ જોડવાની જરૂર પડે તે સ્વાભાવિક છે, પણ મૂળ શાખારૂપ જૈનોને તે દિગંબરોથી ભિન્નતા બતાવવા ખાતર પણ શ્વેતાંબર વિશેષણ લગાડવું વ્યાજબી નથી. જો દિગંબર અને શ્વેતાંબર બંને વિશેષણોથી બંને ઓળખાય તો મૂળ-આદિ જૈનધર્મ પાળનારી કઈ જનતા હતી? તે પારખવું મુશ્કેલ પડે!

આ નવપદમય સિદ્ધચક્રની આરાધના દરેક આસો અને ચૈત્ર માસમાં સુદી સાતમથી પૂર્ણિમા સુધીના દિવસોમાં કરવામાં આવે છે, તે વાત જગપ્રસિદ્ધ છે જ.

જોકે સામાન્ય રીતે શ્રીસિદ્ધચક્રની-નવપદની આરાધના બારે માસ અને ત્રીસે દિવસ જૈનોમાં પ્રચલિત છે જ અને તેથી ઘણા જૈનો પોતાને ઘેરે, મુસાફરીમાં શ્રીસિદ્ધચક્રના યંત્રને ગટ્ટાના નામે રાખે છે અને ઘણા મોટા ભાગે જૈનધર્મના ચૈત્યોમાં શ્રી નવપદજીનાં યંત્રો એકાદ નહિ પણ મોટી સંખ્યામાં હોય છે અને તે દરેકની પૂજા પ્રતિદિન દરેક જૈનો કરે છે, તેમાં પણ શ્રીસિદ્ધચક્રના યંત્રો જેવી રીતે અને જેટલી સંખ્યામાં અસલ જૈનોના મંદિરોમાં મળે છે, તેના હજારમા ભાગે પણ જૈનોમાંથી નીકળેલા દિગંબર જૈનોના હજારો મંદિરો છતાં પણ મળતાં નથી, છતાં તે દિગંબરજૈનોની તે શ્રી નવપદમય શ્રી સિદ્ધચક્રની પ્રતિદિન આરાધ્યતા હોય તેમાં કંઈ વાંધો નથી.

---

( ૧૮ મા પાનથી ચાલુ )

એ પણ યાદ રાખવાની જરૂર છે કે **સહસ્રમલ્લ દિગંબર**ને જૈનોએ સર્વથા સાધર્મિકપણામાંથી કાઢી જ નાખ્યો છે, અને તેથી ઈતર નિહ્નવોને માટે કરેલા અશનાદિને આધાકર્મ માનીને ત્યાગ કરવામાં તે નિહ્નવોને બારે પ્રકારના સાધુવ્યવહારથી દૂર કરવા માટે શ્રીસંઘે કાયોત્સર્ગ કરેલો અને તે દ્વારા તેઓને દૂર કર્યા છતાં તે ઈતર નિહ્નવોને રજોહરણાદિ વેષ જૈન-સંઘના સાધુ જેવો હોવાથી શ્રીજૈનસંઘના સાધુઓથી તેઓની ભિન્નતા લોકોમાં જાહેર હોય પણ ખરી અને કદાચ ન પણ હોય.

તેથી તે ઈતર નિહ્નવોને માટે કરેલા અશનાદિકનું આધાકર્મીપણું જ્યાં નિહ્નવો ભિન્ન થયાનું જાહેર હોય ત્યાં ગણવામાં આવે નહિ, પણ જે ગામમાં લોકોમાં તે ઈતર નિહ્નવોનું ભિન્નપણું રજોહરણાદિ વેષની સામ્યતાને લીધે જાહેર ન હોય તે સ્થાનમાં તે ઇતર નિહ્નવો માટે કરેલા અશનાદિકને આધા-કર્મી ગણીને વર્જવા જોઈએ એમ ઈતર નિહ્નવો માટે આધાકર્મી વર્જવા માટે વિકલ્પ જણાવે છે,

પણ બોટિક (દિગંબર) ને માટે ભિન્નતા લોકોમાં સ્પષ્ટ હોવાથી તેના સાધુ માટે કરેલા અશનાદિક આધાકર્મી કહેવાય નહિ, કેમકે તેમને શ્રીસંઘે બહાર કાઢ્યા છે, અને લોકોમાં પણ તે બહાર કાઢેલા તરીકે જાહેર થએલા છે.

પણ અસલ જૈનસંઘમાં આસો અને ચૈત્રના મહિનામાં સુદિ સાતમથી પૂર્ણિમા સુધીના નવ દિવસોમાં એક એક પદની એક એક દિવસે સ્વતંત્ર આરાધના કરી જે ઓળીજીના વ્રતો દરેક વર્ષે બે બે વખત કરાય છે, તેનો તેમજ તે આરાધનાને અંગે તે ઓળીજીના દિવસોમાં લાગલાગટ નવ દિવસ સુધી વર્ણ પ્રમાણે નિયમિત એક ધાન-વાળા કે સામાન્ય રીતે જે આયંબિલો કરાય છે, તેનો પડછાયો પણ અસલ જૈનસંઘમાંથી નીકળેલા દિગંબરો કે સ્થાનકવાસીઓમાં જણાતો નથી.

અસલ જૈનોની બહોળી વસતીવાળા કેટલાક ગામોમાં તો તે ઓળીજીના દિવસે લોકોને આરાધના અને તપની સગવડ માટે જુદી જુદી સારી રકમો કાઢીને તેના વ્યાજમાંથી કે જુદા જુદા ગૃહસ્થો જુદા જુદા દિવસોનું ખર્ચ નિયમિત આપવાનું રાખીને ચાલુ વ્યવસ્થા કરે છે. ×

---

× આ સ્થાને એક વાત વિચારણીય છે કે, **મુંબઈ નગરની શ્રીનવપદ સમાજની ટોળી** દરેક વર્ષે આસો મહિનામાં પરદેશ જવાથી વિરાધનાના સંભવથી આસો મહિનામાં આખી ટોળી બહાર લઇ જતા નથી, પણ ચૈત્ર માસની ઓળીજીના વખતે તે સમાજ કોઇપણ તીર્થસ્થાન કે તેવા ઉત્તમ સ્થાનમાં નિરૂપાધિપણે શ્રીનવપદજીની આરાધના કરવા માટે ઉપડી જાય છે અને જે સ્થાને સમાજ જનાર હોય છે તે સ્થાને અન્ય દેશોમાંથી પણ શ્રીનવ-પદજીની આરાધના માટે લોકોને એકત્રિત કરે છે. તે સમાજની તે તે સ્થાનમાં તે તે વખતની કરેલી આરાધનાને જોનારા અને અનુભવનારા ખુલ્લી રીતે મુક્તકંઠે કહે છે કે એક જિંદગીનો અપૂર્વજ ધર્મારાધનાનો પ્રસંગ છે.

તે સમાજે તે શ્રીનવપદજીની આરાધના કરવા માટે તીર્થાદિ સ્થાનોમાં જતાં અને આરાધના કરતાં જોઇતા અનુકૂળ નિયમો પણ કરેલા છે અને તે નિયમો તેના રિપોર્ટ ઉપરથી જોઈ શકાય છે, પણ આ સમાજનું જે તીર્થાદિ સ્થાને શ્રીનવપદજીની આરાધના માટે જવું થાય ત્યાં સકળ દેશના લોકોને દૂર હોવા વિગેરેના કારણથી દરેક વખતે દરેક દેશવાળાને આવવાનું ન થાય એ સ્વભાવિક હોઈ દીર્ઘદૃષ્ટિથી જો તેઓ જુદા જુદા પ્રાંતોમાં પ્રતિવર્ષે શ્રીનવપદજીની આરાધનાનો લાભ લોકો લઈ શકે એવી ગોઠવણ થાય, તો તે ઘણું અનુકૂળતાભરેલું ગણાય.

પૂર્વોક્ત રીતિએ સામાન્ય નવપદની સામુદાયિક આરાધના જે પ્રતિદિન જૈનો કરે છે, અને પૃથક્-પૃથક્ પદની પૃથક્-પૃથક્ દિને જે આરાધના શ્રીઓળીજીમાં કરાય છે, તે શ્રીસિદ્ધચક્ર અને શ્રીનવપદજીમાં અરિહંતપદની જ પ્રથમ આરાધનાને પૂજ્યતા હોય છે. તેનું શું રહસ્ય છે! તે આપણે વિચારીએ!

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરિજીએ સ્વોપજ્ઞશબ્દાનુશાસનમાં તે વ્યાકરણને (શબ્દાનુશાસનને) સર્વ ધર્મવાળાને અનુકૂળ ગણાવવા છતાં પ્રારંભમાં અરિહંત ભગવાનનું ધ્યાન કરવાને અંગેજ અરિહંત મહારાજને જણાવનાર 'અર્હમ્' શબ્દનો ઉચ્ચાર કરે છે, અને તેની સ્વોપજ્ઞ વ્યાખ્યા કરતાં તેજ ભગવાન્ હેમચંદ્રસૂરિજી તે અરિહંતપદને શ્રીસિદ્ધચક્રના આદિબીજ તરીકે જણાવે છે,

અર્થાત્ આ શ્રીનવપદરૂપે કે અન્ય કોઇ સ્વરૂપે સિદ્ધચક્રની કલ્પના કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિજીના જમાના કરતાં ઘણા જૂના જમાનાની છે, અને તેથીજ ભગવાન્ હેમચંદ્રસૂરિજીના વખતે તે શ્રીસિદ્ધચક્રજીની આરાધ્યતા ઘણા જ ઊંચે દરજ્જે ગણાઈ હશે અને તેથીજ તેના આદિબીજ તરીકે શ્રીહેમચંદ્રમહારાજે 'અર્હમ્' પદને ગણાવ્યું છે,

અર્થાત્ શ્રીસિદ્ધચક્રજીની આરાધનાને અંગે થતી પ્રવૃત્તિ કોઈ અન્યમાંથી અનુકરણ કરીને લેવામાં આવેલી નથી, પણ ઘણા જૂના જમાનાથી અસલ જૈનસંઘમાં ચાલુ જ છે.

વળી રાજા વિક્રમાદિત્યને પ્રતિબોધ કરનાર ભગવાન્ સિદ્ધસેન-દિવાકરજી મહારાજ પણ 'કલ્યાણમંદિર' નામના સ્તોત્રમાં "पूतस्य निर्मलरुचेर्यदिवा किमन्यदक्षस्य संभवि पदं ननु कर्णिकाया:"

આવી રીતે જે ભગવાન્ અરિહંતને કમલના એક મુખ્ય ભાગરૂપ કર્ણિકામાં બિરાજમાન કરી સ્તુતિ કરે છે તે એ નવપદજીને પદ્મરૂપે ગોઠવે તો જ બની શકે.

એમ હોવાથી ભગવાન્ સિદ્ધસેનદિવાકરજીની વખતે પણ શ્રીનવપદજીની પદ્મ તરીકે કલ્પના હોઈ તેની કર્ણિકામાં ભગવાન્ અરિહંતનું સ્થાન પ્રસિદ્ધિમાં આવેલું હોવું જોઈએ, અને તેથી શ્રીનવપદજી કે શ્રીસિદ્ધચક્રની માન્યતા ભગવાન્ સિદ્ધસેનદિવાકરજીની પહેલાંની માની શકાય.

આવી રીતે શ્રીસિદ્ધચક્રના આદિબીજ તરીકે અથવા શ્રીનવપદજીરૂપી પદ્મની કર્ણિકાના સ્થાનને શોભાવનાર તરીકે ભગવાન્ અરિહંતદેવોને કેમ ગણ્યા? તે આ સ્થાને વિચારવું પ્રસ્તુત છે.

કારણ કે જૈનશાસ્ત્રના અને તેને અનુસરનારાઓના નિયમ પ્રમાણે તો અધિક ગુણોવાળાને અધિક પદ મળવું જોઈએ અને તે અપેક્ષાએ ચાર અઘાતીકર્મથી બંધાએલા એવા અરિહંત મહારાજા કરતાં ચાર ઘાતી અને ચાર અઘાતી એમ આઠે કર્મોથી સર્વદાને માટે સર્વથા મુક્ત થયેલા એવા સિદ્ધમહારાજાઓ છે અને તે સર્વગુણવાળા હોવા સાથે અરિહંત મહારાજાઓને પણ અમુક વખતે આરાધવા લાયક હોઈ સર્વોત્કૃષ્ટ મનાવવા જોઈએ, અને તે સિદ્ધ મહારાજાઓનેજ શ્રીસિદ્ધચક્રના આદિબીજ તરીકે શ્રીનવપદરૂપી પદ્મના કર્ણિકાભાગને શોભાવનારા ગણવા જોઈએ.

છતાં ઉપર જણાવેલું સિદ્ધપણું પ્રાપ્ત કરનાર કે તે સિદ્ધપણાના માર્ગને સ્વયં એકાકિપણે આચરી તે આચરવાના મુખ્ય ફળ કેવળજ્ઞાનને મેળવી શ્રોતાઓને તે રસ્તે લાવી સિદ્ધપણું પ્રાપ્ત કરાવનાર ભગવાન્ અરિહંતો જ છે. એટલે કે સિદ્ધમહારાજાના સામર્થ્યથી અરિહંતપણાની કે અરિહંતોની ઉત્પત્તિ કે સ્થિતિ નથી, પણ ભગવાન્ અરિહંતોના સામર્થ્યને આધારેજ સિદ્ધોનું થવું અને તે સિદ્ધમહારાજાઓના સ્વરૂપની જાહેરાત થવા સાથે તેઓનું આરાધ્યપણું જગતમાં સિદ્ધ થાય છે અને પ્રસરે છે.

આથી અરિહંતાદિકને જણાવનાર એવા આચાર્યાદિક કે જેઓ ભગવાન અરિહંતની પર્ષદારૂપ છે, તેઓને અરિહંતાદિકને જણાવનાર

તરીકે અરિહંતાદિક કરતાં પ્રથમ નમસ્કાર કરવા લાયક ન ગણ્યા છતાં ભગવાન્ અરિહંતને સિદ્ધમહારાજ કરતાં પણ પ્રથમ નમસ્કાર કરવા લાયક ગણ્યા છે, તેથી શાસ્ત્રકારો પણ ભગવાન તીર્થંકરોએ સ્થાપેલા તીર્થને આલંબને થનારા સિદ્ધોને તીર્થસિદ્ધ તરીકે જણાવી સિદ્ધપણાના મૂળ કારણ તરીકે અરિહંત ભગવાનો છે, એમ જણાવી ભગવાન તીર્થંકરોની પ્રથમ નમસ્કરણીયતા અને આરાધ્યતા સાબિત કરે છે.

તેથી ભગવાન અરિહંતો કે જેઓ અશોકાદિ આઠ પ્રાતિહાર્ય અને અપાયાપગમ આદિ ચાર અતિશયોને ધારણ કરનાર છે, તેઓને શ્રીસિદ્ધચક્રના આદિબીજ તરીકે અને શ્રીનવપદની કર્ણિકાને સ્થાને યોગ્ય ગણ્યા છે.

હિ...ત...ક...ર...સ...દુ...પ...દે...શ...

- ભાવોની શુદ્ધિ અને મલિનતાના આધારે જીવનશક્તિઓનો વિકાસ-હાનિ થાય છે.
- વીતરાગની વાણી હૈયામાં જચી ત્યારે ગણાય, જ્યારે કે સંસારના સુંદર પણ પૌદ્ગલિક પદાર્થો હૈયામાં મોહ ન ઉપજાવે.
- વીતરાગની ભક્તિ મનની શક્તિઓને તોડી નાંખનારી હોય છે.
- જગતને રાજી રાખવામાં શાણપણ નથી, પણ આપણી વૃત્તિઓને આજ્ઞાના કેન્દ્રમાં ટકાવી રાખવામાં ડહાપણ છે.

## શ્રી નવપદની વિશિષ્ટ આરાધના કેમ?

### શ્રી સિદ્ધચક્ર શબ્દનું રહસ્ય

(૩)

શ્રી સિદ્ધચક્રમાં આરાધ્યપદોની સંખ્યાને અંગે જોડાએલા નવના અંકને ચાહે જેટલા પૂર્ણાંક ગુણાકારે ગુણીએ તો પણ તે ભિન્નતાને ધારણ કરતો નથી.

નવને એકે ગુણતાં તો નવ આવેજ છે, પણ તેને બેએ ગુણીએ તો અઢાર આવે તેમાં પણ આઠ ને એક નવજ થાય. ત્રણે ગુણતાં સત્તાવીસ આવે તો સાત ને બે નવજ થાય. યાવત્ નવે ગુણીએ તો પણ એક ને આઠ નવજ થાય, વીસે ગુણીએ તો એકસો એસી થાય, તેમાં પણ આઠ ને એક નવજ થાય.

એવી રીતે કોઇ પણ પૂર્ણાંકથી ગણુવામાં આ નવ અંકનું અભેદ્યપણું છે.

આ અંકનું અભેદ્યપણું દૃષ્ટાંત તરીકે સમજી દાર્ષ્ટાંતિક તરીકે તો એ સમજવાનું છે કે-

અનંતી ચોવીસીઓ અને વીસીઓ થઇ ગઈ, અને અનંતી ચોવીસીઓ અને વીસીઓ થશે, તો પણ આ નવપદજીવાળું સિદ્ધચક્ર કોઈપણ કાળે ચલાયમાન થવાનું નથી.

અર્થાત્ કોઇપણ ભૂતકાળ કે ભવિષ્યકાળ એવો પૂર્વે હતો નહિ કે ભવિષ્યમાં આવશે નહિ કે જે કાળે જગતમાં નવપદજીનું ચલિતપણું હોય અને સિદ્ધચક્રનું સામ્રાજ્ય ન ચાલતું હોય.

દરેક આસ્તિક શ્રોતાઓને એ વાત પૂરેપૂરી ખ્યાલમાં હશે કે પર્યુષણ ચોમાસીની અઠ્ઠાઇઓ અશાશ્વતી એટલે અનિયમિત છે અર્થાત્ તે અઠ્ઠાઇઓમાં અજિતઆદિ બાવીસ તીર્થંકરની વખતના દેવતાઓ નંદીશ્વરદ્વીપમાં નિયમિતપણે અઠ્ઠાઈમહોત્સવ ન પણ કરે.

પરંતુ શ્રીસિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનાવાળી આસો અને ચૈત્ર માસની અઠ્ઠાઇઓમાં તો દરેક તીર્થની વખતે દેવતાઓ નંદીશ્વરદ્વીપે નિયમિત અઠ્ઠાઇમહોત્સવ કરેજ છે, અને તેથી તે બે-

આસો અને ચૈત્રની નવપદજીની અઠ્ઠાઇઓ–શાશ્વતી છે, એમ શાસ્ત્રકારોએ ખુલ્લા શબ્દોમાં જણાવ્યું છે

આવી શાશ્વતી અને દેવતાઓને પણ આરાધવા લાયક ઓળીની અઠ્ઠાઈને આરાધવામાં કયો મનુષ્ય કચાશ રાખે?

અન્ય પર્વો આરાધવામાં દેવ, ગુરુ કે ધર્મ એ ત્રણમાંથી કોઈ કોઈ એકનીજ મુખ્યતા હોય છે, ત્યારે આ શ્રીસિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનામાં તો દેવ, ગુરુ અને ધર્મ ત્રણે તત્ત્વની એકસરખી રીતે મુખ્યતા છે.

આ નવે પદોમાં પણ એ જાણવા જેવી ખૂબી એ છે કે—

પહેલું દેવતત્ત્વ લીધું છે, અને તેના બે પદો છે. જ્યારે બીજું ગુરુતત્ત્વ લઈ તેમાં આચાર્યાદિક ત્રણ પદો રાખ્યાં છે, અને ત્રીજું ધર્મતત્ત્વ લઇ તેના સમ્યગ્દર્શનાદિ ચાર પદો રાખ્યાં છે.

એટલે પહેલાંના બે, બીજાના ત્રણ અને ત્રીજાના ચાર એમ મળી ત્રણે તત્ત્વના નવપદો સ્થાનથી એક એક વૃદ્ધિવાળાં કરેલા છે.

ભગવાન્ અરિહંત વિગેરે નવ આરાધ્યપદોને ચક્રના આકારે ગોઠવેલા હોવાથી તે નવપદના યંત્રની સ્થાપના ચક્રના આકારને ધારણ કરે છે, અને તેથી તેને સિદ્ધચક્ર કહેવાય છે.

એ નવપદજીના યંત્ર, મંડળ કે ગટ્ટામાં અરિહંત મહારાજને કર્ણિકાસ્થાને બિરાજેલા જેમ ગણાય છે, તેમ સ્થાપનાના આકારની અપેક્ષાએ જ્યારે ચક્ર તરીકે કહેવામાં આવે ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરો તે નવપદ રૂપી ચક્રની નાભિને સ્થાને બિરાજમાન થએલા ગણાય.

આ ચક્ર ચાલતું નહિ પણ સ્થિર હોવાથી તે નવપદના ચક્રમાં સિદ્ધ મહારાજા જ ઉચ્ચ સ્થાને બિરાજમાન થએલા છે, અને તેથી આ યંત્રને સિદ્ધ મહારાજા બીજે સ્થાને છતાં પણ સૌથી ઉચ્ચ સ્થાને આવવાથી શ્રી સિદ્ધચક્રયંત્ર તરીકે જાણવું, માનવું કે જાહેર કરવું તે યોગ્ય છે.

# અષ્ટ મંગલિક તે શું?

## તેમાં આદ્ય કોણ? અને તેની મહત્તા શી?

(૪)

સામાન્ય રીતે અષ્ટમંગલ નામથી જૈન પ્રજાનો મોટો ભાગ તો પરિચિત છે. પરંતુ અષ્ટ મંગલમાંના પ્રત્યેક મંગલને જાણવા માટે ઘણો ઓછો વર્ગ તૈયાર થયેલો હોય છે.

ખરી વાત એ છે કે આ જાણવામાં આવતા અષ્ટમંગલો જગતની સામાન્ય સ્થિતિની અપેક્ષાએ સ્વયં આકારથી મંગલ તરીકે ગણાયેલા છે.

હજારો વર્ષ પહેલાંના શિલાલેખોમાં પણ લેખની આદિમાં જે સ્વસ્તિક દેખવામાં આવે છે, તે પણ એ જ વસ્તુ પુરવાર કરે છે કે સ્વસ્તિકનું આલેખન આકાર તરીકે હંમેશા મંગલ તરીકે ગણવામાં આવ્યું છે.

વર્તમાનકાળમાં જો કે અમુક પ્રજાએ સ્વસ્તિકને પોતાનું રાષ્ટ્ર ચિહ્ન બનાવેલું છે, પરંતુ આર્ય સંસ્કૃતિને ધારણ કરનારાઓ એ સ્વસ્તિકનો ઉપયોગ રાષ્ટ્રચિહ્ન તરીકે નહિ, પરંતુ સ્વયં માંગલિક છે એમ ગણીને કરતા હતા.

આ કારણથી હજારો વર્ષના શિલાલેખોમાં જે જે શિલાલેખો ધાર્મિક વિષયના હોય છે, તેમાં જ મુખ્યતાએ સ્વસ્તિકનું ચિન્હ હોય છે, પરંતુ દુનિયાદારી સંબંધી જે જે શિલાલેખો છે અગર રાજા-મહારાજાઓ શ્રેષ્ઠ–શાહુકારની કીર્તિને માટે કરવામાં આવેલા શિલા-લેખોને વિષે સ્વસ્તિકને સ્થાન મળેલું નથી.

એટલે સ્પષ્ટપણે સમજી શકાય છે કે સ્વસ્તિક એ કોઈપણ દેશ, રાજ્ય કે પ્રજાનું ચિન્હ નથી, પરંતુ તેના સ્વાભાવિક માંગલિકપણાને લીધે ધર્મસ્થાનમાં અને ધર્મકાર્યમાં કોતરવામાં કે આલેખવામાં આવેલો છે.

જો કે આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ અષ્ટ મંગલના નામો ગણાવતાં દર્પણને પ્રથમ અષ્ટ મંગલમાં પ્રથમ ગણાવે છે. પરંતુ મૂલસૂત્રોમાં ઘણે સ્થાને અષ્ટ મંગલને ગણાવતાં પ્રથમ સ્વસ્તિક નામના અષ્ટમંગલને ગણાવતાં પ્રથમ સ્વસ્તિક નામના અષ્ટમંગલને સ્થાન આપવામાં આવ્યું છે.

આ અષ્ટમંગલનું આકાર માત્રથી એટલું બધું ઉત્તમપણું જગતમાં વ્યાપક હતું કે જેને લીધે રાજા-મહારાજાઓ જ્યારે જ્યારે ભગવાન્ જિનેશ્વર મહારાજા વિગેરેને વંદન કરવા જતા હતા- ત્યારે ત્યારે તે અષ્ટમંગલના જુદા જુદા આલેખોને ધારણ કરનારાં પાટિયાં અગર તેવી રીતે કોતરીને બનાવેલા લેખોને લઈને અનેક પુરુષો ચાલતા હતા.

વૈમાનિક દેવતાઓમાં ઉત્પન્ન થયેલો સૂર્યાભદેવ કે જેની પૂજાની ભલામણ સૂત્રોમાં સ્થાન સ્થાન ઉપર પૂજાના વિષયમાં કરાય છે; તે સૂર્યાભદેવતાએ પણ પોતાના વિમાનમાં રહેલા સિદ્ધાયતનની અંદર રહેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્તિની પૂજા કરતાં અષ્ટમંગલનું આલેખન કર્યું છે.

તિર્ચ્છાલોકની અંદર પણ વિજયદેવતાએ કરેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં પણ અષ્ટમંગલનું આલેખન કરેલું, એમ શ્રી જીવાભિગમ સૂત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે.

આ બધી હકીકત ઉપરથી આ વાત સ્પષ્ટ થશે કે જગતના સ્વભાવને લીધે સ્વસ્તિક આદિનું આલેખન મંગળરૂપ ગણવામાં આવ્યું છે.

આ કારણથી આચાર્ય મહારાજ શ્રી જિનભદ્ર ગણિક્ષમાશ્રમણજી શ્રી વિશેષાવશ્યક ભાષ્યની અંદર સ્થાપના મંગલ તરીકે સ્વસ્તિક આદિ અષ્ટમંગલિકની સ્થાપનાને જણાવે છે.

એટલે હજારો વર્ષોથી અષ્ટમંગલની સ્થાપના મંગલરૂપ ગણાયેલી છે, એ માનવામાં કોઈપણ જાતની શંકાને સ્થાન નથી.

આ સ્થાને એક વાત જરૂર વિચારવા જેવી છે કે આ અષ્ટમંગલનો આકાર માત્ર પૂજાના સાધનરૂપ છે અને તેથી સ્થાને સ્થાને તેનું આલેખન કરવાનું જણાવવામાં આવેલ છે, પરંતુ મંગલની અધિકતા ગણીને તેની ઉપર પુષ્પો વિખેરવામાં આવે તો તેટલા માત્રથી તે અષ્ટમંગલનું સાધનપણું મટી સાધ્યપણું શું થઈ જતું નથી ? અષ્ટમંગલના આલેખનમાં ચોખા અને તાંદુ (?) વિગેરે સાધનોનો ઉપયોગ કરવાનું ઉપર જણાવવામાં આવ્યું છે. તેથી અષ્ટમંગલને અભિષેકાદિના વિષયમાં ન લઈ શકાય તે સ્વાભાવિક છે, પરંતુ તે ચોખા આદિના અષ્ટમંગલના ઉપર ફૂલો વિખેરી તે રૂપ પૂજા કરવામાં આવે તેમાં કંઈ આશ્ચર્ય નથી !

### અષ્ટમંગલિકનો ક્રમ

જે અષ્ટમંગલનું આલેખન ઉપર જણાવવામાં આવ્યું છે. તે અષ્ટમંગલનો ક્રમ શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ આ પ્રમાણે જણાવે છે, **૧ દર્પણ, ૨ ભદ્રાસન, ૩ વર્ધમાન, ૪ શ્રીવત્સ, ૫ મત્સ્યયુગ, ૬ પૂર્ણકલશ, ૭ સ્વસ્તિક, ૮ નંદાવર્ત,**

ઉપર પ્રમાણે જણાવેલા આઠ મંગલમાં દર્પણને પદાર્થ તરીકે મંગલ ગણવામાં આવ્યું નથી પરંતુ દર્પણના આકારને અષ્ટમંગલના પદાર્થ તરીકે ગણવામાં આવ્યો છે. અને આ દર્પણના આકારની પેઠે બીજા આગળ કહેવામાં આવશે તેવા મત્સ્યયુગલ આદિ મંગલો પણ પદાર્થ તરીકે મંગલરૂપ નથી, પરંતુ તેના આકારો જ મંગલરૂપ છે.

સામાન્ય સમજણને ધરાવનારો મનુષ્ય પણ સમજી શકે છે કે ડાબા કે જમણા અંગૂઠે રહેલા જવના આકારો જ મનુષ્યોની ભાગ્યવત્તાને સૂચવનાર છે. પરંતુ અંગૂઠે ચોડી દીધેલા જવો ભાગ્યવત્તાને સૂચવનાર નથી. એટલે જેમ સામુદ્રિકની અપેક્ષાએ અંગૂઠામાં રહેલા જવના આકારો મંગલ તરીકે ગણાય છે. વળી મત્સ્યનું ચિન્હ ભાગ્યશાળીઓના હાથ ઉપર હોય છે તેવું સામુદ્રિક શાસ્ત્રમાં નિશ્ચિત

છતાં હાથમાં માછલાં રાખવાથી તે ઉત્તમતા આવી જતી નથી, એ સ્પષ્ટ છે.

એટલે સામુદ્રક શાસ્ત્રની અપેક્ષાએ જેમ જવ અને મત્સ્યની પદાર્થ દ્વારા ઉત્તમતા નથી, પરંતુ આકાર દ્વારા જ ઉત્તમતા છે; તેવી રીતે અત્રે પૂજન આદિ અધિકારમાં પણ દર્પણાદિકની સ્વયં ઉત્તમતા નથી, પરંતુ આકાર દ્વારા ઉત્તમતા છે. અને તેથી સૂત્રકારોએ અષ્ટમંગલનું આલેખન જ પૂજાવિધિમાં જણાવ્યું છે અને **શ્રી દેવેન્દ્રસૂરિજીએ** પણ અષ્ટમંગલનું આલેખન જ જણાવેલું છે.

ધ્યાન રાખવું કે સૂત્રકાર મહારાજ કે **શ્રીદેવેન્દ્રસૂરિજીએ** અષ્ટમંગલને ધરાવવાનું કે ચઢાવવાનું જણાવેલું નથી.

આ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે અષ્ટમંગલનું આલેખન જ માત્ર મંગલરૂપ છે અને એ અષ્ટમંગલમાંના કોઈપણ દર્પણ કે મત્સ્ય યુગલ જેવા મૂલ પદાર્થની સાથે કોઈપણ જાતનો મંગળપણાનો સંબંધ નથી.

અહીં વાચકે એક ખાસ વાત ધ્યાનમાં રાખવાની કે આઠ દિવસનો અષ્ટાહ્નિકા મહોત્સવ હોય છે. અને આઠ દિવસની અઠ્ઠાઈ હોય છે, છતાં તે દરેક દિવસને અઠ્ઠાઈ મહોત્સવ તરીકે અને અઠ્ઠાઈ તરીકે ઓળખવામાં આવે છે.

એવી રીતે આ સ્વસ્તિકાદિક કે દર્પણાદિક તરીકે આલેખના આઠે આકારને અષ્ટમંગલ તરીકે ગણવામાં આવે છે, છતાં તેના એકેક આકારને પણ અષ્ટમંગલ તરીકે ગણવામાં આવે છે, તેથી જ સૂત્રોમાં અને ગ્રંથોમાં અષ્ટમંગલના ચલાવવામાં તથા આલેખવામાં **अट्ठट्ठमंगलगा** એમ કહી **अष्टाष्टमंगलानि** એમ જણાવવામાં આવે છે.

એટલે તે આઠે સમુદાયોમાં જેમ અષ્ટમંગલ સંજ્ઞા છે, તેવી જ તેના સ્વસ્તિકાદિ એકેકમાં પણ અષ્ટમંગલ તરીકેની સંજ્ઞા સમજવાની છે, અથવા તો અષ્ટ અષ્ટમંગલ આલેખવાનું પણ હોય તો નવાઈ જેવું નથી.

કેટલાકનું કહેવું એમ પણ થાય છે કે નથી તો એક મંગલની અષ્ટ સંજ્ઞા, નથી તો આઠ વખત અષ્ટમંગલ આલેખવાનું, કિન્તુ

દરેક મંગલની જ અષ્ટાષ્ટ સંજ્ઞા છે. સુજ્ઞ મનુષ્ય તે જે મંગલોની આકૃતિ દેખશે અને તે આકૃતિ યથાસ્થિત ચિત્રામણમાં કેટલાક ગ્રંથોમાં દેખાડેલી આકૃતિ પ્રમાણેનું ચિત્ર હશે તો દરેકમાં આઠ-આઠ ખુણા અગર આઠ આઠ એક જાતના ગોળ વિગેરે આકારો જોઈ શકશે અને તેથી એકેકની પણ અષ્ટાષ્ટ સંજ્ઞા હોય તો નવાઈ જેવું નથી.

## સમ્યક્ત્વી કોણ ?

'મોક્ષ પણ જોઈએ' એ ઇચ્છા પ્રથમ ગુણ સ્થાનકે અને મોક્ષ જ જોઈએ' એ ઈચ્છા ચોથે ગુણ સ્થાનકે. ચોથે ઇચ્છા ખરી પણ ઈચ્છા માત્રથી કામ ન થાય; સિદ્ધિ ન સાંપડે. પહેલે ગુણ સ્થાનકેથી કે ચોથે ગુણ સ્થાનકેથી અનાદિ કાળથી આજ પર્યન્ત મોક્ષે ગયેલ નથી, કોઈ મોક્ષે જતો નથી કે કોઈ મોક્ષે જશે નહિ. સાધન, ઉદ્યમ હોય પણ ઇચ્છા સાથે મળે તો જ એ ઇચ્છા ફળે. ઈચ્છા તીવ્ર છતાં સાધન-સામગ્રી ન મળે તે ઈચ્છા, ઇચ્છા જ રહે, કામ ન થાય, સાધન-સામગ્રી સંપૂર્ણ સાંપડી જાય તો ઈચ્છા વિના પણ કાર્ય સિદ્ધ થઈ જાય, થાય.

દરેકને-જીવ માત્રને મનુષ્ય, તિર્યંચ કે દેવ-સર્વને સુખી થવાની ઇચ્છા હોય તેમાં ના નહિ, કિન્તુ ઈચ્છા માત્રથી સુખ સાંપડી જાય નહિ. સુખી થવાનાં સાધનો જોઈએ. સાધનો મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પૂ. આગમો૦ શ્રી પ્રશમરતિ વ્યાખ્યાન
વ્યાખ્યાન ૩ પૃ. ૧૮

# સકળ જીવ હિતકારી આગમોની મહત્તા

(૫)

अंधयारे महाघोरे, दीवो ताणं सरीरिणं।
एवमण्णाणतामिस्से, भीसणम्मि जिणागमो ॥

ભાવાર્થ—અત્યંત ગાઢ અંધકારમાં જેમ દીવો પ્રાણીઓનો રક્ષક છે, તેમ અજ્ઞાનના ગાઢ અંધકારમાં જિનાગમો અત્યંત ઉપયોગી છે.

સકલ જૈન જનતાને આ વાત તો ધ્યાનમાં જ છે કે જૈન-શાસનનું મુખ્ય ધ્યેય મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજું કાંઈ નથી.

જો કે અન્યમતવાળાઓ પણ જેનાથી ઉન્નતિ અને મોક્ષની સિદ્ધિ થાય તેને ધર્મ કહે છે, અને જૈનશાસ્ત્રકારો પણ તેજ પ્રમાણે મોક્ષ અને સ્વર્ગની સિદ્ધિને કરનાર એટલે સ્વર્ગ અને અપવર્ગને દેનાર ધર્મ છે, એમ કહી ધર્મના સ્વર્ગ અને મોક્ષ બંને ફળો જણાવે છે, છતાં જૈનશાસ્ત્રકારે સ્વર્ગને ઉદ્દેશ તરીકે નહિં જણાવતાં ખેતીમાં પરાળ થાય તેની માફક માત્ર આનુષંગિક જણાવેલ છે, એટલુંજ નહિ પરંતુ જિનેશ્વર મહારાજના કોઇપણ શાસ્ત્રમાં દેવપણું, ઈંદ્રપણું, ચક્રીપણું કે રાજાપણા વિગેરે માટે ધર્મક્રિયા કરવાનું જણાવાયું નથી,

જો કે શુદ્ધધર્મના આચરણથી દેવપણું વિગેરે થાય છે, અને શાસ્ત્રકારો પણ તપ–સંયમથી દેવતાપણું, સમ્યક્ત્વથી વૈમાનિકપણું એક દિવસના ચારિત્રથી પણ વૈમાનિકપણું, ઉપશમશ્રેણિમાં કાલ કરવાથી લવસત્તમ દેવપણું વિગેરે જણાવી ધર્મનું ફળ સ્વર્ગ છે એમ જણાવે છે,

તેમ શ્રી જિનેશ્વર મહારાજની પૂજા, સામાયિક, પૌષધ અને શ્રાવકપણાથી પણ દેવપણું થવાનું જણાવે છે, પરંતુ તે બધા

ફળોને તેઓ પરાળની માફક આનુષંગિક ફળ તરીકે જણાવે છે, એટલું જ નહિ, પરંતુ એ સ્વર્ગાદિપ્રાપ્તિરૂપ અભ્યુદયરૂપ આનુષંગિક ફળને જેઓ મુખ્ય ફળ તરીકે ગણે તેને સમ્યકત્વ થયેલું નથી એમ ચોક્કસપણે ગણે છે, અને તેવા જીવોને મિથ્યાત્વીની દશામાં ગણે છે,

આ કારણથી શાસ્ત્રકારો પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવા જેવી એક ન્હાની ક્રિયામાં પણ સર્વ પાપના નાશદ્વારા મોક્ષરૂપી ફલ જણાવે છે.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જે કાળમાં મોક્ષની પ્રાપ્તિ થવાની યોગ્યતા હોય તે જ વખતે જૈનધર્મને માનનારાઓએ મોક્ષનો ઉદ્દેશ રાખવો એમ નથી, પરંતુ પાંચમા આરા જેવા મોક્ષ પ્રાપ્તિ ન થઈ શકે તેવા પણ વખતમાં ધર્મની ક્રિયા મોક્ષના ઉદ્દેશથીજ કરવાની છે, અને તેથી શાસ્ત્રકારો મોક્ષબુદ્ધિથી થતી ધર્મની આરાધના માટે આઠ ભવોનું નિરંતરપણું માને છે. એ અપેક્ષાએ વર્તમાન પાંચમા આરામાં પણ દરેક ભવ્ય આત્માએ સર્વ કર્મના ક્ષયરૂપી મોક્ષનો ઉદ્દેશ રાખીને દેશવિરતિ કે સર્વ-વિરતિધર્મમાં પ્રવર્તવાનું હોય છે.

તે ધર્મ અન્યમતની અપેક્ષાએ ભલે એકલા તત્ત્વજ્ઞાન સ્વરૂપ કે ક્રિયાસ્વરૂપ ભલે હોય, પરંતુ જૈનધર્મની અપેક્ષાએ એકલી ક્રિયામાં પૂર્ણ ધર્મ નથી. તેમજ એકલા જ્ઞાનમાં પણ ધર્મ નથી, કિન્તુ જૈન ધર્મની અપેક્ષાએ તો જગતમાં જેમ રથમાં બે ચક્ર જોઈએ. અને તે બંને સરખાજ હોવાં જોઈએ. તેવીજ રીતે જ્ઞાન અને ક્રિયા બંને હોવા સાથે બંનેની સરખાવટ હોવી જોઈએ.

આ કારણથી શ્રી જૈનશાસનમાં દ્વાદશાંગીની ઉત્પત્તિની સાથે જ સંયમધર્મરૂપી ક્રિયાની પ્રવૃત્તિ માનવામાં આવી છે અને પાંચમા આરાના છેડે સંયમધર્મની સ્થિતિ માનતાં છેલ્લાં દુઃપસહસૂરિને શ્રી દશવૈકાલિક વગેરે આગમના જાણકાર માન્યા છે અને તેથીજ તેમને સંયમધર્મવાળા પણ માન્યા છે.

એટલે સંયમધર્મના વ્યુચ્છેદની સાથેજ શ્રુતધર્મનો વિચ્છેદ માનવામાં આવ્યો અને શ્રુતધર્મ વ્યુચ્છેદની સાથે જ સંયમધર્મનો વ્યુચ્છેદ માનવામાં આવ્યો, એટલે શ્રુતધર્મ અને સંયમધર્મની પ્રવૃત્તિ જેમ સાથે થાય તેમ નિવૃત્તિ પણ સાથેજ થાય. માટે સંયમધર્મનો કે જૈનધર્મનો જેને જેને લાભ લેવો હોય તેને શ્રુતધર્મની પ્રવૃત્તિમાં પ્રથમ નંબર રાખવો જોઈએ.

આ વાત જેઓના ધ્યાનમાં હોય તેઓ ભગવાન જિનેશ્વર મહારાજે અર્થ થકી પ્રવર્તાવેલા અને ભગવાન ગણધર મહારાજે સૂત્રથકી ગુંથેલા આગમને જૈનધર્મના આધાર તરીકે માનવામાં કદી પણ કચાશ રાખશે નહિં.

આ વસ્તુ જ્યારે વિચારવામાં આવશે ત્યારે **મહારાજા કુમારપાળે, મંત્રી વસ્તુપાલ-તેજપાલે** અને **સંગ્રામસોની** વિગેરે ભાવિક શ્રાવકોએ શાસ્ત્રોદ્ધારને માટે અનર્ગલ દ્રવ્ય કેમ ખરચ્યું ? તે સમજી શકાશે. અને તે સમજવામાં આવશે.

આ ઉપરથી કોઈપણ શ્રદ્ધાળુ મનુષ્ય શ્રુતધર્મ એટલે આગમની અવિચ્છિન્નતા માટે કટિબદ્ધ થયા સિવાય રહેશે નહિ.

ધ્યાન રાખવું કે ખુદ ગણધર મહારાજના સંયમ અંગીકારની વખતે જ ઇંદ્ર અને દેવતાઓ જો સુગંધિ ચૂર્ણ અને પુષ્પની વૃષ્ટિ ગણધર મહારાજના મસ્તકે દ્વાદશાંગીરૂપી આગમની અનુજ્ઞા-વખતે કરે છે અને શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને લખી છે.

આ વાતને ધ્યાનમાં લેનાર સુજ્ઞ મનુષ્ય આગમ ઉપર જરૂર અવિચલ પ્રીતિ ધારણ કરી તેની સુરક્ષાને માટે તન, મન અને ધનથી કટિબદ્ધ થશે.

"નિશ્રાવર્ત્તીપણું અને વિધિપૂર્વકની ક્રિયા ધર્મરથના બે ચક્રો છે."

## આવશ્યકના કર્ત્તા કોણ?
## ગણધર ભગવાન્ કે સ્થવિર મહારાજ?

(૬)

**આવશ્યક સૂત્રનો પલટો થયો છે કે મૂળરૂપ જ છે?**

૧. **શ્રી આવશ્યકનિર્યુક્તિને** ઘણી જગો પર અંગબાહ્યાદિના વિચારમાં આવશ્યક તરીકે ગણવામાં આવે તો તે વ્યાખ્યેય અને વ્યાખ્યાનનો અભેદ માનીને સમજવું અને તે નિર્યુક્તિની અપેક્ષાએ આવશ્યક એટલે આવશ્યકનિર્યુક્તિનું સ્થવિરકૃતપણું જણાવ્યું છે.

બાકી **શ્રી આવશ્યકસૂત્ર તો ભગવાન્ મહાવીર મહારાજેજ અર્થથી જણાવ્યું અને ભગવાન્ ગૌતમસ્વામીજીએ ગુંથેલું છે.** એ હકીકત ઉદ્દેશાદિદ્વારોને જણાવનાર ગાથાના કારણ અને પ્રત્યયદ્વારને સમજનાર સ્પષ્ટ સમજી શકે તેમ છે.

૨. **શ્રી અનુયોગદ્વારસૂત્રમાં** ઉદ્દેશ–સમુદ્દેશાદિ વિધિને અંગે થએલા પ્રશ્નોત્તરમાં સામાન્ય શ્રુતના ઉદ્દેશાદિનો પ્રશ્ન કર્યા પછી આદિમાં શ્રી આવશ્યકના ઉદ્દેશાદિને પ્રથમ જણાવ્યા છે, અને પછી આવશ્યકવ્યતિરિક્ત તરીકે સર્વ સૂત્રોને જણાવ્યાં છે તે ઉપરથી સર્વ સૂત્રોની આદિમાં **શ્રી આવશ્યકની** સ્થિતિ જણાય છે.

૩. **શ્રીભગવતીજી** વગેરેમાં જે જે સાધુ અને સાધ્વીને અંગે અગિયાર અંગના અધ્યયનનો અધિકાર આવે છે. ત્યાં સામાયિકઆદિ ૧૧ અંગોનું અધ્યયન જણાવાય છે, તેથી **શ્રી આવશ્યકનું** અધ્યયન અંગપ્રવિષ્ટના અધ્યયન વખતે પણ પ્રાચીનકાળથી જ પહેલું થતું હતું, એમ માનવું પડે.

૪. ભગવાન્ **ભદ્રબાહુસ્વામીજીએ કરેલી** આવશ્યકનિર્યુક્તિમાં શ્રુતજ્ઞાનની આદિ કઈ? અને અંત કયો? એવો પ્રશ્ન થયો છે, તેના ઉત્તરમાં જણાવ્યું છે કે શ્રુતજ્ઞાનની આદિમાં સામાયિકઅધ્યયન છે

અને અંતમાં બિંદુસાર કે જે ચૌદમુ પૂર્વ છે. તે છે, આવા ઉત્તરને અનુસારે સામાયિક આવશ્યકનું સ્થાન અંગપ્રવિષ્ટ જે આચારાંગાદિક કે શેષ કાલિક-ઉત્કાલિક કરતાં પહેલું છે એમ સ્પષ્ટ થાય છે.

આવશ્યકનિર્યુક્તિજ સ્થવિરકૃત હોવાથી સર્વ શ્રુતોમાં, આવશ્યકના ઉદ્દેશાદિ પહેલા હોવાથી, ૧૧ અંગના અધ્યયનમાં સામાયિકનું અધ્યયન પહેલું હોવાથી, તેમજ સર્વ શ્રુતજ્ઞાનની આદિમાં સામાયિક ગણેલું હોવાથી સામાયિકઆદિ અધ્યયનરૂપ આવશ્યક ગણધર મહારાજથી ચાલેલું છે, એમ મનાય.

૫. ભગવાન્ મહાવીર મહારાજે સામાયિક અધ્યયન અર્થથકી કહ્યું અને ગણધર મહારાજે તે સામાયિકની સૂત્ર તરીકે રચના કરી એમ શ્રી આવશ્યકનિર્યુક્તિમાં अत्थं भासइ अरहा વિગેરે વાક્યોથી જણાવ્યું છે.

શ્રી અનુયોગદ્વારસૂત્રમાં શ્રી આવશ્યકસૂત્રના અર્થનો આત્માગમજ તીર્થંકરોને હોય અને ગણધર મહારાજાઓને આવશ્યકના અર્થનો અનંતરાગમ હોય અને આવશ્યકસૂત્રનો આત્માગમ હોય એમ સ્પષ્ટપણે જણાવેલું હોવાથી તે તે આવશ્યકસૂત્ર ગણધર મહારાજે કરેલું છે એમ નિશ્ચિત થાય છે.

અહીં એક પ્રશ્ન થાય કે આવશ્યકસૂત્રને અંગપ્રવિષ્ટ સૂત્રો તરીકે ગણાવ્યું નહિ અને અંગબાહ્ય તરીકે કેમ ગણાવ્યું? આવી શંકાના સમાધાનમાં સમજવાનું કે પાક્ષિકસૂત્રમાં જ્યાં મૂળ આવશ્યકસૂત્રનો (નહિ કે આવશ્યકનિર્યુક્તિનો) નિર્દેશ કરાય છે ત્યાં अंगबाहिरिअं આપવામાં આવતું નથી, પણ દશવૈકાલિક વિગેરે ઉત્કાલિક અને દશાશ્રુતસ્કંધ વિગેરે કાલિકનો નિર્દેશ કરાય છે ત્યાંજ अंगबाहिरिअं એવું વિશેષણ આપે છે, અને અનુયોગદ્વારમાં શ્રી આવશ્યકને મૂળરૂપ રાખી, તેનાથી વ્યતિરિક્ત તરીકે કાલિક, ઉત્કાલિક વિગેરે ભેદો જણાવાય છે તેમજ સૂત્રોમાં સામાયિક વિગેરે ૧૧ અંગના અધ્યયનનો

ઉલ્લેખ આવે છે, તેથી આવશ્યકસૂત્રને અંગપ્રવિષ્ટથી દૂર લઈ જઈ શકાય તેમ નથી.

૬. ગણધર મહારાજે કરેલું હોય તે અંગપ્રવિષ્ટ સૂત્ર કહેવાય, એવા **गणहरथेरकयं** વાના પાઠને અનુસરીને જે અધિકાર લેવાય છે, તેમાં અંગપ્રવિષ્ટસૂત્રો ગણધર મહારાજના જ કરેલાં હોય, અર્થાત્ અંગ-પ્રવિષ્ટ એવા અંગોની રચના ગણધર મહારાજ સિવાય અન્યની ન હોય એવી રીતે અન્યયોગવ્યવચ્છેદ કરી અર્થ કરવો વ્યાજબી છે, તેવી જ રીતે સ્થવિરોએ કરેલાં જે જે સૂત્રો હોય તે અનંગપ્રવિષ્ટ એટલે અંગ-બાહ્ય જ હોય એમ નિશ્ચય કરવો, અને તેવો નિશ્ચય કરવાથી આવશ્યક સૂત્ર ભગવાન્ ગણધરોનું કરેલું છતાં અનંગપ્રવિષ્ટ હોય એમ માનવામાં કંઈપણ અડચણ આવે નહિ.

ગણધર મહારાજાઓએ જે કરેલું હોય તે બધું અંગપ્રવિષ્ટ હોય એ માન્યતા ભૂલભરેલી છે, પણ અંગપ્રવિષ્ટશાસ્ત્ર ગણધરના જ કરેલાં હોય એ માન્યતા વ્યાજબી છે, અર્થાત્ અંગબાહ્ય શ્રુત ગણધર કે અન્ય સ્થવિરકૃત હોય તેમાં અડચણ નથી.

૭. **आएसा मुक्कवागरणओ वावि** એવું જે વિશેષ આવશ્યક-ભાષ્યનું વાક્ય અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય સૂત્રોના લક્ષણને અંગે છે તેનો પણ **શ્રીમલયગિરિજી** મહારાજ એવો અર્થ જણાવે છે કે **उप्पण्णेइ वा** વિગેરે ત્રણ નિષદ્યાથી થએલ જે સૂત્રો તે અંગપ્રવિષ્ટ કહેવાય, બાકી તે ત્રણ નિષદ્યા સિવાય ભગવાન્ ગણધર મહારાજના પ્રશ્નપૂર્વક કે પ્રશ્ન સિવાય પોતે ભગવાને સ્વતઃ કહેલું કે અન્ય સ્થવિરોના પ્રશ્નોપૂર્વક કહેલું તે બધું મુત્કલકથન કહેવાય અને તેની જે રચના થાય, તે બધું અનંગપ્રવિષ્ટ સૂત્ર કહેવાય.

આ. **શ્રી મલયગિરિજીનું** વચન વિચારતાં આવશ્યકસૂત્ર અનંગપ્રવિષ્ટ પણ હોય, અને ગણધર મહારાજનું પણ કરેલું હોય, એમ માનવામાં કોઈ જાતની હરકત નથી.

૮. દિવસની શરૂઆત સૂર્યોદયથી થાય છે અને તેથી રાત્રિના અંતે થનાર રાત્રિક પ્રતિક્રમણ જ પાંચે પ્રતિક્રમણોમાં પહેલું હોવું જોઈએ, એવી શંકાના સમાધાનને અંગે આવશ્યકમાં જણાવવામાં આવ્યું છે કે તીર્થની સ્થાપના દિવસે જ થાય છે, અને દિવસે તીર્થની સ્થાપના થયા પછી પહેલામાં પહેલું સાંજે દૈવસિક પ્રતિક્રમણ જ કરવાનું હોય છે, તેથી પાંચે પ્રતિક્રમણોમાં પહેલું દૈવસિક પ્રતિક્રમણ રાખ્યું છે.

આવી રીતે આપેલા સમાધાનથી સ્પષ્ટ થાય છે કે તીર્થસ્થાપનાને દિવસે જ સાંજ થવા પહેલાં ગણધરોએ શ્રી આવશ્યકની રચના ભગવાન્ તીર્થંકરોના વચનોને અનુસરીને કરી અને તે આવશ્યક-સૂત્રથી સાંજે પ્રતિક્રમણ કર્યું. અર્થાત્ ગણધર મહારાજાઓએ ૧૧ અંગની રચનાને દિવસે જ આવશ્યકસૂત્રની રચના કરી.

૯ ભગવાન્ પાર્શ્વનાથજીના તીર્થ કરતાં જુદાપણે ભગવાન્ મહાવીર મહારાજના તીર્થમાં સાધુપણું લેતી વખતે જ સામાન્ય રીતે करेमि भन्ते સૂત્રથી સામાયિકચારિત્રનો ઉચ્ચાર થતો, પણ પ્રાણાતિપાત આદિના વિરમણરૂપ વ્રતોના વિભાગથી ઉચ્ચાર થતો ન હતો, પણ વડી દીક્ષા થાય ત્યારે જ વિભાગથી મહાવ્રતોનો ઉચ્ચાર થતો હતો, અર્થાત્ મહાવીર મહારાજાના શાસનની શરૂઆતમાંજ સામાયિક આવશ્યકને સ્થાન હતું. (તત્ત્વથી ૧૧ અંગની રચના કરતાં પહેલાં પણ એટલે ગણધરોની દીક્ષા થતી વખતે જ સામાયિકના અર્થ અને સૂત્રનો ઉચ્ચાર ખુદ તીર્થંકર ભગવાનના મુખે જ થતો હતો.)

૧૦ ભગવાન્ પાર્શ્વનાથજીના તીર્થમાં પ્રતિક્રમણ કરતા ન હતા એમ ન હતું, પરંતુ અજિતનાથજી વિગેરે બાવીસ તીર્થંકરોના સાધુઓ લાગેલા દોષોનું પ્રતિક્રમણ તો કરતા જ હતા, પણ તે પ્રતિક્રમણ તેઓ દોષ લાગે તે જ વખતે કરતા હતા. જો દોષ દિવસે લાગ્યો તો દિવસે, રાત્રિએ લાગ્યો તો રાત્રિએ, અને તેમાં પણ પહેલે પહોરે લાગ્યો તો પહેલે પહોરે અને છેલ્લે પહોરે લાગ્યો તો છેલ્લે પહોરે લાગેલા દોષનું પ્રતિક્રમણ તુર્ત કરી લેતા હતા, છતાં ભગવાન્

પાર્શ્વનાથજી કે અજિતનાથજી આદિ બાવીસ તીર્થંકરોનું શાસન સપ્રતિક્રમણ તરીકે ગણાયું નથી, પણ ભગવાન્ મહાવીર મહારાજનું શાસન સપ્રતિક્રમણ તરીકે ગણાયું છે, તેનું એ જ કારણ છે કે ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં અને પ્રતિદિન પાક્ષિક આદિ દરેક પર્વે પ્રતિક્રમણ કરવાનું નિયમિત જ છે, તો પછી ભગવાન્ મહાવીર મહારાજના શાસનની સ્થાપનાને દિવસે જ ભગવાન્ ગણધર મહારાજાદિ સર્વ સાધુઓને પ્રતિક્રમણ કરવું જ પડે અને તેથી તે પ્રતિક્રમણ સૂત્ર ગણધર મહારાજને તે તીર્થસ્થાપનાના દિવસની સાંજ પહેલાંજ બનાવવું પડે.

૧૧ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે જ દીક્ષા લેતી વખતે સર્વ પાપોને નહિ કરવાની પ્રતિજ્ઞા કરતાં સામાયિક ઉચ્ચરેલું છે, એ વાત આવશ્યકનિર્યુક્તિ અનેતત્ત્વાર્થભાષ્ય વિગેરે શાસ્ત્રોના જાણકારોથી અજાણી નથી, તેમજ કેવળ ઉત્પન્ન થયા પછી ગણધરાદિને દીક્ષા આપી, ત્યારે પણ સર્વ સાવદ્યના ત્યાગરૂપ સામાયિક આવશ્યકની તો જરૂર પડી જ છે, છતાં અહીં એકલા સામાયકરૂપ આવશ્યકનો વિચાર નથી લેવાનો, પણ છએ આવશ્યકનો વિચાર લેવાનો હોવાથી સપ્રતિક્રમણ ધર્મનું વિવેચન કરવાની જરૂર પડી છે.

૧૨ ભગવાન્ મહાવીર મહારાજે સુરભિપુર આગળ ગંગા નદી ઉતરીને ઈર્યાવહિયા પડિક્કમી એવો આવશ્યકનો ચોખ્ખો લેખ હોવાથી પ્રતિક્રમણ આવશ્યકનો ઈર્યાવહિયા રૂપ વિભાગ કેવળજ્ઞાન કરતાં પ્રથમ પણ હતો એમ માનવું જોઈએ.

૧૩ આવશ્યકના જે સૂત્રો વર્તમાનમાં છે, તે જો અન્યના કરેલાં હોત કે પલટાવેલા હોત તો નિર્યુક્તિકાર ભગવાન્ આ વર્તમાન સૂત્રોની ઉત્પત્તિ શ્રી જિનેશ્વર ભગવાન્ અને ગણધર મહારાજથી જણાવત નહિ, તેમજ અનુયોગદ્વારમાં સામાયિક આદિ સૂત્રોને ગણધર મહારાજના આત્માગમ તરીકે જણાવત નહિ.

આ લેખનો સારાંશઃ—

૧. આવશ્યકસૂત્ર જે વર્તમાનમાં છે તે અસલથી છે.

૨. આ આવશ્યકસૂત્રનું કથન અર્થથકી ભગવાન્ મહાવીર મહારાજે કરેલું છે અને સૂત્રથકી તેની રચના ગણધર મહારાજે જ કરેલી છે.

૩. તીર્થસ્થાપનાને દિવસેજ આવશ્યકસૂત્રની રચના થએલી છે.

૪. અંગપ્રવિષ્ટ નહિ છતાં પણ આવશ્યકસૂત્રની રચના ગણધરોએ જ કરેલી છે.

## સાચા અધ્યાત્મીની સ્થિતિ કેવી હોય?

જે તાત્ત્વિકજ્ઞાન પામ્યો નથી અને વ્યાવહારિક ક્રિયાથી છટકી જાય તે બિચારા આધ્યાત્મિકમાં આવી જાય પણ તે બિચારા ક્રિયાએ કર્મ બોલી એને છોડે, પણ છોકરા કે સ્ત્રી આવે ત્યારે સામા જાય. સાચા અધ્યાત્મીની સ્થિતિ આવી હોય?

સિત્તેર વર્ષે છોકરો આવે તો તેને તુરત ખોળામાં બેસાડે. 'બ્રહ્મજ્ઞાન પાયા નહિ ઔર કર્મ કિયા છટકા ગયા' એટલે સાચી નિશ્ચયદશા આવ્યા પહેલાં વ્યવહાર-ક્રિયાને તજે તે તો બંને બાજુ રખડે છે. અરે, ધોતીયું પહેરવું તે પણ ક્રિયા છે છતાં નાગો કેમ ફરતો નથી! તો કહે છે કે-દુનિયા બોલે ત્યાં ઢોંગ છે.

જ્યાં ધર્મની, સામાયિક, પ્રતિક્રમણાદિની વાત થાય ત્યાં ક્રિયા કહી તરછોડે, તેનો વિચાર ન કરે કે આ તત્ત્વને લાવનારી છે કે નહિ?

વકીલનું માથું કોણ વધારે ખાય? સામો કાયદાનો ભણેલ વકીલ હોય તે, તેમ અહિં જૈનશાસનના ભણેલાઓનું માથું કોઇ ખાતા હોય તો જૈનશાસનના બે શબ્દો ભણેલા જ ખાય છે.

—નવપદ મહાત્મ્ય (૨૦૦૫) જ્ઞાનપદ વ્યાખ્યાન પૃ. ૬૯

## માર્ગાનુસારીના ૩૫ ગુણો
## અને
## ધર્મરત્નની યોગ્યતાના ૨૧ ગુણોનું
## અદ્‌ભુત રહસ્ય

(૭)

[પૂ. આગમપ્રજ્ઞ આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવશ્રીએ ટૂંકા પણ માર્મિક નિબંધમાં ખૂબ જ મહત્ત્વના વિચારો ભવ્યજીવોના હિતાર્થે રજૂ કર્યા છે. ખૂબ જ ગંભીરતાથી વિવેકીઓએ અવધારવા જેવા છે. —સં.

શાસ્ત્રકાર મહારાજા **શ્રીમાન શાંતિસૂરીશ્વરજી** મહારાજે ભવ્ય જીવોના ઉપકારને માટે 'ધર્મરત્ન પ્રકરણ'માં શ્રાવકને લાયક એકવીસ ગુણ તથા તેના દૃષ્ટાંતો કહી શ્રાવકનું કર્તવ્ય જણાવેલ છે.

આ સાંભળી કો'કને એમ થાય કે શ્રાવકના ગુણ એકવીસ ગણવા? માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ ગણવા? કે સમ્યક્ત્વને અણુવ્રત ગણવા? ગણવું શું? વાત ખરી?

જે વ્યવસ્થાપૂર્વક વસ્તુ સ્થાપી શકે તેને અડચણ આવતી નથી.

પાંત્રીસ માર્ગાનુસારીના ગુણો આખા કુટુંબને મારગને લાયક બનાવી દેવા માટે જરૂરી છે.

ખેડૂત ખેતર ખેડી તૈયાર કરે, વરસાદનો સંજોગ જે વખતે થાય તે વખતે ખેડની મહેનત સફળ થાય. તેમ દરેક શ્રાવકે પોતાના કુટુંબને પાંત્રીસ માર્ગાનુસારી ગુણોમાં તૈયાર કરવાનું છે. જે કુટુંબ તેવું તૈયાર થયું હોય તેને જે વખતે ગુરુઆદિની સામગ્રી મળે, ધર્મની સામગ્રી મળે, ધર્મનું બીજ ઉગી નીકળે!

જેમ ખેડાયલી જમીનમાં પાણી ઉપયોગી થતું જાય, વગર ખેડાયેલીમાં પાણી આવે પણ નીકળી જાય, ખેડાયેલીમાં પાણી પચે ને તે પાણી ઉપયોગી થાય છે, અંદર પચે છે ને ખેતીમાં ઉપયોગી થાય છે, તેમ આપણાં કુટુંબને તે વખતે ગુરુનું એક વચન પરિણમવાવાળું થાય.

વગર ખેડાયલા ખેતરમાં પાણી આવે, ઉપરની જમીન લીલી થઈ પાણી વહેવા લાગે છે પણ અંદર પરિણમતું નથી. તેમ ગુરુ મોક્ષ, ક્ષપકશ્રેણિ, દેશવિરતિ, સર્વવિરતિનો ઉપદેશ આપે, પણ માત્ર કાનને સારો લાગે, અંદર રમે નહિ.

ખેડયા વગરના ખેતરમાં પાણી પચતું નથી, અંદર કોરી જમીન રહે છે, તેમ આપણા કુટુંબને માર્ગાનુસારી ગુણથી સંસ્કારિત કર્યું ન હોય તો ગુરુ ઊંચો ઉપદેશ આપે, છતાં તે વખતે સાંભળી ખુશ થાય, પછી કાંઈ નહિ.

હજુ આત્મા ખેડાયો નથી, ખેડાયો હોય તો એકેએક વચન રમવાવાળું થાય. ખેડાયેલી જમીનમાં બબ્બે ઇંચ વરસાદ થાય તો પણ કચરો થતો નથી, કારણ કે પાણી ઝીલી શકે છે, ઉતર્યું જ જાય. જેટલું ઉતરે તેટલું ખેતીમાં ઉપયોગી થાય. તેમ જિનેશ્વરનાં વચનો, ગુરુનાં કથનો, ધર્મનાં આચરણો સાંભળે તે વખતે પરિણમે કચરો ન થાય.

આપણે બે વચન સાંભળીએ તો ડહાપણ ગણીએ, કે બે વચન બોલતાં આવડયાં તો બહાદુરમાં ગણાવા માગીએ. ખેડાયેલી જમીનમાં કચરો મુશ્કેલીથી થાય છે.

માટે પાંત્રીસ માર્ગાનુસારીના ગુણ કુટુંબને ખેડવા માટે છે.

આથી પાંત્રીસ ગુણ ન હોય તો ધર્મ પામે નહિ એમ કહેવું નહિ.

કેટલાકોને માર્ગાનુસારી ગુણો લાવવા નથી ને બીજા તે ગુણ વગર ધર્મ પામે તેને ખોટા ગણાવવા છે. અહીં સુદ્ધો ધર્મ પોતાને કરવો નથી ને બીજા કરે તે ધર્મને વગોવવો છે. જેમ સ્વાતિ નક્ષત્ર વખતે છીપોલી ખુલ્લી હોય, પાણીનો છાંટો પડયો

કે તેનું મોતી થાય છે, તેમ આવું સંસ્કારી કુટુંબ હોય તો એક ગુરુનું વચન, તીર્થંકરનું કથન, એક ધર્મનું આચરણ બધાને આચરવા–અનુમોદવાલાયક બની જાય.

આથી એ અર્થ ન લેવો કે માર્ગાનુસારીના ગુણ ન હોય તો ધર્મ કરે છે તે ખોટો છે. માર્ગાનુસારીના ગુણ ન હોય ને સમ્યક્ત્વ પામેલા હોય, મહાવ્રતો પામ્યા હોય એવાં સેંકડો દૃષ્ટાંતો જોઈએ છીએ. પ્રભવો ચોર, સ્થૂલભદ્ર, ઇલાચીકુમાર કયા માર્ગાનુસારી ગુણોથી તયાર હતા?

ચોરોને, લંપટીને, ઘાતકીને ધર્મ કઈ રીતિએ મળ્યો? આ ધારણા વાસ્તવિક નથી! પણ આપણા કુટુંબમાં ધર્મનાં બીજ અચલ ફળીભૂત કરવાં હોય, તો માર્ગાનુસારીના ગુણથી સંસ્કારિત કરવાની જરૂર છે.

ચક્રવર્તીના ચર્મરત્નમાં બળદ જોડવા પડતા નથી. હળથી ખેડવું પડતું નથી. સવારે વાવે ને સાંજે ઊગે. તે ઉપરથી એમ ન કહેવાય કે એ અનાજ નકામું છે. વગર ખેતી, વગર હળ કે બળદે સવારે વાવેલું સાંજે ઊગે તે ઊગેલું ખોટું નથી. આપણે ખેડૂત હોઇએ ને વાવીએ તે પણ ખોટું નથી.

તો તત્ત્વ એ છે કે ચર્મરત્નમાં વગર ખેતીએ, વગર બળદે કે હળે એક જ દિવસમાં ભલે ખેતી થઈ જતી હોય તે ખેતીને ખોટી કહેવા તૈયાર નથી. પણ અમારે અનાજ ઊગાડવું હોય તો અમારી ફરજ છે કે બળદ, હળ, લાવી ખેડવું.

**આથી વગર પાંત્રીસ ગુણે ધર્મ પ્રાપ્ત કર્યો હોય તેને ધર્મ નથી પામ્યા એમ કહી ના શકાય.**

માર્ગાનુસારીના ગુણ આખા કુટુંબને સંસ્કારિત કરવા માટે છે, ઘરમાં સાપ પેઠો કે ડર લાગે. તેમ પહેલેથી આવતો કુસંસ્કાર ન રોકયો તો ભાવિ વિચિત્ર થાય! માટે પાંત્રીસ ગુણથી કુટુંબ એવું ખેડી નાખો કે જેથી એક નાનું બચ્ચું એક ગુણ વગરનું ન હોય, તેવા વખતમાં ગુરુનું એક વચન અસર કરનારૂં થાય.

હાલમાં સાંભળી સાંભળી ખંખેરી નાંખવા જેવું થાય છે, તેનું એક કારણ છે કે માર્ગાનુસારીના ગુણના સંસ્કાર કુટુંબમાં પેઠા નથી.

ઘરમાંથી ચીજ જાય તો ઊંચા-નીચા થાઓ છો, ઘરમાંથી ગુણ ગય. તો કશું થતું નથી. પચાસ-સો રૂપિયાની ચીજ જાય તો આખા કુટુંબની જડતી લઈ નાખો છો. પણ આ પાંત્રીસ ગુણ ગયા તે ખટકે છે? ગુણની કિંમત ન હોવાથી આવતા અવગુણ તિરસ્કારપાત્ર નથી. તેથી આંખ મીંચી જોઈ રહેવાય છે. કેમકે હજી આખા કુટુંબને પાંત્રીસ માર્ગાનુસારી ગુણથી સંસ્કારિત કરવાનો પ્રયત્ન થતો નથી.

એકવીસ શ્રાવકના ગુણ પોતાના આત્માને તૈયાર કરવા માટે છે. જ્યાં સદ્ગુરુનાં વચનો, જિનેશ્વરના વચનો સાંભળવામાં આવે તરત કપડું ખટાઈએ તૈયાર હોય તે ઉપર રંગ પડે તો ચોળમજીઠ થાય. વસ્ત્ર ખટાઈવાળું કરાય છે તેમ પોતાના આત્માને એકવીસ ગુણથી એવો તૈયાર કરે કે જેથી ધર્મરંગ પાકો થાય. પણ ૨૧ ગુણોથી આત્માને તૈયાર ન રાખેલ હોય તો ગુણો તો છે એજ છે. જો કપડું ખટાઈવાળું ન કર્યું હોય તો રંગ એ જ છે, રંગમાં ફરક નથી, પણ બેમાં ફરક પડે છે.

**એકવીસ ગુણથી સંસ્કારવાળો થયો હોય તે ઉપર ધર્મનો રંગ એવો નિશ્ચળ થાય કે મરણ પર્યંત ખસે નહિ. ધર્મસંગે વચનની મહત્તા મજબૂત થઇ જાય!**

પ્રાચીન કાળમાં એક વચન જીંદગીના ભોગે કબૂલ થતા. એક વાત, જીંદગીનો ભોગ કબૂલ, પણ આ નહિ!

હંસ-કેશવે એક રાત્રિભોજનનો ત્યાગ ગુરુ મહારાજના અકસ્માત જોગે લીધો છે. એક રાત્રિભોજનનો ત્યાગ નભાવવા માટે કઇ દશા ભોગવવી પડી! એના નિયમભંગની ખાતર એના માબાપ દિવસે રાંધે નહિ ને દિવસે ખાય પણ નહિ. છોકરાને ભૂખ્યા મેલી માબાપને ખાવાનો વખત છે.

સંસ્કાર નહિ પામેલું કુટુંબ, તેની અંદર ઉપવાસ કેટલી ભારે ચીજ? તેવા વખતમાં સાત દિવસ સુધી ભૂખ્યા રહેવાનું થાય છે એક જ ગુરુનું વચન કેવું અહીં ચોંટી ગયું છે? ખટાઇ લગાડી હોય ત્યાં ભૂલેચૂકે લાગેલો ડાઘ સાબુએ ધોવાથી પણ જાય નહિ. **તેમ એકવીસ ગુણથી સંસ્કારિત આત્માને શાસ્ત્રની એક વાત લાગી જાય તો હજારો ઉપાયે ખસે નહિ.**

છેવટે માબાપ ઘરમાંથી નીકળી જવાનું કહે છે.

આજકાલની પેઠે સંતતિને નિર્બળ કરનારા, માલદારની આંખમાં મરચાં નાખનારા કાયદા તે વખતે ન હતા. આજે બાપ મિલકતનો માલિક ગણાય, પણ વડીલોપાર્જિત મિલ્કતની વ્યવસ્થા કરવાનો હક બાપનો નથી. છોકરાને કોડી નથી આપવી એમ કહે તો આજ ન ચાલે. છોકરો કામ પડે તો મર્યાદા છોડીને બોલી શકે કે ખાસડાં મારીને લઈશ. કોર્ટથી આપવું જ પડે. કુટુંબની ટ્રસ્ટી જેવી સ્થિતિ છે. ખાસડાં ખાઇ તેની મિલ્કતનું રક્ષણ કરવાનું છે. બે છોકરાને બરોબર સરખા ભાગે આપવું જ પડે. પરિણામ એ કે બાપથી જુદો રહે. બાપ મર્યા પછી બમણા આપીશ, એમ લખી આપે. જતે દહાડે એ જ મિલ્કત ફનાફાતિયા કરે. આવી નિર્માલ્ય દશા તે વખતે નહતી. તેવો વખત પહેલાંના કાળમાં ન હતો!

બાપે ઘરમાંથી નિકળી જવાનો હુકમ કર્યો. શા ઉપર મિલ્કતનો હક છોડી દેવાનું થાય છે? એક વચન ઉપર. ગુરુ મહારાજ પાસે રાત્રિભોજન ન કરવું તે વચનની ખાતર મા કલેશ કરે છે, બ્હેન રૂવે છે, બાપ કાઢી મૂકે છે. કુટુંબ, માલ-મિલ્કતને છેલ્લી સલામ કરી નિકળી જવું પડે છે. એક વચનનો રંગ ભૂલાતો નથી. એક જ વચન ખાતર મા-બ્હેન કલ્પાંત કરે તેની દરકાર નહિ, બાપ કાઢી મેલે તેની દરકાર નથી. તમામને લાત મારી એકીસાથે નિકળી જવું તે એક ધર્મની ખાતર.

જે આત્માના ગુણો આત્માએ પ્રગટાવ્યા, તે સંસ્કારપૂર્વક પ્રગટાવ્યા હોય, તો ખટાઈવાળા લુગડામાં પડેલો ડાઘ સાબુએ પણ ન જાય, તેમ

**એકવીસ ગુણથી જેણે આત્માને સંસ્કારિત કર્યો હોય તેને એકવચન આવી જાય તો દુનિઆના હજારો નુકસાનથી તે ખસે નહિ.**

આ બે વસ્તુમાં જરૂર બે મત નથી, પણ તેને ઉલટા રૂપમાં ન પરિણમાવો.

**એકવીસ ગુણવાળો ઉત્તમ, પંદરવાળો મધ્યમ, અગિયાર ગુણવાળો જઘન્ય જાણવો!**

આપણા આત્માને તૈયાર કરવા માટે સમજવું જરૂરી છે. તેથી એ ગુણ વગરના ધર્મરત્ન પામી ગયા, તો ધર્મરત્નની કિંમત ઘટાડવા માટે એવા દાખલાની જરૂર નથી.

ઝવેરી બજારમાં જાવ, કોઈ પૂછે ગજવામાં ચેકબૂક છે? લાખનો ચેક દેખાડો તો બરોબર, દસ-વીસ હજારનો ચેક દેખાડો તો ઠીક, પાંચ-સાત હજારનો હોય તો ઠીક, પણ મુદ્દલ ખાલી હોય તો? ચેક લખવાની તાકાત ન હોય તે માલ કાઢો, દેખાડો કહે તો દેખાડો? વ્યાવહારિક રીતિએ ઝવેરી તે જ લાયક કે જેની પાસે નાણાની સગવડ હોય, તે જ વેપારને લાયક. ભલા! ભાગ્યશાળી હોય ને ઠેસ વાગે, ઈંટ ઉખડે ને હીરો મળી જાય પણ? જેની પાસે પાંચ-પચીસ હજાર ન હોય તો તે હીરો તે હીરો ન કહેવાય?

નસીબદારીના જોરે બહાર ઝાડ નીચે સૂતા ને રાજ્યાભિષેક થયો. વ્યવહારથી રાજ્યની લાયકાત કહેવાય? લશ્કરનું જોર હુંશીઆરી ઉપર રહે છે, તેથી તે વસ્તુ ન હોય, કોઈ પુણ્યાઢય સરખા, મૂળદેવ સરખાને રાજ્યપ્રાપ્તિ થાય તો તે રાજ્ય ન કહેવાય તેમ નહિ.

રાજ્યના પૂર્વે કારણ ન હોય તેથી મળેલા રાજ્યને અયોગ્ય કહી શકાય નહિ. તેમ એકવીસ, પંદર, અગિયાર ગુણવાળા અનુક્રમે ઉત્તમ, મધ્યમ, જઘન્ય ગુણવાળા તે અધિકારીરૂપે નિર્ણય કરનારા છે. તેથી તે ગુણ ન હોય તો ધર્મરત્ન માનવાનું નથી, તેમ બની શકતું નથી.

નદીના પથરા જેના ધર્મના પ્રભાવે રત્ન થયા છે. બહાર ઝાડ નીચે સૂઈ ગયા, પાંચ દિવ્ય આવી અભિષેક કરી રાજ્ય આપી ગયા. આથી મળેલું રાજ્ય ખોટું છે, તેમ કહી શકાય નહિ, કારણથી રાજ્ય મેળવવું હોય તેને લશ્કર, તીજોરી ને ચાલાકી હોવી જોઈએ. તેમ આપણા આત્માને ધર્મથી સંસ્કારિત કરવો હોય તેણે એકવીસ ગુણો મેળવવાનો ઉદ્યમ કરવો જ જોઈએ.

આથી પાંત્રીસ માર્ગાનુસારીના ગુણો કુટુંબને, એકવીસ ગુણ આપણા આત્માને સંસ્કારિત કરવા માટે છે. એ વચનો બીજાના ધર્મના લોપ માટે ન વપરાય !

રકમ ભૂલી જશો તો જેટલો ગોટાળો છે, તે કરતાં રકમ ઉલટી લખી તો બમણો ગોટાળો. પાંચસો જમેને બદલે ઉધારમાં લખ્યા તો હિસાબમાં ડબલ ગોટાળો. પાંત્રીસ કે એકવીસ ગુણ ન જાણ્યા તે કરતાં બીજાના ધર્મરત્નને લોપવામાં લો તો બેવડું નુકસાન છે. તમારા કહ્યાથી પેલાનો ધર્મ જતો નથી. તમારા નહિ ગણવાથી એના આત્માને નુકસાન નથી. બેવડા નુકસાનમાં આવી ન પડો તેટલા માટે આ વિભાગ જણાવવાની જરૂર પડી. પાંત્રીશ ગુણો કુટુંબને સંસ્કારિત કરવા માટે અને એકવીસ ગુણો પોતાના આત્માને ધર્મ માટે તૈયાર કરવાને અંગે છે.

હવે આ સાંભળ્યા પછી જો એક વસ્તુ ન આવી તો દસ્તાવેજમાં આખી ઈમારત લખી, પણ એક નામ ફરી જાય તો તમારૂં લેણું કેટલું રહે? તેમ અહીં પાંત્રીસ માર્ગાનુસારીએ તથા શ્રાવકના એકવીસ ગુણોએ અનુક્રમે કુટુંબ અને આત્માને સંસ્કારિત કર્યા, છતાં ધર્મ એ જ રત્ન છે! આ વસ્તુ તમારા ને આખા કુટુંબને હોય તો તે ગુણોને અંગે તમે લાભ મેળવી શકશો !

દીવાળી, ચોમાસી, સંવત્સરી સાચવવાં જોઈએ એ દૃષ્ટિ આવી જાય તો, આ એક વ્યવહાર છે, ત્યાં ભવાંતર માટે જે આત્માને માર્ગની અંદર દોરી જવાનો તેમાંનું કાંઈપણ બની શકે નહિ. એકજ મુદ્દાની ખામીથી. કેમકે–ધર્મ એ જ રત્ન છે, ધર્મ રત્ન જ છે, ધર્મ સિવાય બધી ચીજ ગળે પડેલી ઉપાધિ છે, આ જાતની સમજણની ખામી છે !

આ રત્ન તરીકે અને દુનિયા ઉપાધિ તરીકે આ શબ્દ બોલવો સહેલો છે. છોકરાને સારી નોકરી મળે ત્યારે જેવો ઉલ્લાસ થાય છે તેવો ઉલ્લાસ ધર્મ કરવામાં આવ્યો ?

ચક્રવર્તીના સામા ત્રાજવામાં કુલાચારનું જૈનપણું લેવું છે ને તે પણ ભારે ગણવું છે. ચક્રવર્તીની રિદ્ધિના સામા ત્રાજવામાં કુલાચારે જૈનધર્મપણું મૂકવું છે. ચાકર, ગુલામ, દરિદ્ર થાઉં, ધર્મનો ધોરી નહિ. માત્ર અધિવાસનાની સાથે જૈની કહેવડાવવાની સાથે બીજા ત્રાજવામાં ચક્રવર્તીપણું તુચ્છ ગણવું છે.

નામ જૈન આગળ ચક્રવર્તીપણાની રિદ્ધિને તુચ્છ માને તે જગો પર જૈનધર્મ પામ્યા તો કેટલા આનંદમાં હોવા જોઈએ ! આપણને પૌદ્‌ગલિક વસ્તુના લાભથી જે આનંદ થાય ને ધર્મના આનંદને તપાસી લો. ( અધિવાસિત એટલે દીક્ષાના આગલા દહાડે કપડાં અધિવાસિત કરવાં પડે છે. ) છોકરાને સારો શેઠ મળે તે વખતે જે આનંદ થાય છે તે આનંદ અહીં ધર્મમાં તપાસો.

ઉપાધાનમાં પેઠા હશે, તેને ઘરમાંથી પહેલાં ના કહી હશે. પછી પેસી ગયા હશે તો કહેશે કે માનતો નથી. સારી નોકરીની સંભાવના હોય તો કંકુનો ચાંલ્લો કરી નાળિએર આપીએ છીએ. કમાવાનો ચાન્સ હોય તો રાતના સ્વપ્ન પણ સેવાય છે. આમાં રોકાતો રહેતો નથી. કરે તે કરવા દો. કયાં ખોટું કામ છે ? પહેલું કર્યું છે તેને થાબડવા માટે આ કહે છે નહિતર પહેલાં થયું કેમ ? કેટલાક હિતશત્રુઓ કહે છે કે બને નહિ એને માટે એમ કહીએ છીએ. ઘર કરી ન શકું પણ તોડી તો શકીશ. હું ઉપધાન કે ત્યાગ ધર્મ કરી શકીશ નહિ. આવી સ્થિતિવાળા ધર્મને રત્ન ગણે છે એ શા ઉપર ?

માટે પ્રથમ "ધર્મજ રત્ન છે ને ધર્મ રત્ન જ છે" આ બે નિશ્ચયો પાકા કરો ! લો એટલે આ કૃત્ય પણ ઉદય કરનારૂં થશે. વધુ ગીતાર્થ જ્ઞાની ગુરૂની નિશ્રાએ સમજવા વિવેકીએ પ્રયત્ન કરવો.

# ધર્મમાં
# સૂક્ષ્મ બુદ્ધિની જરૂર

(૮)

[ આગમધર બહુશ્રુત સૂરિપુરંદર ગીતાર્થમૂર્ધન્ય પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વર રચિત શ્રી અષ્ટકપ્રકરણના જ્ઞાનાષ્ટકના પ્રથમ શ્લોક ઉપર આપેલ વ્યાખ્યાનોમાંથી અધુરા મળેલા એક વ્યાખ્યાનને વ્યવસ્થિત કરી ભાવુકજનોના હિતાર્થે રજૂ કર્યું છે. સં. ]

**सूक्ष्मबुद्ध्या सदा ग्राह्यो**
**धर्मो धर्मार्थिभिर्नरैः**

## સુક્ષ્મ બુદ્ધિથી પરીક્ષા કરી ધર્મ ગ્રહણ કરો

## ધર્મોના ફાંટા ઘણા એ જ ધર્મનું મહત્વ!

શાસ્ત્રકાર મહારાજા શ્રી હરિભદ્રસૂરીશ્વજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકા જણાવી રહ્યા છે કે આ સંસારમાં ગમે તો નાસ્તિક હોય કે આસ્તિક હોય, યાવત્ લોકોત્તરદર્શનને માનનાર હોય–તે બધાને ધર્મને અગ્રપદ આપવું પડે છે.

જેને અખિલ વિશ્વ અગ્રપદે સ્થાપે તેની ઉત્તમતામાં બે મત હોઇ શકે નહિ. પણ ઉત્તમ પદાર્થોની નકલ વધારે હોય છે–થાય છે. હીરા, મોતી, સોનું, ચાંદી વગેરેની બનાવટ થાય છે, એની નકલ થાય છે, એનાં ઇમીટેશન નીકળે છે, પણ ધૂળ, કોલસા, લોઢું, તાંબુ વિગેરેની બનાવટ કે નકલ કોઇ કરતું નથી. નકામી મહેનત કોણ કરે? જેમાં સામાને સારી રીતે ઠગી શકાય તેની બનાવટ દુનિયા કરે છે. શાકભાજીમાં ઠગાઇ ઠગાઇને શું ઠગાઓ? એક, બે પૈસા! ચાંદીમાં બે–ચાર રૂપિયા ઠગાઓ! સોનામાં પચીસ-પચાસ રૂપિયા, જ્યારે મોતી, હીરા વગેરેમાં હજારો રૂપિયા ઠગાઓ. કેમકે મોટી ચીજોમાં મોટી ઠગાઈ ચાલી શકે.

નકલ કિંમતી ચીજની થાય છે. જેમ ચીજ વધારે મૂલ્યવાળી હોય, તેમ તેની નકલો બજારમાં વધારે થવાની. નકલ કરનારા એવા અક્કલ વગરના નથી હોતા કે સામાન્ય ચીજોની નકલ કરવાની માથાકૂટમાં પડે.

"જેની નકલ વધારે તે ચીજ વધારે કિંમતી" આટલી વાત ધ્યાનમાં લેશો તો 'ધર્મો ઘણા દેખાય છે.' એ જાણી કંટાળો નહિ આવે પણ એ વાત મનમાં બરાબર ઠસશે કે ધર્મ એ ચીજ અતિ કિંમતી છે.

વળી

શાક લેવામાં ભૂલો તો દિવસ બગડે.

વસ્ત્રાલંકાર લેવામાં ભૂલો તો માસ કે વર્ષ બગડે.

સ્ત્રી પરણવામાં ભૂલો તો જન્મ બગડે.

**પણ-ધર્મ અંગીકાર કરવામાં ભૂલો તો ભવોભવ બગડે.**

ધર્મ અતિ મૂલ્યવાન છે માટે તેની નકલો પારાવાર છે. અક્કલ ધરાવનાર મનુષ્ય ધર્મના વધારે ફાંટા દેખી મૂંઝાય નહિ, અકળાય નહિ. ધર્મ અતિ કિંમતી હોઈ ફાંટાઓ સાહજિક અને પરમ આવશ્યક છે.

સાથે જ એ વાત પણ હૃદયમાં બરાબર ઠસાવો કે જે મૂંઝાઈ જાય તે ધર્મને લાયક નથી. ચલણી સિક્કા કે નોટોની બનાવટો થયા કરે છે, પણ તેથી કોઇ મુંઝાઈને તેનો વ્યવહાર બંધ કરતું નથી. કેમકે સૌને એની જરૂરિયાત છે.

એમ કિંમતી એવા ધર્મની પાછળ નકલોનો ડર તો રહેવાનો જ! અલબત્ત એની તપાસ રહે, પકડાય તેના પર કેસ ચાલે, એ બધું ખરૂં, પણ કહેવાની મતલબ એ છે કે બનાવટી સિક્કા કે નોટો થવા છતાં લોકો સિક્કા અને નોટોનો વ્યવહાર અટકાવતા નથી, પણ નાણું જોઈ તપાસીને, ખણખણ ખખડાવીને લે છે, સોનું વગેરે કસ વગેરેથી ચોક્કસ તપાસીને લે છે.

એ જ રીતે ધર્મનો અર્થી ધર્મની વધારે શાખાઓથી મૂંઝાય નહિ, પણ પરીક્ષાપૂર્વક અંગીકાર કરે. ભવોભવ ઉપકારી એવા ધર્મની હજારો નકલો હોય, તેથી ગભરાવાની જરૂર નથી. એથી તો ધર્મની આવશ્યકતા ખાસ સિદ્ધ થાય છે. માટે બારીક બુદ્ધિથી પરીક્ષા કરી ધર્મને ગ્રહણ કરવો.

જગતના પદાર્થોમાં તો નકલી આવી જશે તો યે થોડું ઘણું તો મળશે, ચાલીસ કે પચાસ રૂપિયે શેરની ચાંદીને બદલે જર્મન-સીલ્વર આવી જશે તો પણ બે અઢી રૂપિયા તો ઉપજશે. સાચા મોતીને બદલે કલ્ચર મળ્યું તો યે કાંઇક મળશે.

પણ-ધર્મ એ એવી ચીજ છે કે એમાં જો ભૂલ થઇ તો મળવાની વાત તો દૂર રહી, પણ જન્મોજન્મ ખોવાનું થશે. લેવાના દેવા થશે.

## 'પરિણામે બંધ' એ પ્રમાણ ક્યાં લાગુ થાય ?

ધર્મને જો બારીક બુદ્ધિથી નહિ જોવામાં આવે અને યોગ્ય પરીક્ષા કર્યા વગર જો ધર્મ અંગીકાર કરવામાં આવશે તો બુદ્ધિ જો કે ધર્મની જ રહેશે, પણ તેનાથી આત્મામાં ધર્મ થયો હશે તેનો પણ નાશ થશે.

કદાચ પ્રશ્ન થાય કે ક્રિયાથી કર્મ બંધાય તે ભલે હો, પણ પરિણામ તો ધર્મના છે ને ! જો એ જ દૃષ્ટિએ વિચારાય તો ગાય, બોકડા વગેરેને મારનારના પરિણામ ધર્મના હોવાથી તેને ધર્મ થાય એમ માનવું ?

આસ્તિકો દરેક ક્રિયા કરે તેમાં ધર્મના પરિણામ હોય માટે તે બધું ધર્મ થઇ જાય ? ધર્મની બુદ્ધિમાત્રથી ધર્મ ન ગણાય. સૌ પોતે જે જે મંતવ્ય માને છે તેને ધર્મ જ કહે છે. અને માને છે, પણ તે ધર્મ જ નથી. પોતાની ક્રિયામાં અધર્મ કોઇ કહેતું નથી કે માનતું નથી. યજ્ઞાદિ કરનારાઓ પણ પોતાના પરિણામને ધર્મના જણાવે છે, તો એવો ઘોર અધર્મ પણ ધર્મ ગણવો ખરો ?

જેમ પરિણામ એ શાસ્ત્રે કહ્યા તેમ અધર્મ પણ છે, એમ પણ શાસ્ત્રે જ કહ્યું છે ને! જો પરિણામે ધર્મ જ માનીએ તો અધર્મ રહ્યો ક્યાં? કેમકે પરિણામ તો કોઈપણ અધર્મના ધરાવતું નથી. અધર્મને ધર્મ માનવામાં મિથ્યાત્વ છે, એમ પણ શાસ્ત્ર જ કહે છે ને! અધર્મને ધર્મ માનવામાં જે મિથ્યાત્વ તેની અને ધર્મને અધર્મ માને અને પરિણામને ધર્મ માને તેની સંગતિ શી રીતે કરવી? આશ્રવ એ કર્મબંધનું કારણ છે. કર્મબંધના કારણો એ છે. સંસાર-પરિભ્રમણનાં કારણો આરંભ-સમારંભ, વિષય-કષાયાદિ છે, તેમાં ધર્મ માનવો તે મિથ્યાત્વ એમ સ્પષ્ટ કથન છે.

### પરિણામે ધર્મ શી રીતે?

હવે વિચારવું જોઈએ કે—

પરિણામ પ્રમાણ કહેવાય તે ધર્મને અંગે નહિ. જો એમ હોય તો કુદેવાદિને માનનાર પણ માને છે તો સુદેવાદિ તરીકે, તો તેને સુદેવ, સુગુરુ, સુધર્મની આરાધનાનું ફળ થાય ખરૂં? નહિ જ! પરિણામ સુદેવ, સુગુરુ, સુધર્મની આરાધનાના છતાં તે આરાધના કુદેવ, કુગુરુ, કુધર્મ હોવાથી તે આરાધનાનું ફળે તેવું એટલે કે સુદેવાદિની આરાધનાનું ફળ મળતું નથી.

ત્યારે હવે પરિણામ પ્રમાણ ક્યાં?

**શુભ પરિણામે શુભક્રિયા શરૂ કરી હોય તેમાં આકસ્મિક યોગે ક્રિયાનો પલટો થઈ જાય તો પણ ત્યાં બંધ પરિણામે થાય.**

દૃષ્ટાંત તરીકે-મુનિમહારાજ ઈર્યાસમિતિથી ચાલી રહ્યા છે. ઈર્યાસમિતિમાં ઉપયોગ પૂરેપૂરો છે, નજર કરી કરીને પગ મૂકાય છે, ત્યાં જીવ નથી. એમ નિર્ધાર કરીને પગ ઉપાડયો, પગ નીચે માંડવા જતાં અચાનક ખીસકોલી જેવી જાત દોડતી પગ નીચે આવી ગઈ. પ્રાણવિહોણી થઈ મરી ગઈ! ક્રિયા અહીં પંચેન્દ્રિયપ્રાણીની હિંસાની થઈ, છતાં પરિણામ ઈર્યાસમિતિની ક્રિયામાં. પરિણામ જીવમાત્રને

બચાવવાના હતા; આ પરિણામની પવિત્રધારાની અપેક્ષાએ ખીસકોલીનો જીવ પગ તળે આવીને ચગદાઈ મરી ગયો, છતાં એ મુનિરાજને પંચેન્દ્રિયની હિંસાનું પાપ નહિ લાગે. કેમકે ચેષ્ટા પણ જીવ બચાવવાની જ હતી, પરિણામ પણ બચાવવના જ હતા અને બુદ્ધિ સાથેજ પ્રયત્ન પણ બચાવવાનો હતો.

જ્યાં શુભયોગથી અને શુભ વિચારથી કાર્ય શરૂ કર્યું હોય ત્યાં યોગનો કદી ઉથલો થાય પણ શુભપરિણામના યોગે બચાવ છે,

**પરિણામે બંધનું પ્રમાણ આ રીતે આવા પ્રસંગે ગ્રાહ્ય છે. જ્યાં ત્યાં નહિ.**

**શુભયોગે શુભવિચાર શરૂ થયા હોય ત્યાં આકસ્મિકયોગે પ્રવૃત્તિનો પલટો થઈ ગયો ત્યાં હોય પરિણામે બંધનું પ્રમાણ ખરું.**

**પ્રયત્નો ધર્મના હોય અને બુદ્ધિ પણ ધર્મની હોય તો જ ધર્મની ઉત્પત્તિ થવાની.** નહિ તો બુદ્ધિ ધર્મની ભલે રહે, પણ ધર્મનો નાશ થશે. બુદ્ધિ અને ક્રિયા ઉભય ધર્મનાં હોવાં જોઈએ. જો એમ ન હોય તો ગાય, બકરા અને અશ્વાદિને હોમમાં મારનારાઓ બુદ્ધિ ધર્મની જ ધરાવતા હતા, માટે શું એ ધર્મ? હરગીજ નહિ!

અરે! ક્રિયા પણ ધર્મની હોય, બુદ્ધિ પણ ધર્મની હોય, છતાં અજ્ઞાનવશાત્ ધર્મનો નાશ થાય.

**દૃષ્ટાંત**–એક આચાર્ય વિહાર કરતા કરતા એક નગરમાં ગયા. સભા સમક્ષ આ મુજબ નિરૂપણ કર્યું કે–

“સુપાત્રદાનમાં અનાજ, પાણી, વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરે દેવાય. એ બધામાં લાભ છે. એ લાભો કેવા? ટકે તો ટકે, નહિ તો ઉખડી પણ જાય. સુપાત્રદાનનો લાભ ક્યારે ઉખડી જાય તેનો પત્તો નહિ. સુપાત્રે વસ્ત્રાદિ દેવાથી લાભ ચોક્કસ, પણ ઉખડીએ

જાય. સુપાત્રદાન દઈને મમ્મણ જેવો વિચાર આવે તો એ લાભને ખસતાં શી વાર ? પરંતુ વૈયાવચ્ચનો લાભ ખસી શકતો નથી. વૈયાવચ્ચથી ઉપાર્જન કરેલું શુભકર્મ નિંદા-ગર્હાદ્વારા પણ મૂલ વસ્તુથી ખસતું નથી. વૈયાવચ્ચનું ફલ અપ્રતિપાતી છે. શ્રીતીર્થંકરદેવ વૈયાવચ્ચને શાસન સાથે જોડે છે.'

કોઈએ પ્રશ્ન કર્યો કે-"મહારાજ! તમારી સેવાભક્તિ કરે તે વધારે કે વૈયાવચ્ચ કરે તે વધારે ?" મહારાજે કહ્યું, "મારી સેવા કરે તે બીમારની ભક્તિ કરનાર હોય. અને જે બીમારની વૈયાવચ્ચ કરે તેજ મને માનનાર હોય. અર્થાત્ મને માનનારો ગ્લાનાદિની જરૂર વૈયાવચ્ચ કરનારો હોય.

સંગ્રામમાં બીમાર લશ્કરીની ઘણી ચાકરી કરવામાં આવે છે. માંદા સાધુની દરકાર કરે તોજ તે શાસનને માનનારો ગણાય. ગ્લાન, વૃદ્ધ, બાલ વગેરે મુનિની માવજત કરનાર હોય તેજ મને માનનારો ગણાય."

આચાર્ય મહારાજનું આ પ્રવચન સાંભળી એક ભાવિક શ્રાવકે પ્રતિજ્ઞા કરી કે- "બીમાર સાધુની માવજત કર્યા વગર ખાવું નહિ."

એ શ્રાવક રોજ પ્રતિજ્ઞા બરોબર પાળે છે. કાયમ મુનિમહારાજાઓની ખબર લે છે. તથા જે બિમાર હોય તેની માવજત કરે છે, પછી જ ભોજન કરે છે.

એક દિવસ એવો આવ્યો કે ગામમાં કોઈ મુનિ માંદા નહોતા. આ તો ખુશી થવા જેવી વાત હતી, પણ અજ્ઞાનવશાત્ આ શ્રાવક વિચારે છે કે- "હું કેવો નિર્ભાગી! કોઈ મુનિ માંદા ન પડયા, બીમાર ન થયા: તેથી મને માવજતનો લાભ ન મળ્યો."

વિચારો! બુદ્ધિ તો માંદાની માવજતની છે. બુદ્ધિ ખોટી નથી, નિયમ ખોટો નથી, પણ અજ્ઞાને કઈ દશા ઊભી કરી? "કોઈ મુનિ માંદા પડે તો માવજતનો લાભ મળે," આજ કે? આ ભાવના! શાથી? અજ્ઞાનથી વૈયાવચ્ચ જેવી સારી ચીજ પણ ધર્મને બદલે અધર્મ નીપજાવનાર થઈ.

જૈન શાસનમાં બારીક બુદ્ધિ
એ ધર્મની જડ છે.

સૂક્ષ્મબુદ્ધિ સિવાય ધર્મ જાણી શકાય નહિ. ધર્મના જુદા જુદા ફાંટા દેખી કંટાળવું નહિ. વધારે કિંમતી ચીજની નકલો વધારેજ હોય. વેપારી જેમ વધારે બનાવટોથી મુંઝાતો નથી, પણ જોઈ તપાસીને સારો માલ ખરીદે છે, તેમ અહીં પણ તેવા સોદાગર બનવું, કિમિયાગર બનવું. હજારો નકલી ધર્મમાંથી સૂક્ષ્મ બુદ્ધિથી પરીક્ષાપૂર્વક સત્યધર્મને અંગીકાર કરવો. પરીક્ષા માટે બુદ્ધિ તો જોઈશે.

ઉપર જોઈ ગયા કે પેલા પ્રતિજ્ઞા કરનાર શેઠે અજ્ઞાનને લીધે મુનિ માંદા ન પડયા, એવી ભાવના કરી ધર્મને અધર્મ બનાવ્યો.

બુદ્ધિના અભાવે ધર્મબુદ્ધિ છતાંયે ધર્મનો નાશ થાય. તે ઉપર લૌકિક દૃષ્ટાંત :

એક વ્યાસજીએ કથામાં કહ્યું, કે अन्नदः तृप्तिमाप्नोति सुखमाप्नोति वारिदः અનાજ આપનારને તૃપ્તિ મળે છે, પાણી આપનારને સુખ મળે છે.

એક ડોશીમાએ આ સાંભળીને વિચાર્યું કે–અનાજ દેવાનું કામ માલદારનું છે, પણ પાણી તો મફતીયા ચીજ છે. પાણીનો વેરો કોઈ જગો પર નહિ હોય. હવા, પાણી પ્રતિબંધ વગરના હોય. એમ વિચારીને પાણી પાવાનું નક્કી કર્યું. રોજ જે આવે તેને પાણી પાય છે.

એક દિવસ પાણી ભરવા જવાનું મોડું થયું. ડોશીમા મોડે મોડે કૂવે પાણી ભરવા ગયાં. તે વખતે કૂવે બીજું કોઈ નહોતું. જ્યાં પાણી ભરવાની તૈયારી કરે છે ત્યાં એક તરસથી ટળવળતો વાછરડો આવ્યો.

ડોશીએ જોયું કે આ વાછરડો બહુ તરસ્યો છે, માટે આને પાણી પાવામાં બહુ લાભ છે, પણ જો પાણી સામટું પાવામાં આવશે

તો આફરો ચડશે, તથા મરી જશે. અને વળી વખત થઈ ગયો છે એટલે હવે કોઈ કૂવે આવશે નહિ કે જે એને ફરીને પાણી પાય. માટે સીધો એને કૂવામાં જ ઉતારી મુકવો ઠીક છે. ત્યાં એને જેમ જેમ પાણી પીવું હશે તેમ તેમ પીશે. ડોશીએ તો એને ગળે દોરડું બાંધીને ઉતાર્યો કૂવામાં ! અને પોતે ખૂબ પુણ્ય બાંધ્યું-એમ વિચારતી હરખાતી-હરખાતી જાય છે.

સ્હામે કોઈ મળ્યું, ડોશીમાને ખૂબ ખૂબ હરખાતાં જોઇ કારણ પૂછ્યું, ડોશીમાએ જણાવ્યું કે આજ તો વાછરડાને અખંડ પાણી પીતો કર્યો, છે, કૂવામાં જ ઉતાર્યો છે. પેલા સાંભળનાર દયાળુએ કૂવામાંથી બહાર કાઢયો.

કહેવાની મતલબ કે ડોશીમાએ બુદ્ધિથી એ પણ ન વિચાર્યું કે કૂવામાં વાછરડો જીવશે કે મરશે ?

ઉપસંહાર.

**શાસ્ત્ર દૃષ્ટિએ જો ધર્મ બારીકબુદ્ધિથી વિચારીને ન થાય તો ક્રિયા તથા બુદ્ધિ બન્ને ધર્મની છતાંએ ધર્મનો નાશ થાય છે. તેથી જ્ઞાનીઓ જણાવે છે કે જૈનશાસનમાં ધર્મની જડ બારીક બુદ્ધિ છે.**

## સંસારની જડ શું ?

સંસારની જડ રાગ-દ્વેષ.

રાગ-દ્વેષ પૌદ્ગલિક ભાવનાની તીવ્રતાથી ઉપજે છે.

તેથી પુદ્ગલ પ્રતિ આકર્ષણ કે વળણ સંસારની જડ છે.

## શ્રી તત્ત્વાર્થસૂત્રના

## "आर्या म्लिशश्च" (અ. ૩. સૂ.) સૂત્ર સંબંધી દિગંબરમાન્યતાનું માર્મિક નિરાકરણ

[પૂજ્યપાદ, એદંયુગીન આગમપ્રજ્ઞ શિરોમણિ, તાત્ત્વિક વ્યાખ્યાતા ગીતાર્થશિરોડવતંસ, આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત આચાર્યદેવશ્રી શાસનના વિવિધ પ્રભાવના આદિના કાર્યો કરવા સાથે સ્વપક્ષીય-પરપક્ષીય વિરોધીઓ તરફથી થતા આક્રમણોના સચોટ શાસ્ત્રીય રદીયાવાળા લખાણો અવારનવાર "શ્રી સિદ્ધચક્ર" પાક્ષિકમાં આપતા, તેવો એક લઘુનિબંધ "શ્રી સિદ્ધચક્ર" (વર્ષ ૭, અંક ૯)ના અગ્રલેખમાં દિલ્હીથી પ્રકટ થતા દિગં૦માસિક "અનેકાંત"ના લેખના જવાબરૂપે આપેલ, જે જિજ્ઞાસુઓના હિતાર્થે અહીં વ્યવસ્થિત રીતે પુનઃપ્રકાશિત કરાય છે. सं.]

उपोमास्वातिं संग्रहीतारः એવી રીતે કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજીએ જેને અંગે પોતાના શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં લખ્યું છે, એવા શ્રી ઉમાસ્વાતિવાચકજીએ શ્રીજિનપ્રવચનના એકદેશનો સંગ્રહ કરનાર એવું શ્રીતત્ત્વાર્થસૂત્ર રચેલું છે.

શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ જ્યારે શ્રીતત્ત્વાર્થકારને ઉમાસ્વાતિના નામથી સ્પષ્ટપણે જાહેર કરે છે, ત્યારે દિગંબરો પોતાના કોઇ પ્રૌઢગ્રંથકારે તેઓને નહિ જણાવેલ એવા શ્રી ઉમાસ્વામી નામથી જાહેર કરે છે,

વિચારણીય વાત તો એ છે કે ત્યાગી થયા પછી તેમના નામ સાથે સ્વામી શબ્દ જોડાયો ગણાય તો શું સંસાર અવસ્થામાં

તેઓનું તે દિગંબરો ઉમા એવું નામ માને છે? અને જો ઉમા એવું નામ કહે તો તે નામ સ્ત્રીપણામાં જ રહેનાર હોવાથી કહેનારની બુદ્ધિની કિમ્મતજ કરાવે.

ઉપર જણાવેલ **શ્રીતત્ત્વાર્થ** સૂત્રના કરનાર **શ્રીઉમાસ્વાતિ કે ઉમાસ્વામી** છે? એ હકીકત તેમના સૂત્રોમાં જણાવાયેલી નથી. પરન્તુ તેઓશ્રીએજ તે **તત્ત્વાર્થ ઉપર** જે **ભાષ્ય** રચ્યું છે. તેમાં પોતાને **વાચકપણે** જણાવવાસાથે **દૃબ્ધમુમાસ્વાતિના શાસ્ત્રમ્** એમ જણાવી પોતાનું નામ **ઉમાસ્વાતિ** હતું એમ સ્પષ્ટ જણાવેલ છે.

વળી પોતાનું વાચકપણું જણાવવાથી તેઓશ્રી શ્વેતાંબર સંઘમાં હતા એમ જણાવે છે, કેમકે દિગંબરો કે જેઓ શ્વેતાંબરોમાંથી નીકળેલા હોવાથીજ પોતાના નામને અંતે અંબરશબ્દ લગાડે છે. તેઓની પરંપરામાં વાચક કે તેની વંશપરંપરા લેવાતી નથી. શ્વેતાંબરોમાં તો **શ્રીનન્દીસૂત્ર** અને **આવશ્યકાદિમાં** વાચક અને તેની પરંપરા લેવાયેલી છે.

આ **શ્રીતત્ત્વાર્થસૂત્રમાં** કોઇપણ સૂત્ર શ્વેતાંબરોની માન્યતાથી પ્રતિકૂલ નથી, પણ **एकादश जिने** એવું જે નવમા અધ્યાયમાં સૂત્ર છે, તે દિગંબરોના મતનું સર્વથા ખંડન કરનાર છે. તેમજ શ્રીતત્ત્વાર્થ બાર દેવલોકને જણાવનાર છે, તેથી સાચો દિગંબર તો આ તત્ત્વાર્થ પોતાના મતનું છે એમ કહેતાં **वदतो व्याघातः** એ ન્યાયને આધીન થાય.

આટલું બધું છતાં બન્ને સંપ્રદાયો આ **તત્ત્વાર્થ સૂત્રને** માન્ય રાખે છે, એ વાત તો નિર્વિવાદ છે, પરન્તુ આ સૂત્રને **તત્ત્વાર્થસૂત્ર** તરીકે કહેવાનો હક શ્વેતાંબરોનોજ છે, કારણ કે તેઓએ તત્ત્વાર્થના ભાષ્યને માન્ય કર્યું છે અને એમાં **तत्त्वार्थाधिगमख्यम्** વિગેરે વાકયો આ શાસ્ત્રના **તત્ત્વાર્થ** નામને જણાવનાર સ્પષ્ટપણે છે.

દિગંબરોના મત પ્રમાણે તો **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** એ સૂત્ર આદ્યમાં હોવાથી **मोक्षमार्ग** કે એવા બીજા નામથી જ આ સૂત્ર કહેવાય.

આ વિષયની અધિકજિજ્ઞાસાવાળાએ* तत्त्वार्थतत्कर्तृमतसमीक्षा જોવી, એમ આ સ્થાને ભલામણ કરવી ઉચિત ગણીને વિરમવું ઉચિત છે.

શ્રીતત્ત્વાર્થસૂત્ર ઉપર કરેલ ભાષ્યને દિગંબરો સ્વોપજ્ઞ નથી માનતા, તેમાં કેટલાક તરફથી વિવેચનની અપૂર્ણતાઆદિ કારણો કહેવામાં આવ્યાં છે, પરન્તુ કયું વિવેચન પૂર્ણ અને કયું વિવેચન અપૂર્ણ કહેવાય? એ માત્ર દૃષ્ટિના આધારે હોવાથી તેનું સમાધાન યોગ્ય વિવેચન દરેક સૂત્ર ઉપર છે છતાં ન આપી શકાય તે સ્વાભાવિક છે.

પરન્તુ અનેકાંત નામના પત્રથી તત્ત્વાર્થભાષ્યને અંગે આર્ય અને મ્લેચ્છની ચર્ચા ઉભી કરી જે ઉહાપોહ કર્યો છે, તેના સમાધાનની ઉપયોગિતા ગણવામાં આવી છે.

૧ જૈનસૂત્રમાં आरिया भणिया ॥ इत्थुप्पत्ती जिणाणं चक्कीणं रामकण्हाणं એમ શ્રી પન્નવણા સૂત્ર આદિના પાઠોથી સ્પષ્ટ જણાવેલ છે કે જ્યાં તીર્થંકરાદિ ઉત્પન્ન થાય એવા અંગ, મગધાદિ સાડી પચ્ચીશ દેશોમાં જન્મ પામનારા મનુષ્યોજ આર્ય કહેવાય છે.

૨ आरियत्तं पुणरवि दुल्लहं શ્રી ઉત્તરા. आर्यत्वं मगधाद्यार्यदेशोत्पत्तिलक्षणम् શ્રી ઉત્તરાધ્ય. વૃત્તિ.

આ વાકયથી સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે કે શાસ્ત્રકારો આર્યશબ્દથી સાડી પચ્ચીશ અંગ, મગધાદિ દેશોને કે જે ભગવાન્ જિનેશ્વરાદિની ઉત્પત્તિનું સ્થાન છે તેને લે છે અને તે દેશોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને આર્ય કહે છે.

* પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીએ ગુર્જરભૂમિમાં જન્મ લીધેલ હોવા છતાં સંસ્કૃત–પ્રાકૃત ભાષા પર મેળવેલ અપ્રતિમ પ્રભુત્વની જેમ હિંદી ભાષા પર પણ કેવો અજબ કાબૂ મેળવેલ હતો? તેની પ્રતીતિ આ પુસ્તકથી થાય છે. આ પુસ્તક શ્રી ઋષભદેવજી કેશરીમલજી જૈન પેઢી, રતલામ (મ૦ પ્ર૦)થી વિ. સં. ૧૯૯૩ માં પ્રકાશિત થયેલ છે.

૩ શ્રીતત્ત્વાર્થભાષ્યકાર પણ भरतेषु अर्धषड्विंशतिषु जनपदेषु जाताः એમ કહી સાડી પચ્ચીશ દેશમાં જન્મેલાને આર્ય સ્પષ્ટ કહે છે.

૪ આ ઉપરથી સાડી પચ્ચીશ અંગ-મગધાદિ દેશો સિવાયના દેશોમાં જન્મ પામેલાને અનાર્ય અથવા મ્લેચ્છ કહેવાય, એ ચોકખું છે.

૫ ભગવાન્ ઉમાસ્વાતિજી પ્રશમરતિપ્રકરણમાં પણ मानुष्यकर्मभूम्यार्यदेश० વિગેરે કહીને દેશોમાં જન્મ થવાની અપેક્ષાએ આર્ય-અનાર્યતા જણાવે છે.

૬ શ્રી આવશ્યકનિર્યુક્તિમાં माणुस्स खित्त० કરી ક્ષેત્ર-આર્ય એમ જણાવીને દેશોની આર્યતા અને અનાર્યતા જણાવી છે.

૭ શ્રીઉત્તરાધ્યયનમાં આર્યક્ષેત્રની દુર્લભતામાં बहवे दस्सुणो मिलक्खुया એમ કહી દેશોની અપેક્ષાએ આર્યતા સાથે અનાર્યતા જણાવી છે.

૮ શ્રી આવશ્યકમાં मगहा-रायगिहाइसु मुणओ खित्तारिएसु विहरित्था એમ કહી મગધાદિ દેશોને આર્ય તરીકે જણાવે છે.

૯ દિગંબરોએ જ્યારે આર્ય શબ્દ 'ऋ' ધાતુ ઉપરથી બનાવ્યો છે. ત્યારે શાસ્ત્રકારોએ आराद् याताः सर्वहेयधर्मेभ्य इत्यार्याः એમ પૃષોદરાદિથી બનાવેલો છે.

એટલે અનાર્ય કે મ્લેચ્છોમાં કોઈ ગુણવાન્ નથી, કે ગુણવાન્થી સેવાયેલા મનુષ્યો નથી એમ નહિ પરંતુ 'જે દેશમાં ભક્ષ્યા-ભક્ષ્ય-ગમ્યાગમ્ય-ધર્માધર્મ વિભાગ ન હોય તે મ્લેચ્છો, ગણાય છે.

૧૦ મ્લેચ્છ શબ્દની વ્યુત્પત્તિ તરીકે 'અવ્યક્ત ભાષાવાળા મ્લેચ્છો કહેવાય' એમ જણાવાય છે, છતાં શ્રી મલયગિરિજી શ્રી શ્રીજીવાભિગમમાં તથા શ્રી શાંતિસૂરિજી શ્રી ઉત્તરાધ્યયનવૃત્તિ

માં મોક્ષમાર્ગે પ્રવર્ત્તેલા શિષ્ટોને અસંમતવ્યવહારવાળાઓને મ્લેચ્છો ગણાવ્યા છે અને તે પણ દેશની અપેક્ષાએ કહ્યા છે.

૧૧ કેટલાકો ઉચ્ચગોત્ર આદિથી આર્ય કહેવાય છે એમ કહે છે, પણ તેઓએ વિચારવું જોઈએ કે પૃથ્વીકાયાદિમાં પણ ઉચ્ચ ગોત્રાદિ તો છે. શ્રી **તત્ત્વાર્થભાષ્યકાર** તો ફરમાવે છે કે **देशकुल-जातिस्थानमानसत्कारैश्वर्याद्युत्कर्षनिर्वर्त्तकमुच्चैर्गोत्रम्** અર્થાત્ ઉચ્ચગોત્રનો ઉદય તો દેશ, જાતિ અને કુલાદિ જે હોય તેની પ્રશંસાને બનાવે છે, એટલે ચ્હાય આર્ય હોય કે અનાર્ય હોય પણ ઉચ્ચગોત્રનો ઉદય હોય તો તેનો ઉત્કર્ષ થાય છે.

૧૨ શ્રી **તત્ત્વાર્થકારે અંતરદ્વીપના** મનુષ્યોને અનાર્ય એટલે મ્લેચ્છમાં કેમ ગણ્યા છે? એવી શંકાનું સમાધાન સ્પષ્ટ છે કે—

શ્રી **તત્ત્વાર્થકારે** ક્ષેત્રની અપેક્ષાએ કર્મભૂમિ અને અકર્મભૂમિ એવા બેજ વિભાગ રાખ્યા છે.

જ્યારે શ્રી **પન્નવણા** અને **શ્રીજીવાભિગમસૂત્રમાં** કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપ એમ ત્રણ વિભાગ રાખેલા છે. એટલે શ્રી **તત્ત્વાર્થકારને** મ્લેચ્છની ગણતરીમાં અંતરદ્વીપો ગણાવા પડયા છે.

જે પ્રમાણે સ્વોપજ્ઞ ભાષ્યમાં અંતરદ્વીપવાળાઓને મ્લેચ્છ તરીકે ગણાવ્યા છે, તેવી જ રીતે તે સ્વોપજ્ઞભાષ્યને નહિ માનવાવાળા છતાં પણ અનુકરણ કે નકલ કરનારા દિગંબરાચાર્યોએ પણ સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક અને શ્લોકવાર્ત્તિક નામની શ્રી **તત્ત્વાર્થની** ટીકાઓમાં પણ અંતરદ્વીપોના મનુષ્યોને અનાર્ય એટલે મ્લેચ્છો જ ગણાવેલ છે.

જો તે સર્વાર્થસિદ્ધિ વિગેરે ટીકાકારોએ સ્વોપજ્ઞભાષ્યનું અનુકરણ કે નકલ ન કરી હોત **प्राङ् मानुषोत्तरान्मनुष्याः** એ સૂત્ર પછી સર્વ કર્મભૂમિ આદિ મનુષ્યોના આર્ય અને અનાર્ય એવા ભાગ

ન રાખતાં માત્ર કર્મભૂમિમાં આર્ય-અનાર્ય એ ભાગ રાખી અંતરદ્વીપવાળા બધા મનુષ્યોને મ્લેચ્છ તરીકે ગણ્યા. પણ અકર્મભૂમિ બાબત કેમ કંઈ બોલતા નથી?

૧૩ એવી શંકા થાય કે જ્યારે આર્ય-અનાર્ય તરીકેના વિભાગ કર્મભૂમિમાં જ જણાવવા છે, તો પછી **भरतै-रावत-विदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः** એવા કર્મભૂમિને કહેનાર સૂત્રની પછી જ **आर्या म्लिशश्च** એ સૂત્રનું કથન કેમ ન કર્યું? આ શંકાના સમાધાનમાં સમજી શકાય તેમ છે કે **तासु नरकाः** ની માફક **तासु** એવું પદ મ્હેલવું પડત, વળી એ પદથી અકર્મભૂમિઓ પણ આવી જાત, અને અંતરદ્વીપનો વિભાગ તો અદ્ધર જ રહેત.

૧૪ બત્રીસ વિદેહોરૂપ મહાવિદેહ ક્ષેત્ર છતાં જ્યારે દેવકુરૂ અને ઉત્તરકુરૂને **अन्यत्र** કહીને છોડયા તો પછી સમાનતાની ખાતર ભરત, અરાવતની સીમામાં નીકળી આવેલા અને હૈમવતઆદિથી ખુદ સંબંધ વગરના અંતરદ્વીપોને વર્જવાની ઘણી જ આવશ્યકતા હતી, છતાં તે ન વર્જવામાં આવ્યા તેનું સ્પષ્ટ કારણ એ જ રહે છે કે **આર્ય અને મ્લેચ્છના વિભાગમાં કર્મભૂમિના મ્લેચ્છોની સાથે તે અંતરદ્વીપવાળાને મ્લેચ્છ તરીકે ગણી લીધેલા છે.**

૧૫ શ્રીપ્રશમરતિની અંદર **मानुष्यं कर्मभूम्या-र्यदेश०** ઇત્યાદિ હોવાથી સ્પષ્ટ થાય છે કે કર્મભૂમિમાં જ આર્યાનાર્ય વિભાગ લેવો ઇષ્ટ, છે અને શ્રીપણ્ણવણા તથા શ્રીજીવાભિગમમાં પણ તેવી રીતે આર્યા-નાર્યવિભાગ લીધો છે.

સમગ્ર મનુષ્યોના જો બે ભાગ કરવા ઇષ્ટ ગણીયે તો સંમૂર્છન મનુષ્યોના પણ બે ભાગ માનવા પડે.

૧૬ વસ્તુતઃ મનુષ્યોના આર્ય અને અનાર્ય એમ બે વિભાગ કરવા માટે આ **आर्या म्लिशश्च** સૂત્ર નથી પરંતુ મોક્ષમાર્ગ

બતાવવાનો ઉદ્દેશ હોવાથી આર્યની યોગ્યતા જણાવીને આર્યમનુષ્યપણાની દુર્લભતા આ સૂત્રથી ધ્વનિત કરવાની છે.

આ કારણથી દેવતાઓમાં નિયમિત આરાધનાવાળા લોકાંતિકોને જૂદા સૂત્રોથી જણાવવામાં આવેલા છે.

૧૭ મનુષ્યોમાં પણ આર્ય અને મ્લેચ્છ એવા બે વિભાગ જણાવવા પુરતું आर्या० એ સૂત્ર છે, પરંતુ મનુષ્યોના આર્ય અને મ્લેચ્છ એવા બે જ વિભાગો છે, એમ જણાવવા માટે આ સૂત્ર નથી. એટલે અકર્મ ભૂમિઓ અને સંમૂર્છિમોનો આર્યાનાર્ય તરીકે વિભાગ કરવાનો રહેતો નથી. અને તેટલા માટે सोऽष्टचतुर्भेदः આદિની માફક ते आर्या म्लिशश्च એવું સૂત્ર કર્યું નથી.

૧૮ આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાને જ અનેક પ્રકારના આર્યો છતાં આર્ય તરીકે લેવા છે, માટે તો આર્યોનો વિભાગ નામકર્મ આદિની જગો પર નહિ લેતાં અહિં ક્ષેત્રના અધિકારમાં લીધો છે.

૧૯ કર્મભૂમિમાંજ આર્યાનાર્યનો વિભાગ લેવા માટે ભાષ્યમાં तत्र क्षेत्रार्याः पंचदशसु कर्मभूमिषु जाताः એમ આદિમાં જણાવે છે. નહિંતર પ્હેલેથી अर्धषड्विंशतिषु जनपदेषु जाताः એટલું જ માત્ર કહત.

૨૦ છએ પ્રકારના આર્યોમાં ક્ષેત્રાર્યને ભાષ્યમાં પ્હેલા જણાવ્યા છે, તે પણ ક્ષેત્રની અપેક્ષાએ અહિં આર્યતા લેવી એ જણાવવા માટે બસ છે.

કુલાર્ય વગેરે ભેદો નિક્ષેપાના અધિકારે નામાદિ નિક્ષેપા જણાવવાની માફક પ્રાસંગિક છે અને તેથી मानुष्यकर्मभूम्यार्य० એમ પ્રશમરતિમાં કર્મભૂમિ કહીને પછી આર્ય દેશ જણાવે છે.

૨૧ ક્ષેત્રઆર્યની જગો પર સાડી પચીશ દેશમાં જન્મેલાને ક્ષેત્રાર્ય કહ્યા, તેથી શક-યવનાદિ દેશોના જન્મેલાઓ ક્ષેત્રથી અનાર્ય

ગણાઇ જ ગયા માટે ભાષ્યમાં શક-યવનાદિને અનાર્ય તરીકે જણાવેલ ન હોય.

૨૨ કર્મભૂમિની અકર્મભૂમિથી ભિન્નતા ગણીને ક્ષેત્રાદિ સર્વ પ્રકારના આર્ય ભેદોથી શૂન્ય એવા અંતરદ્વીપવાળાને અનાર્ય તરીકે ગણાવાય.

૨૩ ઋદ્ધિપ્રાપ્ત શ્રીતીર્થંકરાદિ જરૂર કુલાદિથી આર્યજ હોય છે માટે ઋદ્ધિપ્રાપ્તાર્ય ભેદ લીધો નથી, અને તેથીજ શ્રી સ્થાનાંગજીમાં छव्विहा इड्ढिमंतमणुस्सा વગેરે સૂત્રો સામાન્યપણે કહ્યાં છે.

૨૪ ભાષાર્ય તો માત્ર મ્લેચ્છોની અસ્પષ્ટ વાણી અને તેઓમાં અર્ધમાગધીના વ્યવહારની શૂન્યતા જણાવવા માટે રહે.

તેથી સાડા પચીશ દેશમાં પ્રવર્ત્તવાવાળી અર્ધમાગધીથી આર્યો ગણાવ્યા અને સાથે તે દેશોમાં બ્રાહ્મી લિપિની પ્રવૃત્તિ જણાવીને શ્રી પ્રજ્ઞાપનાકારે આર્ય ક્ષેત્રમાંજ ભાષાર્યનું પર્યવસાન કર્યું.

૨૫ એ પણ યાદ રાખવાનું છે કે અનાર્ય એવા પણ કર્મભૂમિનાં ક્ષેત્રો મોક્ષને માટે સર્વથા અયોગ્ય નથી, છતાં તેથી ભિન્નપણે આર્યક્ષેત્રની જે પ્રાપ્તિ તે મોક્ષસાધનની પ્રાપ્તિની સરલતાની અપેક્ષાએ લીધી.

તેવી રીતે અધમ કુલ અને અધમજાતિમાં સાધનનો સર્વથા અભાવ નથી, છતાં કુલ-જાતિની અનુકુલતા હોવાથી કુલાર્ય અને જાતિઆર્ય કહેવાની જરૂર રહે છે, તેથી શ્રીસ્થાનાંગસૂત્રમાં छव्विहा जाइआरिया અને छव्विहा कुलारिया એમ સૂત્રો સ્પષ્ટપણે જણાવ્યાં છે.

૨૬ વળી આર્યદેશ અને આર્યક્ષેત્ર સિવાયના ક્ષેત્રોને નિર્યુક્તિકાર વગેરે ક્ષેત્ર અને દેશ તરીકે નહિં ગણતાં કુદેશ અને કુક્ષેત્ર તરીકે ગણે છે.

માટે माणुस्स० એ ગાથામાં આર્યક્ષેત્ર અને આર્યદેશ જણાવવા માટે खित्त એટલોજ શબ્દ વાપરે છે, અને તેવી જ રીતે શ્રીતત્ત્વાર્થ

ભાષ્યકાર પણ અઢીદ્વીપમાં અન્ય દેશો છતાં પણ બસેં પંચાવન દેશોનેજ આર્ય તરીકે જણાવે છે.

૨૭ વળી શ્રીઉત્તરાધ્યયનસૂત્રના દ્રુમપત્રક અધ્યયનમાં આર્યપણાની દુર્લભતા જણાવીને તુરત અ-હીન-પંચેન્દ્રિયપણાની જે દુર્લભતા જણાવી છે, તે પણ કુલ અને જાતિના આર્યભેદોને આર્યત્વમાં લઈને જણાવેલી છે, એમ સ્પષ્ટ થાય છે.

૨૮ વળી એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શિલ્પ એ આચાર્યના ઉપદેશથી થયેલ કર્મજ છે, માટે શિલ્પ અને કર્માર્ય એકલા જણાવે તો તેમાં મતભેદ રહેતો નથી. કર્મ અને શિલ્પ બન્ને અનેક પ્રકારના તો છેજ.

૨૯ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો તો ઉપદેશ દઈ મોક્ષમાર્ગ જણાવવાના હોવાથી જ્ઞાનાદિ આર્યો ન કહે તેથી કંઇ વ્યાખ્યાની ન્યૂનતા નથી. શ્રીસ્થાનાંગસૂત્રમાં પણ કુલાદિઆર્યો જણાવ્યા છતાં જ્ઞાનાદિ આર્યો નથી જણાવ્યા.

૩૦ જો આ શ્રીતત્ત્વાર્થ ભાષ્ય શ્વેતાંબરોનું અને સ્વોપજ્ઞ ન હોત તો જ્ઞાનાદિઆર્યોને પ્રજ્ઞાપનાની માફક જરૂર જણાવત પણ સ્થાનાંગસૂત્રની માફક તેને અવિવક્ષિત કરત નહિ.

૩૧ દિગંબરટીકાકારોએ એ સૂત્રની વ્યાખ્યામાં દર્શનાર્ય અને ચારિત્રાર્ય એમ બે ભેદો તો લીધા છે, અને જ્ઞાનાર્ય ભેદ નથી લીધો એ વિચિત્રપણુંજ છે.

૩૨ જ્ઞાનઆર્યને બુદ્ધિમાન્ ગણીને આર્યનો અંતર્ભેદ ગણવો દિગંબરોનેજ યોગ્ય ગણાય.

૩૩ ચારિત્રઆર્ય માન્યા છતાં કર્મઆર્યમાં અનવદ્યકર્મ આર્ય ગણવા ગણવા તે પણ દિગંબરોને જ યોગ્ય.

૩૪ અલ્પ-સાવદ્યઆદિકને કર્માર્ય ગણી વ્યાવહારિક ક્રિયા-

રૂપ કર્મની અપેક્ષાએ **કર્માર્ય** ન માનવા અને **ચારિત્રઆર્યતાને** મૂલમાં ન સમજવી તે તેઓનેજ શોભે.

૩૫ જો કે બીજી જગો પર કર્મભૂમિપણું મોક્ષના સાધનભૂત સમ્યગ્દર્શનાદિની ક્રિયા અથવા અસિ-મષી કૃષિની ક્રિયાને લીધેજ ગણવામાં આવે છે, તેથી અસિઆદિની અપેક્ષાએ કર્મભૂમિપણું લેતાં જ્ઞાનાર્ય આદિ ભેદો લેવા પડે.

પરંતુ શ્રી ઉમાસ્વાતિવાચકજી **निर्वाणाय कर्मणः सिद्धिभूमयः कर्मभूमय इति** અર્થાત્ મોક્ષ (કરતી) ક્રિયાની સિદ્ધિ કરનાર ભૂમિઓ છે, તે કર્મભૂમિઓ કહેવાય છે, એમ વ્યુત્પત્તિ ધારતા અને કહેતા હોવાથી તેમણે જ્ઞાનાદિ આર્યો કહેવાની જરૂર ન રહે, તેમના વિવક્ષાથી તો કર્મભૂમિઓમાં જ જ્ઞાનાદિઆર્યો છે.

ઉપરના વિવેચનથી ભાષ્યની સ્વોપજ્ઞતા, શ્વેતાંબરતા અને સંપૂર્ણ વ્યાખ્યાદિતા સિદ્ધ થશે એ આશા યોગ્ય જ ગણાય.

મા...ર્મિ...ક...સ...દુ...પ...દે...શ

- ખાવામાં ગળપણને પસંદ કરનારી જીભ કડવી ભાષા કેમ વાપરતી હશે? એ વિચારતાં આપણી સંસ્કારપરાધીનતા જરૂર સમજાઈ જશે.
- દુષાયોની ક્રોડો મણની શિલા નીચે દબાયેલ આત્માને મુક્ત કરાવનારી જિનશાસનની ક્રિયાઓમાં સાવધ થવું આપણી ફરજ છે.
- લૂખી રોટલીથી પણ પેટ તો ભરાઈ જાય છે, પરંતુ દૃષ્ટિ ઉત્તમોત્તમ પદાર્થોથી પણ તૃપ્ત થતી નથી.

# શાસન નાયક ચરમતીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીના કલ્યાણુકોની આરાધનાનું રહસ્ય—મહત્ત્વ

[ સ્વનામધન્ય ગીતાર્થશિરોમણિ, આગમપારદશ્વા, આગમ-વાચનાદાતા, ધ્યાનસ્થ, સ્વર્ગત, પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ શાસન નાયક તરીકે પ્રભુ મહાવીર દેવના કલ્યાણુકોની આરાધના કરવાની મહત્તા અને રહસ્ય આ લઘુલેખમાં જણાવેલ છે.

પ્રાસંગિક આમાં વર્તમાનયુગના ગાડરીયા પ્રવાહની જેમ જયંતિની ઉજવણીનું તૂત જે ચાલ્યું છે તેના પ્રતિ પણ પૂજ્યશ્રીએ માર્મિક અંગુલિનિર્દેશ કર્યો છે.

જે ખૂબજ ગંભીરભાવે સમજી અવિવેકભરી જયંતિની ઉજ-વણીની ક્રિયાને તિલાંજલિ આપવી જરૂરી છે. સં૦ ]

## ત્રૈલોક્યનાથ ભગવાન મહાવીર

જે મહાપુરુષના અવ્યાબાધ પ્રભાવશાળી વચનથી વર્તમાનકાળમાં ભવ્ય પ્રાણીઓ હેય-ઉપાદેયનું ભાન કરી વર્જવાલાયક આરંભ-પરિ-ગ્રહ તથા વિષય-કષાયથી વિરમવાપૂર્વક આત્માના સ્વરૂપમય સમ્યગ્-દર્શન લાયક જ્ઞાન અને ચારિત્રને પરમ શ્રેયસ્કર હોઈ આદરે છે અને અનંત દુઃખમય સંસાર-સમુદ્રથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે, તે બીજા કોઈજ નહિ પરંતુ ચરમ તીર્થંકર ભગાવન શ્રી મહાવીર મહારાજા વર્તમાન શાસનના માલિકજ છે.

યાદ રાખવાની જરૂર છે કે બુદ્ધિશાળી મધ્યસ્થ પુરુષોએ પરમેશ્વરને ભૌતિક પદાર્થના અવનવા ઉત્પાદ, સ્થિતિ કે નાશને અંગે પૂજ્ય માનેલા હોતા નથી, પણ—

જગતભરના દુઃખાર્ત-અશરણ આત્માઓને આત્માનું અવ્યાબાધ સ્વરૂપ જણાવી, તેના માર્ગો સમજાવી, તેને અમલમાં મુકવા સાધનો બતાવી વ્યક્તિ વિશેષના કોઈપણ પ્રકારના તફાવત વિના અવ્યાબાધ મોક્ષપદને પ્રાપ્ત કરાવવા તૈયાર થનાર પરમ જ્ઞાની યથાર્થતત્ત્વ-ઉપદેશક મહાપુરુષનેજ પરમેશ્વર તરીકે માનેલા હોય છે, અને એવા મહાપુરુષ વર્તમાન શાસનના પ્રણેતા ભગવાન મહાવીર છે.

સામાન્યદષ્ટિએ અનાદિકાલના મહાબળવાન કર્મ-પટલના આવરણથી જીવોમાં ગુણનો આવિર્ભાવ નથી હોતો છતાં પૂર્વભવના પુણ્યના યોગે જેઓને મનુષ્યત્વાદિક સામગ્રી મળી છે, તેઓને મહાપુરુષોના વચનોનું શ્રવણ મળતાં આત્માના અવ્યાબાધ ગુણોનું ભાન થવા સાથે તેની પરાકાષ્ઠાપ્રાપ્તિને પરમ પુરુષાર્થ તરીકે માનવાનું થાય છે, છતાં તે પરાકાષ્ઠા પામવાનું સામર્થ્ય તે જ્ઞાનાદિકની પરાકાષ્ઠાને પામેલા મહાપુરુષોની દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારની ભક્તિરૂપી ગંગાપ્રવાહથી કર્મપટલ તણાઇ જવાને લીધે જ મેળવી શકાય છે, અને તે ભક્તિનો પરમ પ્રકર્ષ તે મહાપુરુષના ગર્ભાદિક કલ્યાણક દિવસોને ઉદ્દેશીને અવિચ્છિન્નપણે વર્તે એ હકીકત વાચકોના અનુભવથી બહાર નથી.

આ કારણથી અસંખ્યાત કોડાકોડી જોજન દૂર રહેલા અને વિષયમાં અત્યંત આસક્ત એવા પણ ઇંદ્રાદિક દેવો ભગવાનના ગર્ભ-જન્માદિકને ઉદ્દેશીને અહીં નંદીશ્વરદ્વીપે અઠ્ઠાઈ મહોચ્છવ કરવા આવે છે.

પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી પંચાશકશાસ્ત્રની અંદર સ્પષ્ટપણે ફરમાવે છે કે—

"ત્રૈલોક્ય પૂજિત ભગવાન તીર્થંકરોના કલ્યાણક દિનોને

ઉદ્દેશીને દરેક ભવ્યોએ દ્રવ્ય-ભાવભક્તિ વિગેરેમાં જરૂર પ્રવૃત્ત થવું જોઈએ."

જે મનુષ્યો ભગવાનના કલ્યાણક મહોત્સવના દિવસોએ દ્રવ્ય-ભાવ ભક્તિ વિગેરેથી ભગવાનની આરાધનામાં વિશેષે પ્રવૃત્ત થતા નથી, અને સંસારીના જન્મ, વિવાહ આદિ જેવા કૃત્યને અંગે ભગવાનની આરાધનામાં વિશેષ પ્રવૃત્ત થાય છે; તેઓ વસ્તુતઃ ભગવાનની સાચી આરાધનામાં પ્રવર્તેલા નથી એમ સમજવા કે કહેવામાં બાધ નથી.

આ કારણથી વર્તમાન સમયમાં પણ સકલ ભવ્ય જીવોએ અન્ય નિમિત્તે ભગવાનની આરાધનાની પ્રવૃત્તિ કરવા પહેલાં ત્રણજગતના નાયક ભગવાન્ તીર્થંકરોના ગર્ભાદિક કલ્યાણક દિવસોમાં દ્રવ્ય-ભાવભક્તિ વિગેરેથી આરાધના કરવા તત્પર રહેવું જોઈએ.

કેટલાક વ્યાખ્યાતા અને ઉપદેશકો વર્તમાન શાસનના અધિપતિ ભગવાન્ મહાવીર મહારાજનો ચૈત્ર સુદિ તેરસને દિવસે જન્મ કલ્યાણકનો દિવસ ઉજવતાં મહાવીર જયંતિનો દિવસ કહી ભગવાનના મહિમા વિગેરેનું સભા સમક્ષ ગાન કરે છે તેઓએ ધ્યાન રાખવાની જરૂર છે કે—

**દેવ-દાનવથી પૂજિત એવા તીર્થંકરોને જ ફક્ત લગાડતા કલ્યાણક એવા પવિત્ર શબ્દને છોડીને જયંતિ સરખા હરકોઈ ઐતિહાસિક સારા મનુષ્ય ને અંગે વપરાતો શબ્દ ગોઠવીને ત્રિલોકપ્રભુના સન્માનમાં શબ્દથી પણ અવનતિ કરવી નહિ.**

પરમ તારક જિનેશ્વરદેવોના કલ્યાણકોનું આરાધન કરવાવાળા ભવ્ય આત્માઓએ પોતપોતાના સ્થાને પણ વિશેષથી પૌષધાદિક ધર્મક્રિયા અને રથયાત્રાદિક ભક્તિ કરવામાં આદરપૂર્વક પ્રવૃત્ત થવું જોઈએ, અને તેમ કરવામાં આવે તો જ યથાર્થ રીતે કલ્યાણકની આરાધના કરી ગણી શકાય.

જો કે આ અવસર્પિણીને અંગે અનંતર કે પરંપર ઉપકારદ્વારા ચોવીસે તીર્થંકરો જગતમાત્રના ઉપકારી છે, અને આત્માના અવ્યા-

બાધ ગુણાદિકની અપેક્ષાએ ચોવીસે તીર્થંકરોમાં કોઇપણ પ્રકારે તરતમતા નથી, તોપણ નજદીકમાં વર્તમાન શાસનને સ્થાપનાર જિનેશ્વર ભગવાન્ મહાવીરદેવનો અનહદ ઉપકાર આ શાસન ઉપર રહેલો છે.

વાસ્તવિક રીતિએ તો ભગવાન્ મહાવીર મહારાજની ત્રિકાલાબાધિત વાણીના પ્રભાવથી જીવાદિક તત્ત્વોના જ્ઞાનની માફક ભગવાન્ ઋષભદેવ આદિક ત્રેવીસ તીર્થંકરોના યથાવત્ વૃત્તાંતને-ભવ્યો જાણી શકે છે.

તેથી વર્તમાન શાસનના અધીશ્વર ભગવાન્ મહાવીર મહારાજના કલ્યાણક દિવસને આરાધવાની દરેક ભવ્ય જીવોને જરૂર છે.

સમજવાની જરૂર છે કે ભગવાન્ મહાવીરદેવે કરેલું તત્ત્વનિરૂપણ અને તીર્થંકરોનું ઈતિવૃત્ત બીજાદ્વારા કે બીજાના ઉપદેશે જાણેલું ન હતું, પણ તે સ્વયંભૂ મહાત્માએ પોતાના જ્ઞાનથી જ અવલોકીને નિરૂપણ કરેલું હતું.

માટે આચાર્યાદિકની માફક ભગવાન્ તીર્થંકરો કથિતના કથકો નથી પણ સ્વયંભૂ કેવળ જ્ઞાનથી જાણેલા તત્ત્વોના કથક છે,

માટે તેઓના અપ્રતિમ ઉપકારને અને પરાકાષ્ઠાપ્રાપ્તગુણોને સંભારીને દરેક ભવ્યોએ એમના કલ્યાણક દિવસે તો એમની આરાધનામાં જરૂર પ્રવૃત્ત થવું જોઈએ.

## વીતરાગની ભક્તિ

૦ વીતરાગની ભક્તિ વિધિપૂર્વક કરવાથી અનેક જન્મોના ક્લિષ્ટ કર્મો પણ તુટી જાય છે.

## સાધુવિહારની મહત્તા

### સુવિહિત સાધુઓના વિહારનાં વિવિધ ફળો

[ આગમ-મર્મજ્ઞશિરોમણિ, આગમતલસ્પર્શી, મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનકુશળ, બહુશ્રુતપુંગવ, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ તા. ૨૧-૧૧-૩૪ ના શ્રીસિદ્ધચક્ર ( પાક્ષિક ) માં પૂ. શ્રમણ-શ્રમણીઓના ગ્રામાનુગ્રામ વિહારના માર્મિક રહસ્યને જણાવનાર લઘુલેખ લખેલ, તે અહીં વર્તમાનકાળે વિહારની મર્યાદાઓને વ્યવસ્થિત કરી યોગ્ય લાભ પૂ. સાધુ-સાધ્વી ભગવંતો આપી શકે, તે સદાશયથી પુનઃપ્રકાશિત કરાય છે. સં. ]

જૈન-જનતા એ વસ્તુ સારી પેઠે જાણે છે કે સંસારનો ત્યાગ કરી મોક્ષમાર્ગને સાધવામાં મશગુલ બનેલા મુમુક્ષુઓ એક સ્થાનના પ્રતિબંધવાળા હોતા નથી.

શાસ્ત્રકારોએ પણ નિત્યવાસને કરનારા સાધુઓની દશા અધમતમ ગણાવી તેઓને સાધુપણાથી દૂર રહેલા ગણાવ્યા છે, તેથી પાસત્થા વિગેરે પાંચ કુગુરુઓની માફક નિત્યવાસીને પણ અવંદનીય ગણાવેલ છે.

શાસ્ત્રોમાં સાધુઓના વિહારને માટે આઠ મહિનાના આઠ કલ્પ અને ચોમાસાના ચાર મહિનાનો એક કલ્પ એમ નવ કલ્પથી વિહાર જણાવેલો છે.

જો કે દુર્ભિક્ષ, રોગ, અશક્તિ વિગેરે કારણોથી માસકલ્પની મર્યાદાએ ક્ષેત્રાંતર ન થાય અને તેથી તેનું આભાવ્ય (માલિકીપણું)

જતું નથી તોપણ દુર્ભિક્ષાદિક કારણ સિવાય શાસ્ત્રોમાં માસકલ્પની મર્યાદા શેષકાળ માટે નિયમિત છે, અને તેથી સાધુઓના દશ પ્રકારના આચારને અંગે માસકલ્પ નામનો નવમો કલ્પ ભગવાન મહાવીર મહારાજના શાસનમાં અવસ્થિત એટલે નક્કી તરીકે માનેલો છે.

દશ કલ્પને જણાવનાર શ્રી બૃહત્કલ્પ, શ્રી પંચવસ્તુ, શ્રી પંચાશક, શ્રી પ્રવચન સારોદ્ધાર યાવત્ શ્રી પર્યુષણ કલ્પની વિવિધ ટીકાઓમાં શ્રીમહાવીર ભગવાનના શાસનને અંગે દશે પ્રકારના કલ્પોનું નિશ્ચિતપણું જણાવતાં માસકલ્પ નામના કલ્પનું પણ નિશ્ચિતપણુંજ જણાવેલું છે.

વર્તમાનમાં જે કોઈપણ સ્થળે જે કોઈપણ મહાત્મા અધિક રહે છે તેમાં જો શાસ્ત્રોક્ત કારણ ન હોય તો તે પ્રમાદ ગણાય.

શાસ્ત્રકારોએ રાત્રિભોજન વિરમણને છઠ્ઠું જણાવેલું છે જેમાં એવા પાંચે મહાવ્રતોનો પાક્ષિક સૂત્રમાં આલાવો જણાવતાં **उवसंपज्जित्ताणं विहरामि** એ વાક્ય સ્પષ્ટપણે જણાવ્યું છે અને ટીકાકારે તેની સ્પષ્ટ વ્યાખ્યા કરી છે કે વિહાર ન કરે અને માસકલ્પાદિક મર્યાદા ન સાચવે તો તે મહાવ્રતોનો અંગીકાર નિષ્ફળ છે.

આ બધી હકીકત વિચારનાર મનુષ્ય સહેજે સમજી શકશે કે ચતુર્માસની પૂર્ણતાએ દરેક સાધુ જ્યાં ચતુર્માસ કર્યું હોય તે ક્ષેત્રથી વિહાર કરવાને તૈયાર થાય, તેમાં તેમના સાધુપણાની રક્ષા છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓને વિહાર કરવો આવશ્યક હોવાથી શાસ્ત્રકારોએ વિહાર કરતાં માર્ગમાં આવતી નદીના ઉલ્લંઘનની અને કદાચ વધારે પાણી હોય અને બીજેથી ફરીને ન જવાય તેમ હોય તો સામે કિનારો દેખાતો હોય તો વહાણ વિગેરે દ્વારા પણ નદી ઓળંગવાની છૂટ આપી છે, અને તેથી શાસ્ત્રકારો **ण इक्कमवि** એમ કહી નદી ઉતરનારો ત્રિલોકનાથ તીર્થં-

કરની આજ્ઞામાં છે, પણ આજ્ઞાને ઓળંગનાર નથી એમ સ્પષ્ટ જણાવે છે. ભગવાન્ જિનેશ્વર મહારાજનું તાત્પર્ય નદીના જલના જીવોની વિરાધના ઉપર નથી, પરંતુ તેવી રીતે નદી ઉતરીને પણ સાધુએ અપ્રતિબદ્ધ વિહારી રહેવું જોઈએ, એમ જણાવી સાધુઓના અપ્રતિબદ્ધ વિહારીપણામાં તાત્પર્ય રાખેલું છે.

આ ઉપરથી જેઓ એકાત દ્રવ્યહિંસાના પરિહારમાં ધર્મ અને જિનેશ્વર મહારાજની આજ્ઞા સમજતા હોય તેઓએ દ્રવ્યહિંસાના પરિહારનું બાધ્યપણું અને ચારિત્રઆદિકનું રક્ષણીયપણું આંખ મીંચીને વિચારવું જોઈએ.

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓને પોતાના ચારિત્રના રક્ષણને માટે જો કે વિહાર કરવાનો છે, છતાં તેવી રીતે વિચરવાથી જુદા જુદા સ્થાનોના પર્યટનમાં શ્રીજિનેશ્વર મહારાજની જન્મ, દીક્ષા, કેવળ અને નિર્વાણની ભૂમિઓરૂપી પવિત્ર તીર્થોના દર્શનનો લાભ મળે અને તેથી સમ્યક્ત્વની અત્યંત નિર્મળતા થાય એ હકીકત શાસ્ત્રોક્ત હોવા સાથે વિહાર કરનારાઓને અનુભવસિદ્ધ છે.

વળી સુવિહિત સાધુસમુદાયના આવવા-જવાથી તીર્થસ્થાનનો મહિમા વધે અને તેથી અનેક ભવ્ય આત્માઓ ઉલ્લાસવાળા થઈ તીર્થભક્તિમાં તન, મન અને ધનથી પ્રવૃત્ત થાય એ સ્વાભાવિક છે. **महाजनो येन गतः स पन्थाः** એ ન્યાય ખરેખર આવી રીતે સાધુ મહાત્માઓના સ્પર્શઆદિના પ્રભાવથી તીર્થના પ્રકૃષ્ટ મહિમામાં લાગુ પડે છે.

વર્તમાનકાળમાં પણ જે જે તીર્થસ્થાનોમાં પવિત્રતમ સુવિહિત મહાત્માઓનું જવું વિગેરે થાય છે, ત્યાં ત્યાં તીર્થનો મહિમા અત્યંત વધે છે અને જે તીર્થો ઘણા મોટા છતાં પણ સુવિહિત સાધુ મહાત્માઓના આવાગમનથી શૂન્ય હોય તેનો મહિમા તેવો વધતો નથી એ પ્રત્યક્ષ દેખાય છે.

આ કારણથી ગુજરાત દેશની અંદર રહેલા સામાન્ય તીર્થની

પણ જાહોજલાલીને અન્ય દેશના મહાતીર્થો પણ પહોંચી શક્યાં નથી, એ વાત સ્પષ્ટ દીવા જેવી છે.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે સાધુ મહાત્માઓના વિહારનું ફળ તીર્થોની ઉન્નતિ પણ છે. જેવી રીતે ચૈત્ય અને તીર્થોની જાહોજલાલીથી સાધુ મહાત્મા અને ઇતર જૈનોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, શુદ્ધિ અને વૃદ્ધિ વિગેરે સત્પુરુષોના વિહારથી થાય છે, તેવી રીતે સત્પુરુષોને પણ દેશ–દેશાંતરમાં ભ્રમણ કરતાં કોઈ તેવા દર્શન–પ્રભાવક સમ્મતિતર્ક આદિ શાસ્ત્રોને ધારણ કરનારા મહાપુરુષનો યોગ મળે અને તેમની પાસેથી તે તે દર્શન–પ્રભાવક શાસ્ત્રો ગ્રહણ કરવા દ્વારા તેમજ દર્શન–વિઘાતક શંકાઓના સમાધાન મેળવવા દ્વારા સમ્યગ્દર્શનની પ્રભાવના અને નિર્મળતા થાય તે પણ વિહારનો ગુણ છે.

દર્શનપ્રભાવક શાસ્ત્રોની માફક બીજાં પણ નવા–નવા શાસ્ત્રો જાણનારા, અપૂર્વ સૂત્રાર્થને ધારણ કરનારા તેમજ વાચનાદિક સ્વાધ્યાયમાં અત્યંત નિપુણ એવા મહાપુરુષોના યોગે વિહાર કરનાર સાધુમહાત્માને અપૂર્વ જ્ઞાનનો લાભ થાય તે કાંઈ ઓછો લાભ નથી. જેવી રીતે પૂર્વે દર્શન અને જ્ઞાનનો લાભ વિહાર દ્વારા જણાવ્યો તેવીજ રીતે શ્રાવકાદિકના કુટુંબનું મમત્વ, ગ્રામ, ઉપાશ્રય વિગેરે ક્ષેત્રની પ્રતિબદ્ધતા તેમજ ભક્ત અને સ્વજન સંબંધી કુટુંબો ઉપર મમત્વભાવ એ સર્વ ચારિત્રના પ્રાણને સર્વથા નાશ કરનાર છે. તેનાથી બચવા માટે ચારિત્રની રક્ષાના અર્થી સાધુઓને વિહારની આવશ્યકતા હોય તે સ્વાભાવિક છે

ઉપર જણાવ્યા પ્રમાણે સુવિહિત સાધુ મહાત્માઓના સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉદયમાં હેતુભુત જેમ તેમનો વિહાર છે, તેમ શ્રાવક–શ્રાવિકાના ઉદયને માટે પણ મહાપુરુષોના વિહારની આવશ્યકતા ઓછી નથી.

વાચક સ્પષ્ટપણે સમજી શકે છે કે જે જે કાલે જે જે ક્ષેત્રમાં

સુવિહિત સાધુ મહાત્માઓનો વિહાર થતો હતો કે થાય છે તે તે કાલે તે તે ક્ષેત્રો ધર્મના કેન્દ્ર તરીકે રહેલાં છે.

વર્તમાનકાળમાં ગુજરાત દેશે કેન્દ્રપણાનું કાંઈ સર્ટિફિકેટ મેળવેલું નથી અને મગધ, મારવાડ, મેવાડ, માળવા, મહારાષ્ટ્ર વિગેરે દેશોએ ધર્મના કેન્દ્રપણામાં રાજીનામું આપ્યું નથી, પણ સદીઓથી ગુજરાતમાંથી ભવ્યાત્માઓ પોતાના આત્માને ઉજ્જવલ કરનારા અને ચારિત્રમાર્ગે પ્રયાણ કરી સ્વ–પરોપકારને સાધનારા થયા છે અને તેથી વર્તમાનમાં ગુજરાત જૈનધર્મનું કેન્દ્રસ્થાન બનેલું છે.

જો કે ઉપર જણાવેલા મગધાદિક દેશોમાં સુવિહિત સાધુઓનો વિહાર થતો જ નથી એમ કાંઈ નથી, પણ ગુજરાતની અંદર જે સ્થાન સ્થાન પર આહ્લાદ ઉપજાવનારાં ચૈત્યો, ગુરુ અને ધર્મ, મનોહર મૂર્તિઓ અને લોકોની ભાવભક્તિ વિહાર કરનારા પૂજ્ય મહાત્માઓના સમ્યગ્દર્શનની વૃદ્ધિમાં કારણભૂત થાય છે તે અપૂર્વ જ છે.

અનુભવી મનુષ્યો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે તીર્થો, ચૈત્યો, ગુરુ અને ધર્મ એ સર્વનો ઈજારો જાણે ગુજરાતે લીધો ન હોય તેમ સ્પષ્ટ દેખાય છે.

યાદ રાખવાની જરૂર છે કે આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ કે ગણી એવી ઊંચી પદવીને નહિ ધારણ કરનારા સામાન્ય સાધુઓથી પણ જૈન–જનતા અપુર્વ લાભ મેળવી શકી છે :–

## સાધુ વિહારના વિશિષ્ટ ફળો :–

૦ સામાન્ય કે વિશેષ કોઈપણ સાધુના દર્શન કરનાર જૈનને પોતે જૈન છે એવું ભાન થાય છે, આ કારણથી જે જે સ્થાને સામાન્ય કે વિશેષ સાધુ મહાત્માઓનો વિહાર હોતો નથી, તે તે સ્થાનોના જૈનો પોતાના જૈનત્વને ભૂલી જાય છે.

૦ સામાન્ય કે વિશેષ સાધુમહાત્માના સમાગમમાં આવવાવાળો મનુષ્ય જીવાદિક તત્ત્વ અને દેવાદિક રત્નત્રયીને સમ્યગ્ રીતે ઓળખનારો થઈ સમ્યગ્ધર્મને પામી શકે છે.

૦ સામાન્ય કે વિશેષ સાધુમહાત્માઓના સમાગમમાં આવનારા મનુષ્યો સંસારનું આરંભ-પરિગ્રહમયપણું અને વિષય-કષાયમયપણું સમજી તેને ભયંકર ગણી ચારિત્રરત્નને આદરવા તત્પર થાય છે.

૦ આરંભ-પરિગ્રહની આસક્તિને લીધે કે બીજા કોઈ પણ કારણથી જે લોકો ચારિત્રને ગ્રહણ નથી કરી શકતા, તેઓ પણ સર્વથા પાપ છોડવારૂપી સાધુપણું જરૂરી છે, એમ માનવાપૂર્વક હિંસાદિક પાપોની કંઈક કંઈક અંશે પણ વિરતિ કરનારા થાય છે, તે પણ સાધુ મહાત્માઓના થતા સમાગમને આભારી છે.

૦ જગતમાં-જાહેર પ્રસિદ્ધ થયેલ જીવદયા, રાત્રિભોજનનો પરિહાર, અનંતકાય અને અભક્ષ્યનો ત્યાગ વિગેરે જૈનપણાનો સામાન્ય આચાર, છે, તેનો પણ પરિચય સાધુમહાત્માઓના સમાગમથી થાય છે.

૦ સામાયિક, પૌષધ વિગેરે સાધુપણાના મહેલની નીસરણીરૂપે ગણાતાં શિક્ષાવ્રતો પણ ત્યાં આચરી શકાય છે અને રસમય બને છે કે જ્યારે સામાન્ય કે વિશેષ કોઈ પણ સાધુ મહાત્માના સમાગમમાં અવાય.

૦ અનુકંપાદિક પાંચે દાનોમાં ઉત્કૃષ્ટતમ તરીકે ગણાતા સુપાત્રદાનને આચરીને તેનો લાભ મેળવવાને માટે શ્રાવક-શ્રાવિકા-વર્ગ સાધુ મહાત્માઓના વિહારથી થતા સમાગમને લીધે ભાગ્યશાળી બને છે.

૦ પૂજા, પ્રભાવના, સાધર્મિક વાત્સલ્ય અને વિનય, વૈયાવચ્ચ આદિનું સ્વરૂપ, તે કરવાથી થતો લાભ વિગેરે જાણી તેમાં તેમાં પ્રવૃત્તિ કરવાનું અહોભાગ્ય પણ સાધુ મહાત્માઓના વિહારથી થતા સમાગમને આભારી છે.

૦ ચૈત્ય, પ્રતિમા, પાંજરાપોળ, ઉપાશ્રય વિગેરે ઉપયોગી સ્થાનોના લાભો પણ સાધુ મહાત્માના સમાગમથી ઘણી મોટી સંખ્યામાં લેનારા થાય છે.

૦ અન્ય ધર્મીઓ કે જેઓના દેવો વિષય-કષાયમાં રાચેલા, ગુરુઓ આરંભ-પરિગ્રહમાં મસ્ત બનેલા અને ધર્મ કે જે દયાના દેશથી પણ દૂર દોડી ગએલો હોય છે તેવાઓ પણ અઢાર દોષ રહિત વીતરાગ પરમાત્મા દેવ ઉપર, પંચમહાવ્રતપાલક, કંચન કામિનીના ત્યાગી એવા ગુરુ ઉપર અને જગતના જીવમાત્રને હિત કરનાર દયાપ્રધાન સંયમ આદિ ધર્મ ઉપર જે જૂઠા કટાક્ષો કરતા હોય તેનું યથાર્થ સમાધાન મેળવી કુદેવ, કુગુરુ અને કુધર્મના ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવા પૂર્વક સુદેવ, સુગુરુ અને સુધર્મનો અંતઃકરણથી મોક્ષ પ્રાપ્ત કરવા માટે આરાધન કરવાનું સુવિહિત સાધુઓના સમાગમથી બને છે.

ઉપસંહારમાં જણાવવાનું કે તે તે ક્ષેત્રોમાં વિચરતા તે તે મહાત્માઓએ તથા તે તે ક્ષેત્રમાં રહેલ શ્રાવક-શ્રાવિકાઓએ આ લેખ ધ્યાનમાં રાખી પોતાનાથી બની શકે તેટલો લાભ દેવા અને લેવા તૈયાર થવું અને તેમાં આત્માનું શ્રેય છે એમ માનવું એ જ આ લેખનો ઉદ્દેશ છે એને સર્વ સફળ કરો.

## ટંકશાળી સુવચનો

- શાસ્ત્રીય મર્યાદાના લક્ષ્ય વિના કરાતી ધર્મક્રિયા વર વિનાની જાન જેવી છે.
- કર્મ સિવાય કોઈને પણ દુશ્મન માનવા તે મિથ્યાત્વનું ચિહ્ન છે.
- કર્મક્ષયના ધ્યેયને કેન્દ્રમાં રાખી સઘળી પ્રવૃત્તિ કરે તે જૈન.
- પર પ્રાણની પીડાના રક્ષણ માટે બોલાતું જુઠું તે જુઠું નથી પણ સત્ય છે.
- ભંગ થઈ જવાના ભયથી વ્રત-નિયમ ન લેવા તેવી માન્યતાવાળા જીવો ધર્મની ભૂમિકા પામી શકતા નથી.

## પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની
## સિંહઘોષણા
## ચતુર્વિધ શ્રીસંઘના નાયક રૂપે
## શ્રમણ સંઘનું કર્તવ્ય

[આગમોના માર્મિક અભ્યાસી ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારકશ્રીએ આજથી ચાર દસકા પહેલાં સાધુસંઘની કર્તવ્યદિશા તરફ આંગળી ચીંધવારૂપે જે સિંહઘોષણા જ્વલંત શબ્દોમાં કરી હતી તે આજના તબક્કે વધુ ઉપયોગી હોઈ શ્રી સિદ્ધચક્ર (પ્રથમ વર્ષ અં ૨૦)માંથી ઉદ્ધૃત કરી અહીં પુનર્મુદ્રિત કરવામાં આવે છે.

સં.]

રાજસત્તાનું પોતાનું બળ જે ચાલે છે, તે જેટલું તેની શક્તિને અવલંબીને હોય છે; તેટલું જ તેના વિશાળ પ્રાપેગેન્ડાને પણ આભારી છે. એક સામાન્ય ગામડામાં રહેતા ગામડીયાને પણ એ શક્તિની પ્રચંડતાનો ખ્યાલ હોય છે અને તે સામાન્ય ગામડીયો પણ એ રાજસત્તાના ધુરંધરો હજારો કે લાખો ગાઉ દૂર હોવા છતાં, તેમને નમે છે.

એ સઘળું થવામાં એકજ વસ્તુ કારણભૂત છે અને તે એ છે કે **રાજસત્તાના ધુરંધરોનું પોતાની સત્તાને ગૌરવશીલ રાખવા માટેનું એકધારૂં કાર્ય રાજસત્તાની ગૌરવશીલતા પોષવાની પાછળ લેવાતો પરિશ્રમ આમ અનન્ય હોય છે. એ પરિશ્રમ કરતાં ધર્મસત્તાના ગૌરવને અખંડિત રાખવા માટે લેવાનારો પરિશ્રમ પણ ઓછો ન હોવો જોઈએ – ઓછો ન હોઈ શકે.**

રાજસત્તાને અને ધર્મસત્તાને જ્યારે ન્યાયના અખંડ અને અભંગ ત્રાજવામાં નાંખીને તોળીએ છીએ, ત્યારે હંમેશા ધર્મ-

સત્તાનું ત્રાજવું નમી જાય છે. તેના ગૌરવ તરફ સહૃદય આપણા નયનો ખેંચાય છે અને એ ગૌરવને આપણું હૈયું ભાવભીની આંખે નમી પડે છે.

એક તરફ અમુક એક સંસ્થા કે મંડળનો સ્વાર્થ છે, બીજી તરફ સ્વાર્થ તદ્દન પ્રજાળી નાંખવામાં આવ્યો છે. એક તરફ પોતાનાં વચનો મનાવવા પહેલી સૂચના, પછી આગ્રહ, પછી આજ્ઞા અને પછી દંડ યોજાય છે, બીજી તરફ સનાતન સત્યો, તે કોઈ સ્વીકારો કે ના સ્વીકરો તેની પરવા વિના માત્ર રજૂ કરવામાંજ આવે છે. એક તરફ ધારાના ગુણગાન ગવાય છે, બીજી તરફ માત્ર જીવદયાના વાતાવરણનું રાજ્ય વિસ્તરે છે.

આ છે ધર્મસત્તાની ગૌરવશીલતા!

આ છે તેની મહાનતા!!

આ છે તેની ઉત્તમતા!!!

આવી ધર્મસત્તા એટલે ધર્મનું વાતાવરણ સંસારમાં પ્રવર્તાવવાને માટે આપણે હિમાલયો તોડી નાંખીએ, સમુદ્ર સૂકવી નાખીએ કે બીજી કોઈ અશક્ય ઘટના સિદ્ધ કરીએ; તે પણ ઓછી છે. હવે આપણે વિચારીએ કે એ ધર્મનું વાતાવરણ ભૂમિતળમાં ઉતારવા આપણા શા પ્રયત્નો છે? – શા પ્રયત્નો હોવા જોઈએ!!

આ સંબંધમાં ચતુર્વિધસંઘની એટલે – સાધુ – સાધ્વી – શ્રાવક અને શ્રાવિકા–એની ફરજ કાંઈ ઓછી નથી. તેમાં પણ ચતુર્વિધ સંઘના નાયક તરીકે શ્રમણસંઘની વધુ છે.

જ્યારે ચાતુર્માસનો આરંભ થાય છે ત્યારે સાધુ મહારાજો અને સાધ્વીજીઓની સ્થિરતા જ્યાં ત્યાં નિશ્ચિત થઈ જાય છે. આ સંજોગોમાં ધર્મનું વાતાવરણ સમસ્ત ભારતવર્ષમાં એવી રીતે જાગૃત થવું જરૂરી છે, એવી રીતે પ્રસારી દેવું ઘટે કે એકવાર ફરી જૈનદર્શનની નામનાથી અને તેના સત્ય સિદ્ધાંતોની સુવાસથી જગતનો પ્રાણીવર્ગ પ્રફુલ્લિત બની રહે. જૈનદર્શનના વિશાળ કમળાકરમાં ઉગેલા

કમળસમાન આગમોનો પરાગ સર્વત્ર પ્રસરી રહે, અને જૈનત્વની દિગ્વિજયી છાયામાં જૈનજૈનેતરોને મીઠો વિશ્રામ મળતાં તેઓ પોતાના જીવનના અહોભાગ્ય નીરખી શકે. પણ એ બને શી રીતે ?

એનો એક જ માર્ગ હોય. જૈનદર્શન ચાતુર્માસ માટે શ્રાવક શ્રાવિકાઓ માટે જે ધર્મ કાર્યો યોજ્યા છે, તેને બની શકતી શક્તિએ એકેએક જૈન ગૃહસ્થ અને જૈન સન્નારી ઊંચકી લે.

સ્થળે સ્થળે નિવાસ કરી રહેલા સાધુજી મહારાજા અને સાધ્વીજી મહારાજાઓ ધર્મદેશનાની ભવ્ય ઘોષણાથી સમગ્ર સ્થાનને ગરજાવી મૂકે અને તે એવી રીતે ગરજાવી મૂકે તેની સુવાસ દૂર દૂર ફેલાઈ જે સ્થળે સાધુમહારાજો કિંવા સાધ્વીજી મહારાજોનો નિવાસ ના હોય ત્યાંના પણ હજારો માનવજીવો ટોળેટોળા સાધુજી મહારાજાઓ પાસે ધર્મદેશના શ્રવણ કરવા ધસી આવે અને એ ધર્મદેશનામાંથી દરેક ભવ્યજીવ પોતાની બુદ્ધિશક્તિ પ્રમાણેનો લાભ ઉઠાવી પોતાનું જીવન સાર્થક કરે.

સંઘમાં ધર્મને નામે જે શિથિલતા ભરાઈ હોય, જમાનાવાદને નામે અંધકારવાદ અંધમાં ઘુસ્યો હોય બ્રહ્મચર્યની મહત્તાના યશોગાનને બદલે તેના ભંગમાં જ આનંદ માનવાની ઘોષણા સંભળાતી હોય અને કર્મનો નાશ કરવાની વાતોને ઠામે પ્રગટપણે કર્મસંચય વધારવાની જ લગની પ્રવર્તમાન થતી હોય.

એ ભયંકર ભાવનાના નાળાં, એ વિષતૂલ્ય વાતાવરણનો કાદવ અને એ અનાર્ય જનતાને શોભતો અનર્થવાદ, સઘળાને – સઘળાના પ્રભાવને નિર્મૂળ કરીને ત્યાં એક ધર્મનું જ સુંદરતમ સામ્રાજ્ય પ્રવર્તાવવાની ચાતુર્માસ એ સોનેરી તક છે.

અ ધર્મના દૂત સમાન કહેવાતા પ્રગતિમાન વિચારોના મિથ્યાપણાને તોડવા એકેએક સાધુજી મહારાજ પોતાના શબ્દે શબ્દનો

ઉપયોગ કરે અને એ ભવ્ય દેશનાને શ્રાવક-શ્રાવિકાગણ ઝીલી લઇ તેની મધુરતાનો પરાગ, એ બાબત પરત્વે – ધાર્મિક કાર્યો પરત્વે ઉદાસીનતા ધરાવતાઓના પણ હૈયામાં ફેરવા દઇ ચાતુર્માસ સફળ કરે એ જરૂરનું છે.

જે ધર્મે જગત્‌ને અભયદાન આપ્યું છે, જે ધર્મે માત્ર સઘળા ઐહિક કાર્યોને તેના સાચા સ્વરૂપમાં જણાવી તેની પાર્થિવતા – ક્ષણ-ભંગુરતાના ડંકા વગાડયા છે અને જે ધર્મે આત્માની અમરતાના અમૃત અવનિને સમજાવ્યાં છે; તે ધર્મની રક્ષા માટે તેના અનુયાયી તરીકે આટલું કરવાની શું આપણી ફરજ નથી?

અને એ ફરજ ચૂકે તે?

કહેવું જ જોઈએ, કે ફરજ ચૂકનારનું જૈનસંઘમાં સ્થાન છે, એમ કહેવું બેશક અયોગ્ય છે.

## અવિરતિની ભયંકરતા !!!

"××× જીવને અવિરતિ એ વિકાર છે. જે સમયે કર્મ આવે તેમાંથી અવિરતિ પોતાનો ભાગ પડાવી લે. વિકાર સંયોગ મળવાથી વધ્યો જ જવાનો, અવિરતિ એ વિકાર છે. જે સમયે કર્મ બંધાય તેમાંથી અવિરતિનો હિસ્સો ચાલુ રહે. કરવાથી જેટલો કાળ ન કાઢવો પડયો, તેટલો કાળ ન કરવાથી કાઢવો પડયો.

સૂક્ષ્મ એકેંદ્રિય જીવો અવિરતિના વિકારને લીધે કર્મ બાંધનાર છે. સિદ્ધને અવિરતિનો વિકાર નથી. જે ખોરાક ખાય તેનું ગુમડું થાય તેમાં ભાગ જાય. સિદ્ધ મહારાજને કર્મ આવતાં નથી.

(આ. સ્થાનાંગ સૂત્ર વ્યાખ્યાન ભા. ૧, વ્યા. ૨૩, ૩૧૪)

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૦
વિક્રમ સં. ૨૪૩૦
વર્ષ ૮

આગમો૦ સં. ૨૪
પુસ્તક ૪
માહ

संसारस्स अणिट्ठयाए

जहत्थं वेरग्गं

## સાચો વૈરાગ્ય ક્યો? અને કેવી રીતે?

જિનેશ્વર ભગવાનના વચનના આધારે સંસારનું સ્વરૂપ વિચારનાર વિજ્ઞપુરુષોને સંસાર–કારાગારની કુત્સા થાય, તેમાં આશ્ચર્ય નથી, છતાં કદાચિત્ મોહની પ્રબળતાથી વિષયમાં આસક્ત થવાને લીધે સંસારનો મોહ ખરાબ જાણ્યા છતાં છૂટે નહિ અને અસાર લાગેલા સંસારને પણ જે જીવ વળગવા જતો હોય તેને અનુભવવી પડતી સંસારની વિચિત્ર લીલા પણ કોઈક હલુકર્મીને વૈરાગ્યનું કારણ બને છે, તેથી શ્રી સિદ્ધર્ષિ મહારાજ વૈરાગ્યના કારણો જણાવતાં નીચે જણાવેલાં પણ કારણો જણાવે છે :–

- ભાર્યા વિપરીતપણાને આચરે,
- પુત્ર અવિનીતપણું કરે,
- છોકરી મર્યાદાને ઓળંગે,
- બહેન કુળની મર્યાદાને પ્રતિકૂળપણે આચરણ કરે,

- ધર્મદ્વારા ખરચાતા ધનને અંગે
  ભાઈઓ (કુટુંબીઓ) અનુમોદના ન કરતાં અપમાન કરે;

- 'ઘરના કામોમાં આ ઢીલો છે' એમ કહી
  દુનિયાદારીના સ્વાર્થમાં રાચેલા માત-પિતા
  લોકોની સમક્ષ પણ તિરસ્કાર કરે,

- કુટુંબવર્ગ
  સ્નેહને લાયકના કોઈપણ સંસ્કાર આચરે નહિ,
  પણ વિરુદ્ધ પુરુષના જેવા આચારો આચરે,

- દાસ-દાસી આદિ પરિવાર પણ
  આજ્ઞા પ્રમાણે વર્તે નહિ,

- અત્યંત લાલન-પાલન કરીને પણ પોષાયેલું શરીર
  અધમ મનુષ્યની માફક સર્વ ઉપકારને ભુલી જઈ
  રોગાદિ વિકારોને આગળ કરીને
  જીવને પરાધીન કરે,

- કોઈ તેવા લાભાન્તરાયના ઉદયથી
  પોતાનો કે વડીલોનો ઉપાર્જન કરેલો ધનસંચય
  વિજળીના વિલાસની માફક અકાળે નાશ પામી જાય,

આવી રીતનાં દસ કારણો એકી સાથે અગર ઓછા-વત્તા બને, તે સિવાયનું બીજું તેવું રાજરોગ કે પરાભવ વિગેરેનું આકસ્મિક કારણ મળી જાય ત્યારે પણ સંસારની અસારતા સમજનાર ભાગ્યશાળી જીવને ખીર ખાઇને તૃપ્ત થયેલા મનુષ્યને ખાટી, ઠંડી અને દુર્ગંધી રાબ જેરીતે અરૂચિ કરનારી થાય. તેવી રીતે આ આખો પણ સંસારનો પ્રપંચ જે મોહના ઉદયના લીધે અસાર છતાં સારરૂપ લાગતો હતો, તે અત્યારે મોહરૂપી મદિરાના છાકટાપણાનો નાશ થવાથી યથાવસ્થિતરૂપે મનમાં ભાસે છે.

પરિણામે સંસાર એટલે માતા-પિતા, કુટુંબ-કબીલો અને આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી આત્મકલ્યાણના કારણરૂપ અને ત્યાગ-ધર્મના પ્રાણભૂત પ્રવ્રજ્યાને અંગીકાર કરે છે.

ઉપરની વાત વાંચી-વિચારીને સત્ય રસ્તે શ્રદ્ધા કરવાની જરૂર છે તે એ કે દુનિયાદારીના કોઈપણ દુઃખદ પ્રસંગને અંગે સંસારથી થતો વૈરાગ્ય અને પ્રવ્રજ્યા પ્રત્યે થતો અનુરાગ એ આત્મકલ્યાણનો માર્ગ હોઇ જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી વિરોધી નથી પણ તેને પોષનાર જ છે.

કેટલાક અજાણ અને સાચી શ્રદ્ધાથી દૂર રહેલા મનુષ્યો સંસારના તેવા દુઃખદ પ્રસંગના બહાને થયેલા સંસાર-વૈરાગ્ય અને પ્રવ્રજ્યા-અનુરાગને દુઃખગર્ભિત વૈરાગ્ય તરીકે ઓળખાવે ! પણ તે વાત વસ્તુતત્વ અને શાસ્ત્ર સમજનારાઓએ અંશે પણ માનવા જેવી નથી.

દુઃખગર્ભિત વૈરાગ્યના સ્થાનો તો વિધવા થયેલી સ્ત્રી જેમ શરીર, વસ્ત્ર અને આભૂષણના શણગારને ચાહનારી છતાં માત્ર ધણીના વિજોગથી તે શણગાર કરવાની પ્રવૃત્તિ કરતી નથી, જ્ઞાતિભોજનમાં જવાની અભિરુચિ છતાં પણ ધણીના મરણથી થયેલા ઉદ્વેગની ખાતર તે જ્ઞાતિભોજનમાં જતી નથી, બાળવિધવાની સાસુ અગર માતા પણ પુત્રી અગર વધૂની વિષમ દશાને અંગે સંસારી મોજશોખના સાધનોથી મન ખસ્યું નથી તોપણ તે સાધનોથી દૂર રહે છે.

એટલે પતિના મરણને અંગે સતી થવાના નામે ચિતામાં બળીને મરી જાય, પાણીના પ્રવાહમાં તણાઈને મરી જાય, અંગ ઉપર ઘાસતેલ છાંટી લુંગડા સળગાવી મરી જાય એ વિગેરે કાર્યો સંસારની અસાર-તાના અંગેના નહિ પણ સંસારની પ્રીતિ છતાં માત્ર બચ્ચાને એક ઈષ્ટ પદાર્થ ન મળે તો બીજા મળેલા ઈષ્ટ પદાર્થને પણ લાત મારવા જેવી રીસાવાવાળી અજ્ઞાન દશા પ્રગટ કરવામાં આવતી હોય તેવી દશાને દુઃખગર્ભિત દશા કહેવાય,

પણ સંસારની વિચિત્ર દશા દેખતાં સંસાર ઉપરનો મોહ

છૂટીને યથાસ્થિત આત્મકલ્યાણ અને તેનાં સાધનોની પ્રાપ્તિતરફ જે વૈરાગ્યથી જવાય તેને જ્ઞાનગર્ભિત કહેવો જોઈએ.

એમ ન માનીએ તો નારક કે તિર્યંચ ગતિના દુઃખો અને ચારે ગતિની આપત્તિઓને વિચારવાથી થતો નિર્વેદ પણ સમ્યક્ત્વનો જે ગુણ તે પણ જ્ઞાનગર્ભિતને અનુસરતો ગણાય નહિ, માટે કોઇપણ બાહ્ય અગર અભ્યંતર કારણોથી ચેતીને કર્મના ક્ષયના કારણ તરીકે પ્રવ્રજ્યાને આદરનારો મનુષ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો છે, એમ માનનારો અને જાણનારોજ સમ્યગ્દર્શનવાળો છે એમ કહી શકાય.

## સુંદર સુવાક્યો

- દરેક પદાર્થની સાપેક્ષ વિચારણા રાગદ્વેષની ભૂમિકા નબળી કરે છે.
- વાણી અને શક્તિનો અપવ્યય ઘટાડવાથી વ્યક્તિઓ આત્મલક્ષી બને છે.
- કરેલા સારા કે ખોટા કાર્યો અંતરની સાક્ષીએ અનુમોદના-પશ્ચાતાપથી વિશિષ્ટ ફળદાયી બને છે.
- કર્મ-નિર્જરાના લક્ષ્યને જાળવી જાણે તે [illegible]




[ પૂ. આગમ જ્યોતિર્ધર, ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારકશ્રીના હૈયામાંથી સાહજિક રીતે નિકળેલ ભક્તિ-ભાવના ઝરણાં અને વિશિષ્ટ કૃતિઓનો કંઈક આસ્વાદ મળે તેથી અને આવા દિગ્ગજ-સમર્થ-આગમધર મહાપુરુષના હૈયામાં પણ શાસન, આગમો, પરમાત્મા અને સમ્યક્જ્ઞાન પ્રતિ કેવી હાર્દિક ભાવના હતી? તેનો કંઈક ખ્યાલ વિવેકી વાચકોને આવે, તે આશયથી પૂ. આગમોદ્ધારકશ્રીની હૃદયયંગમ નાની કૃતિઓમાંથી કંઈક રજુ કરાય છે.

પૂ. આગમોદ્ધારકશ્રી કેવા અપ્રમત્ત હતા? જ્યારે, શાસન અને શ્રુતચિંતનાના મહત્ત્વપૂર્ણ કાર્યમાંથી વૃત્તિઓ પાછી ફરતી કે આવા સાહજિક આધ્યાત્મિક ભક્તિભર્યા સ્તોત્રો, સ્તવના આદિમાં તેને ગૂંથી અનાદિકાલીન સંસ્કારોથી તેનું રક્ષણ કરતા.

આવી રચનાઓ પૂ. આગમોદ્ધારકશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી. હિન્દીમાં ઢગલાબંધ રચીને પોતાની બહુમુખી પ્રતિભાનો સર્વતોમુખી પરિચય આપ્યો છે.

ગુણગ્રાહી સુજ્ઞ વાચકો આનો લાભ ઉઠાવે, તે શુભ આશયથી યથામતિ યોગ્ય સંકલન કરી આ શીર્ષક તળે કેટલુંક રજુ કરાય છે. સં. ]

(૧)

## શ્રી સિદ્ધચક્ર સ્તુતિ

શાર્દૂલવિક્રીડિત છંદ

अर्हत्-सिद्ध-मुनीश-वाचक-मुनिप्रष्ठाः जगन्मङ्गलं,
जन्तूनां शरणं प्रभावशमितानिष्टाः शरीरिव्रजे ।
लोकेषु त्रिषु बिभ्रति प्रतिपदं ये ज्ञान-दृग्-निर्वृतीः;
स्फूर्तिमन्त इमे सदा वरपदा माङ्गल्यसौधालयाः ॥१॥

(૨)

## શ્રી મહાવીર સ્તુતિ

શાર્દૂલવિક્રીડિત છંદ

वीरः सर्वगुणालयोऽद्भुतनिधिं वीरं नुवे सर्वदा,
वीरेणोक्तिममाप्य धर्ममनघो वीराय कुर्वे स्पृहाम् ।
वीरात् कर्ममलोज्झितिः प्रतिपदं वीरस्य घोरं तपो;
वीरे ज्ञानममानसौख्यमुदितं श्रीवीर ! जीयात् सदा ॥

(૩)

## શ્રી વીતરાગ પ્રભુસ્તુતિ

શાર્દૂલવિક્રીડિત છંદ

पूर्णस्त्वं गुणवारिणा शमनिधिस्त्वां मोह आप्नाऽचलः,
कर्माणि त्वयका हतानि निखिलान्याप्ता नति ते व्यधुः ।
त्वत्तोऽशेषमिदं जगत् सुफलयुक् धर्मोऽनघस्तेऽस्पृहः;
त्वय्यानन्दममेयमाप न मतिमान् कस्कः कृती नो पुमान् ? ॥

(૪)

## શ્રી પંચપરમેષ્ઠિ સ્તુતિ

શિખરિણી છંદ

शिवाऽध्वा यैरेषोऽनुगत उदितश्च स्वयमिह,
तकेऽर्हन्तः सिद्धा सततमुपयुक्ताश्च गणिनः;
शिवाध्वोद्दिष्टारोऽङ्गनतकथका वाचकवराः,
शिवे साहाय्यं ये विदधति च मुनयस्तान् नम सदा ॥१॥

## શ્રી સિદ્ધચક્રસ્તુતિઃ

આર્યાછંદ

यत्राऽर्हन्तोऽभवाः सिद्धाः,
सूर्यु-पाध्याय-साधवः ।
सिद्धं दृग्-ज्ञान-चारित्र-
तपश्चक्रं सदा श्रये ॥

# श्री आगममाहात्म्यम्

[ પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ નાના-મોટા વિવિધ છંદોમાં ૨૪૪ પદ્યપ્રમાણ "श्री आगममहिमा" નામે હૃદયંગમ કૃતિ બનાવી છે.

જેમાં અત્યદ્દભુત રીતે તર્કબદ્ધ અને શાસ્ત્રીયશૈલિમાં આગમોની મહત્તા દર્શાવી છે, તેમાંથી થોડાક શ્લોકો સુજ્ઞ વાચકોના હિતાર્થે રજૂ કર્યા છે સં. ]

भज शास्त्रालिं भज शास्त्रालिं शास्त्रालिं भज शुद्धमते !
जिनपतिगदितां गणपतिवितताम् मुनिजनमान्यतरां विमलाम् ।
नरभवनिकरोऽसमफलविसरो भावितभावो गतदौःस्थ्यो,
नम्रशिरस्को विगतरजस्को भवति नरस्तद्भजनमनाः ॥ १ ॥

देवो गुरुर्धर्म इति त्रयं जने, भवाम्बुधेर्निस्तरणाय योग्यम् ।
तदेव चेदागमवाङ्निरस्तं, प्रतिक्षणं संसृतिवृद्धिकारि ॥ २ ॥

पूजा जिनानां शमिनां सपर्या,
धर्मस्य वृत्तिर्भविनां शिवाय ।
सा चेद्भवेदागमवाण्यपेक्षा
नो चेद् भवानां परिवृद्धिकर्त्री ॥ ३ ॥

मोघं त्वद्भजनं जिनेश ! यमिनां संसेवनं सादरं,
तीर्थोत्सर्पणहेतुधर्मललनं जाग्रज्जगद्वासनम् !
किन्त्वेतत् सकलं भवेत्फलयुतं चेदागमानां तव,
पूजालेखन - सत्क्रियं यदि भवेत् पुंसां जनुर्दुर्लभम ॥ ४ ॥

कथं लक्ष्यो देवः प्रशमरसरतोऽबाध्यशिवगः
कथं सूरिः श्रेयःसरलतरमोक्षाध्वधृतये ।
कथं यस्या यामा भवजनिमृतेर्दुःखहतये,
न चेत्ते साक्षात् स्यान्निरूपमकृतिह्यागमगता ॥ ५ ॥

परभवकरणि अनिमृतिहरणिर्निजबलभरणिर्गतिपरा,
जिनपतिकथितागणपतिभिता मुनिततिविनताऽऽगमविततिः।
जन्म जरार्त्ते वरमा वर्त्ते नियमनार्त्ते मानं तस्या,
मत्वा विबुधा आगमलुबुधा गत-सम्बाधा भजत सदा ॥ ६ ॥

शरणं शरणं व्रज व्रज शरणं जिनपागममपहतमरणं,
हरणं हरणं वत वत हरणं सञ्चितदुर्गतिदुरिततते: ।
वरणं वरणं वृणु वृणु वरणं निजगुणसंततिसारमतेः,
स्मरणं स्मरणं कुरु कुरु स्मरणं संवरनिजरमोक्षगुणे ॥ ५ ॥

आगम ! तव सेवापर आत्मा चेज्जन्माष्टकर्मपगतभेदं,
तद्भव एव भवेत् स निवृत्तिं पूर्णामात्मनि धर्तुं दक्षः ।
उत्कृष्टां यदि तां मुनिरीर्त्ते तद्भव एव मुहुर्त्तार्वाग्,
भवसि तदार्थी भववाधैस्त्वं कुरु मयि रक्ष लघु तां सिद्धिम् ॥ ८ ॥

सन्तोषो नैव शास्त्रे न च धननिचितौ सज्जनानां नराणां,
मोक्षे यानं समेता नहि जिनयतयस्तुष्टतां यान्ति धर्मे ।
तद्वत् प्राप्तो वरेण्यं शिवपुरसुगतेः सच्चरित्रं मुनीशः,
प्रत्याख्यानागमाय सततमुदितधीः संवराद्यर्थमुक्तः ॥ ९ ॥

ભોત્રાણા તીર્થમંડન

## શ્રી આદિજિનસ્તવન

अनुष्टुप् - छंद

नमस्ते सततानन्द - मग्नाय परमात्मने[१] !
मरुदेवोदराम्भोज - राजहंसाय तायिने ॥ १ ॥

नीतिमाकन्दकीराय, शुनासीर[१]नताङ्घ्रये ।
स्रष्टे नृपाल - धर्माणां, भूभृतां प्रथमाय ते ॥ २ ॥
आर्याऽनार्यव्यवस्थाऽम्भः - पालये सुकृतालये ।
धर्मकर्मलताऽगाय[२], योगिनामादिमाय ते ॥ ३ ॥

१ * इन्द्रः २ अग:=वृक्षः

चक्रिचर्चितपादाब्ज-युगाय युगधारिणे[3] ।
[4]पात्रे कैवल्योपदायाः, कारकायाऽस्मदात्मने ॥ ४ ॥
साधिताऽव्ययभावायाऽष्टापदाद्रौ व्रतेशिभिः ।
समं सहस्रैर्दशभि-राद्यतीर्थकृते नमः ॥ ५ ॥
मेतराणापुराधीश ! श्रीयुगादिजिनप्रभो ।
देहि मे सततानन्दा-मृतांभोधिमयं पदम् ॥ ६ ॥
सततकामितदानसुरद्रुम;
प्रथमनाथ ! विजितवरशासन ! ।
समित (प्रतत) कामतरो नवरप्रम-
मथननामविसृत्वरशासन ! ॥ ७ ॥

## श्री जिनप्रतिमास्तवनम्

दर्शनयोग्या रे जिनपतिप्रतिमा, शमरससेचनकर्त्री ।
दर्शनयुग्मं रे शमरसलीनं, भवशतजनिभयहर्तृ ॥ दर्शन. १ ॥

क्रोधनकणिका रे सुकृतविनाशिनी, नो नरकादेर्धात्री ।
ललनोपांगे रे कामविशेषवती, दृष्टिर्यस्य न गन्त्री ॥ दर्शन. २ ॥

नेत्रमरक्तं रे शमरसमग्नं, विकृतिविवर्जितरूपं ।
ज्ञातमशेषं. रे भगवतिसंहति, विमलजिनेश्वररूपं ॥ दर्शन. ३ ॥

नयनानंदं रे पूर्वमप्राप्तं, जिन ! तव दर्शनं दृष्टेः ।
विघटितमेनो रे भवशतसंबद्धं, दुष्कृतसंगतसृष्टेः ॥ दर्शन. ४ ॥

जिनरसयोग्यं रे गुणगणसंबोधात् नान्यत्संसृतिसंगं ।
भ्रमरो जातो रे रतिमनघामात्त, किमुन्यत्राश्रयतेऽङ्गं ॥ दर्शन. ५ ॥

प्राग् दर्शनं जिनपते प्रतिमापि लोके,
स्याल्लोकस्य नयनस्य सुधाम्बुराशेः ।
तेनेदमत्र समतारससिन्धुलीन-
मस्तविषं भव जिनस्य मुदे सदा नः ॥ दर्शन. ६ ॥

---

૩ યુગલિકસંબંધીતિશેષ: ૪ પાતિ યોઽસૌ પાતા=રક્ષક: તસ્મૈ.

## શ્રી સિદ્ધચક્રને વંદન હો ??

શ્રી નવપદના મંડલે આદ્ય નમો અરિહંત
સિદ્ધ ચતુષ્કાનંતવંત દગ્ધકર્મ ભગવંત. ૧

ધર્મ કથે વર અર્થથી જિન ભાષિત સૂરિરાય
ચતુર બંધુ જે વિશ્વના અધ્યાપક ઉવજ્ઝાય ૨

ક્રમ કિરિયાનો સાચવી સાધે મોક્ષ મુનીંદ
નેહે જિનવર તત્ત્વની રૂચિ દર્શન ગુણ વંદ ૩

વંચક મોહ અજ્ઞાનનું જ્ઞાન ભજો શુભભાવ
દ્રુમ શમ થાનક પામવા ચરણ નમો ભવ નાવ ૪

નાશક જે અઘ સૈન્યનું તપ વંદો મન ખંત
હોશો ભવિજન તેહથી શિવરમણીના કંત. ૫

પ્રથમ અક્ષર એ કાવ્યના ધ્યાન ધરે શુભચિત્ત
અબાધ આનંદ સાયરૂ-સ્નાતક થાય પવિત્ત ૬

## આદીશ્વર ભગવાન સ્તવન

(રાગ-પ્રથમ જિનેશ્વર પ્રણમીયે

આદીશ્વર જિન સેવીયે, મરુદેવા ઉર હંસ ।
નાભિ નરેસરવંશ નભોતલ હંસ જે, ભવિ કમલાકર હંસ ॥૧॥

જે રયણી અરિહંતજી, આવે જનની કુખ ।
ચઉદહ સુપન લહે નિર્મલ તેજ દિવાકરૂ, માતા દેખે ગત દુઃખ ॥૨॥

સ્વપ્ન પાઠક નહિ તે સમે, જે કહે સ્વપ્નનો લાભ ।
નાભિ કહે મરુદેવાને સ્વપ્નફલો તદા, થાય જિન એહ લાભ ॥૩॥

માય પાસે આવી ઈન્દ્રજી, કહે જિન જન્મ ઉધાર ।
ફાગણુ વદ આઠમ દિન જન્મ લહે પ્રભુ, ભુવન જયજયકાર ॥૪॥
ઈન્દ્ર થાપે જિનવંશને, સો શિલ્પ કર્મ ચોસઠ ।
જનહિતે શતપુત્રને રાજ્ય ભળાવીને, દાન વરસી ઉક્કિટ્ઠ ॥૫॥
રાજ્ય કરી શુભમાર્ગનો, રાહ કરી જિનચંદ ।
કોડાકોડ અઢાર સાગરનું ટાળતા, અંતર આનન્દ સ્વચંદ ॥૬॥

## ઈડરગઢ શાંતિનાથ સ્તવન
(રાગ-સેવો પ્રભુશાંતિ જગ શાંતિકારી

દૂર દેશાંતરથી હું આવ્યો, પ્રભુ ગુણ શ્રવણે ધારી ।
અવર દેવસબિ ત્રિવિધ નિવારી, હજૂર રહ્યો અવધારી ॥સેવો.॥૧॥
ભિષગ સમૂહ કરે દ્રવ્ય શાંતિ, તે નહિ દિલમાં ધારી ।
એકાંતિક આત્યંતિક શાંતિ, કરણુ પટુ દગ સારી ॥સેવો.॥૨॥
ધન-કન-કંચન દઈ સુખ કરતા, જગમેં જીવ હજારો ।
આતમઋદ્ધિ અનુપમ વિન, દેવે ન કોઈ દાતારી ॥સેવો.॥૩॥
વાર અનંતી લહ્યું જિનદર્શન, પણ પરખ્યું ન ગમારી ।
અબતો પાય પ્રભુ દર્શનકો, હોય આનંદ આભારી ॥સેવો.॥૪॥
ઈડરગઢ પર પ્રભુજી બિરાજે, સેવ કરે સહુ ત્હારી ।
વેદ(૪) વસુ(૮) નંદ(૯) ભૂમિ(૧)વર્ષે આનન્દ અમૃત આભારી ॥સેવો.॥૫॥

## પુરુષાદાનીય પાર્શ્વજિન સ્તવન
(રાગ-પુરુષાદાનીય પાસ હો)

પુરુષાદાનીય પાસજી જિનવરજી, વંદન કરીયે ત્રિકાલહો.
શિવપદધર મોરા પાસજી જિનવરજી
લાખ ચોરાશી યોનિમાં જિનવરજી, ભમિયો અનન્તો કાલ હો
શિવ૦ મોરા પાસજી જિનવરજી ॥૧॥

બિતિ ચઉરિંદિય જાતિમાં જિનવરજી, સંખ્યાતા ભવ ભાવ હો ।
શિવ૦ મોરા પાસજી જિનવરજી
પંચેંદ્રિય તિર્યંચના જિનવરજી, પામી ન શકયો દાવ હો.
શિવ૦ મોરા પાસજી જિનવરજી ॥ ૨ ॥
સાતે નરકે હું રુલ્યો જિનવરજી, પામ્યો ગતસંખ્ય જન્મ હો.
શિવ૦ મોરા પાસજી જિનવરજી ।
સુરગતિ પામ્યો પણ નહિ જિનવરજી, શિવપદનો લહ્યો મર્મ હો
શિવ૦ મોરા પાસજી જિનવરજી ॥ ૩ ॥
સફલો નરભવ મ્હેં લહ્યો જિનવરજી, દર્શન દાયક મોક્ષ હો.
શિવ૦ મોરા પાસજી જિનવરજી ।
ચરણ પરમપદદાયકો જિનવરજી, લહી કરુ કર્મ વિમોક્ષ હો.
શિવ૦ મોરા પાસજી જિનવરજી ॥ ૪ ॥
મ્હેર કરો મુજ તાતજી જિનવરજી, જન્મ મરણ દુઃખ જાય હો.
શિવ૦ મોરા પાસજી જિનવરજી ।
નિજરૂપ પામી તુજ સમો જિનવરજી, આનન્દ દરીયો થાય હો.
શિવ૦ મોરા પાસજી જિનવરજી ॥ ૫ ॥

## તારંગા શ્રી અજિતનાથ સ્તવન

ભાવિ ભેટો લાલ, તારંગે જઈ અજિત જિનેસર સાહિબા,
શુચિ ભાવે લાલ, પૂજો પ્રેમે એહ સકલ દેવાહિવા ।
ભવ ભાવઠને એ ભાગે છે,
એહ દીઠાં અનુભવ જાગે છે;
મુગતિ સુખ મીઠાં લાગે છે;
ભાવિ ભેટો લાલ, તારંગે જઈ અજિત જિનેસર સાહિબા ॥૧॥
જગમાં તીરથ છે અતિબહુલા;
દીઠે ભાવિ હર્ષથી આકુલા;
શુભ ભાવ હેતુ છે એ મુલા ॥ ભવિ. ૨ ॥

કલિકાલે કેવલી જેવા;
હેમચંદ્રસૂરિ પ્રભુ ગુરુ દેવા;
કુમારપાલ હુવા એવા ॥ ભવિ. ૩ ॥

થાપ્યું જિણે તીરથ એહ અચંભ;
જગમાં જસ વ્યાપ્યો અતિહિ અદંભ;
નાવે તસતોલે હરિહર બંભ, ॥ ભવિ. ૪ ॥

ઈડરના શ્રાવક વલી જેહ,
નામ ગોવિંદસિંહ ધારે જેહ;
સોમ સુંદર ગુરૂ વયણું રેહ ॥ ભવિ. ૫ ॥

મૂર્તિ નૂતન જન મનહારી;
અંબિકાથી ફલ ઉપહારી,
પધરાવી ગુરૂ વચધારી ॥ ભવિ. ૬ ॥

યવન પ્રભુ અકબર સોહે;
હીરસૂરિ વયણે મોહે;
તીરથ ઉદ્ધાર કર્યો સોહે ॥ ભવિ. ૭ ॥

સંવત અઢાર તોતેર વર્ષે;
વિજયજિનેન્દ્ર અતિ હર્ષે;
મંદિર થાપ્યા મન આકર્ષે ॥ ભવિ ૮ ॥

સંવચ્છર ઓગણી ચોરાસી;
માઘ વદ પાંચમતિથિ ખાસી;
પાદુકા ઉપવન ગુણરાસી ॥ ભવિ. ૯ ॥

શા ફતેચંદ વહિવટકારી;
સાગર આનન્દે સુખકારી;
થાપી અમૃત રસ મને ધારી ॥ ભવિ. ૧૦ ॥

## શ્રી પદ્મપ્રભપ્રભુસ્તવન્

પદ્મપ્રભ તુજ ગુણ સુણીજી, રીઝયો શ્રવણુને ચિત્ત,
સૌભાગી પ્રભુશું લાગ્યો અવિચલ રંગ;

રાચ્યો માલતી પુષ્પમાંજી; જિમ ખટપદ શુભ રીત।
નીરાગી પ્રભુ તુમ એક જી; તુમ વિણુ દેવ ન છેક –સૌભાગી. ૧॥

મોહ શત્રુને ભેદવાજી; તુમ ગુણ તોપ મહંત।
કામસુભટને રોકવાજી; તુજ સ્મૃતિ વિદ્યુત જંત –સૌભાગી. ૨॥

વિષય કિંપાકને છેદવાજી; તુમ દર્શન હી કુઠાર।
પ્રભુવાણી રસ ઝીલતાંજી; હોવે કરમદલ ઠાર –સૌભાગી. ૩॥

સ્યાદ્વાદ મન ધારતાંજી; ન રહે મિથ્યા વિકાર।
અષ્ટાપદ જિહાં ખેલતાંજી; તિહાં નહિ માતંગ ચાર –સૌભાગી. ૪॥

રૂપ ચરિત વચનાકૃતિજી; ચિંતવતો એક રૂપ।
તુજ ગુણ બિન તારે તરંજી; લહી આનન્દ અનુપ –સૌભાગી. ૫॥



આગમજ્યોતિર્ધર,
બહુશ્રુત, પ્રવર પ્રાવચનિક
આગમવાચનાદાતા, શિલા-તામ્રપત્રોત્કીર્ણાગમ-
મંદિરસંસ્થાપક, ધ્યાનસ્થ-સ્વર્ગત પૂજ્ય
આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ રચેલ
પ્રકીર્ણ ઉપયોગી

## મ...ન...ની...ય સુ...ભા...ષિ...તો

[પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આજીવન કરેલ શ્રુત-ભક્તિના પરિણામે વિ. સં. ૨૦૦૬ ની રોગ શય્યામાં પણ હજારો શ્લોકો સુંદર સુભાષિતના બનાવ્યા છે, જેમાંના થોડાક "આરાધના માર્ગ" નામથી પુસ્તકાકારે છપાયા છે, તેમાંના થોડા જિજ્ઞાસુઓના હિતાર્થે અહીં અપાય છે.

मुग्धो लोको वस्तुरूपं न वेत्ति
जन्मान्तं सोऽसत्यमार्गं प्रयाति ।
यावद् यस्माल्लोकहेर्यानुयाता
तत्त्वेक्षी नो भाग्ययोगं विना ना ॥ ४५५ ॥

ભોળા મનુષ્યો વસ્તુના સ્વરૂપને જાણતા નથી અને તેથી તે જન્મના છેડા સુધી ઉન્માર્ગે જાય છે. જે માટે તે ગતાનુગતિક ચાલવાવાળા છે,

ખરેખર! ભાગ્યના યોગ વગર મનુષ્ય તત્ત્વને જોનારો થતો નથી.

शान्तं दान्तं मुमुक्षुं शिवपदगमने योग्यमाख्यान्ति लोका,
मर्त्यं यन्नात्मबोधो न विकृतिसहिते मार्गवाक्यादरः स्यात् ।
ईष्टे मोक्षं न चेन्ना कथमिममधिकं मानयित्वोद्यतेत ?
चित्रं शून्यस्त्रयेण प्रथमपदमधिप्रेति देवस्वरूपम् ॥ ४५६ ॥

શાંત, દાંત, મુમુક્ષુ એવા લોકો મનુષ્યને મોક્ષે જવામાં યોગ્ય કહે છે, કેમકે વિકારવાળા મનુષ્યમાં આત્મબોધ ન હોય, અને તેને માર્ગ જણાવનાર વાક્ય ઉપર આદર પણ ન થાય.

આથી જો મનુષ્ય મોક્ષને ન ઈચ્છે તો તે તેને અધિક માનીને કેવી રીતે ઉદ્યમ કરે ?

આશ્ચર્યની વાત છે કે ત્રણેથી શૂન્ય બનેલ જીવ દેવસ્વરૂપ લઈ પ્રથમ પદને પામે છે. અર્થાત્ સ્વરૂપ પામ્યા પછી વ્યવહારૂ તે ગુણોની જરૂર નથી. (૪૫૬)

चित्रं चित्राऽतिचित्रं जगति च यदि मे देवभूयं प्रपन्नाः
सामान्यं लोकमान्यं सुकृतपथमतिक्रान्तवृत्ताः सदैव ।
सन्नार्या शस्त्रवृन्दैः परिगततनवः मूर्तीरात्मीय-चैत्ये,
नित्यं पूज्यस्वरूपाः परिणणनपदं भक्तलोके नयन्ति ॥४५७॥

જગતમાં આશ્ચર્યની વાત છે કે દેવપણાને પામેલા એવા જે આ લૌકિક દેવો સાધારણ અને લોકને માન્ય એવા પણ સુકૃતના માર્ગને ઉલ્લંઘન કરે તેવા વર્તનવાળા હંમેશા હોય છે.

કેમકે સ્ત્રીએ કરીને, હથિયારોએ કરીને સહિત શરીરવાળી મૂર્તિ પોતાના ચૈત્યમાં નિંદાનું સ્થાન છતાં ભક્ત લોકોમાં હંમેશાં પૂજ્ય સ્વરૂપને પમાડે છે. (૪૫૭)

सर्वे स्फुटं दर्शनिनो वदन्ति
कामादिकाभ्यन्तरशत्रुनाशम्,
कल्याणमार्गो न विना कदाचि-
दीशाः परे नैव ततो विमुक्ताः ॥४५८॥

તમામ પ્રવાદીઓ પોતાના શાસ્ત્રમાં તો કહે છે કે કામ વગેરે અન્તરંગ રિપુઓને જીત્યા વગર કોઈપણ કાળે કલ્યાણનો માર્ગ નથી,

પરંતુ લોકોને માન્ય બીજા દેવતાઓ કોઈપણ દિવસ તેનાથી-અંતરંગ શત્રુથી રહિત તો છે જ નહિ. અર્થાત્ તેઓ અંતરંગ શત્રુઓએ સહિત જ છે. (૪૫૮)

सिद्धान्तः सार्वतन्त्रोऽयं जेयाः शत्रव आत्मगाः ।
कामाद्याश्चित्रमेतद्धि, देवास्तन्मयतां ययुः ॥ ४५९ ॥

આ સાર્વતન્ત્ર એટલે બધાને માન્ય એવો સિદ્ધાંત છે કે આત્મામાં રહેલા કામ વગેરે અંતરંગ શત્રુઓ જીતવા યોગ્ય જ છે,

પણ આશ્ચર્યની વાત એ છે કે તે બધા દેવતાઓ તો તદ્રૂપપણાને અર્થાત્ કામાદિના આધીનપણાને પામેલા છે. (૪૫૯)

अनन्ता अप्यतीता, याः पुद्गलावृत्तयः पुरा ।
जीवस्याऽस्य प्रभो! तत्र, कारणं तव शासनम् ॥ ४६० ॥

આ જીવને પહેલાં અનંતા પુદ્ગલ પરાવર્તો થઈ ગયાં, તેમાં હે જિનેશ્વર ભગવાન્! કારણ તો તમારું છે.

અર્થાત્ તમારું શાસન ન મળ્યું તેથી અનંતા પુદ્ગલ પરાવર્તો ગયાં,

કારણ કે તમારું શાસન મળ્યું ન હતું, તેથી અનંતા પુદ્ગલ પરાવર્તો ભૂતકાલમાં થઈ ગયાં. (૪૬૦)

वापादीनि यथोत्पत्तौ, कणानां कारणं तथा ।
निगोदनिर्गमादीनां, कारणत्वं तथा शिवे ॥ ४६१ ॥

જેમ વાવવું વગેરે કણોની ઉત્પત્તિમાં કારણ છે, તેમ નિગોદમાંથી નીકળવા વગેરેનું કારણપણું મોક્ષ થવામાં છે, અર્થાત્ મોક્ષમાં જેટલા જીવો જાય તેટલા નિગોદમાંથી નીકળે છે. (૪૬૧)

वापं विनाऽङ्कुरो नैव, स्कुन्दं (स्कन्धो) नैव तदन्तरा ।
यथाऽन्वयोऽत्र हेतूनां, क्षित्यादीनां तवोदितौ ॥ ४६२ ॥

જેમ વાવ્યા વગર અંકુરો નથી અને અંકુરા વગર સ્કંધ-થડ પણ નથી, (આથી) એવી રીતે આમાં હેતુનો અન્વય-સંબંધ છે. તેવી રીતે તમારા વચનમાં પૃથ્વીકાય, અપ્કાય વગેરેનો સંબંધ જાણવો-પૃથ્વી વગર પાણી નહિ, પાણી વગર વનસ્પતિ નહિ તે વગેરે. (૪૬૨)

व्यवहारितया प्रोक्ताः, क्वचिद् बाह्या निगोदिनः ।
छेद-भेदाऽऽदियोगेन, न पुना राशिभेदतः ॥ ४६३ ॥

કોઈક જગો પર છેદાવા-ભેદાવાના યોગથી બાહ્ય નિગોદવાળા જીવોને વ્યવહારી કહ્યા છે, પણ તે રાશિના ભેદથી કહ્યા નથી.

निर्वान्ति ये व्यवहारात्,
(यत्प्रमाणाः शिवं यान्ति), तावन्माना निगोदतः ।
व्यवहारपथं यान्त्य-नन्तांशोऽसौ सदा पुनः ॥ ४६४ ॥

જેટલા પ્રમાણવાળા જીવો મોક્ષમાં જાય છે, તેટલાજ પ્રમાણવાળા જીવો અનાદિ નિગોદમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે, પણ તે તો હંમેશના માટે નિગોદનો અનંતમો ભાગજ છે.

निगोदाः बादराः स्युश्चेद् - व्यवहारे तदा ध्रुवम् ।
अनादिव्यवहारित्वं, नाऽनन्तांशोऽथवा शिवे ॥ ४६५ ॥

જો બાદર નિગોદ વ્યવહાર-રાશિમાં હોય તો નિશ્ચયે અનાદિ વ્યવહારીપણું ન થાય, અથવા મોક્ષમાં અનંતમો ભાગ ન થાય.

मूलमव्यवहारित्व-मसूनामागमे मतम् ।
व्यवहारिपदं यान्ति, सिध्यन्माना पुनस्तके ॥ ४६६ ॥

બધા જીવોનું મૂળ આગમમાં અવ્યવહારીપણું માનેલું છે. અને વ્યવહારીયા જીવો મોક્ષમાં જતા હોય તેટલા જ પ્રમાણવાળા તે જીવો વ્યવહાર રાશિમાં આવે છે. (૪૬૬)

व्यवहारं समेतानां, वनकालात् परं नहि ।
अवस्थानं वनत्वेन, ध्रुवं स्यान् निर्गमस्ततः ॥ ४६७ ॥

વ્યવહારમાં આવેલાનું અવસ્થાન વનસ્પતિના કાલથી વધારે નથી. તે અવસ્થાન પછી તો તેમાંથી નીકળવું નિશ્ચયે થાય.

न कश्चित् कालनियमो, जन्मिनां वनताविधौ
राशावव्यवहारेऽस्ति, सदा तु कस्यचित् स्थितिः ॥ ४६८ ॥

જીવોને વનસ્પતિપણામાં કાલનું નિયમપણું નથી, કારણ કે કેટલાક જીવો તો અવ્યવહાર રાશિમાં સર્વદા સ્થિર હોય છે.

आवर्त्ता येऽतिक्रामन्ति, तदन्त्यावर्तस्य हेतुताम् ।
गच्छन्ति यदतिक्रान्ति-रपरापरकारणम् ॥ ४६९ ॥

જે જે પુદ્ગલ-પરાવર્તો જાય છે, તે છેલ્લા પુદ્ગલ પરાવર્તના હેતુપણાને પામે છે; કારણ કે જે ઓલંઘન કર્યા તે બીજા-બીજાના કારણરૂપ બને છે. (૪૬૯)

ग्रहणं द्रव्यलिंगाना-मपि भावस्य कारणम् ।
सूरिभिर्हरिभद्रैस्तत्, पञ्चवस्तुनि वर्णितम् ॥ ४७० ॥

તેથી જ હરિભદ્રસૂરિ મહારાજે પંચવસ્તુમાં દ્રવ્યલિંગનું પણ ગ્રહણ ભાવલિંગનું-ભાવ સાધુપણાનું કારણ વર્ણવ્યું છે.

आलयादिसदाचार-युतानां लिङ्गिनामपि ।
साधुत्वाभिमतौ दोषो, न तेनाऽभव्यबोधनम् ॥ ४७१ ॥

સ્રી-પશુ આદિથી રહિત, વસતિ વગેરે સદાચારે કરીને સહિત એવા સાધુપણાના ચિહ્નવાળાનું સાધુપણું માનવામાં દોષ નથી, અર્થાત્ લિંગી હોય પણ આચારથી યુક્ત હોય તો સાધુ માનવામાં દોષ નથી, આથી જ અભવ્યથી બોધ પામવા પણું માન્યું છે.

दीक्षां केवलिगणभृतां, पार्श्वे नाऽभव्य आप्नुते ।
इति श्रुतेरनन्तानाम-भव्यानां भवेत् सका ॥ ४७२ ॥

શાસ્રમાં સંભળાય છે કે કેવલી અને ગણધર મહારાજના હસ્તે અભવ્યો દીક્ષા ન પામે, તો પછી તે દીક્ષા અનંતા અભવ્યોની કેવી રીતે થઈ ?

निषिद्धा गणभृत्साधु-पार्श्वे दीक्षा श्रुते किल ।
अभव्यानां ततो द्रव्यलिङ्गिनां सम्भवो ननु ॥ ४७३ ॥
ये सिद्धा ये च सेत्स्यन्ति प्रायः सर्वेऽपि ते पुरा ।
अनन्तशो द्रव्यलिङ्गानि दीक्षैषां तन्न विरोधिनी ॥ ४७४ ॥

જો કે આગમમાં સર્વજ્ઞ ભગવાનની પાસે અભવ્યની દીક્ષાનો નિષેધ કરેલો છે. અર્થાત્ બીજા પાસે તો તેઓની દીક્ષા થાય છે, તેથી અભવ્યોને પણ દ્રવ્ય-લિંગનો સંભવ છે.

કારણ કે જે સિદ્ધ થયા, જે સિદ્ધ થાય છે અને જે સિદ્ધ થશે તે બધાઓને પણ પહેલાં દ્રવ્યલિંગવાળી દીક્ષા માની છે. આથી અભવ્યોની દીક્ષા વિરોધવાળી નથી.




[ પુનિતનામધેય પ્રત્યૂષસ્મરણીય, આગમપારદૃશ્વા, તાત્વિક-વ્યાખ્યાતૃચૂડામણિ, આગમોદ્ધારક, ધ્યાનસ્થસ્વર્ગત આચાર્યદેવશ્રીએ પૂર્વભવની વિશિષ્ટ શ્રુતજ્ઞાનની આરાધનાના બળે મેળવેલ ભગીરથ આગમિકજ્ઞાનના બળે તત્ત્વગ્રાહી દૃષ્ટિની કેળવણીના પરિણામે આગમોના અનેક ગૂંચભર્યા પ્રશ્નોના યોગ્ય ઉકેલ તથા વિશિષ્ટ જિજ્ઞાસુઓએ પત્રદ્વારા કે રૂબરૂ પૂછેલ શંકાઓના ખુલાસાઓ કરેલ છે, તેનું સંકલન વિવેકી જિજ્ઞાસુઓને ખૂબ ઉપયોગી થાય તે દૃષ્ટિકોણથી તેવા કેટલાક પ્રશ્નોત્તરોનો સંગ્રહ આ વિભાગમાં આપેલ છે, ગીતાર્થ જ્ઞાની પાસે આ પ્રશ્નોત્તરોના મર્મ સમજવા પુણ્યશાલી વાચકો ને પ્રયત્ન કરવો. સં. ]

## તાત્ત્વિક પ્રશ્નોત્તરો
### ( મૂળ સંસ્કૃત ગ્રંથના આધારે )

[સ્વનામધન્ય, દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક, આગમોદ્ધારક, ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવશ્રીએ આગમોના તલસ્પર્શી અવગાહન મનન અને ચિંતનાદિ બળે કેળવાયેલ શાસ્ત્રાનુસારી પ્રતિભાબળે ઘણા અણઉકેલ્યા પ્રશ્નોને સૂક્ષ્મ પર્યાલોચન બળે ઉકેલવાના પ્રયત્નરૂપે ૧૪૪૬ પ્રશ્નોના સંગ્રહરૂપે "तात्त्विक-प्रश्नोतराणि" ૭૦૦૦ શ્લોક પ્રમાણગ્રંથની રચના કરેલ છે. જેના પ્રશ્નો ક્રમસર

ગુજરાતી ભાષાંતર સાથે આ વિભાગમાં આપાય છે. તે પ્રમાણે રજૂ કરેલ આ પાંચ પ્રશ્નો ખૂબ ગંભીર તાત્વિક દૃષ્ટિથી સમજવા વિચારવા વિવેકી પુણ્યવાનોએ પ્રયત્ન કરવો. સં. ]

प्र० ८२. ननु 'दोस' त्ति शब्दे को धातुरिति ?

उ० 'दुष वैकृत्ये द्विष अप्रीता'विति धातुद्वयम् । प्रशस्ते तस्मिन् क्रमेण मिथ्यात्वाऽविरत्यज्ञानानि, भवश्च सविषयो विषयः, वीतरागदेशनायां मिथ्यात्वमज्ञादीनामनिष्टहेतुताया दर्शनमात्रमेव न तु दूषणमप्रीतिर्वा, तथाऽऽत्मपरिणामस्यैवाऽभावात् । अर्हदादीनामव्ययपदसाधनभावेन निरूपणं, न तु रागस्य करणाधाररूपेण, गुणिगुणप्रशंसाऽपि स्वरूपप्राशस्त्यदर्शनरूपा यन्न तथा परिणामः ॥

પ્ર. ૮૨. 'દોષ' એ શબ્દમાં કયો ધાતુ છે ?

ઉ. વિકૃત કરવાના અર્થવાળો 'दुष्' અને અપ્રીતિના અર્થવાળો 'द्विष्' બંને ધાતુ ઘટી શકે.

પ્રશસ્ત દ્વેષ જ્યારે હોય ત્યારે તેમાં મિથ્યાત્વ–અવિરતિ અને અજ્ઞાન પ્રથમ અર્થમાં અને પાંચ ઇન્દ્રિયોના વિષયો સાથેનો ભવ=સંસાર બીજા અર્થમાં વિષય તરીકે ઘટાવવું.

વીતરાગ પ્રભુની દેશનામાં મિથ્યાત્વાદિનું અનિષ્ટ હેતુપણું જણાવવાની મુખ્યતા છે. પણ તેને દૂષણ (હલકાવૃત્તિ) કે અપ્રીતિ (માનસિક દ્વેષ) નથી, કેમકે તેવા પ્રકારના આત્માના પરિણામનો સંભવ નથી.

આ રીતે અરિહંત આદિનું પણ અવ્યયપદ=મોક્ષના સાધનરૂપે વિશિષ્ટ સ્વરૂપે વર્ણન છે, પણ તે વર્ણન કંઈ રાગવૃત્તિના કરણ કે આધારરૂપે ન સમજવું.

આ પ્રમાણે ગુણવાનની કે તેમના ગુણની પ્રશંસા પણ હકીકતમાં સુંદર પદાર્થ તરીકે પરિચય કરાવવા રૂપે જાણવી. તેવા આત્મ પરિણામ તેમાં રાગવૃત્તિવાળા ન સમજવાં.

प्र० ८३. ननु रागो द्वेषश्च द्वावपि संसारबन्धने स्तः, परं तयोरस्ति कश्चिद्विशेषः ?

किञ्च द्वेषस्य वैररुपस्य भवानुबन्धता दुरन्तता कथ्यते, कमठाद्याश्च तत्रोदाहरणानि गीयन्ते तथा स्नेहरुपस्य रागस्य किं नहीति ?।

उ. रागद्वेषरुपाणां कषायाणां भवापरपर्यायसंपरायकारणकर्मणो हेतुत्वेऽप्यस्ति विशेषः, स चायं - रागो हि भवकारणकर्मण आकर्षकत्वेन हेतुः, द्वेषस्तु तस्य प्रवर्धकत्वेन, तत एव वैरं भवानुबन्धीति कथ्यते, तत एव चात्यन्तविषयादिरागरक्तानां तद्भवेऽपि मोक्षः न तु द्वेषदग्धानामभीच्यादीनामाराधना लाभोऽपीति ॥

પ્ર. ૮૩. રાગ અને દ્વેષ બંને સંસારના બંધન છે પણ તે બન્નેમાં કંઈ તફાવત છે ? વળી વૈરરૂપી દ્વેષની દુરન્ત ભવાનુબન્ધિતા (ઘણા વિષમ સંસારને વધારવાપણું) જણાવી છે. તેમાં કમઠ આદિ ઉદાહરણરૂપે પણ કહેવાય છે. તેમ સ્નેહરૂપ રાગનું કેમ નહિ ?

ઉ. રાગ–દ્વેષરૂપી કષાયના સંપરાય જેનું બીજું નામ છે. તેવા ભવ=સંસારના કારણભૂત કર્મના હેતુપણામાં થોડીક ખાસીયત છે. તે એ કે—

રાગ સંસારના કારણભૂત કર્મને ખેંચનાર તરીકે કારણ છે. પણ દ્વેષ તો તેને કઈ ગણું વધારી મુકનાર તરીકે છે. તેથી જ વૈર–દ્વેષને ભવાનુબંધી=સંસાર વધારનાર તરીકે કહેલ છે.

આ કારણથી વિષયમાં અત્યંત રક્ત ભરત આદિનો તેજ ભવમાં મોક્ષ થઇ શકયો, પણ અત્યંત દ્વેષથી દગ્ધ અભીચિ (અંતિમ રાજર્ષિ ઉદાયન મહારાજના પુત્ર) આદિને તો આરાધનાનો અંશ માત્ર પણ ન થયો.

प्र० ८४. ननु क्षपकोपशमश्रेण्योरनन्तानुबन्ध्यादीनां त्रयाणां चतुष्कं समकं क्रोधादीनामपयाति, संज्वलने च किमिति क्रमेण ?

उ० अतिशयिता च तत्रात्मशुद्धिरिति सम्यग्दर्शनादीनां गुणानामर्हदादीनां च गुणिरागाणान्तेन सह श्रेणेरन्तो भवतीति तत्र हेतुर्णम्यते ।

किञ्च–प्रशस्त एव रागोऽल्पहेतुर्बन्धस्य भवन्नपि धर्मध्यानालम्बनोभवनेन सर्वघातिकर्मनाशको भवति, अत एव च दुष्कृतगर्हा न तत्रेति ॥

પ્ર. ૮૪. ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિમાં અનંતાનુબંધી આદિ ત્રણ કષાયની ચોકડી આખીને આખી એક સાથે જાય છે. અને સંજવલન કષાયની ચોકડી એક–એક કરી કેમ જાય છે?

ઉ. વિશિષ્ટ આત્મશુદ્ધિ તેમાં કારણ લાગે છે. સમ્યગ્દર્શન આદિ ગુણો અને અર્હદાદિ ગુણી મહાપુરુષોના ઉત્કૃષ્ટ પ્રશસ્ત રાગના ઉત્કર્ષની સાથે જ શ્રેણિનો પણ અંત આવે છે. તેથી સહુથી છેલ્લે જતી સંજવલનની ચોકડી વખતે વિશિષ્ટ આત્મશુદ્ધિ હોઈ એક–એક કરીને સંજવલન ચોકડીનો સમૂળ ક્ષય થતો હોય એમ લાગે છે.

વળી પ્રશસ્ત રાગ બંધનો હેતુ હોવા છતાં પણ ધર્મધ્યાનના આલંબન રૂપે તે સર્વઘાતી કર્મનો નાશક બને છે.

તેથીજ 'સર્વ પાપને નાશ કરનાર' એવું વિશેષણ શ્રીનમસ્કાર શ્રુતસ્કંધને અપાયેલ છે. તે કારણથીજ સર્વમંગલોમાં તે શ્રીનમસ્કાર શ્રુતસ્કંધ શ્રેષ્ઠ મંગલભૂત છે.

દુષ્કૃતની ગર્હા આજ કારણથી ત્યાં નથી જણાવી. (ઉત્કૃષ્ટ પ્રશસ્ત રાગ રૂપે સર્વ કર્મોની નિર્જરા જણાવી શ્રીનમસ્કાર શ્રુતસ્કંધને નમસ્કારની ક્રિયારૂપે પ્રશસ્તતર રાગની પરમસીમાએ લઈ જનારો સૂચવ્યો જણાય છે.

प्र० ८५. ननु प्रशस्तरागस्य कृतिर्नमस्कारा प-देशेन ज्ञाप्यते, तथा प्रशस्तद्वेषस्य सा कथं नोपदिश्यते ? इति ।

ઉ० प्रशस्तरागस्य देवाद्यालम्बनस्य तस्य च निर्विकल्पदशां यावद्भावात् तथोपदेशः, प्रशस्तद्वेषणस्यार्वागप्रमत्तावस्थातो निवृत्तेर्न तथोपदेश इति ॥

પ્ર. ૮૫ શ્રી નમસ્કાર શ્રુતસ્કંધ આદિ દ્વારા જેમ પ્રશસ્તરાગ કરવાનુ ઉપદેશાય-સૂચવાય છે. તેમ પ્રશસ્ત દ્વેષ માટે ઉપદેશ કે સૂચન કેમ નહિ?

ઉ. દેવ-ગુરુ આદિને અવલંબીને થનાર પ્રશસ્ત રાગ (ની પ્રકૃષ્ટ માત્રા) ઠેઠ નિર્વિકલ્પદશા બારમા ગુણઠાણા સુધી સંભવિત હોઈ તેને પ્રબલ બનાવવા વારંવાર પ્રશસ્ત રાગનો ઉપદેશ ઘટી શકે, પણ પ્રશસ્ત દ્વેષ તો અપ્રમત્ત અવસ્થા પૂર્વે જ નિવૃત્ત થઇ જાય છે. તેથી તેનો ઉપદેશ નથી.

प्र० ८६. ननु रागस्य संसारकर्षणं, द्वेषस्य संसारवर्धनं फलं चेद् दशमं यावद्भावेऽपि रागस्य, नवमं गुणस्थानं च यावद् द्वेषस्य किं न गत्यादिवेदनाधारस्यायुषो बन्ध? इति।

उ० तयोस्तथात्वेऽपि आयुर्बन्धहेतुता क्रोधादिरुपेण स्पष्टत्वे सत्येव।

अत एव अनिष्टस्वरुपां गतिं नयन्तीति कषाया इत्युच्यते, कर्मस्थितेर्दैर्घ्यमपि कषायेभ्य एवेति राग-द्वेषौ न चेष्टागम्यौ, किन्तु कार्यगम्यौ,

कषायास्तु चेष्टा-विकार-कार्यानुतापादिगम्याः,

अत एव क्रोधादयो व्यवहार्याः, निक्षेपाष्टकमपि कषायाणां तत एवेति, वेद्यन्ते च कषायाणामुदयोदीरणोपशमनिरोधादयः गतिभेदेन तत्तत्कषायप्राचुर्यं चेति ॥

પ્ર. ૮૬ રાગ સંસારને ખેંચે અને દ્વેષ સંસાર વધારે તો રાગ ઠેઠ દશમા ગુણઠાણા સુધી અને દ્વેષ નવમા ગુણઠાણા સુધી હોય છતાં ત્યાં સુધી કષાય જન્ય સંસારમાં ગતિ આદિ ભોગવવાના આધાર રૂપ આયુષ્યનો બંધ કેમ નહિ?

ઉ. રાગ-દ્વેષ ભલે દશમા-નવમા સુધી રહે પણ તે ત્યાં સૂક્ષ્મ રૂપે હોય છે. આયુ બાંધવાના કારણ તરીકે રાગ-દ્વેષ ક્રોધાદિ સ્વરૂપે હોય તો જ ઘટી શકે.

માટે જ ક્રોધાદિને કષાય તરીકે જણાવતાં જ્ઞાનીઓએ અનિષ્ટ ગતિમાં લઈ જાય તે કષાય એવી વ્યાખ્યા જણાવી છે.

વળી કર્મની લાંબી સ્થિતિ પણ કષાયથી જ થાય છે.

તથા રાગ-દ્વેષ બાહ્ય ચેષ્ટાથી જણાય-તેમ નથી. પણ કાર્યથી જણાય તેવા છે. જ્યારે કષાયોમાં બાહ્ય-ચેષ્ટા-વિકાર આદિથી જણાય છે. માટે જ ક્રોધાદિ કષાય વ્યવહારમાં છે.

આઠ નિક્ષેપા પણ કષાયોના આ કારણે જ છે. કષાયોના જ ઉદય, ઉદીરણા, ઉપશમ, નિરોધ આદિ જ્ઞાનીઓએ બતાવેલ છે.

प्र० ८७. नन्वनन्तानुबन्ध्यादीनां कषायाणां या पक्ष-चतुर्मास-संवत्सर-यावज्जीवं स्थितिः कथ्यते, दृष्टान्ताश्च दकादिराजयः तिनिशलताद्या अवलेखनिकाद्या हरिद्रारागाद्याश्च निगद्यन्ते ।

तत्रोदकराज्यादीनामपगमे कालमर्यादा दृश्यते, नतु तिनिशलतादीनां तत्तद्भावापगमे इति कथं योजना क्रियते ? इति ।

उ० पक्षादिस्थितयो मुख्ये क्रोधकषाये एव योज्या इति ।

પ્ર. ૮૭ અનંતાનુબંધી આદિ કષાયોની પંદર દિવસ, ચાર મહિના વર્ષ કે યાવજ્જીવની સ્થિતિ બતાવી અને તેમાં દૃષ્ટાંત તરીકે પાણીની રેખા, વગેરે નેતરની સોટી વગેરે, વાંસની છાલ વગેરે અને હળદરના રંગ વગેરે જણાવેલ છે. તો તેમાં પાણીની રેખા વગેરેની તો તે તે અવસ્થા પલાટવવામાં સમયની વાત ઘટે છે. પણ નેતરની સોટી આદિમાં સમય મર્યાદા શી રીતે સંગત થાય ?

ઉ. પંદર દિવસ આદિની સ્થિતિ મુખ્યત્વે ક્રોધ કષાયમાં ઘટાવવી.

# મહત્ત્વના પ્રશ્નોત્તરો

[ પૂ. આગમોદ્ધારક સ્વનામધન્ય ધ્યાનસ્થ સ્વર્ગત આચાર્યદેવશ્રીએ વિ. સં. ૧૯૯૫ના અમદાવાદની નાગજી ભૂદરની પોળના ચોમાસા દરમિયાન વ્યાખ્યાન આપેલ શ્રી સૂયગડાંગસૂત્ર દ્વિતીય શ્રુત સ્કંધના વ્યાખ્યાનોની કાચી નોંધના અપૂર્ણ મળેલા ઉતારામાંથી સંકલિત કરીને કેટલાક જરૂરી મહત્ત્વના પ્રશ્નોત્તરો અહીં જિજ્ઞાસુઓના હિતાર્થે આપ્યા છે. સં. ]

**પ્રશ્નઃ-** અસતી પોષણ અને અસંયતિ પોષણમાં ફેર શું ?

**ઉત્તરઃ-** વ્રત સમજો, વ્રતના પ્રસંગ સમજો, સાતમું વ્રત ભોગોપભોગના અતિચાર,-બે ભેદ (૧) ભોજન થકી અને (૨) કર્મથકી, આ બેમાં પણ કર્મથકીનો અતિચાર. આજ-કાલના કુટ્ટણખાના ચલાવીને પૈસા મેળવે, વેશ્યાપણું ગુન્હેગાર છે. માટે સરકાર પણ ગુન્હો ગણે. પણ કુટ્ટણખાનું ચલાવનાર ગુન્હેગાર છે. આ રીતે પેટ ભરનાર દાસ-દાસી રાખીને આવું કરનારાઓ અસતીપોષણ, ત્યારે અસંયતિ પોષણ એટલે ત્રિવિધ-ત્રિવિધ અજ્ઞાન, મિથ્યાત્વ અને અવિરતિનું પોષણ જેઓ અવિરતિવાળી હોય તેને જરાક પોષણ આપી શકતા નથી. પારિષ્ઠાપનિકા સમિતિ-વધેલો ખોરાક રાખોડીમાં ચોળી દે અને ફેંકી દે તો સમિતિ-સાધુપણાની માતાનો વિનય-અવિરતિવાળાને લેશભર મદદગાર ન થવું.

**પ્રશ્નઃ-** જૈન-શાસ્ત્રમાં ખરું જ્ઞાન કયું ?

**ઉત્તરઃ-** જે જ્ઞાન ત્યાગ-વૈરાગ્યને લાવનારું હોય તે જ જ્ઞાન કહેવાય, એ કારણથી દેવતાઓ ત્રણ જ્ઞાનવાળા છે, છતાં પણ

'વેયાવચ્ચગરાણં' આટલો પાઠ બોલીને 'अण्णत्थ' સૂત્ર બોલાય છે, પણ 'વંદણવત્તિઆ' નો પાઠ કહેવાતો નથી. ફક્ત સાધુ અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનવાળો હોય તો 'इच्छामि' સૂત્ર પાઠ કહીએ છીએ, કારણકે વર્ત્તનમાં છે માટે....

પ્રશ્નઃ- જમાનાવાદીઓ જ્ઞાનનો જમાનો કેમ કહે છે?

ઉત્તરઃ- પોતાને જ્ઞાનને નામે નેતૃપણું મેળવવા માટે જ કેવલ છે અને ત્યાગી-વૈરાગીઓને હલકો પાડવા માટે છે. તે સિવાય બીજું કંઈ જ નહી.

પ્રશ્નઃ- શાસ્ત્રકારોએ ચારિત્ર ક્યારે માન્યું?

ઉત્તરઃ- જ્યારે પ્રતિજ્ઞા કરે ત્યારે, એના માટે વીરપ્રભુનો દાખલો, જેઓ કહેતા હોય કે રાત્રે ખાતા નથી તો પાપ શેનું? તેઓએ વિચારવું કે 'કરેમિભંતે' ઉચ્ચરી ત્યારે મનઃપર્યવ થયું.

પ્રશ્નઃ- આ જીવને આ ભવમાં આત્મકલ્યાણની દૃષ્ટિ તો આવે પણ જો નિગોદમાં ઉતરી જાય તો આનું થાય શું?

ઉત્તરઃ- નિગોદમાં અનાદિ નિગોદીઓ અને અહિંથી ગયેલો નિગોદીઓ એ બન્ને સરખા જ છે. પણ જેમ મૂર્ખ અને પ્રોફેસરને સન્નિપાત થયો, પણ જયારે સાજો થાય ત્યારે માસ્તર તે માસ્તર અને મૂર્ખ તે મૂર્ખ. તેવી જ રીતે નિગોદમાંથી નીકળીને તરત જ પોતાનું કામ સાધે.

પ્રશ્નઃ- દીપક સમ્યક્ત્વવાળો ગ્રંથી આગળ પડ્યો રહે?

ઉત્તરઃ- સંખ્યાતો, અસંખ્યાતો અને અનંત કાળ સુધી ગ્રંથી આગળ પડ્યો રહે. જેમ માછલીઓ દરિયાના નાકા સુધી આવે છે તેમ.

પ્રશ્નઃ- શું પુણ્ય અને પાપ શત્રુ છે?

ઉત્તરઃ- હા, બન્ને શત્રુ છે. પરંતુ ભેદનીતિ કર્યા વગર કર્મને

હણી શકાય નહિ. કોઈને પણ પક્ષમાં લેવો જોઇએ. તેમાંય બીજાને હરાવવા જબરાનો પક્ષ ન લેવો, પણ નબળાનો પક્ષ લેવો. માટે કર્મનો નાશ કરવા માટે પુણ્યને પક્ષમાં લેવું જેમ દેશી રાજ્યોને ફ્રેંચ-પોર્ટુગીઝ,

પુણ્ય પણ પાપ ટકે ત્યાં સુધી જ ટકે, પાપ ન આવે તો પુણ્ય રહી શકે જ નહિ. કારણકે પુણ્ય કર્મની સ્થિતિ બાંધવી તે કષાય રાગ-દ્વેષને આધીન છે. અર્થાત્ પુણ્યનું ટકવું પાપને આધીન છે.

ત્રણ આયુષ્ય સિવાય બધી કર્મપ્રકૃતિ (પુણ્યની હોય કે પાપની) કષાયના જોરે બંધાય, સ્થિતિબંધ પણ કષાયથી છે. છતાં ય પાપને મારવા પુણ્યને પડખામાં રાખો.

ઉદયની અપેક્ષાએ પુણ્યને ભોગવતાં આઠ સમય અને પાપનો ઉદય અનંતા ભવ ભોગવીએ તોએ પાર ન આવે.

જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી પણ જીવ સ્વતંત્ર નથી.

### હ...દ...યં...ગ...મ...સુવા...ક્યો...

- માર્ગ પામ્યા પછી ભવ્યાત્માઓને ભવનો પણ ભય હોતો નથી.
- કર્મને બાંધવામાં ક્યારેક એકલા મનનો પણ ઉપયોગ થઈ શકે, પણ સંવર-નિર્જરા માટે તો ત્રણે યોગની વિશુદ્ધિ જરૂરી છે.
- સંજ્ઞી-પંચેન્દ્રિય સિવાય યથાર્થ નિર્જરાનો કોઈ અધિકારી નથી.
- ગુણોનો આદર-રાગ ગુણોની પુષ્ટિ માટે થાય છે. માટે ગુણવાનની પૂજા ખૂબ લાભ આપનારી છે.
- જૈન તે કહેવાય કે જે સર્વથા કર્મોના બંધનમાંથી અલગા થવાની વાતને સતતપણે લક્ષ્યમાં રાખે.
- સ્વચ્છંદ પ્રવૃત્તિ એ સંસારવૃદ્ધિનું મુખ્ય કારણ છે.

## શ્રમણ ધર્મના આધારસ્તંભ રૂપ
## પાં...ચ...મ...હા...વ્ર...તો
## વિષે
## અત્યંત મનનીય
## 卐 પ્ર...શ્નો...ત્ત...રો... 卐

[પૂ. શાસ્ત્રપારગામી આગમિક સૂક્ષ્મ તત્ત્વ પર્યાલોચક ગીતાર્થ શિરોમણી આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીએ ઠાણાંગસૂત્રના અનેક વ્યાખ્યાનો ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ચોમાસામાં આપ્યા છે. તેમાં પાંચ મહાવ્રતો ઉપરના વ્યાખ્યાનોમાંથી તારવણી કરીને તૈયાર કરેલ કેટલાક પ્રશ્નોત્તરો **શ્રી સિદ્ધચક્રના** (વર્ષ ૧૫. અં. ૬, પૃ. ૧૦૯ થી ૧૧૬) માં તા. ૧૭-૩-૪૯ના અંકમાં પ્રગટ થયેલા છે.

તેમાથી ૨૯ પ્રશ્નો અહીં વ્યવસ્થિત કરી રજુ કર્યાં છે. આ પ્રશ્નોના મર્મને સમજવા માટે ઠાણાંગસૂત્રના વ્યાખ્યાનોનું (ભાગ ૧) પુસ્તક સામે રાખવું જરૂરી છે. એમ મારી નમ્ર સમજ છે.

જિજ્ઞાસુઓ તે રીતે આ પ્રશ્નોત્તરોના મર્મને સમજવા પ્રયત્ન કરશે તો પૂ. આગમોદ્ધારકશ્રીની અગાધ વિદ્વત્તા અને આગમોના તલસ્પર્શી જ્ઞાનની અપાર સંપદાનો પરિચય મેળવી શકશે. સં]

પ્ર. ૧. બાવીસ તીર્થંકરના શાસનમાં મહાવ્રતનું અધૂરાપણું, કે જેથી શ્રીમહાવીરના વખતમાં પાંચપણું કરવામાં આવ્યું? અગર કહો શ્રીમહાવીર પ્રભુના વખતમાં અધિકપણું મોક્ષમાર્ગ પ્રવર્તાવનારા માટે છે? જો શ્રીમહાવીર ભગવંતના શાસનમાં અધિકતા કે ન્યૂનતા નથી તો બાવીસ તીર્થંકરોના શાસનમાં ચાર કેમ રાખવાં પડયાં? અને આ શાસનમાં પાંચ કેમ રાખવાં પડયાં?

ઉ. આ શાસનમાં ન્યૂનતા કે અધિકતા નથી. બાવીસ તીર્થંકરના શાસનમાં પણ ન્યૂનતા કે અધિકતા નથી....પણ બે મળીને એક મહાવ્રત થાય છે. બે મળીને એક પ્રતિજ્ઞા હતી જગતના વક્ર જડોને ફેરવવા પ્રભુ મહાવીરને શબ્દ ફેરવવો પડ્યો.

પ્ર. ૨ आदान શબ્દ પ્રસિદ્ધ હતો તે કેમ ન રાખ્યો?

ઉ. બાવીસ તીર્થંકરોના શાસનમાં જીવો સરલ, બુદ્ધિશાલી હતા. વક્ર ન હતા, આ તો વક્ર-જડ એટલે ગ્રહણ માત્રના પચ્ચક્ખાણથી પાટી પકડે.

પ્ર. ૩ પાંચ મહાવ્રતો કેમ કહ્યાં? છેલ્લા બે વ્રતના પાઠો કેમ ફેરવ્યા?

ઉ. આ બધું વક્ર-જડપણાને આભારી છે, છતાં એને માર્ગે લાવવો એ શાસ્ત્રનું ધ્યેય છે.

પ્ર. ૪ सव्वाओ परिग्गहाओ वेरमणं કેમ?

ઉ. જો सव्वाओ परिग्गहाओने બદલે आदाणाउ મેલે તો અશન, પાન લીધું તો તમારૂં મહાવ્રત ગયું એમ કહે અને ઉપકરણ લેવામાં પણ મહાવ્રત કાઢી નાખે....

'परिग्रह' શબ્દ ન રાખ્યો હોત, અને 'आदान' કે 'गहाओ' પાઠ રાખ્યો હોત તો તે કુતરાઓ વળગ્યા વિના રહેત જ નહિં, પણ શાસ્ત્રકાર સર્વજ્ઞ છે. તેથી વક્ર-જડ માટે તેટલું કરવાની જરૂર હતી.

પ્ર. ૫ परिग्गहाओ वेरमणं ને બદલે मुच्छाओ वेरमणं કેમ નહિ?

ઉ. વસ્તુ માત્ર પરિગ્રહ નથી. અમારી પ્રતિજ્ઞા કઈ? એમાં અમે મૂર્છા રાખીએ તો મહાવ્રતમાં વાંધો અગર ધર્મોપકરણ સિવાયના પદાર્થો લઈએ તો જ વાંધો.

આવું થઈ જવા માંડે માટે परिग्हाओं वेरमणं રાખ્યું....અન્યોન્યાશ્રય ટાળવા માટે. મહાવ્રતમાં परिग्गहाओ वेरमणं કહેવું પડ્યું

પ્ર. ૬. મહાવ્રતો પાંચ કેમ ? છ સાત કેમ નહિં ? એક, બે કેમ નહિ.

ઉ. સર્વજ્ઞ જગતમાં પાપને દૂર કરવા માટે કાયદો—મહાવ્રત ઘડે, તેમાં કાયદાની પોલ ન રહે, તેમ પાપ પ્રતિબંધકના કાયદામાં પોલ હોવી જોઈએ નહિ. તેથી પંચમહાવ્રત કહ્યાં.

પ્ર. ૭. પાંચ મહાવ્રતો છે. સીધું કહી દો. જ્યાં બીજું ક્રિયાપદ ન હોય ત્યાં મેલી દેવાય છે, છતાં 'पण्णत्ता' કેમ કહેવું પડયું ? ચાહે પ્રરૂપેલાં હોય કે ન હોય પણ જગતમાં છે કે નહિ ? પ્રરૂપણામાં તત્ત્વ શું ? 'पंच महव्वया' કહો 'पण्णत्ता' શબ્દનું શું કામ ?

પ્રભુ મહાવીર સ્વામીએ પોતાના નામે લખેલી હુંડી પારકાના નામે કેમ ચઢાવી ? લખે છે પોતે અને 'पण्णत्ता' કેમ કહે છે ?

ઉ. **પાંચપણું અને મહાવ્રતપણું पण्णत्ता કહી નક્કી કરવું છે. ભગવાન મહાવીર અને ઋષભદેવજીના વખતમાં પાંચ મહાવ્રતો પ્રતિજ્ઞાપૂર્વક લેવાનાં છે.**

જેઓ એક બે મહાવ્રતો કહેતા હતા તેને બદલે પાંચ પણું અને યામને બદલે 'મહાવ્રત' કહેતા હતા, માટે એમ કહ્યું.

હું જ કહું છું એમ નહિ. બાવીસ તીર્થંકરોએ પણ મહાવ્રતો તો પાંચ જ કહ્યાં છે.

**શ્રી ઋષભદેવજીએ અને અનંતા તીર્થંકરોએ મહાવ્રત પાંચ કહ્યાં છે.**

અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ જે પ્રરૂપણા કરે છે તે ત્રણે પ્રકારના જીવોને ઉદ્દેશીને કરે છે. તેમણે મહા-

વ્રતનું પાંચપણું વર્ણવેલું છે તેથી મહાવીર **પણ્ણત્તા** કહે છે. 'પ્રજ્ઞપ્તા:' એમ જણાવી એ સર્વજ્ઞની પાસેથી મેળવેલાં છે એમ છાપ મારી.

પ્ર. ૮. ધર્મ એ પુરુષાર્થ છે તે કરવા માટે પાપનો પ્રતિબંધ કરવો જરૂરી છે. તેને અંગે કાયદો કરવો જરૂરી, પણ તે પાંચ કેમ? અઢાર કેમ નહિ?

અઢારની જગો પર પાંચમાં કેમ પતાવ્યું?

જો પાંચને માટે કાયદો કરે તો ૧૩ પ્રકારનાને માટે તો છૂટ આપીને ચલાવ્યું એમ કહો છો ને?

ઉ. પાંચ પાપો અઢારે પાપસ્થાનકના હથિયારો છે. માટે પાંચ મહાવ્રતો ગણાવ્યાં.

જો તેમ ન હોતતો આશ્રવના ૪૨ ભેદોમાં અવ્રતને ૧૮ ગણાવાત? પણ અવ્રતની જગો પર અઢાર જણાવ્યાં નથી.

તેથી કથંચિત્ પાંચપણું અને મહાવ્રતપણું વિધેય છે.

પ્ર. ૯. મહાવ્રતોનું નિરૂપણ પહેલાં કેમ? એકડા વિના સોની વાત કેમ કરો છો?

ઉ. દેશવિરતિ એ સર્વવિરતિનો અપવાદ છે.

જો સર્વવિરતિ ન બને તો દેશવિરતિ, તેથી અપવાદ છે,

અપવાદ છે તો કાયદા પછી અપવાદનું કથન હોય, તેથી સર્વ પાપથી નિવર્ત્તવાનું પ્રથમ જણાવાય પછી ન નિવર્તી શકે તો થોડા પાપથી નિવર્ત્તવાનું કહેવાય માટે પહેલાં મહાવ્રતોનું નિરૂપણ કરે છે.

પ્ર. ૧૦ નવમા-દશમા તીર્થંકરની વચ્ચે શાસનનો વિચ્છેદ શાથી?

ઉ. અસંયત પૂજાને લીધે,

રોડાંવાળા, ફૂકાવાળા ઘૂસી ગયા. તેને પરિણામે શાસનનો વિચ્છેદ થયો.

પ્ર. ૧૧ પાંચ મહાવ્રતોના માલિક કોણ ?

ઉ. તીર્થંકર ભગવાન.

પ્ર. ૧૨ પાંચ મહાવ્રતની કંપનીના માલિક કોણ?

ઉ. તીર્થંકર ભગવાન.

પ્ર. ૧૩ કેવળીના કેવળજ્ઞાનમાં અને તીર્થંકરના કેવળજ્ઞાનમાં ફરક નથી, તો બે માલિકને કેમ બને ?

ઉ. ઉ. એકે જંગલમાં શોધ કરી, એકે રાજધાનીમાં શોધ કરી.

જંગલમાં કરેલી શોધ સડી જાય. રાજધાનીની શોધ રજીસ્ટર થાય.

આ વાત કેવળીના અપમાનને માટે નથી.

જગતને તારવાને અંગે તીર્થંકરની શોધ રજીસ્ટર થઈ કેવળી મહારાજની શોધ રખડી ગઈ.

પ્ર. ૧૪ પંચપણું વિધેય શા માટે ?

ઉ. સંવાઓ 'पाणाइवायाओ' એ વગેરે પાંચે સ્વયં પદાર્થો છે. સંક્રમણીય પેટાભેદો નથી, તેથી પંચનું વિધાન છે.

પ્ર. ૧૫ પાંચમા ઠાણામાં કે અધ્યયનમાં पंच महव्वया पण्णत्ता કહીને પાંચ મહાવ્રતમાં નવું શું કહ્યું ?

શું પાંચપણું, કે મહાવ્રતપણું ? पण्णत्ता એ બધું શું નવાઈ કરે છે ?

ઉ. પાંચપણું એટલે બાવીસ તીર્થંકરના વારામાં ચારપણું હતું. શ્રીમહાવીર મહારાજના શાસનમાં પાંચપણું એ નવું.

પ્ર. ૧૬ સ્વદયા અને પર દયારૂપે પહેલું વ્રત લઈ લો પછી બીજાં વ્રતો લેવાની શી જરૂર?

ઉ. સ્વદયાનો વિષય મહાવ્રતને અંગે આવતો નથી.

જો તે મહાવ્રતનો વિષય લેવામાં આવે તો સામાન્યથી અભવ્ય મિથ્યાદૃષ્ટિને વિરાધક માનવા પડે અને જો તેમ માનીએ તો નવ ગ્રૈવેયક સુધી જાય નહિ.

પ્ર. ૧૭. અદત્તાદાન વિરમણ બસ છે, કારણ કે કર્મ કોણે આપ્યાં છે?

ઉ. ગ્રાહ્ય–ધાર્ય પદાર્થને અંગે અદત્તાદાન છે.
કર્મને અંગે અદત્તનો પ્રસંગ નથી.

પ્ર. ૧૮. જો પાંચે મહાવ્રતોનું સાથે આવવું–જવુ, ટકવું, તો પછી પાંચ શું કરવા? પેટાભેદ પાંચ શા માટે નહિ?

ઉ. મહાવ્રતના પાંચે આલંબનો છે. મહાવ્રત એક રાખી બીજું વાડરૂપ છે, એમ નથી માટે પાંચ મહાવ્રતો જ છે...એકના નાશે પાંચનો નાશ મનાય છે, પણ તે બધામાં પૃથક્રૂપ તો રહેલું છે, તેથી पंच महव्वया એમ કહેવું પડ્યું.

પ્ર. ૧૯. મહાવ્રત શા માટે? 'મહા' વિશેષણની જરૂર શી?

ઉ. શ્રાવકોના નાના વ્રતો છે, તેને અંગે આને મહાવ્રતો કહ્યા છે.

પ્ર. ૨૦. ત્રીજા અંગ ઠાણાંગમાં પાંચમાં, ઠાણામા પાંચ મહાવ્રતોનું નિરૂપણ કરતાં પાંચપણું કેમ? જો તે ગણાવવાં છે, તો પાંચે બોલીને કામ શું?

ઉ. આ પાંચે મહાવ્રતો કોઈના પેટાભેદ નથી સ્વતંત્ર છે તેથી પાંચની જરૂર.

પ્ર. ૨૧. સાધુને રાત્રિભોજનની વિરતિ મૂળ ગુણરૂપે આવશ્યક છે, એ વિના સાધુપણું નહિ, તો પછી છ મહાવ્રતો કેમ નહિ?

ઉ. રાત્રિભોજન વિરમણ એ પ્રાણાતિપાત વિરમણનો પેટા ભેદ હોવાથી તેને મહાવ્રત તરીકે જણાવ્યું નહિ.

પણ શ્રમણપણાને અંગે મહાવ્રતના જેવું પાલન કરવાનું હોવાથી રાત્રિભોજન વિરમણને મૂળ ગુણમાં ગણ્યું.

જરૂરી હોવાથી મૂળ ગુણુમાં ગણ્યું પણ મહાવ્રત ન ગણ્યું.

પ્ર. ૨૨ અણુવ્રતમાં 'અણુ' વિશેષણ રાખો તો મહાવ્રતમાં 'મહા' વિશેષણ શા માટે?

ઉ. શ્રાવકોમાં સ્થૂલ પાપને અંગે અણુવ્રત છે, પણ તે સાધુના પેટાભેદ ન બને તેથી મહાવ્રત એમ રાખ્યું,

પ્ર. ૨૩ અણુવ્રત થયા તો મહાવ્રત કેમ? છને 'વ્રત' કહો અને અણુવ્રત શ્રાવકના રાખો. મહાવ્રત રાખો ત્યારે પેટાભેદ કહેવો પડે?

'મહાવ્રત' સંજ્ઞા ન રાખો 'વ્રત' સંજ્ઞા રાખો! મહાવ્રતપણુ કોને અંગે?

ઉ. 'અણુ' શબ્દ 'મહા' શબ્દના વ્યવચ્છેદ માટે નથી.

મહાવ્રતમાં પ્રાણુાતિપાતના સર્વથા ત્યાગને ધ્વનિત કરવા માટે 'અણુ' શબ્દ છે....

'મહા' શબ્દ મહાવ્રતની અંદર રહેલા માટે છે, પણ અણુના વ્યવચ્છેદ માટે નથી.

પ્ર. ૨૪. સર્વને જણાવનાર 'મહા' છે, તો 'સર્વ' રાખો કે 'મહા' રાખો બન્ને શા માટે?

ઉ. સર્વથા વિરતિની અપેક્ષાએ મહાવ્રતપણું અને મહાવ્રતપણાને અંગે સર્વથા વિરતિ,

મહાવ્રતપણું એ ઉદ્દેશ કર્યો છે, તેથી નિર્દેશમાં 'સર્વ' રખાય....'સર્વ' શબ્દ જાતિને અંગે નથી, પણ નિરવશેષ રૂપ સર્વને અંગે છે.

પ્ર. ૨૫. ધર્મ તો અણુગારને હોય તો પછી અગારધર્મ કેમ કહ્યો?

ઉ. જે રીતે સાધુ પોતે ધર્મના પક્ષમાં, તેવી રીતે શ્રાવકનો આચાર

ધર્માધર્મનો છે. તેને પણ ધર્મ પક્ષમાં ગણ્યો, કારણ તેની દાનત ધર્મના પક્ષમાં છે.

પ્ર. ૨૬. અનુક્રમે એક, બે, ત્રણ, ચાર ને પાંચ મહાવ્રત તે કબુલ! તેનું કારણ ?

ઉ. પહેલા મહાવ્રત સિવાય બીજાનો અંગીકાર નહિ, બીજાનો અંગીકાર વિના ત્રીજાનો અંગીકાર નહિ ઈત્યાદિ.

પ્ર. ૨૭. તદ્યથા શા માટે ?

ઉ. 'તદ્યથા' એમ જણાવે છે કે પહેલાં દુનિયામાં ધનમાલ ચોરવાની ચોરી બંધ કરવી પડે. બોરાં ચોરવાની ચોરી નહિ....

વ્યવસ્થિત અનુક્રમ જણાવવા માટે 'તદ્દયથા' હું કહું છું તેમ, પણ બીજી રીતિએ નહિ.

પ્ર. ૨૮. પહેલાં પ્રાણાતિપાત વિરમણ એ જ ક્રમ શા માટે ?

ઉ. મોટા પાપના કારણો સૌ પહેલાં બંધ કરવા જોઇએ.

પ્ર. ૨૯. પહેલાં ગણધર તારનાર કે તીર્થંકર તારનાર ?

ઉ. ગણધરો તારનાર છે, એમ શ્રી મહાવીર ભગવાન શ્રી મુખે જણાવે છે....તીર્થંકરો તીર્થને સ્થાપનારા છે, પણ શાસનમાં 'તરવાનું'' સાધન પહેલાં ગણધર.

પ્ર. ૩૦. મૃષાવાદને પહેલું રાખવામાં આવે તો શું વાંધો ?

ઉ. તેવી હિંસાની વિરતિ કર્યા વિના મૃષાવાદની વિરતિ કરે તે ભલે વિરતિરૂપે વિરતિ હોય ! પરંતુ ફોતરા ખાંડવા જેવી છે....

પહેલું મહાવ્રત હોય, સર્વથા પ્રાણાતિપાતથી વિરતિ, બીજા બધા ઘાસફુસ ! મૃષાવાદ અનંતા ગુણ છે, તેમાં એક જ્ઞાનગુણ એટલે એક અંશનો વિપર્યાય કરવાની બુદ્ધિ, પણ હિંસાએ તો સર્વગુણનો નાશ કરનાર છે.

આમ હોવાથી હિંસા એ મહા પાપ એમાં નવાઈ શી ? એ પહેલે નંબરે આવવું જોઈએ.

## "આગમજ્યોત"ના સ્થાયી કોષમાં ભાગ લેનારા ભાવિકોની વિ. સં. ૨૦૨૯ની નામાવલિ

૨૫૦૦) રાજકોટ તપાગચ્છ જૈનસંઘ તરફથી. (જ્ઞાનખાતામાંથી)
પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના ઉપદેશથી.

૫૦૧) શેઠશ્રી સોમચંદ મંગળદાસ શાહ નવભારત ચોપડા ભંડાર અમદાવાદ
પૂ. પંન્યાસજી શ્રી અભયસાગરજી મહારાજના ઉપદેશથી.

૧૨૫) મુલુન્ડ જૈન શ્વે૦ મૂર્તિપૂજક સંઘ
પૂ. મુનિપ્રવર શ્રી મનોજ્ઞ સાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧) શ્રી લોંકાગચ્છ જૈન સંઘ મહુવા
હા. શાંતિલાલ ખ્વાસા.
પૂ. ગણિવર્ય (હાલપંન્યાસ) શ્રી સુશીલસાગરજી મ.ના ઉપદેશથી

૧૦૧) છાણી જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.
પૂ. સા. શ્રી નિર્જરાશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી જિતજ્ઞાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧) શેઠ શ્રી વનમાળીદાસ ગોરધનદાસ તથા સંઘપતિ શેઠ દલીચંદ જગજીવનદાસ તરફથી. મહુવા.
પૂ. મુનિ શ્રી રાજરત્ન સાગરજીના ઉપદેશથી.

૧૦૧) મુંડારા જૈન સંઘની પેઢી
પૂ. મુનિરાજ શ્રી મહાયશ સાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧) ગોડીજી ઉપાશ્રયની બહેનો તરફથી
પૂ. સાધ્વી શ્રી મૃગેન્દ્રશ્રીજીના ઉપદેશથી.

૧૦૧) શેઠ કેશવલાલ એન્ડ કુંપની મહુવા.
પૂ. ગણિવર્ય (હાલ પંન્યાસ) શ્રી યશોભદ્ર સાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧) ચોટીલા જૈન મૂર્તિપૂજક સંઘ.
પૂ. સા. શ્રી સુતારાશ્રીજીના ઉપદેશથી, તથા સા. શ્રી તત્ત્વરેખાશ્રીજીની પ્રેરણાથી.

૧૦૧) ઊંઝા શ્રાવિકા બહેનો તરફથી.
પૂ. સ્વ. સાધ્વી શ્રી રંજનશ્રીજી મહારાજના શિષ્યા સા. શ્રી નિરંજનાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧) શેઠ શ્રી રામજીભાઈ ઘાસીરામજી પોરવાલ હ. ઓંકારમલજી પોરવાલ રતલામ તરફથી.
સ્વ. પૂ. ગણિવર્ય શ્રી લબ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧) સેવારામજી કાલુરામજી પારેખ (મામાજી)
પૂ. મુનિ શ્રી સિદ્ધસેન સાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧) શેઠ નેમચંદભાઈ ડાહ્યાભાઈ સુરત
પૂ. સાધ્વી શ્રી સમગુણાશ્રીજીના શિષ્યા સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧) પૂ. આચાર્ય દેવશ્રી દેવેન્દ્ર સાગર સૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી નરદેવ સાગરજી મહારાજના દ્વિતીય વર્ષીતપના પારણા પ્રસંગે આવેલ શ્રદ્ધાળુ શ્રાવકો તરફથી.

૧૦૧) શેઠ પુનમચંદ વાડીલાલની દીક્ષા નિમિત્તે હ. ચંદ્રકાન્તભાઈ. ઊંઝા

૧૦૧) શેઠ શ્રી નાનચંદ તારાચંદ લાકડાવાલા તરફથી હ. સોભાગભાઈ.
પૂ. મુનિપ્રવર શ્રી મનોજ્ઞ સાગરજી મહારાજના ઉપદેશથી.

૧૦૧) શ્રી ઋષભદેવજી મહારાજની પેઢી ઝગડીયા તીર્થ.
પૂ. મુનિ શ્રી રાજરત્ન સાગરજી મહારાજના ઉપદેશથી

૧૦૧) શ્રી શાંતિનાથ જૈન દહેરાસરની પેઢી. નવાપુરા
પૂ. આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજાના ઉપદેશથી.

૧૦૦) શ્રી મદ્રાસ જૈન સંઘ તરફથી.
પૂ. સ્વ. સાધ્વી શ્રી રંજનશ્રીજી મહારાજના શિષ્યા પૂ. તપસ્વી સા. શ્રી ગુણોદયાશ્રીજીના ઉપદેશથી.

**પરમ પૂજ્ય વાત્સલ્યસિંધુ ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં પૂ. પંન્યાસજી શ્રી સૂર્યોદય સાગરજી મહારાજની પ્રેરણાથી**

## મળેલ રકમની યાદી.

(વિ. સં. ૨૦૨૯ વડાચૌટા જૈન સંવેગી ઉપાશ્રય સુરત)

૧૦૦૧) શ્રી સુરત વડાચૌટા જૈન સંવેગી મોટા ઊપાશ્રયના જ્ઞાનખાતામાંથી.

૩૦૧) શ્રી હરિપુરા જૈન સંઘના જ્ઞાનખાતા તરફથી. સુરત
પૂ. મુનિપ્રવર શ્રી શશીપ્રભ સાગરજી મહારાજના ઉપદેશથી અને પૂ. મુનિ શ્રી રાજરત્ન સાગરજી મહારાજની પ્રેરણાથી.

| | | |
|---|---|---|
| ૧૦૧) | બી. નગીનચંદ એન્ડ કું. | સુરત |
| ૧૦૧) | સ્વ. શેઠ બાલુભાઈ ઉત્તમચંદ કાપડિયા | ,, |
| ૧૦૧) | શેઠ મોહનલાલ મગનલાલ બદામી | ,, |
| ૧૦૧) | શેઠ અશોકચંદ્ર છોટાલાલ | ,, |
| ૧૦૧) | શેઠ ખીચંદભાઈ ઉત્તમચંદ કાપડિયા | ,, |
| ૧૦૧) | શેઠ હિરાચંદ હરખચંદ ઝવેરી | ,, |
| ૧૦૧) | શાંતિલાલ દલીચંદ ઝવેરી | ,, |
| ૧૦૧) | ફકીરચંદ મગનલાલ લાકડાવાલા | ,, |
| ૧૦૧) | સ્વ. કેશરીચંદ મગનલાલ લાકડાવાલા | ,, |
| ૧૦૧) | નવલચંદ છગનલાલ કાપડિયા | ,, |
| ૧૦૧) | સારાભાઈ મણીલાલ નવાબ | ,, |
| ૧૦૧) | મોહનલાલ મગનલાલ ઝવેરી | ,, |
| ૧૦૧) | જગદીશચંદ્ર ચીમનલાલ | ,, |
| ૧૦૧) | મહેન્દ્રકુમાર કંચનલાલ ઝવેરી | ,, |
| ૧૦૧) | રજનીકાન્ત લાલભાઈ લાકડાવાલા | ,, |
| ૧૦૧) | બાબુભાઈ ધનજીભાઈ સગરામપુરા | ,, |

પૂ. પંન્યાસજી શ્રી સૌભાગ્ય સાગરજી મહારાજના ઉપદેશથી અને મુનિશ્રી સિદ્ધસેન સાગરજી મ. ની પ્રેરણાથી.

૧૦૧) સ્વ. મોતીચંદ ગુલાબચંદ ઝવેરી હ. શાંતિલાલભાઈ સુરત

૧૦૧) મંછુભાઈ દીપચંદ જૈન ધર્મશાળાના જ્ઞાનખાતામાંથી.

૧૦૧) મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રયની બહેનો તરફથી
સ્વ. સાધ્વી શ્રી તિલકશ્રીજીના શિષ્યા પૂ. સાધ્વી શ્રી મૃગેન્દ્રશ્રીજીની પ્રેરણાથી.

૧૦૧) શેઠ દિનેશભાઈ ઠાકોરદાસ સંઘવી.

૧૦૧) શ્રી નંદરબાર મૂર્તિપૂજક જૈન સંઘના જ્ઞાનખાતામાંથી.

**પૂ. આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરજી મહારાજના ઉપદેશથી**

૧૦૧) વલસાડ જૈન સંઘ તરફથી પૂ. પં. શ્રી હેમંતસાગરજી મ. ના ઉપદેશથી.

૧૦૧) જૈનપ્રાચ્ય વિદ્યાભવન (જૈન સોસાયટી) અમદાવાદની શ્રાવિકા બહેનો તરફથી જ્ઞાનખાતામાંથી – પૂ. સાધ્વીશ્રી નિરૂપમાશ્રીજી મહારાજના ઉપદેશથી

૧૦૧) સગરામપુરા જૈન સંઘ સુરત.
પૂ. પં. શ્રી સૌભાગ્યસાગરજી મ. ના ઉપદેશથી.

૧૦૧) સ્વ. જીવણચંદ નગીનદાસ હ. સુરેંદ્રભાઈ મુંબઈ
પૂ. મુનિકલ્યાણસાગરજી મ. ની પ્રેરણાથી

૧૦૧) શેઠ કાંતિલાલ મણિલાલ ખડખડ
હા. જાસુદબહેન અમદાવાદ
ગાંધી હીરાલાલ ડાહ્યાભાઈની પ્રેરણાથી.

૧૦૧) શ્રી વિજાપુર જૈન સંઘ પૂ. આ. શ્રી સુબોધસાગરજી મ. સા.ના ઉપદેશથી.

૫૦) સ્વ. સાધ્વી શ્રી તિલકશ્રીજીના સ્મરણાર્થે. સા. શ્રી પ્રવિણાશ્રીજીના ઉપદેશથી
એક સદ્‌ગૃહસ્થ તરફથી [ ૫૧ રૂા. પહેલાં ભરાવ્યા હતા. તે વર્ષ–૭ની પુસ્તિકામાં છપાઈ ગયા છે. ૫૧ + ૫૦ = ૧૦૧ ]

## 'આગમજ્યોત'ના પ્રકાશનમાં ભેટરૂપે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવોની નામાવલિ

૩૭૩) જુદી જુદી વ્યક્તિ તરફથી – મહુવા
પૂ. પં. શ્રી યશોભદ્ર સાગરજી મહારાજના શિષ્ય પૂ. મુનિશ્રી ચંદ્રશેખર સાગરજીની પ્રેરણાથી.

૧૫૯) શ્રી હરિપુરા જૈનસંઘની જુદી જુદી વ્યક્તિ તરફથી.
પૂ. મુનિપ્રવર શ્રી શશીપ્રભસાગરજીના ઉપદેશથી તથા પૂ. મુનિશ્રી રાજરત્ન સાગરજીની પ્રેરણાથી.

૫૧) નવાપુરા જૈનસંઘ ઉજજૈનના જ્ઞાનખાતામાંથી શ્રી હેમપ્રભાશ્રીજી, પદ્મલતાશ્રીજીના ઉપદેશથી.

૩૦) સોભાગચંદ હરીચંદ. પાલનપુરવાળા

૨૫૧) શ્રી દેસાઈ પોળ જૈન સંઘ.
પૂ. સા. શ્રી વિમલ પ્રભાશ્રીજીના શિષ્યા સા. શ્રી તરુણ-પ્રભાશ્રીજીના માસક્ષમણ નિમિત્તે.

# સાગરનાં મોતી



- ધર્મની આરાધનાથી મળતા ઐહિક સુખો કે લાભોને ધર્મનું ફળ માની લેવું વ્યાજબી નથી, તે તો અનાજની ખેતીમાં મળતા ઘાસની જેમ આનુષંગિક છે. ખરી રીતે તો કર્મના સંસ્કારોની ઢીલાશ ધર્મની આરાધનાતું ફળ છે.

- અધર્મી કે પાપીની દયા ચિંતવવી અને ગુણવાન્ વ્યક્તિ તરફ હાર્દિક બહુમાન ધરાવવું એ જૈનશાસનની પ્રાથમિક ભૂમિકા છે.

- સોનું દુન્યવી સઘળા પ્રાણીઓને સ્પૃહણીય છે, પણ તપાવીને લાલ ચોળ કરેલી સોનાની લગડીને કોઈ હાથમાં લેવા તૈયાર ન થાય, તેમ હિતકારી ધર્મના વચનો પણ કડવી કે અશાસ્ત્રીય રીતે લાભદાયી ન થાય.

- સંસારની રીતે જીવન જીવવામાં શાણપણ સમજનારા ખરેખર ભીંત ભૂલે છે! કેમકે સંસારની રીત અચોક્કસ પાયાવાળી અણસમજ ભરેલી છે.

- ધર્મના માર્ગે ચાલતાં આવી પડનારા કષ્ટો-વિઘ્નોથી હાર્દિક મુંઝવણ જેને ન થાય તેના હૈયામાં આત્મતત્વનો પ્રકાશ છે એમ સમજી શકાય.

- દોષ દૃષ્ટિ જીવનને તુચ્છ બનાવે છે, ગુણગ્રાહી દૃષ્ટિ જીવનને ઉજ્જવલ બનાવે છે.

- વાસનાની પ્રબળતા અને કષાયોની પકડ ઢીલી થાય ત્યારે ધર્મ અંતરમાં પરિણમ્યો કહેવાય!

આવરણ • દીપક પ્રિન્ટરી · અમદાવાદ ૧